સાથી

રામનારાયણ નાગરદાસ પાઠક



પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ : મુંબઈ—અમદાવાદ

સાથી

રામનારાયણ નાગરદાસ પાઠક

ભારતી સાહિત્ય સંઘ લિ.
ભીમરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી : મુંબઈ ૨
ફર્નાન્ડીઝ પુલ નીચે : ગાંધીરસ્તો : અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૧૯૪૭

કિંમત
પાંચ રૂપિયા

પ્રકાશક
ભારતી સાહિત્ય સંઘ લિ. વતી
તારાચંદ માણેકચંદ રવાણી
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો
અમદાવાદ

મુદ્રક
ગોવિંદલાલ મોહનલાલ જાની
શ્રી કૃષ્ણ પ્રિન્ટરી
રતનપોળ : અમદાવાદ

રાનીપરજના સાથી

જુગતરામભાઈ દવેને

સમર્પણ

બે બોલ

લેખકને જે કંઈ કહેવાનું છે તે આ ચારસો પાનાની વાર્તામાં કહેવાયું છે. એને અંગે બે બોલ લખવાના રિવાજને અનુસરીને માત્ર એટલું જ કહું કે આ વાર્તા લખવામાં ૧૯૪૨ ની લડતના અનેક રોમાંચક પ્રસંગો અને ગ્રામજીવનના રોજિંદાં ચિત્રો નજર સામે રહ્યાં છે. એને કાગળ ઉપર ઉતારવામાં કેટલી સફળતા મળી છે તેનો નિર્ણય તો વાચકવર્ગ જ કરશે.

૨૦

૧

સાંગલી રાજ્યના ખેતીવાડી અધિકારી રાનડે પોતાના દીવાનખાનામાં બેઠા હતા તે વખતે પટાવાળાએ આવીને એક ચબરખી હાથમાં મૂકી. રાનડેએ ચિઠ્ઠી વાંચી. અંદર ઓરડા તરફ વળીને બૂમ મારી: 'બાળુ, તને કોઈ મળવા માગે છે!'

રાનડેનો યુવાન પુત્ર બળવંત દીવાનખાનામાં દાખલ થયો: 'કોણ છે, બાપુજી?'

'બહાર ઊભા છે.'

બળવંત બહાર આવ્યો. જુએ તો ઓટલાના પગથાર પર, ખાખી ચડ્ડી, ખમીસ ને કેડકોટ પહેરેલો એક તરુણ ટોપો બગલમાં રાખીને ઊભો છે. બળવંતનાં પગલાંનો અવાજ સાંભળતાં એણે સામે જોયું. ચાર આંખો એક થઈ. 'કોણ પટેલ,' કહેતો બળવંત ભેટી પડ્યો. હાથમાંથી ચામડાની હાથપેટી લઈ લીધી. ખભે હાથ મૂકી બોલ્યો: 'પણ આમ અચાનક ક્યાંથી?'

'ફરતો ફરતો આવી ચડ્યો.'

'બહુ સારું કર્યું. મને એકલાં ગમતું ન હતું. પણ જરા, કાગળપત્ર તો લખવો હતો! ક્યાંથી, કાઠિયાવાડથી આવે છે?'

'ના ના, હું તો આ બાજુ જ હતો.'

હાથમાં હાથ ભેરવી બાળુ પટેલને ઘરમાં લઈ ચાલ્યો. દીવાનખાનામાંથી પસાર થતાં રાનડે સાહેબે ઊંચે જોયું ને બળવંત સામે પ્રશ્નાર્થરૂપે આંખો પહોળી કરી.

'આ કે. આર. પટેલ, ગયે ઉનાળે આપણે ત્યાં આવેલા.

'હાં હાં, તારા સહાધ્યાયી મિત્ર. ઓળખ્યા. કેમ મજામાં કે?'

કેશવે 'જી હા' કહી નમસ્કાર કર્યા.

બન્ને મિત્રો ઓરડામાં જઈ એક પલંગ પર બેઠા. બળવંત હેતભર્યા અવાજે બોલ્યો: 'પટેલ, હમણાં હમણાં હું તને ખૂબ યાદ કરતો હતો. તારાં સ્વપ્નાં આવતાં.'

'એમ કે!' કહી કેશવ હસ્યો. ઊભા થઈ કોટ કાઢતાં બોલ્યો: 'મને ખૂબ ઉકળાટ થાય છે.'

'ચાલ, નહાવાની ઓરડીમાં ટબમાં બેસી જા. હું પાણી કઢાવું છું. તું કપડાં લઈ આવી પહોંચ.'

'સ્નાનગૃહ કઈ તરફ છે?'

'અરે તેં આ મકાન જોયું નથી કેમ! ગયે વરસે તું આવેલો ત્યારે આ બંગલો નહોતો.'

'ના. ત્યારે તમે બગીચાના પાછળના ભાગમાં રહેતા.'

'આ વરસમાં બાપુજીએ ઘણા સુધારા કર્યા છે. ઘણાં નવાં ફળઝાડ વાવ્યાં છે. આપણે સાંજે ફાર્મ પર જઈશું.'

'તને ઠીક જાણવાનું મળતું હશે.'

'કેમ નહિ. આપણી કૉલેજ કરતાં વધારે હું તો કહું છું; તું પણ હવે કૉલેજ ઊઘડતાં સુધી અહીં જ રહી જા.'

'જોઈએ હવે.' કહી કેશવ કપડાં કાઢવા લાગ્યો.

નાહીધોઇ, જમીપરવારી, બન્ને મિત્રો બેઠા. બળવંતે ફરી પૂછ્યું: 'કેમ તને અહીં ગમે ખરું કે?'

'કેમ ન ગમે? મને તો ખેતીવાડીનો ખાસ શોખ છે.'

'તો પછી બીજો ખાસ કાર્યક્રમ ન ગોઠવ્યો હોય તો રહી જા. હું બાપુજીને વાત કરીશ!'

'જોઈએ હવે' કહી કેશવે આળસ મરડી.

'કેમ ઊંઘ આવે છે? રાતનો ઉજાગરો જણાય છે?'

'એક રાતનો નહીં, રાતોનો.'

'ત્યારે તું બે ઘડી આરામ કર. અહીં આ પલંગ પર જ લંબાવ!

કેશવે પથારી જરા ઠીક કરી લંબાવ્યું. બરાબર બે કલાક એ ઊંઘ્યો. આજે કેટલાય દિવસો પછી એણે આવી નિરાંતની ઊંઘ લીધી.

ઊઠીને હાથમોં ધોયાં. ચાપાણી પીધાં. પછી બન્ને જણ બગીચામાં ચાલ્યા.

ખાસ ચોક પાડીને જુદા જુદા તખ્તાઓમાં જુદી જાતનાં ફળઝાડ વાવ્યાં હતાં. વચ્ચે સુંદર રસ્તો હતો અને બન્ને બાજુ તખ્તાઓ હતા. ફળઝાડ ઉપર નામ–ઠામ, જાત વગેરે લખેલાં હતાં. બન્ને જણ વાંચતા જતા હતા. બળવંત બતાવતો જતો હતો.

'જો આ કેરીની એક નવી જાત છે. અમારા રાજા સાહેબને આનો ખાસ શોખ છે. આફ્રિકાના વિક્ટોરીઆ સરોવરને કિનારે આ જાત થાય છે. મોટું ગોળ દળદાર ફળ થાય છે. ગોટલી ચપટી ને સાવ નાની. રંગ કેસરી અને સ્વાદ મીઠો મધ જેવો છે.'

'ઉતારો કેવો ?'

'ઉતારો સારો. અહીંની આપણી સારામાં સારી જાત કરતાં સવાયો.'

'એમ કે ?'

'હા. આ એક સંતરાની નવી જાત છે.' કહેતાં બળવંતે એક સંતરું તોડયું અને કેશવના હાથમાં આપ્યું. બન્ને જણ ક્યારાની પાળ પર બેઠા. કેશવે સંતરાની ચીર કાઢીને બળવંત સામે ધરી.

'હું તો રોજ ખાઉં છું. તું ખા.'

કેશવે ચીર મોંમાં મૂકી.

'કેમ સરસ છે ને ?'

'હા મીઠું છે. કહી કેશવે બીજી ચીર બળવંતને આપતાં કહ્યું: 'કેમ આપણે પૂના છોડયું એ દિવસો યાદ આવે છે કે ?'

'કેમ ન આવે ? બધું નજર સામે તરે છે.' બળવંત બોલ્યો, 'પણ આપણે લોકો આરંભશૂરા છીએ.' તને યાદ હશે આપણે કૉલેજ છોડી તે દિવસે આખું પૂના ઉપરતળે થઇ ગયું હતું. કાશ્મીરથી કન્યાકુમારી અને કરાચીથી દિબ્રુગઢ સુધી આખો દેશ જાણે હચમચી ગયો હતો. બંગાળ, બિહાર, યુ૦ પી૦ અને મહારાષ્ટ્રમાં જિલ્લાના જિલ્લાઓ સ્વતંત્ર થઈ ગયા હતા. ઘડીભર એમ જ લાગતું હતું કે કાલ સવારે હિન્દ સ્વતંત્ર થશે. પણ આજે સમજાય છે કે

એ માત્ર ઊભરો જ હતો. ખાલી થયેલી શાળા–મહાશાળાઓ આજે પાછી ભરાવા માંડી, બંધ પડેલ મિલો અને કારખાનાના સંચા પાછા ધમધમાવા લાગ્યા, તૂટેલા પુલો, રેલના પાટા અને તારનાં દોરડાં આંખ વીંચીને ઉઘાડીએ ત્યાં સંધાઈ ગયાં. સરકારી દમનચક્ર નીચે આમપ્રજા બિચારી બમણા વેગથી કચડાવા લાગી. શારીરિક યાતનાઓ, સામુદાયિક દંડો અને રાક્ષસી અત્યાચારોથી જનતાનો જુસ્સો કચડી નાખવામાં આવ્યો. જેલની દીવાલો પાછળ પુરાયેલા નેતાઓ સાથેનો સંબંધ તોડી નાખવામાં આવ્યો. મને તો લાગે છે પટેલ, આપણો હતભાગી દેશ બીજાં દશ વરસ સુધી ઊભો નહીં થઈ શકે.' બળવંત એક ઊંડો નિઃસાસો નાંખીને કેશવ સામે જોઈ રહેલ છે.

કેશવ વચ્ચે જ કંઈક બોલવા ઇચ્છતો હતો. પરંતુ બળવંતના દિલનો ઊભરો એકધારો નીકળી રહેલો જોઈ તે શાંત રહ્યો હતો. બળવંતનું કથન પૂરું થયું એટલે ધીમે પણ મક્કમ અવાજે કેશવ બોલ્યો: 'તારું અનુમાન ઉતાવળું અને દેશને અન્યાય કરનારું છે. બે હજાર માઈલ લાંબો પહોળો, એક મોટા ખંડ જેવડો વિશાળ આપણો દેશ, જેમાં અનેક ધર્મો, અનેક સંપ્રદાયો, અનેક રજવાડાં, અને એ સૌની ગુલામીથી પ્રજામાનસમાં રૂઢ થયેલા અનેક દુર્ગુણો પડેલા છે તેવો દેશ, માત્ર થોડાં વરસોની તૈયારીથી, વિના હથિયારે, વગર ચેતવણીએ, વિના દોરવણીએ, દોઢસો વરસથી ખાંધ પર ચડી બેઠેલા બ્રિટિશ સામ્રાજ્ય જેવા જબરજસ્ત અને કુટિલ દુશ્મનની સામે બાથ ભીડે અને આટલી ટક્કર ઝીલે એ મને તો ઘણું લાગે છે. દુનિયાના સ્વાતંત્ર્યયુદ્ધોના ઇતિહાસ જોતાં સામાન્ય જનસમૂહ સ્થાપિત પરદેશી સરકાર સામે લાંબો કાળ, એકધારી રીતે ટક્યાના દાખલા ભાગ્યે જ મળશે.' કેશવ સહેજ અટક્યો. બળવંત શાંતિથી સાંભળી રહ્યો હતો. એને પ્રતિવાદ કરવા કરતાં સાંભળવામાં વધારે આનંદ આવતો હોય એમ જણાતું હતું. કેશવે ઊંચો ચડેલો અવાજ

ધીમો પાડતાં કહ્યું: 'વળી, આપણે આમાંથી એક નવો પાઠ શીખ્યા. પ્રજાને એક વાતની ખાતરી થઇ કે ગમે તેવી બળવાન સરકારને ઉથલાવી નાખવા માટે માત્ર પ્રજાકીય નિશ્ચયની અને એકસંપની જ જરૂર હોય છે.'

બળવંત કંઈક બોલવા જતો હતો ત્યાં સામેથી એક છોકરાએ આવીને કહ્યું: 'બાપુજીએ કહેવરાવ્યું છે. મહેમાનને લઈને દરાખના માંડવામાં આવો.'

'ચાલો' કહી બળવંત ઊઠયો. ચાલવા લાગતાં એ બોલ્યો: 'તારી વાત તત્ત્વદ્રષ્ટિએ ખરી છે, એ હું સ્વીકારું છું. પણ આજે હવે એ નિષ્ઠા ક્યાંઈ જણાતી નથી. આજે તો નિરાશાનું વાદળ દેશભરમાં છવાયું છે અને એ ક્યારે વિખરાશે તે કહી શકાતું નથી. માટે જ હું કહું છું. તું અહીં રહી જા. અહીં તને ઘણું શીખવાનું મળશે.' બળવંતની વાત સાંભળી ન હોય તેમ કેશવે એક જમરૂખ બતાવતાં બળવંતને પૂછ્યું: 'આ કઈ જાતનાં પેરૂ છે?'

'નિબીંજ, સારી જાત છે. આપણી કૉલેજમાં કુલકર્ણી સાહેબના બગીચામાં હતાં.'

'હા મને યાદ આવ્યું.'

દ્રાક્ષના માંડવા સુધી ફળઝાડની જ વાતો ચાલી. રાનડેએ પણ પોતાના બગીચાની વાતોથી બન્ને યુવાનોને મુગ્ધ કર્યા.

રાતે વાળુપાણી કરી રિવાજ મુજબ રાનડેકુટુંબ ચોગાનમાં ખુરશીઓ પર ગોઠવાયું. પાનદાનીનો ઉપયોગ પૂરો થયો. બ્રિજ ખેલવાના શોખીનોની નજર રંગીન પાનાં પર પડવા લાગી. એ વખતે રાનડેએ કહ્યું: 'આજે બળવંતના મિત્ર આવ્યા છે તે લીલાબેન એકાદ ગીત ગાઈ સંભળાવશે.

'સરસ' બળવંતે ટેકો આપ્યો.

'હું નહીં ગાઉં બાપુજી' લીલાએ માથું નીચે કરતાં કહ્યું.

'તારા બાપુજી કહે છે તો એકાદ ગા.' બળવંતની મા બોલ્યાં.

'ગયે વખતે પણ લીલાએ મને એક ગીત સંભળાવ્યું હતું' કેશવે કહ્યું: 'હું ન ભૂલતો હોઉં તો રક્ષાબંધનનું હતું.'

'આ વખતે તો તને એક શૌર્યગીત સંભળાવશે.'

લીલા નીચું મોં રાખી ગણગણવા લાગી.

"ચાલો શાંતિ." બળવંતે લીલા સામે જોઇ શરૂ કરવા કહ્યુ.

લીલાએ શરીર ટટ્ટાર કર્યું. ગળું સાફ કર્યું. સૌ શાંત બન્યાં. ગીત શરૂ થયું:-

હેમૂ કલાણી ઝિંદાબાદ, ધન્ય હુતાત્મા શૂર
સમીપ તૂં હૃદયાસી જાસી જરી નિઘોની દૂર...હે...મૂ.

નખશિખાન્ત રુધિરાને ન્હાલી લાલી દેહા વરતી,
શિર કમલાચી મોહકમાલા રૂપતે વક્ષા વરતી,
લોહશૃંખલા તોડૂન ત્યાંચે, નૂપુર કેલે પાયીં,
દિશા દહા ઉજળીત ચેતસે દેખા ક્રાંતિ માયીં;
પ્રાજકતાચેં, રક્તદલાચે, તિચ્યા કરી જે ફૂલ,
તેંચ માઈ ના ભારતભૂચે જાણા પ્યારે મૂલ.
અંકાવર જો ભારતભૂચ્યા ઝોપે મધ્યેં ચૂર—
ઝોપે મધ્યેં ચૂર—હેમૂ કલાણી—

દુર્બળતા, અજ્ઞાન, દીનતા, યાંચ્યા કાજળરાશી,
કેક દિવસ સાંચૂન રાહિલ્યા, યા દુર્દૈવી દેશી,
દાહી દિશા વ્યાપૂન રાહિલા દાસ્યાચા અંધાર,

કોણુ કુણાલા વાટ દાખવીલ, કોણુ કુણા આધાર,
તોંચ વેઙની બલિદાનાચા હેમૂ યે સદેશ
દિસેલ અપૂલેં રક્ત સાંડતા, લાલી પૂર્વ દિશેસ,
ચૂડતનૂચી પેટ વિશ્યા તે કેલીનચ કુરકુર
કેલીનચ કુરકુર—હેમૂ કલાણી

ધન્ય હિંદ તૂં, ધન્ય સિંધ તૂં, ધન્ય નદી સિંધૂ,
જ્યાવરી હેમૂ સિંચિત અપુલ્યા રુધિરાચે બિંદુ,
જાજા સિંધૂ પવિત્ર જળ તવ સાગરાંત ઓત,
ભારત કીર્તિ ભરૈ જલામધીં તવ ઓતપ્રોત,
ત્યા કીર્તિચ્યા લહરી મિળતાં સાગર લહરી લાગી,
તૂફાનવારા યશોગંધ તો નેઈલિ જાગોજાગી.
દિકંડાના તૂન દિવ્ય યશાચે ધુમતીલ મગ તે સૂર
ધુમતીલ મગ તે સૂર—હેમૂ૦

મદોન્મત્ત સત્તે તૂં યેગે વેગે અંગાવરતી,
કરાલ દાઢા, વિશાલ જબડા દાંત તુઝે કરકરતી,
સૂડાચા આસૂડ મ્હણોની નાગીણુ ઘેઈ હાતી,
ખૂડવુની હાળાહળાંત ઘાલી પાશહી કંઠાભવતી,
હાણુ માર ચલ તૂડવ નિર્દયે તુઝિયા પાયાખાલી,
દડપુની ટાકી પૃથ્વી પોટી દાબ અમ્હા પાતાળી,
તરી ભેદુનિ પૃથ્વીયેઉં કરૂં તુઝા મગચૂર,
જોવરી રાહિલ સ્મરણી અમુચ્યા હેમૂ હુતાત્માશૂર—
હેમૂ હુતાત્મા શૂર.
હે......મૂ.........

લીલાના હોઠ બંધ થયા છતાં અવાજ સૌના કાનમાં ગુંજી રહ્યા. અમર શહીદના સ્વાર્પણની ભાવનાથી સૌનાં હૃદય ભરાઈ ગયાં. એ ભાવના ઉપર આકાશની ચાંદની અમી વરસાવી રહી.

શૌર્યમિશ્રિત કરુણ રસમાં શ્રોતાઓ તરબોળ બની પળવાર સ્તબ્ધ બન્યાં.

થોડીવાર પછી રાષ્ટ્રવીરોનાં બહુમૂલાં બલિદાનોની વાતો કરતાં સૌ મોડી રાતે સૂતાં.

*

સવારે સૂરજનાં કિરણ ઓરડામાં પડયાં ત્યારે બળવંતની આંખ ઊઘડી. પથારીમાં પડયા પડયા જ એણે બૂમ મારીઃ 'કેમ પટેલ, કયાં સુધી સૂઈ રહેવું છે?'

કશો જવાબ ન મળ્યો એટલે એ પલંગ પરથી નીચે ઊતર્યો. કેશવની પથારી પાસે જઈને મચ્છરદાની ઊંચી કરતાં ફરી હાક મારવા જાય ત્યાં એની જીભ સિવાઈ ગઈ. જુએ તો પટેલની પથારી ખાલી હતી. બળવંતના આશ્ચર્યનો પાર ન રહ્યો. આંખો ફાડીને એ જોઈ રહ્યો. ઓશીકા તરફ નજર જતાં નીચે અર્ધી દબાયેલી એક ચિઠ્ઠી દેખાઈ. એકદમ ચિઠ્ઠી ઉપાડીને એ વાંચવા લાગ્યો. ચિઠ્ઠીમાં ચાર જ લીટી લખી હતી.

'સતારા ધાડકેસના નાસી છૂટેલા જુવાનોમાં તારો કે. આર. પણ એક છે. એને સંઘરવાનું જોખમ ખેડવા તું કદાચ તૈયાર થાય, પણ બાપુજીને એ જોખમમાં મૂકવા એ યોગ્ય નથી. એટલે જાઉં છું. રામ રામ.'

બળવંત ચિઠ્ઠી સામે એકીટશે જોઈ રહ્યો. થોડી વારે એના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડયાઃ 'પટેલ, તું પણ એક ખરો રાષ્ટ્રવીર છો.'

★

નવાગામના ચોરા પાસેથી એક અજાણ્યો જુવાન નીકળ્યો. તેણે ચોરણી ને કડિયું પહેરેલાં હતાં. માથે આંટિયાળી પાઘડી બાંધી હતી. પગમાં ફૂદડીવાળાં ને ઊંચી એડીનાં દેશી પગરખાં હતાં. હાથમાં કડિયાળી ડાંગ હતી. ખભે ફાળિયું હતું. મૂછનો દોરો હજી ફૂટતો આવતો હતો. નવતર આદમી જોઈને એક જુવાને ચોરા પરથી પૂછ્યું:

'ક્યાં રે'વાં ?'

'ધોરાજી–ઉપલેટા, રૂડા પટેલનું ઘર ક્યાં આવ્યું ?'

'આમ સીધા ચાલ્યા જાવ. પછી જમણે હાથ વળજો. ખાંચામાં મોટી ડેલી આવશે. ત્યાં પૂછજો.'

જુવાન પૂછતો પૂછતો રૂડા પટેલની ડેલીએ પહોંચ્યો. અંદર પેસતાં જોયું તો લાંબી ઓસરીએ ત્રણ ઓરડા અને રસોડું ઉતરાવેલાં હતાં. બેઠા ઘાટનાં માટીનાં રૂપાળાં મકાન હતાં. ફળિયામાં ત્રણચાર વાછરડાં ને પાડરડાં બાંધ્યા હતાં. ચાર પાંચ વર્ષનાં બે

ત્રણ છોકરાં રમતાં હતાં. ઓસરીમાં પટેલના દીકરાની વહુ ધાન ખાંડતાં હતાં. દરવાજામાં ઊભા રહી તેણે પૂછ્યું 'રૂડાભાઈ છે કે?' અવાજ સાંભળતાં વહુએ આઘું ઓઢ્યું. ઓરડામાંથી ગંગા પટલાણી બહાર આવ્યાં.

'કોણ છે? આવો ભાઈ?' કહી આવકાર આપ્યો.

'પટેલ નથી?' જુવાને પૂછ્યું.

'હમણાં આવશે. બેસો. ગગા, જા તારા આતાને તેડી આવ. કે'જે મે'માન આવ્યા છે.' છોકરો દોડતો ગામમાં ગયો. પટલાણીએ થાંભલી પાસે ગાદલી નાખી અને પાણીનો લોટો ભરીને મૂકયો.

જુવાન પગરખાં કાઢી, લાકડી ઓસરીની કોરે ટેકવી, ફાળિયું બાજુએ મૂકી બેઠો.

'કયાંથી આવો છો?' ગંગાએ પૂછ્યું.

'ધોરાજી–ઉપલેટાથી.'

'ઓહો બહુ છેટું. આ બાજુ શું કામ આવેલા?'

'કામકાજ ગોતવા. અમારે જમીન થોડી છે ને માણસ ઝાઝા તે મને થયું લાવો ગોહિલવાડ ભણી જઇએ.'

'સારું કર્યું. ભલે આવ્યા.'

વાત કરે છે ત્યાં રૂડા પટેલ આવી પહોંચ્યા. સીધું સોટા જેવું શરીર. ઊજળા દૂધ જેવાં ચોરણી, પહેરણ અને પાઘડી પહેરેલાં. દાઢી મૂછ સાફ કરાવેલાં, આંખો ઊંડી અને લાલ હતી. પગમાં સ્લીપર પહેર્યા હતા. જુવાને આવતાંવેંત ઓળખી લીધા. ઊભા થઇને રામ રામ કર્યા.

રૂડો સામે આરામખુરસી પર બેસતાં બોલ્યો, 'ક્યાંથી પૂગાડયો.'

'ધોરાજી–ઉપલેટાથી. આ બાજુ આવેલો ત્યાં સાંભળ્યું કે તમારે એક સાથીની જરૂર છે એટલે થયું લાવ જતો આવું.'

'હા, મારે જરૂર છે ખરી.' રૂડાએ ઝીણી આંખે જુવાન સામે નીરખીને જોયું. 'તમે તળ ધોરાજીના?'

'ના ઉપલેટા પાસે કોલકીનો. અમે ચાર ભાઈઓ છીએ અને જમીન ટૂંકી છે. એટલે મને થયું બે પાંચ વરસ આ બાજુ કોઈના સાથી રહીને ગુજરાન ચલાવવું.'

'તમારું નામ?'

'ટપુ.'

'પરણેલા છો?'

'હા. પણ વહુ નાનાં છે તે આણું નથી વાળ્યું.'

'ઘેર તમે કામ કરતા?' જુવાનના સુંવાળા હાથ તરફ નજર જતાં રૂડાએ પૂછ્યું.

'હા. અમે બધા ભાઈઓ કામ કરતા.'

'ઠીક બોલો. શું મશારો લેશો?'

'તમે જે આપતા હો ઈ.'

'આપણે હુતાસણી સુધીનો ઠરાવ કરીએ.'

'ભલે કબૂલ છે.'

'ત્યારે તમને દોઢસો રૂપિયા આપશું. કપડાંલત્તાં, ખાવુંપીવું ને એક જોડ પગરખાં અમારે માથે.'

'અત્યારના મોંઘવારીના વખતમાં દોઢસો બહુ ઓછા ગણાય.'

'તો તમે બોલો.'

'બસો આપજો. અઢીસો નથી કહેતો.'

'એ તો ભારે પડે.' કહીને રૂડાએ નવા ચકમકથી બીડી સળગાવીને ટપુ સામે ધરી.

'હું બીડી નથી પીતો' કહીને ટપુ બોલ્યો, 'મને ખોટી તાણ કરાવવાની ટેવ નથી. મારે તો તમારા જેવા સારા ખેડુતના સાથી રહેવું છે. આપની મરજી હોય તો પોણા બસો આપજો.'

રૂડાએ બીડીનો મોગરો ખેરવતાં કહ્યું. 'ઠીક જાઓ કબૂલ છે.'

'આપણે જમીન કેટલી?'

'સવાસો વીઘાં. તેમાં સાત વીઘાં વાડી. ચાલોને વાડીએ જ જઈએ' કહેતાં રૂડો ઊઠયો. ઓસરીએથી નીચે ઊતરતાં ઓરડા તરફ જોઈને કહ્યું: 'આજ સાંજે ટપુભાઈ આપણી સાથે અહીં ઘેર વાળુ કરશે.'

ટપુ માથે પાઘડી મૂકી, જોડા પહેરી, હાથમાં લાકડી લઈ રૂડાની પાછળ ચાલ્યો.

રૂડાએ જોયું કે સુંવાળા હાથ અને કાનમાં સોનાનાં ફૂલ પહેરેલો આ જુવાન કોઈક સુખી ઘરનો દેખાય છે. ગમે તેમ હોય ભાઈ-ભોજાઈ સાથે બન્યું ન હોય કે બાપે કંઈક ઠપકો આપ્યો હોય પણ ભૂખનો માર્યો નહીં અપમાનનો માર્યો આવ્યો લાગે છે. ચાલોને આપણે કામ શું કામ છે ને, ગાજરની પપૂડી વાગશે તો ઠીક નહિતર કરડી ખાતાં શી વાર?

બન્ને જણ બજારમાં થઈને વાડી તરફ ચાલ્યા. ચોરે બેઠેલા જુવાનો અંદર અંદર વાતો કરવા લાગ્યા: 'રૂડા પટેલને પણ આવા ને આવા મળી રહે છે.'

બીજાએ કહ્યું: 'માળો છે રાતીરાણ જેવો.'

'એ તો રૂડા આતાના જતરડામાં આવશે એટલે સીધો દોર થઈ જશે.'

'હા, વાડીએ લઈ જશે. આંબાઆંબલી બતાવશે. એટલે પેલો પીગળીને પાણી થઈ જશે ને પેટના દીકરાની જેમ કામ કરવા માંડશે.'

'અને પછી ચાર છ મહિને મારશે ધક્કો કાંઈક એવો વાંકમાં લેશે કે મશારો લેવાય ઊભો નહીં રહે'

'હવે મેલો ને પંચાત. એનાં કર્યાં એ ભોગવશે.' દૂર થાંભલીને ટેકે બેઠેલા રામાભાભા બોલ્યા, એટલે જુવાનીઆ બીજી વાતે વળગ્યા.

× ×

સાંજે સૌ સાથે વાળુ કરવા બેઠા. થાળીમાં ખીચડી, તાંસળીમાં કઢી પીરસી. પાટલા પર જારનો રોટલો ને મરચું મૂક્યાં. ટપુએ પલોંઠીવાળીને અન્નદેવ સામે આંખ વીંચી. આંખ વીંચતાં એને પોતાની મા યાદ આવી. રજાઓમાં ઘેર જતો ત્યારે કેટલા પ્રેમથી મા આવું ખાણું ખવડાવતી ? ખાવાનું શરૂ કરતાં પોતાનાં નાનાં ભાંડુ યાદ આવ્યાં અને હાથમાંથી બટકું પડી ગયું.

'કેમ અમારું ગોહિલવાડી વાળુ ભાવશે ને ?'

'મને તો આવું જ વાળુ ગમે છે!' ટપુએ કહ્યું અને ધ્યાનથી જમવા લાગ્યો.

વાળુપાણી કરીને સૌ બે ઘડી બેઠા. પછી રૂડાએ પોતાના દીકરાને કહ્યું : 'પરબત, અંદરથી બે ગોદડી લઈ લે અને આજે કાનો નથી તે તું ટપુભાઈ સાથે વાડીએ સૂવા જજે.'

પરબત ગોદડાં લેવા ઘરમાં ગયો. ગંગા પટલાણીએ બે ગોદડી આપતાં કહ્યું, 'આ તું પાથરજે અને આ એને આપજે.'

બન્ને જણ એક એક ગોદડી ખભે મૂકીને વાડીએ ચાલ્યા.

ગામથી અર્ધો માઈલ દૂર, માળેશ્રી નદીને કિનારે, ચાલવના ડુંગરાની ઓતરાદી બાજુએ રૂડા પટેલની વાડી હતી.

પાકા પથ્થરના બાંધેલા પહોળા કૂવા ઉપર બે મોટી જુનવાણી પીપરો હતી. દિવસે વટેમાર્ગુને અને કોસ હાંકનારને છાંયો આપતી. પીપરો, રાતે જાગીતા આદમીનેય ભયાનક લાગતી. પીપરની ઘટામાં માળા બાંધીને રહેલાં ઘુવડ, ગીધ અને ચીબરીઓના અવાજથી કૂવામાં પડઘા પડતા. રૂડા પટેલની વાડી પાસેથી મધરાતે પસાર થતાં ભલભલા માણસોની છાતી થડકતી.

પેયાની પાસે બળદની ગમાણ હતી અને બાજુમાં બે ઓરડીઓ હતી. એકમાં ઘાસચારો હતો અને બીજીમાં ખેતીનાં સાધનો રહેતાં. ચોમાસે એમાં બળદ બાંધતા. ઓરડીઓ રૂડાના બાપુએ બંધાવેલી હતી. ભીંતો ચોમાસે ધોવાતી, છાજ કોરાઈ ગયેલું હતું; ઓરડીઓ પડવા વાંકે ઊભી હતી. ગમાણ પાસે બળદનાં છાણ મૂતર અને ઓગઠથી બદબો આવતી હતી. દિવસે જેની કલ્પના નહોતી એવું અંધારું ને ગંદકીનો અનુભવ ટપુને થયો. પરંતુ ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા માટે એનું મન તૈયાર હતું.

એણે પરબતને પૂછયું : 'આપણે ક્યાં સૂવાનું છે?'

"તું અહીં ઊભો રહે. હું ઓરડીમાંથી ખાટલા લઈ આવું. તને અંધારામાં નહીં સૂઝે.'

'તમે દીવો નથી રાખતા?'

'ફાનસ છે પણ પોટો ફૂટી ગયો છે.'

'પરબત ઓરડીમાંથી બે ખાટલા લઈ આવ્યો. જરા ઠીક હતો તે પોતે રાખ્યો અને તૂટલી ખાટલી ટપુને આપી.

ટપુએ ખાટલી પર ગોદડી પાથરી ફેંટો ઓશીકે મૂકયો. ફાળિયું પાંગતે રાખ્યું ને 'હે રામ' કરીને બેઠો.

'કેમ કાંઈ ભજન-બજન આવડે છે કે?' પરબતે પૂછ્યું.

'ખાસ જુનવાણી નથી આવડતાં.'

'અમારો પહેલો સાથી હતો ઈ તો બહુ સરસ ભજન ગાતો. આળાનો કંઠ ભારે મીઠો હતો.'

'એ કયા ગામનો હતો?'

'કુંકાવાવનો'

'કેમ વહેલો ગયો?'

'અરે સાવ હરામ હાડકાનો. સાવ ગળિયો બળદ તગારું ભરીને ખાય અને કામનો ખોટો. ઈ તો મારા આતા સારા કે વરસ પૂરું કરાવ્યું. બીજો હોય તો અધેથી કાઢી મૂકે'

'કામ તો કરવું જ જોઈએ.'

'અમારે ત્યાં કામની એવી ભીંસ નથી. ઘરનાં માણસો પૂરતાં રહ્યાં એટલે સાથીને ભાગે કેટલુંક આવે?'

'કામ કરવાથી માણસ ઘસાતો નથી. ઊલટી એની શક્તિ વધે છે.' ટપુએ કહ્યું. પરબત એ વાક્ય સમજવા અટક્યો. ટપુએ થોડીવારે કહ્યું: 'ચાલો ત્યારે થાક્યાપાક્યા સૂઈ જઈએ."

'હા. સૂઈ જાઓ પાછલી રાતે બળદને નીરણ કરજો.'

'ભલે.'

ટપુએ પહેરણ કાઢ્યું. સંકેલીને ઓશીકે મૂક્યું. 'જય રામ' કહીને સૂતો. છાતી સુધી ફાળિયું ઓઢ્યું. ઉપર આકાશના તારા સામે જોઈ રહ્યો. પીપરની ઘટામાંથી તારાનું તેજ ચમકતું હતું. અને ઘોર અંધકારમાં પ્રકાશનાં કિરણ પાથરતું હતું. પરબત તો પડ્યા ભેગો જામી ગયો. પણ ટપુનું મન વિચારે ચડ્યું. એને પોતાનું બાળપણ સાંભર્યું. નાનપણમાં કોઈ કોઈવાર પોતે વાડીએ રખોપું કરવા જતો ત્યારે આવી રીતે જ કોસના પૈયામાં ખાટલી ઉપર સૂતો. પણ એ પોતાની વાડી ને આ વાડીમાં કેટલો તફાવત હતો? જનેતાથી ગોદ અને અપરમાના ખોળા જેટલું અંતર! ઘડીભર ટપુનું મન મૂંઝાઈ ગયું. આ લોકોની સાથે રહેવાનું કેમ ફાવશે?

વિચાર કરે છે ત્યાં એકાએક પથારીમાં બેઠો થવા ગયો લાલ થીગડાવાળી ગોદડીમાં રાતોચોળ માંકડ ક્યાં સંતાઈ ગયો તેની ખબર ન પડી. પડખું ખજવાળી, એ સૂતો ને મનમાં બબડ્યો: 'આમાં માંકડ હશે તો તો ઊંઘ આવી રહી.'

ઊંઘ લાવવા સારુ એ બીજા દિવસના કામનો વિચાર કરવા લાગ્યો. પહેલું કામ આ બધી ગંદકી કાઢવાનું કરવું પડશે. આમાં કેમ જીવાય, કોસ જોડવાનો વખત થયા પહેલાં જ આટલું તો સાફ થઈ જશે. કોસ હાંકવામાં તો, વાંધો નહીં આવે. હળ હાંકવાનું

જરા મુશ્કેલ પડશે ખરું ' ટપુ જરા મનમાં મૂંઝાયો. પણ ફરી પાછું મન વાળ્યું: 'ખેડૂતનો દીકરો ખેતીના કામથી થોડો જ હારવાનો છે.' નાનપણમાં સાથીની જોડે હળનો દાંડો પકડીને ચાલતો એ યાદ આવ્યું. 'એ તો કામ કામને શીખવશે. હિંમતે મરદા તો મદદે ખુદા. શુભ હેતુવાળાને સદાય ભગવાન સહાય કરે છે.' હૃદયમાં શ્રદ્ધાનો ઉદય થતાં ટપુના મનને નિરાંત વળી, અને થોડીવારમાં એની આંખ મળી ગઇ.

★

૩

મોડી રાતે સૂતેલા ટપુની ઊંઘ પંખીઓએ મીઠા કલરવથી વહેલી સવારમાં ઉડાડી દીધી. ટપુ જાગ્યો. પક્ષીઓ માળામાં પાંખો ફફડાવતાં કિલ્લોલ કરી રહ્યાં હતાં. પૂર્વ દિશામાં પ્રાગડના દોરા ફૂટતા આવતા હતા. એ બેઠીને ઊભો થયો. પથારી સંકેલીને નદીકાંઠે ગયો. ખિસ્સામાંથી સૂડી કાઢીને બે દાતણ કાપ્યાં. નદીમાં નિર્મળ નીર, ખળખળ અવાજે વહી રહ્યાં હતાં. બન્ને કિનારા પર સુંદર વૃક્ષરાજી ઝૂકી રહી હતી. ઊઘડતા પ્રભાતનો ઉજાસ પાણીના ચળકાટમાં ભળી જતો હતો. મંદ મંદ ગુલાબી પવન વાઇ રહ્યો હતો. ટપુનો આગલા દિવસનો થાક, રાતનો ઉજાગરો અને ભાવીની ચિંતા ક્યાં ચાલ્યાં ગયાં તેની એને ખબર પણ ન પડી. જાગી ઊઠેલી કુદરત સાથે એકરસ બની જતાં ટપુના હૈયામાંથી અવાજ નીકળ્યો:

> જાગિયે રઘુનાથ કુંવર, પંછી વન બોલે—
> ચંદ્રકિરણ સીતલ ભઈ, ચકઈ પિય મિલન ગઇ,
> ભૃંગકરત ગુંજ ગાન, કમલન દલ ખોલે. જાગિયે૦

ધીમે સૂરે ગાતો, ધીમે પગલે એ વાડીમાં પાછો આવ્યો. બળદ પાસેનું છાણ પાવડાથી ખેંચી લીધું. આગળથી ઓગઠ લઈ લીધી. અને ઓરડીમાંથી કડબ લાવીને પૂળો પૂળો દરેકને નીરી. પછી સાવરણો લઈને આંગણું સાફ કર્યું. એટલામાં પરબત આળસ મરડીને બેઠો થયો.

'કેમ સવાર પડી ગયું?'

'હા. લ્યો દાતણ' કહેતાં ટપુએ સરસ મજાનું દાતણ આપ્યું. પરબતે દાતણ લીધું. ફરી આળસ મરડી આંખો ચોળીને ચોમેર નજર કરતાં બોલ્યો: 'તમે બહુ વહેલા ઊઠયા લાગો છો.'

'બહુ વહેલો નહીં.'

પરબતે દાતણ મોંમાં નાંખ્યું. માથે ફાળિયું વીંટયું. ઘેર જતાં ટપુને કહેતો ગયો: 'ટપુ, તું કોસ જોડ. હું હમણાં દેવુભાઈને શિરામણ લઈને મોકલું છું.'

ટપુએ કોસે જોડવા બળદ છોડયા. ઉપર હાથ ફેરવ્યો. પેટ સામે જોતાં ઊંડો નિઃસાસો નાખ્યો. મહાદેવના પોઠિયા જેવા હૃષ્ટ-પુષ્ટ અને રૂપાળા એવા રૂડા પટેલના બળદ ફરતા બાર ગાઉમાં પંકાતા. પણ હમણાં ખોરાક અને ચાકરીને અભાવે પેટમાં ઊંડા ખાડા પડયા હતા. પગની ખરીઓ કોહાતી હતી, આંખે ને મોઢે ઉઝરડા પડયા હતા અને કાંધે ચાંદા પડયાં હતાં. 'આજ બપોરે તમને ધમારીશ' કહીને ટપુએ ફરી પીઠ પર હાથ ફેરવ્યો. એટલે બળદે ઊંચે જોયું અને ચામડી ધ્રુજાવીને આનંદ વ્યક્ત કર્યો.

પહેલો કોસ ખાલી નીકળ્યો. બીજા કોસે ગરેડી અને પૈડાના અવાજ સાથે ટપુનું મન નાચવા લાગ્યું. સૂર્યોદય થતાં અંધકાર

નાશ પામે તેમ ટપુના મનમાંથી નિરાશાનાં વાદળ વિખરાવા લાગ્યાં. એ ચાર કોસ કાઢીને ટપુએ બળદને પાણી પાયું. ડોલ ભરીને થાળું ધોયું. કુંડીઓ તથા ધોવાનાં છીંપરાં સાફ કર્યાં. ફરી કોસ જોડયો એટલામાં દેવું શિરામણ લઇને આવી પહોંચી.

ભાતીગળ ચણિયો ને ઉપર છૂટું ઓઢણું ઓઢેલું. ઉતાવળી આવીને દેવુએ હાકલ કરી 'હાલ ટપુ, શીરાવી લે.'

ટપુ વિચાર કરે છે ત્યાં તો આવીને એના હાથમાંથી રાશ લઈ લીધી અને કહેઃ 'જા ઝટ શિરામણ કરી લે, હું ચાર કોસ કાઢું છું.'

'પાણી કોણ વાળશે?' ટપુએ પૂછ્યું.

'હમણા કાનિયો આવે છે.'

ટપુએ હાથ ધોયા. પીંપરના થડ પાસે બેસીને શિરામણ છોડયું. અંદરથી બાજરાનો રોટલો, અથાણું, ને ગોળની કાંકરી નીકળ્યાં. દોણીમાં તાજી છાશ હતી. ટપુએ બટકું ભાંગીને મોંમાં મૂકયું. અને રાતના વાળુનો પ્રસંગ યાદ કરીને ધ્યાનથી ખાવા લાગ્યો. એને અત્યારે વધારે મીઠાશ આવી. 'કામ કર્યું તેથી ભૂખ લાગી.' એમ મનમાં બબડયો.

પા રોટલો ન ખાધો ત્યાં બૂમ સંભળાઈ: 'કેમ કેટલી વાર ટપુડા, મારે હજી ભેંસુ દોવી છે.'

વરત ઉપર અર્ધી ઊંચી થઇને બળદનાં પૂંછડાં મરડતી, ધમાકામાં કોસ કાઢતી, જોર કરીને બળદને પાછા ખેંચતી દેવુ સામે ટપુ જોઈ રહ્યો. એને પોતાની બેન યાદ આવી. 'એ તો સાસરે હશે. મા બિચારી એકલી ઘેર હશે. થોડા દિવસ પછી બનેવીને કાગળ લખીશ. ભાણિયાના સમાચાર મગાવીશ. આ રજામાં હું ઘેર નથી ગયો તેથી બિચારી ફિકર કરતી હશે.'

'હાલ ઝટ ટપુડા' ફરી બૂમ સંભળાઈ. ટપુ એકદમ ઊભો થયો. ભાંગેલું બટકું પડ્યું રહ્યું. ધોરિયા પર હાથ મોં ધોઈ ખિસ્સામાંથી રૂમાલ કાઢી લૂછતો લૂછતો આવ્યો. દેવુએ સામે જોયું ટપુના ગોરા મુખ ઉપર બાળરવિનાં સોનેરી કિરણો રમતાં હતાં. આંખમાં શરમના શેરડા દેખાયા. 'કાલથી વહેલો શીરાવી લઈશ' કહી ટપુએ રાશ લેવા હાથ લંબાવ્યો. 'નિરાંતે ખાધું કે ભૂખ્યો ઊઠી ગયો' દેવુએ પૂછ્યું. અને જવાબની જરૂર ન હોય તેમ ટપુના હાથમાં રાશ, આપી પોતે પાણી વાળવા ચાલી. જતાં જતાં બોલી: 'હજી કાનિયો આવ્યો નહીં. જો જે પરવાહ તૂટે નહીં. બરાબર હાંકે રાખજે, મારા ભાઈ!

ટપુએ બે કોસ કાઢ્યા ત્યાં કાનો આવી પહોંચ્યો. કાનો છોકરો હતો. ગરીબ માબાપ એને પાંચ વરસનો મૂકીને મરી ગયેલાં. ગામના ટુકડા ખાઈને મોટો થયેલો. મોઢે મૂછ આવી હતી પણ ઘર માંડવાનાં ઠેકાણાં નહતાં. પટેલને ત્યાં પાંચ વરસ રહીને એ પાકો થયો હતો. જેનામાં કળજુગનું નામ નહોતું એ પૂરો પહોંચેલો બન્યો હતો. નવા સાથીને નીરખતાં કાનાના ચહેરા પર આનંદ છવાયો. એણે રામ રામ કર્યાં ને પૂછ્યું: 'તમારું નામ ટપુભાઈ?'

'હા'

'મારું નામ કાનો. હું યે અહીં કામે આવું છું.'

'એમ કે!'

'હા. આપણે સાથે મજા પડશે. તમે શીરાવ્યા કે નહીં?'

'શીરાવ્યો. દેવુબાઈ શિરામણ લાવી'તી.'

'ક્યાં ગઈ પાછી?' કાનો દેવુબાઈનું નામ સાંભળતાં [illegible]

બનીને બોલી ઊઠ્યો. રૂડા પટેલ કરતાંય એને દેવુબાઇની વધારે બીક લાગતી.

કાનો ચારેકોર નજર કરે છે તેટલામાં તો હાથમાં પાણી વાળવાની કોદાળી સાથે દેવુ રજકામાંથી બહાર નીકળી અને 'ક્યાં મરી ગયો 'તો અટાણુ સુધી.' કહીને હાક મારી.

કાનો દોડતો એની પાસે પહોંચ્યો. અને કરગરતે અવાજે બોલ્યો: 'મને રાતે તાવ આવ્યો'તો.' 'તું મરી કેમ ન ગ્યો' કહીને મારવા જાય છે ત્યાં દેવુની નજર ટપુ સામે ગઈ. ટપુ એકીટશે એ બાજુ જોઈ રહ્યો હતો. દેવુએ ઉગામેલો હાથ નીચે મૂક્યો. કાનાની સામે જોઇને સિંહણની જેમ તાડૂકી: 'હવે કહ્યા વિના ઘેર રહ્યો છો તો માર્યા વગર નહીં મૂકું.'

ભથાણાં બાંધતાં ટપુ સામે જોઈને એવે જ ઊંચે સાદે બોલી: 'જોજે ટપુ, આ કાનિયો તો વાતુડિયો છે. તું કોસ હાંક્યે રાખજે અને બપોર થાય ત્યાં એટલો ચાર આડિયા રજકો પાઇ દેજો.'

'સારુ' ટપુએ ધીમે શાંત અવાજે કહ્યું.

પોતે ધારેલો ઉત્સાહજનક જવાબ ન મળ્યો તેથી દેવુ ફરીથી જતાં જતાં બોલી: 'આજ સવારે પરબત કહેતો'તો કે તેં ગમાણો ને આ ઓરડીઓનું આંગણુ વાળીચોળીને સાફ કર્યું છે.'

ટપુએ કશો જવાબ ન દીધો. બળદને પાછા ખેંચતો એ કૂવા તરફ ગયો. દેવુએ આગળ ચલાવ્યું: 'એ કામ તારે કરવાનું નથી. કાનિયો વાસીદું કરી નાખશે, સમજ્યો કે?'

'એ કરે કે હું કરું. તમારે માટે તો સરખું જ છે ને?'

'કોસ જોડવામાં મોડું થાય ને' દેવુ ગરજી.

'એટલા માટે તો મેં વહેલા ઊઠીને વાસીદું કર્યું હતું.'

'પછી ઉજાગરા કરીને માંદો પડીશ ત્યારે ચાકરી કોણ કરશે. તારે બળદ સાચવવાના. બાકીનું બધું કામ કાનિયો કરશે.' એટલું કહીને દેવુ ચાલી ગઈ.

દેવુ દેખાતી બંધ થઈ એટલે કાનો નાકું વાળીને બહાર નીકળ્યો. ટપુની પાસે આવીને બીડી કાઢી. એક પોતે મોંમાં મૂકી. બીજી ટપુ સામે ધરીને કહે: 'લ્યો બીડી પીઓ, બળદને બે ઘડી પો'રો આપો.'

'હું બીડી નથી પીતો.'

'તો હોકલી આપું.'

'હોકલી પણ નહીં. મને નાનપણથી એવું કશું વ્યસન નથી.'

'ઈ સારું. ખરચ ઓછો.' કાનાએ બીડી સળગાવી. એક ઘૂંટ લીધી. પછી જમણા હાથનો ઇશારો કરીને કહે: 'આજ તમે ન હોત ટપુભાઇ, તો મને મેથીપાક મળત.'

'રૂડાભાઈની મોટી દીકરી આ ?'

'મોટી ગણો કે નાની, દીકરી ગણો કે દીકરો., ભાઇ ગણો કે બાપ, જે ગણો ઈ કર્તા-હર્તા આ દેવુમા'. કાનાએ ચારેકોર નજર ફેરવતાં ચહેરાના અને હાથના હાવભાવ સાથે કહ્યું.

'પરણાવેલ નથી?'

'અરે મારાભાઇ, તું કણબીનો દીકરો થઈને આવું પૂછે છે.'

નાની બાર વરસની હતી ત્યારની–મારો જનમ નહોતો ત્યારની પરણાવી છે. પણ ઘર સાંધે ત્યારે ને.'

'જમાઇમાં કંઇ કહેવાપણું હશે.'

'જમાઈ તો લાખ રૂપિયાનું માણુસ છે. ચાર સાંતીની જમીન

છે. ઘેર પટલાઇ છે. બધું છે. સાસુ, સસરા, દેરિયાં જેઠિયાં કોઈ વાંતીનું દુઃખ નથી.'

'તો પછી ?'

'તો પછી શું ? આનો સ્વભાવ ! રૂડા પટેલેય એની પાસે રાંક થઈ જાય પછી થઈ રહ્યું ને ! એકેય સાથી ટકતો નથી. તારું જે થાય તે ખરું'

'તું પાણીએ જા. ક્યારો છલકાઈ જશે'

'કેમ તનેય એની બીક લાગે છે ?'

'જે પ્રમાણિકપણે કામ કરે એને કોઇની બીક ન હોય. તારેય બીક ન રાખવી. એ લોકો હાજર હોય ન હોય આપણા કામમાં મચ્યા રહેવું.'

'એવા સધ થવા જઇએ તો વહેલા લાકડાં ભેળા થઇએ. લ્યો આ મહાત્મા લોક નહાવા પધાર્યા.' કહી કાનાએ હાથ લંબાવ્યો. ટપુએ રસ્તા પર નજર કરી તો ત્રણ ચાર ખાદીધારીને આવતા દીઠા. સ્વચ્છ, સફેદ કપડાં, ધડી પાડીને ટુવાલમાં વીંટી બગલમાં રાખ્યાં હતાં. અરસપરસ કંઇક ઉગ્ર ચર્ચા ચાલી રહી હતી.

વાડીમાં દાખલ થયા તેવો જ કાનાએ હેતભર્યો આવકાર આપ્યો.

'વિનુભાઇ રામ રામ. રમુભાઇ રામ રામ. કાંતાબેન રામ રામ.'

'રામ રામ કાનાભાઈ, કેમ છો ?'

'મજામાં, તમ દેખ્યે વિશેષ. પણ વિનુભાઇ, તમે જયેં આવો ત્યેં બાધતા જ આવો ઇ શું ?'

'એ તો અમે એક બાબતની ચર્ચા કરતા હતા.'

'અમને તો ઊંચે સાદે સામસામા બોલો એટલે બાધ્યા જેવું જ લાગે.'

'તમારે એવું ન લગાડવું. આ કોણ પટેલના નવા સાથી આવ્યા તે ?'

'હા. ઇ યે ભગંત છે. તમારા પંથમાં ભેળવવા જેવો છે.'

ટપુ કોસ ઊભો રાખીને નાકું વાળવા ચાલ્યો. એને જતો જોઇને કાનો દોડયો : 'ટપુભાઇ, પાછા વળો, હું જાઉં છું. તમે ય તોબા છો ભાઇશા'બ.'

'આજે કૂંડી ને છીંપરાં ધોઇને સરસ કર્યાં છે કાનાભાઈ,' વિનુભાઈએ રાજી થતાં કહ્યું.

'ઇ આ અમારા ટપુભાઇનું કામ. હવે એમનાં પગલાં થયાં છે તે રૂડા પટેલનો દાયકો ફર્યો સમજવો. ડેલી માથે મેડી ચણાવાની બીજું શું !' કહીને કાનો રજકામાં દોડી ગયો.

ધોવાનાં કપડાં કૂંડીમાં પલાળતાં વિનુભાઇએ ચર્ચા આગળ ચલાવી: 'તમે કહો છો રમુભાઇ, કે પાટા ઉપડી લેવામાં હિંસા નથી, એ ખરું છે. પણ તો એ કામ સેંકડો લોકોએ સાથે મળીને ખુલ્લેખુલ્લા કરવું જોઇએ અને એ જગ્યાએ ગાડી ઊથલી ન પડે તેની તકેદારી રાખવી જોઇએ. આપણો હેતુ માત્ર હડતાળને સંપૂર્ણ અને સાર્વત્રિક બનાવવાનો હોવો જોઇએ. નહિ કે માલ કે વ્યક્તિને નુકસાન કરવાનો.'

'એવી પીંજણ પીંજવાનો અત્યારે વખત નથી. અમે તો એટલું જાણીએ કે કોઇ પણ ભોગે અને કોઈ પણ રીતે સરકારી તંત્ર

અટકી પડવું જોઇએ.' રમેશે કહ્યું. 'એ તમારી વિચારસરણી ભૂલભરેલી છે.' વિનુભાઈ ગંભીરપણે બોલ્યા: 'છૂટીછવાઈ બે પાંચ વ્યક્તિ પાટા ઉખાડે, તાર તોડે, પુલ ભાંગે, તિજોરીઓ લૂટે, પોલીસો કે ઉપરીઅધિકારીનાં ખૂન કરે તેથી સરકારી તંત્ર અટકે નહીં. ઊલટું એવાં કામ કરીને નાસી જનારા જુવાનો આમપ્રજામાં ત્રાસ અને ભય ફેલાવવામાં નિમિત્ત બને છે. એ કરતાં તો એ જુવાનો હિંમતભેર સામી છાતીએ મરી ફીટે તો લોકોમાં સ્વાર્પણ અને સાહસ પેદા થાય.'

'મને માફ કરજો વિનુભાઈ.' રમુ ટટ્ટાર થઇને જુસ્સાભેર બોલ્યો: 'અહીં પીપરને છાંયડે, કપડાંને સાબૂ દેતાં, ફિલસૂફી ડોળવી એ એક વાત છે અને માથું હાથમાં લઇને મેદાનમાં પડવું એ જુદી વાત છે. એ બહાદુર જુવાનોની ટીકા કરવાનો આપણને અધિકાર નથી.'

'હવે એ માથાકૂટ મૂકીને આ સાડીને ધોકાવવા માંડો' કાંતાબેને સાબૂ દીધેલી સાડી વિનુભાઈ પાસે મૂકતાં કહ્યું. 'રમુભાઈ, ભલો થઇને તું એમની સાથે આવી નકામી માથાઝીંક ન કરીશ. પછી એમને રાત આખી ઊંઘ નહીં આવે!'

'એમની ઊંઘ ઉડાડવા માટે તો ચર્ચા કરું છું.' કહી રમેશે વિનુભાઇના હાથમાંથી સાડી લઇને પોતે ધોકાવવાનું શરૂ કર્યું.

'કેમ ટપુભાઈ, કોસ ચલાવો ને. તાજું પાણી આવે.' ટપુ કૂવાના થાળા પાસે બળદ પકડીને એક ચિત્તે ચર્ચા સાંભળી રહ્યો હતો. વિનુભાઇનો અવાજ સાંભળતાં એ જાગ્યો ને બોલ્યો: 'હું તમારી વાતું સાંભળતો હતો.'

'એમાં તમને સમજાય એવું ન હતું.'

'તમ જેટલું નો સમજાય પણ અમેય થોડુંઘણું સમજીએ. મહાત્માની લડાઈની વાતો કરો છો ને ?'

'હા. પણ અમે એની તાત્ત્વિક બાજુ ચર્ચતા હતા.'

'તે ગાંધીના માણસ તો બધાં લડાઈમાં ગયાં છે. તમે નથી ગયા ? મહાત્મા પંડેય જેલમાં છે.'

'હા, બાપુજી જેલમાં છે ને લડાઈ ચાલુ છે. પણ આ વખતે જુદી જાતની લડત છે. જેમ જૂના વખતમાં દરેકને કિલ્લા સોંપી દેતા અને તેનું રક્ષણ કરવાનું રહેતું તેમ આ વખતે ખાદીકાર્ય, હરિજન સેવા, ગ્રામોદ્યોગ પ્રચાર, હિંદુ–મુસ્લિમ એકતા, સ્ત્રી ઉન્નતિ, મજૂર સંગઠન, વિદ્યાર્થી પ્રવૃત્તિ, કિસાન જાગ્રતિ, વગેરે રચનાત્મક કામનાં થાણાં દરેક થાણદારે સાચવવાનાં છે. સરકાર તરફથી એની ઉપર આક્રમણ થાય ત્યારે એનો બચાવ કરતાં જેલ, લાઠી, ગોળી કે મૃત્યુને વધાવી લેવાનું રહેશે.'

'અહીં ધરતીને છેડે કોણ આક્રમણ કરવાનું હતું ?' રમેશથી ન રહેવાયું તે વચ્ચે બોલી ઊઠયો.

'તમે અહીં શું કામ ચલાવો છો ?' ટપુએ પૂછ્યું.

'હું ખાદીકાર્ય કરું છું.' વિનુભાઇએ જવાબ આપ્યો.

'આપણું કાર્યાલય ક્યાં આવ્યું ?'

'તમે ચોરા આગળથી રૂડા પટેલના ઘર તરફ જાઓ છો ત્યાં જમણા ખાંચામાં બીજું મકાન. મોટો કાળો ડેલો આવશે. નાનું છોકરું ય બતાવશે.'

'કાનાભાઇને કહેજો એ બતાવશે.' કાંતાબેને કહ્યું.

'કેમ બહેન, મારું નામ દીધું ?' કહેતો કાનો ખંભે કોદાળી મૂકી આવ્યો.

'મને વિનુભાઇનો આશ્રમ બતાવજો. આપણે સૂતર કેમ કંતાય છે ને વણાય છે ઈ જોવું છે.'

'છાનામાના વાડીએ પડયા રહેજો. રૂડો આતો જાણશે તો ધોકા નીરશે.'

'કેમ શા માટે, રૂડાભાઈ મંદિરે દર્શન કરવા નથી જતા ?'

'તે આ મંદિર છે ?' કાનો હસી પડતાં બોલ્યો.

'અમે નાના હતા ત્યારે અમારા ગામમાં ખાદી કાર્યાલયે પ્રાર્થના કરવા જતા.' ટપુએ કહ્યું.

'પણ અહીં તો આ લોકે ઢેઢવાડો કર્યો છે.' કાનાએ બીડી સળગાવતાં કહ્યું: 'અટાણે બોલ્યા ઈ બોલ્યા. ફરી આવું બોલશો ને કોઈ સાંભળશે તો એક દી' અહીં નહીં રાખે.'

'તમેય કાનાભાઈ એમની સાથે આવજો. બેયે બાવીસનું બળ.' કાંતાબેને કહ્યું.

'ના રે બાપા. આપણું એ કામ નહીં. દેહ અભડાય ને હાડકાં કૂણાં થાય. ઈ કરતાં ઘેર બેઠાં ભગવાનનું નામ ક્યાં નથી લેવાતું ?'

'કાનાભાઈ, તમે પાણી સંભાળો. ક્યારો ભરાઈ ગયો હશે.' કોસ ચલાવતાં ટપુએ કહ્યું.

'આટલી બીડીયે પૂરી નહીં કરવા દ્યો.' બીડીનું ઠૂંઠું ફેંકીને કાનો ચાલ્યો. જતાં જતાં સૌ સાંભળે એમ બબડતો ગયો:

'હવે વાડીએ દેવુભાઇની કે રૂડા આતાની કોઈની જરૂર નહીં પડે.'

'એક દી'માં ખબર પડી ગઈ?' રમુભાઇએ પૂછ્યું. 'ઇ તો પુતરનાં લખણ પારણામાંથી વરતાય.' કાને કહ્યું.

સાંભળીને ટપુ હસ્યો. એને કાનાનો સ્વભાવ ગમી ગયો હતો. માણસને ઓળખનાર, માણસ જોઇને વાત કરનાર, મીઠાં મશ્કરો અને મિલનસાર કાનો ટપુને ગમ્યો હતો. એની ગરીબાઈ, બીક અને અર્ધ ગુલામી દશા પ્રત્યે ઊપજતી કરુણા એના ગમ્મતી સ્વભાવથી ઘડીભર વિસરાઈ જતી હતી. પહેલા પરિચયે જ કાનાએ ટપુનું મન હરી લીધું હતું.

★

સાંજે ગોરજ ઊડતી બંધ થઈ, ખીલેલી સંધ્યાનાં અજવાળાં સહેજ ઝાંખાં પડ્યાં, રામજી મંદિરે નગારે દાંડી પડી અને ઝાલરના રણકાર ગાજી ઊઠ્યા, એ વખતે કાનાને વાડી ભળાવીને ટપુ ગામમાં આવ્યો. ચીંધેલી એંધાણીએ ખાદી કાર્યાલય શોધી કાઢ્યું. ડેલાની બારી ઉઘાડીને અંદર પેઠો. જોયું તો સામે ચોગાનમાં આઠ દસ ભાઈબેનો પલોંઠી વાળીને બે હારમાં બેઠાં હતાં. સામે વચ્ચોવચ્ચ વિનુભાઈ ટટ્ટાર થઈને અર્ધ મીંચેલી આંખે બેઠા હતા. ધીમું કરેલું ફાનસ પાછળ મૂક્યું હતું અને એક નાની ચોપડી અને છાપું આગળ પડેલાં હતાં. ટપુ ધીમે પગલે નજીક આવ્યો. અને એક છેડે બેસી ગયો.

અગિયાર કંઠમાંથી એક સામટો અવાજ સંભળાતો હતો.

'નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં તે ટળે પેખતાં પરં...

ગીતાના શ્લોક પૂરા થયા. વિનુભાઇએ ભજન અને ધૂન ગવરાવ્યાં. પછી અગિયાર મહાવ્રતનું મહાત્મ્ય સૌ સાથે બોલ્યાઃ

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોતું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય ને જાતે મહેનત, કોઈ અડયે ના અભડાવું.
અભય, સ્વદેશી, સ્વાદ ન કરવો, સર્વધર્મી સરખા ગણવા,
એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણાથી આચરવ.

પ્રાર્થના પૂરી થઈ. પાછળનું ફાનસ આગળ આવ્યું. વાટ ચડાવી વિનુભાઇએ છાપું કાઢયું. 'આજના તાજા સમાચાર' કહી મથાળાં વાંચવાનું શરૂ કર્યું.

ટપુ સામે એમની નજર ગઈ ન હતી. પણ ટપુની પાસે બેઠેલો નવાગામનો વણકર, પોતાની નજીક બેઠેલા પટેલના નવા સાથીને જોઇને સહેજ સંકોડાયો.

ટપુ તાજા સમાચાર સાંભળવા વિનુભાઈ સામે એકીટશે જોઈ રહ્યો. વિનુભાઈ મોટે અવાજે વાંચવા લાગ્યા.

"મહાસભાના મંત્રીમંડળનો લાગેલો પત્તો."

મથાળા સાથે વિનુભાઇએ ટિપણુ આપ્યું: 'છાપાવાળાનું અનુમાન છે કે કાર્યવાહક સમિતિને અહમદનગરના કિલ્લામાં નજરકેદ રાખી હોય.'

"મહાત્માજી આમરણ અનશન કરશે?"

'આ પણ છાપાનું અનુમાન છે. સરકારના અમાનુષી દમન સામે બાપુજી કદાચ આમરણ ઉપવાસ આદરે.'

"સમાજવાદી નેતા જયપ્રકાશ ઉપર અત્યાચાર."

"વર્તમાનપત્રો કહે છે કે જાપાન સાથેનો મહાસભાનો સંબંધ સાબિત કરવા સરકાર જયપ્રકાશને તાવી રહી છે.'

"ખંડાળા ઘાટમાં ઊથલી પડેલી લશ્કરી ગાડી."

'આ કૃત્ય માટે ગુપ્તમંડળના અનેક સભ્યો ગિરફતાર બન્યા છે.'

"સતારા ધાડ કેસના કેદીઓ જેલ તોડીને નાસી છૂટયા."

'સતારાના જિલ્લા કલેકટરનું ખૂન તથા પોલીસ ઉપરી અને બે સાર્જંટોને ઘાયલ કરી નાસી છૂટેલી એક બળવાખોર ટુકડીના બે યુવાનો પકડાઇ ગયા હતા. તેમને ફાંસીએ લટકાવવા સરકાર અધીરી બની હતી. પણ આખરે બે ય યુવાનો જેલ તોડીને હિંમતભેર નાસી છૂટયા છે.

'શાબાશ' રમેશ બોલી ઊઠયો. એની આંખ ચમકી. ટપુએ રમેશની ચમકતી આંખ સામે જોયું અને તેની મનમાં નોંધ કરી.

વિનુભાઇએ એકધારા, ધીમા અવાજે સમાચારો આગળ વાંચ્યા: 'ગૂજરાતનો જાગતો મોરચો.'

'હિંદના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાત પણ કદમેકદમ મિલાવી રહ્યું છે. સરકારના આકરા દમન સામે ગુજરાતનાં વીર નરનારીઓ ટક્કર ઝીલી રહ્યાં છે. એ જ પ્રમાણે સરહદ, બંગાળ, આસામ, દખ્ખણ અને દેશી રજવાડાં પણ આઝાદી જંગમાં ઝઝૂમી રહ્યાં છે......'

સૌ ઊંચે શ્વાસે સાંભળી રહ્યાં હતાં વિનુભાઈએ છાપું આડું અવળું ફેરવી બંધ કર્યું', 'આજ સમાચાર પૂરા.'

પછી એક નોંધપોથી ઉઘાડી હાથમાં કલમ લીધો. 'બોલો! કહેતાં એક પછી એક જણ પોતાના કાંતેલા તાર લખાવવા માંડયાં. તાર નોંધાઇ રહ્યા એટલે વિનુભાઈએ ઊંચે જોયું:

'ઓહો ટપુભાઈ, આવી પહોંચ્યા છો કે?'

'જી હા.'

'ક્યારે આવ્યા ?'

'પ્રાર્થના ચાલુ થઇ ગઈ'તી એટલે છાનોમુનો બેસી ગયો.'

'કહો મજામાં ?'

'આપણને શા પથરા પડવાના છે' ટપુએ નિઃસાસો મૂકતાં કહ્યું. પણ આજ તમે સમાચાર દીધા ઈ ફકર કરાવે એવા છે.'

'આ તો કંઇ નથી. આથી વધારે આકરા ખબરો આવે છે.'

'મહાત્માના અપ્પાસના સમાચાર ચિંતા કરાવે.'

'હજી નક્કી નથી.'

'આપણા નેતાલોકને ભોંયરામાં પૂર્યાનું તમે વાંચ્યું ને!'

'ભોંયરું કેવું ?' વિનુભાઇ નીચું જોઈ હસી પડયા. એ તો ચાંદબીબી સુલ્તાનાનો મહેલ હતો.

'મને એમ કે ભોંયરું હશે.'

'ના રે ના. એ તો તમે આવું કોઈ દી' સાંભળ્યું ન હોય એટલે તમને વધારે લાગે. ચાલો ઊઠો રમુભાઈ, તમે ટપુભાઇને આશ્રમ બતાવો. મને માફ કરજો. મારે જરા કામ છે.' કરીને વિનુભાઈ ઊભા થયા. એક હાથમાં ફાનસ ને બીજા હાથમાં છાપું તથા નોંધ-પોથી રાખી નીચી નજરે કાર્યાલયમાં ચાલ્યા.

'જય જય ટપુભાઇ,'કાંતાબહેને નમસ્કાર કર્યા.

'જય જય બહેન' ટપુએ હાથ જોડ્યા. એટલામાં રમેશે આગળ આવી કહ્યું: 'આવો ટપુભાઈ, આ તરફ.'

આટલા બધામાં રમુભાઈ, એક તમારા ઉપર ગુસ્સાની નિશાની મેં દીઠી.' ટપુએ રમેશને ખભે હાથ મૂકતાં કહ્યુ. 'બપોરેય તમે તપી જતા'તા.'

રમેશે પાછું વાળીને ટપુ સામે જોયું. પટેલનો નવો સાથી કોઇ છૂપા ઇરાદાથી તો આ બધું નથી કહેતો ને એવો વહેમ જતાં એણે ટપુની આંખમાં નજર ખૂતાડી. ટપુની આંખમાં નરી સરળતા અને ચહેરા પર સંપૂર્ણ ગાંભીર્ય દેખાતાં રમેશનો વહેમ આવ્યો તેવો ચાલ્યો ગયો.

'ટપુભાઈ,' રમેશે આગળ ચાલતાં કહ્યું: 'ખરું પૂછો તો આ સમાચારો સાંભળ્યા પછી મને ખાવું ભાવતું નથી.'

'ક્યાંથી ભાવે ? અમે ગાંધીની લડાઈમાં અટાણે નથી તોય અમારું લોહી ઊકળી આવે છે. તો તમ જેવા રંગાયેલા આદમીને કેમ નો લાગે ?'

ટપુનું વેણુ પૂરું થયું ત્યાં બન્ને જણ ઓસરી પર આવી પહોંચ્યા રમેશે એક ઓરડા તરફ હાથ લંબાવીને કહ્યું!

'આ સામે કાર્યાલય, એની બાજુમાં સૂતરખાતું, સામેની હારમાં ચાર ઓરડા શાળખાતાના છે. અહીં ઝીણી, જાડી રંગીન, સફેદ, બતારી, ચોતારી દરેક જાતની ખાદી વણાય છે. પણ તમે એકવાર દિવસે આવો તો જોવાની મજા પડે.'

'મને પણ એમ જ લાગે છે, કોઇવાર અગતો હશે તયેં નિરાંતે આવશ. આજ તો મારેય વાળુનું ટાણું થયું છે.'

'ઠીક ત્યારે આવજો ટપુભાઈ,'

'તમે અહીં શું કામ માથે છો ?'

'હું તો હરિજન શાળા ચલાવતો હતો.'

'ઇ કયે ઠેકાણે'

'અત્યારે લડતને કારણે બંધ છે.'

'તમે લડતમાં હતા ?'

'હતો નહીં, છું.'

'તમે અટાણે રજા માથે આવ્યા હશો.'

'અમારે ગાંધીજીના સૈન્યમાં રજાની જરૂર નહીં. છ મહિના જેલમાં હતો. તબિયત જરા નરમ હતી, તેથી અહીં આરામ કરવા અને સૌને મળવા આવ્યો છું.'

'ઠીક ઠીક સમજ્યો.'

'અને એમ છે ટપુભાઇ,' પોતાના મનને જવાબ દેતો હોય એમ રમેશે વધુ ખુલાસો કર્યો: 'અમે તો જ્યાં હોઈએ ત્યાં લડતનું કામ ચાલતું જ હોય.'

'એ પણ ખરું.'

બન્નેની વાત ચાલે છે ત્યાં એક જુવાન ઓરડામાંથી બહાર આવ્યો અને રમેશની સામે ટૅન્સીલ પેપર ધરીને બોલ્યો: 'જુઓ રમેશભાઈ, ચાલશે કે ?'

સ્વચ્છ, સુંદર, મોતીના દાણા જેવા અક્ષરથી આખો કાગળ કલાના નમૂના જેવો લાગતો હતો. રમેશે હાથમાં લીધો અને ઉપરથી નીચે સુધી નજર ફેરવી જઈ પાછો આપતાં કહ્યું: 'સરસ, ચાલશે.'

જુવાન કાગળ લઈ ચાલ્યો ગયો એટલે ટપુએ પૂછ્યું:

'રમુભાઈ, આ કઈ જાતનો કાગળ ? ભારે ચીકણો, એની ઉપર ધોળી કલમે લખતા હશે ન ઈ ?'

'હા.' રમેશ ફરી વહેમાઈ ગયો હોય તેમ આગળ બોલતાં અટકી ગયો. ટપુ રમેશનો મનોભાવ પામી ગયો. એણે હાથ જોડી

નમસ્કાર કર્યાઃ ' ઠીક ત્યારે હું રજા લઈશ. રમુભાઈ, વાડીએ આવતા રે'જો.'

' જરૂર આવશું. તમેય અહીં આવતા જતા રહેજો.' ' ભલે.'

ટપુ દરવાજા તરફ ચાલ્યો. રમેશનું મન બોલી ઊઠયુંઃ

' કેવો સરસ જુવાન. વખાતો માર્યો ભેખડે ભરાઇ ગયો છે. આવા હજારો જુવાનો જે ગામડાનું ખરું ધન છે એને સાચે રસ્તે વાળવા જોઇએ.'

દરવાજા બહાર નીકળી વાડીને રસ્તે ચાલતાં ટપુનું મન બોલ્યુંઃ ' કેવો સરસ જુવાન, સો ટચનું સોનું છે. આવા હજારો જુવાનો, જે દેશનું સાચું શૌર્ય છે એને આવે અણીને વખતે યોગ્ય માર્ગે વાળી લેવા જોઇએ.'

પાંદડાનો ખખડાટ સાંભળી કાનો ખાટલીમાં બેઠો થયો. દૂરથી અંધારામાં સફેદ કપડાં દેખાયાં. પોતે સમજીગયો હતો છતાં ટપાર્યો, કોણ ઈ જુવાન ?'

' ઈ તો હું ટપુ.'

' ભલા આદમી, આવું હોય. ભૂખે મારી નાંખ્યો.'

' હું તરત આવ્યો ને '

' અરે પણ અહીં પછવાડે કોકનાં હાડકાં કૂણાં થાત એનો વિચાર કર્યો ?'

' કેમ ?'

' રૂડો આતો આવ્યા ' તા.'

" તે કહેવું 'તુંને કે હું આશ્રમે ગયો છું.'

'એવું તે કહેવાય. મેં તો કહી દીધું કે ખરચુ ગયેલ છે '

'જૂઠું શા માટે કહ્યું.' ટપુ ઠપકાભર્યા અવાજે બોલ્યો.

'કાંઇ મારા સારુ ખોટું નથી બોલ્યો.

'કોઇના પણ સારુ જૂઠું ન બોલાય. આજથી તને કહી મૂકું છું. ફરો ભાઇ હોય કે ગમે તે હોય.'

'ભલો થઇને ધીમે બોલ. વાડનેય કાન હોય છે. તું નવો સવો છો તે તને કોઈ કાંઇ નઈ કે 'ને મારો ખો નીકળી જશે.'

'તેં વાળુ કર્યું?'

'તને મૂકીને?'

'લાવ ત્યારે ખાઈ લઇએ.'

'જો પણે પાપરની ડાળે દોણી ટીંગાડી છે,'

ટપુ જઇને લઈ આવ્યો. ખાટલે બેસવા જાય છે ત્યાં કાનો ઊઠી ગયો.

'કેમ ઊભો થઈ ગયો?'

'લે, તારું ભાત અભડાયને'

'ભલા માણસ, એમ તારે અડયે અભડાતું હશે.' કહીને ટપુએ કાનાનો હાથ પકડયો.

'અરે ટપુભાઈ, મને કાં પાપમાં પાડો.'

'એમાં પાપ શા?' સંકોચથી દૂર બેઠેલા ટપુએ નજીક લીધો. બન્નેએ વહેંચીને વાળુ ખાવાનું શરૂ કર્યું.

'ટપુભાઈ,' ચારેકોર જોતાં કાનો બોલ્યો: 'તમારે મન ભેદ-ભાવ નથી પણ કોક ભાળી જશે તો એકેયની ખેર નથી.'

'કોની સાથે જમવું ને કોની સાથે નહીં એ આપણી મરજીની વાત છે એમાં બીજાને શું ?'

'આપણે મજૂર માણસને એવો એંકાર નો પાલવે.'

કાનો ઉભડક બેસીને મોટાં મોટાં બટકાં જેમ આવે તેમ ગલો-ફામાં મૂકતો હતો. ટપુનું ધ્યાન જતાં એ બોલ્યો: 'અરે કાનાભાઇ, નિરાંતે સરખા બેસીને જમો. આમ આખાં ને આખાં બટકાં શા માટે ગળે ઉતારો છો ?'

'તારે મને ખાવા દેવું છે કે નહીં ?' કાને બટકું પડયું મૂકીને કહ્યું: 'એમ તું રીસ ન ચડાવીશ. હું તારા સારા માટે કહું છું.'

'ઇ તો હુંય સમજું છું, પણ અહીં એવા ચાળા કરવા બેસીએ તો એક દી' નો પોસાય. તનેય...ધીરજ રાખને બધી ખબર પડશે. આમ કહીને કાનો આખર બેઠો ને ધીમે જમવા લાગ્યો.

બન્ને શાંતિથી જમી રહ્યા. કાનો ઊઠીને હાથમોં ધોવા કૂંડીએ ચાલ્યો. ત્યાં પાછળથી ટપુની બૂમ સંભળાઇ: 'આ ઘડો લેતો જા.'

'કૂંડીમાં પાણી ભર્યું છે.'

'અરે એમાં બળદ પાયા છે ને ?'

'બળદ કયાં ઓખર કરવા જાય છે.' કાને પાછું વાળીને જોયું અને હસતો હસતો કૂંડીએ ગયો.

પાણીમાં છાલિયું બોળવા જાય છે ત્યાં પાછળથી ટપુ દોડતો આવ્યો. 'એક મિનિટ ઊભો રહે. હું અબઘડી તાજું પાણી કાઢી દઉં છું.' ઝટપટ રાશ બાંધીને ટપુએ ઘડો કૂવામાં નાખ્યો. પીપ-રની ઘટામાંથી તારલિયાનું આછું તેજ ટપુના મોં ઉપર પડતું હતું. કાનો ભાવભીની નજરે ટપુના પ્રકાશિત મુખ સામે એકીટશે જોઈ રહ્યો.

જોત જોતામાં ઘડો બહાર આવ્યો. ટપુએ કાનાના હાથ ધોવ-રાવ્યા. પછી બન્નેએ મોં ધોઈ પાણી પીધું. બીજો એક ઘડો ભરીને બન્ને પાછા આવ્યા.

કાનાએ ખાટલી પરથી ગોદડી લઇને ટપુના ખાટલા ઉપર મૂકી. ને પોતાની જૂની ગોદડી છાપરેથી ઉતારી ખાટલી પર નાખી. એટલામાં ટપુ ઘડો મૂકીને બહાર આવ્યો. એણે કાનાના ગાભા સામે જોયું. તરત એ ઉપાડીને નીચે મૂકયો અને ખાટ-લેથી ગોદડું લઈને પાથરી દીધું. કાનો ઘડીકવાર તો જોઈ રહ્યો પછી એણે કહ્યું, 'પછે ટપુભાઇ, તમે શું પાથરશો ?'

'મારી પાસે મજાનો ધડકી જેવો ધાબળો છે.'

'પણ બોલ્યાને ખબર પડશે...'

'કાના, ઇ બાબતમાં હવે કોઇ તને પૂછે તો તારે મારું નામ દેવું.'

કાનો મનમાં બોલ્યો: 'તું ઇ લોકોને ઓળખતો નથી. એટલે તને કેમ સમજાવવું ? ચાર દીમાં તને સમજણ પડી જશે.'

કાનો ખાટલી પર બેઠો. ખિસ્સામાંથી બીડી કાઢી. અવળી કરીને ફૂંક મારીને પછી સળગાવી. એક બે ઘૂંટ લઈને ટપુ સામે જોયું. ટપુ ધાબળો પાથરીને નિરાંતે આડો પડયો હતો.

'હવે એકાદ ભજન થાવા દો ટપુભાઇ,' કાનાએ કહ્યું.

'આજ તો તું સંભળાવ.'

'સાચે, તમે ભજન કરવા ગ્યાતાને.' અચાનક કાનાને યાદ આવ્યું એટલે એ બોલી ઊઠયો 'ઈ વાત તો સાવ પૂછવી જ રહી ગઇ.'

‘ કઇ વાત ? ’

‘ તમે આશ્રમે ગ્યાતા ઇ. ’

‘ ત્યાં જઈ આવ્યો. પ્રાર્થના કરી. ઉપરટપકે જોયું. સૌને મળ્યો. વિનુભાઈ, રમેશભાઇ, કાન્તાબેન બધાં ભલાં ને માયાળુ લોક છે. ’

‘ ઇ વિનુભાઇના ઘરમાં બાઇ કેરી ગનાતે છે ઇ ખબર પડી? ’ કાનાએ બીડી હાથમાં પકડી, આંખ ઝીણી કરીને પૂછ્યું.

‘ના . ’

‘ દરજાણ છે ! ’

સાંભળીને ટપુ ખડખડાટ હસી પડયો: ‘ એમાં શું થઇ ગયું ? કોની સાથે પરણવું ને કોની સાથે બેસીને ખાવુંપીવું ઈ દરેકની મરજીની વાત છે.

‘ તું ય તોબા છો ટપુભાઇ, મને હારે ખાવા બેસાડયો તો કહે કણબી ને કોળી સરખા, હવે કહે છે ભામણને દરજી સરખા. ’

‘ આપણે સામા માણસના ગુણ જોવા જોઈએ. મને તો એય જણ બહુ ગુણિયલ ને વિવેકી લાગ્યાં. ’

‘ છે તો એવાં, માણસ વટલી જાય પછી હજાર ગુણ હોય તોય શા કામના ? ’ કાનો ખિજાઈને બોલ્યો.

‘ નીતિનો મારગ ચૂકે ઈ વટલ્યો કે'વાય. ’ ટપુએ ગંભીર બનીને

કહ્યું: 'બાકી આ લોક તો સેવાભાવી છે, પોતાનો ધંધોરોજગાર, કુટુંબકબીલો છોડીને ગામની સેવા કરવા આવ્યાં છે.'

"એવી તો હુંય શેવા કરું." કાનો વચ્ચે જ બોલી ઊઠ્યો: "લાવો મને કોઇ બે રૂપિયાનું રોજ આપે તો ગામ વાળ્યા કરું ને દી' આખો કાંત્યા કરું ને ભજન બોલ્યા કરું.'

ટપુએ જોયું કે કાનાના મનમાં પૂર્વગ્રહનાં મૂળ ઘણાં ઊંડાં ગયેલાં છે. એણે પહેરણ કાઢયું. અને ફાળિયાને વીંટી ઓશીકે મૂક્યું. 'ચાલો સૂઈ જઇએ.' કહીને લંબાવ્યું.

કાનો પણ બીડો ફેંકીને સૂઈ ગયો.

કાનો તો પડયા ભેગો ઊંઘી ગયો. ટપુ આભના ચંદરવા સામે ઘડીભર જોઇ રહ્યો. એના હૃદયાકાશમાં પણ એક પછી એક નક્ષત્રો ઊગી રહ્યાં હતાં. રૂડો પટેલ, પરમત, દેવુ, કાનો, રમેશ, ચમકવા લાગ્યા. દોઢ દિવસના પ્રસંગોનું તારણ કાઢતાં એનું મન બોલી ઊઠયું: 'ખરેખર, ગામડું એ સુશિક્ષિત યુવાનો માટે એક મહાવિદ્યાલય છે. પોતાના સમાગમમાં આવતો દરેક ગ્રામજન એ જીવતાંજાગતાં પાઠ્ય-પુસ્તકો છે અને એ જ અધ્યાપકો પણ છે. માત્ર મારે અણધાર્યાં અને કવખતે આવવું પડયું છે. એટલો જ અફસોસ છે.'

દેશની વિષમ પરિસ્થિતિનો વિચાર આવતાં એનું મન અંધારી રાતે અહમદનગરના કિલ્લામાં પહોંચ્યું. આગાખાન મહેલના તપસ્વીની છબી એની નજર સામે તરવા લાગી. અને છેવટે જેલ તોડીને નાસી છૂટેલા યુવાનોની યાદ આવતાં એનું મુખ તારાઓ સામે મલક્યું. પળવારમાં એનો ચહેરો ગંભીર બન્યો, 'બીજા દોસ્તો ક્યાં હશે? સૌ કુશળ તો હશે? એમનો કે૦ આર૦ ક્યાં પડયો છે એની

કલ્પના પણ એમને આવશે ખરી? બાળુને કેટલું દુ:ખ અને ચિંતા થયાં હશે? બાળુ યાદ આવતાં લીલાના મુખેથી સાંભળેલું શૌર્યગીત એને સાંભર્યું. હેમૂ કલાણીના બલિદાનથી એનું હૈયું ભરાઇ આવ્યું. એ મનમાં ગણગણવા લાગ્યો:

> ધન્ય હિન્દ તું, ધન્ય સિંધ તું, ધન્ય નદી સિંધૂ,
> જ્યાવરી હેમૂ, સિંચિત અપુલ્યા, રુધિराचें બિંદૂ......

એ ભાવનાવશતામાં જ એની આંખ મળી ગઈ.

★

૫

રાતે વાળુપાણી કરીને રૂડા પટેલ બેઠકમાં આવ્યા. હંમેશના રિવાજ મુજબ એક પછી એક આવીને સાત આઠ માણસોનો ડાયરો જામ્યો. સામસામી બીડીઓ સળગાવી સૌ જરા રંગમાં આવ્યા એટલે ધના પટેલે રૂડાની સામે જોઇને કહ્યું: 'ભાવનગરમાં તો ખરેખરું ધાંધલ ઊપડયું છે ભાઈ, હું તો બજારે જતાં આઘેથી જ પાછો વળી ગયો.'

'હડતાળ ચાલુ હશે?' દીપા શેઠે પૂછ્યું.

'હા, ત્રણ દી'ની હડતાળ છે, આપણે તો ઇ મતમાં નથી પણ દીપા શેઠ, જોયું નો જાય. ગાયું ઉપર અસૂર તૂટી પડે એમ બાઇઓ–એનો ઉપર પોલીસ તૂટી પડી.'

'અરરરર' દીપા શેઠે માથું ધુણાવ્યું.

'પણ એમાં બે ચાર બાઇઓ તો એટલો માર પડયો તોય રાષ્ટ્રધ્વજ પકડીને બેસી રહી. બેભાન થઇને પડી ગઈ પણ ધજા નો છોડી.'

'રંગ છે એમની જનેતાને.' દીપા શેઠે ઉદ્દગાર કાઢ્યા.

'એમ નિરપરાધી બાઇયું ઉપર હાથ ઉપાડવો ઈ બાયલાનું કામ છે.' રૂડાએ કહ્યું. 'હું ન્યાં હોઉં તો એકાદને પૂરો કરી દઉં.'

'તે આ બધું ક્યાં સુધી હાલશે રૂડાભાઈ!' છગન સુતારે પૂછ્યું.

'હવે લાંબુ નહિ હાલે.' રૂડા પટેલે કહ્યું: 'અંગ્રેજ જેવા જોરાવર દુશ્મનને વગર હથિયારે થોડું જ પુગાય? ચાર દી' ધાંધલ કરીને બધા પાછા બેસી જાશે.'

'ઇયે ખરું,' દીપા શેઠે હામાં હા મેળવી: 'આ આપણે ત્યાંથી રમેશ ગયો તો તે ચાર છ મહિના જેલ ભોગવીને પાછો આવતો રહ્યો.'

'ઈ બધા આરંભશૂરા.' ભીમો પસાયતો બોલ્યો.

'કે' છે પાલીતાણાનું પરવડી ભાંગ્યું ઈ સાચું?' ખીમા ડોસાએ નવી વાત કાઢી.

'હા, સાચી વાત. ગોકળ પટેલની ડેલી તોડી પંદર હજારનું રોકડ અને દસ હજારનો દાગીનો લઈ ગયા.'

'પરવડીની વસ્તી તો આપણાથી બમણી હશે નહીં ભાઈ?'

'હા, પણ ઈ બધા વાણિયા–બ્રાહ્મણ જેવા. બહારવટિયાને જોઇને ઘરમાં ભરાઈ ગયા હશે.' કહીને રૂડો હસ્યો.

'આપણે ત્યાં જરાય ભો નહીં.' દીપા શેઠે થડકતી છાતીની મજબૂતાઈ દેખાડતાં કહ્યું.

'અહીં કોઈ દીકરો આવે તો જીવતો નો જાય.' રામો પગી છાતી કાઢીને બોલ્યો.

'કાલ મધરાતે ધરમશીની વાડીએ બેચાર નવીન આદમી દેખાણા'તા. પણ ભાઈએ ડેલી માથેથી ભડાકો કર્યો એટલે નાસી ગયા.' છગન સુતારે રામાને ટેકો આપતાં સાંભેલું રેડવ્યું. સાંભળીને બેચાર જણ મૂછમાં હસ્યા. એમની સામે નજર જતાં રામો પછી ફરી બોલ્યો: 'તમને માન્યામાં નથી આવતું પણ હું પંડે ઘોડીએ ચડીને એણીકોર આંટો મારવા ગયેલો ને મેં સગડ પારખ્યા'તા.'

'કોના સગડ હતા રામાભાઈ?' ધનાએ પૂછ્યું 'આદમીના કે ઘોડાના?'

'કોઈ નવતર આદમીના હતા.'

'ઈ તમે શાથી જાણ્યું!'

'આપણા ગામનો મોચી એવાં પગરખાં શીવતો જ નથી.' રાઘવ દુધાત વચ્ચે મમરો મૂકવા જતો'તો ત્યાં શંકરગર બાવાએ કહ્યું: 'પરમ દહાડે રામનોમ છે. ભાવનગરથી કોઈ જતા આવતા સાથે અન્નકોટનો સામાન મંગાવી લેવો પડશે.'

'આપણું જ ગાડું જવાનું છે.' રૂડાએ કહ્યું: 'તમે સાથે જજો. ટપુને કહી મૂકજો તે નીકળતી વખતે સાદ કરશે.'

'તમને રૂડાભાઇ, આ વખતે સાથી સારો મળી ગયો.' ધનાએ ચકમક ખેરવતાં કહ્યું.

'હા ઠીક છે. જરા આપમતીલો છે.'

'ઈ તો ભાઈ, કામઢા માણસો આપમતીલા જ હોય.' દીપા શેઠ બોલ્યા.

'ટપુડો વાત કરતો'તો કે નદીકાંઠાની આપણી વાડીમાં આં-

બાના સો રોપડા ઓણુસાલ નાંખવા છે.' 'તો તો વાડીની શોભા ઓર વધે.' ધનાએ કહ્યું.

'અને કાયમી આવકનું સાધને થાય.' દીપા શેઠે ટેકો આપ્યો.

'આમ સાવ સુંવાળો લાગતો'તો પણ મહેનતુ પૂરો છે.' રાઘવ દૂધાતે કહ્યું: 'અને માળાની નજરેય પૂગે છે.' ધનો ફરી બોલ્યો: 'હા, નજરવાળો છે અને સ્વભાવે ગરીબ છે.' રૂડાએ કહ્યું.

'અરે મોંમાં જીભ ન મળે.' રામો પગી બોલ્યો. 'હું રાતે આંટો જાઉં અને ખોંખારું એટલે સામો ખોંખારો મારે પણ કોઈ દી' વાતે નો ચડાવે. પાછો તરત સૂઇ જાય.'

'એને કામ શું કામ!' છીતો વાળંદ પહેલી વાર વાતમાં ભળ્યો. 'હું રોઢે પરબતભાઇને ચા દેવા જાઉં છું તયેં જોઉં છું. પરબત ચા પીએ, કાનિયો આવીને બીડી પીવા બેસે, પણ ટપુ કોસ હાંક્યા કરે, ઘડીવાર નો બેસે.'

'ચા બીડી, તમાકુ કશાયનું એને વ્યસન નહીં.' શંકરગર બોલ્યો: 'હું મહાદેવનો પૂજારી છું તોય મારે એકેય ચીજ વગર રહતું નથી. નવાઇની વાત છે ને?'

'એનું કારણ છે' રૂડાએ ખુલાસો કર્યો. 'એનો કાકો મોટો ભગત છે. ખાખીજાળિયામાં એની જગ્યા છે. એની અસર આ છોકરા ઉપર પડી છે.'

'હવે વાતનો તાળો મળ્યો' દીપા શેઠે કાનખૂટ પકડી, 'મને ઈ જ નવાઇ લાગતી હતી કે આ કણબીનો છોકરો, સાથીપણાં કરવા આવ્યો છે ને આટલી નાની ઉંમરમાં આવો ભગત જેવો કાં લાગે?'

'મારા સમ દીપા શેઠ, મનેય એમ લાગતું'તું' ભીમો પસાયતો બોલ્યો 'એકવાર પાંચ છ દી' પહેલાં હું ભાઇની વાડીએ મોટે ભળકડે આંટો ગયો'તો ઇ વખતે મારે કાને અવાજ સંભળાણો.

પહેલાં તો મને થયું કે કોક રૂએ છે. એટલે ઘડી'ક ઊભો રહ્યો. પછી ઝાંપામાં થઇને વાડીમાં ગયો. જઇને જોઉં તો ઓરડીમાં દીવો બળે. બારણા પાસે જઇને અંદર નજર કરી તો ટપુ બેઠો બેઠો તકલી ફેરવતો જાય અને ઝીણે સાદે ગાતો જાય.'

'ભજન ગાતો હશે નહિ

'રામાયણની ચોપાઈ જેવું કાંઇક ગાતો 'તો. અને તકલી આપણા આ કાર્યાલીવાળા કાંતે છે એમ નહીં, ભામણ જનોઈને વળ દે એમ સાથળે ઘસીને કાંતતો 'તો. મારા સમ હું તો જોઇ જ રહ્યો.'

'રૂડા પટેલ ભાગ્યશાળી છે.' દીપા શેઠે ઉમેર્યું' 'એક વાર હું ભાવનગરથી તમારે ગાડે આવેલો ત્યારે મારગમાં વાતું કરતો 'તો કે વાડી ઉપર એંજીન મુકાવવું છે અને દસ વીઘામાં બગીચો કરવો છે.'

'આપણે તો એને બધું સોંપી દીધું છે' રૂડા પટેલ ગરવાઇ જઈને બોલ્યા ને પરમતનેય કહી દીધું છે કે એને મનફાવે એમ કરવા દેજો.'

ટપુનાં હદ બહાર વખાણ થતાં સાંભળીને ધનો મકાણી ધીમે રહીને બોલ્યો, 'તમે ભોળિયા બાદશા હો, હજી એને આવ્યાં બે ત્રણ મહિના નથી થયા ત્યાં એની મોટી મોટી વાતું ઉપર બહુ ભરોંસો નો મૂકવો.'

'એમ મેં ક્યાં એને જમી લખી આપી છે.' રૂડાએ મોં મરકાવીને કહ્યું: 'શાંતિથી રહેશે ને મારા કહ્યા પરમાણે કરશે તો પાંચ પૈસા કમાશે અને કોઇની દોરવણીએ દોરાઇને ખોટા ઉધમાત કરશે તો સોનાનો હશે તોય કથિર થઇને ઓગળી જશે.'

'ઈ તો છે જ ને' જીવો વાળંદ રૂડાનું મન પરખીને બોલ્યો,

'તમારા દલ પરમાણે વરતે તો જ રે'વાયના. જરાક આખા બોલો છે એટલું તો કહેવું પડશે.'

'અને નાને મોટે વેરો નથી રાખતો.' રામા પગીએ પણ વાતનું સુકાન પવન જોઇને ફેરવ્યું, 'ઓલ્યા કાનિયા કાળી ભેગો બેસીને ખાય છે, તે પરબતે કાંઇક દીધું હશે એટલે એનું મોઢું તોડી લીધું.'

'હોય નહિ.' દીપા શેઠે આંખો ફાડી.

'ભાઇના સમ. કહ્યું કે, ઢેઢ ભેગો બેસીને ખાઇશ એમાં તારા બાપનું શું જાય છે?'

'હેં પરબત?' રૂડાની ભમ્મર ખેંચાઇ અને એણે ત્રાડ મારી.

પરબત ઘરમાંથી દોડ્યો આવ્યો 'શું ભાઇ?'

'ઓલ્યે ટપુડે તુને સામો જવાબ દીધો તયેં એના મોઢા ઉપર જોડો નો માર્યો?'

એણે તો મને કાંઇ કીધું નથી.'

'આ રામો પગી શું કહે છે?'

'હવે ઇ તો માણસોને બધવી મારે એવો છે. એને કહ્યું હોય તો ભલે.' પરબતે સંભળાવ્યું.

'કેમ પરમ દી' કાનિયા સાટુ થઇને હેતુભાઇ સામે જેમતેમ નો'તો બોલતો?' રામાએ પોતાની તંગડી ઊંચી રાખવા વાત પલટાવી.

'શું વાત કરો છો રામા પગી.' આંખ કાઢીને રૂડો તાડૂક્યો.

'તો તો હેતુભાઇ એને ન્યાં ને ન્યાં ઢીબી નો નાંખે?'

'કાનને દોષ છે ભાઇ, હું તો સાંભળેલી કરું છું.'

'એવી ખોટી વાતો અહીં નો કરવી.'

'સારું બાપા, ભૂલ થઇ.'

રૂડો રીસમાં જમીન સામે તાકી રહ્યો. થોડીવાર કોઇ બોલ્યું નહીં, એટલે બીડીનાં ઠૂંઠાં જમીન સાથે ઘસી ઘસીને એક પછી એક ઊભા થયા અને રામ રામ કરી ઘેર ગયા. રૂડો ઊઠીને પલંગ પર લાંબો થયો.

જીવો વાળંદ ચાકરી કરવા લાગ્યો. અંદરથી દેવુએ નજર કરી. કોઇ નથી એમ જાણી દૂધનો પ્યાલો લઇ આવી.

'લ્યો ભાઇ'

'શું બેટા, દૂધ મારે આજ નથી પીવું.'

'અંદર એલચી ને મસાલો નાખ્યો છે પીલ્યોને ભાઇ,'

'એમ છે ત્યારે લાવ, જીવલા ઊભો રહે ઘડીક.' રૂડો બેઠો થયો. દેવુએ દૂધ રકાબીમાં કાઢી આપ્યું એક ઘૂંટડો ભર્યા પછી રૂડાએ પૂછ્યું: 'બોલ્યો ટપુડો તારી સામો બોલે છે બેટા ?'

'કોણ કે'છે ?' દેવુ ધગી ઊઠી 'એનો બચારાનો તો બેન બેન કહેતાં સાદ સૂકાય છે. આપણા ગામના માણસો તો રોયા નખોદિયા છે.'

'હું તો તને પૂછું છું.'

'મને એવું નો પૂછવું.' દેવુ કડક અવાજે બોલી.

રૂડાએ ઊંચે જોયું. હોઠ બીડીને, આંખ નીચે ઢાળીને ચહેરા પર દશશેર વજન જાણે વધી ગયું હોય એમ ભારેખમ થઇને દેવુ

ઊભી હતી. રૂડાની આંખમાં નરમાશ જોઇને એ ફરી તાડૂકી:

'આ એક સાથી કાંઇક સારો આવ્યો છે તે સૌ ભેગા થઇને એને કઢાવશે ત્યારે રહેશે.'

'રામો પગી કહે છે કે ઈ કાનિયા ભેગો બેસીને ખાય છે.'

'ઈ બધા વાઘરી પાસે સસલાં મરાવીને ખાય છે એના કરતાં સારો છે.'

'એનું મને કંઈ નથી બટા,' રૂડાએ શાંતિથી કહ્યું: 'ભલેને ગમે તેની ભેગો ખાય. આપણે કામ શું કામ છે. પણ તારી કે પરબતની સામો થાય કે આપણા કહ્યા ઉપરવટ જાય ઈ પોસાય.'

'પણ તમેં આ જીવાકાકાને જ પૂછોને.' કહીને દેવુ એકીટશે જીવા સામે જોઈ રહી. જીવો દાતણ મોં માં રાખીને બોલ્યો: 'ના ભાઈ, એટલું તો કહેવું જોશે. ટપુડો વિવેકી છે. અને નાનામોટા હરકોઇની સામે સદાય એની આંખ હસતી રહે છે.'

'અરે હું કોઇવાર તામાં ને તામાં ઉતાવળું બોલી જાઉં તો ઘેર આવીને મને પસ્તાવો થાય છે ને.' દેવુ બોલી.

ઠીક જાઓ, સૂઈ જાઓ. જીવલા, તું યં જા.'

દેવુ પ્યાલો રકાબી લઇને ઘરમાં ગઈ. જીવો બારણું બંધ કરીને બહાર ગયો.

રૂડો પલંગમાં સૂતો વિચારવા લાગ્યો.

એક બાજું સ્વતંત્ર, સ્વમાની, સુધારક વૃત્તિવાળો ટપુ હતો. બીજી બાજુ જુનવાણી, આપખુદ, મિથ્યાભિમાની સ્વભાવના મિત્રોનો અભિપ્રાય હતો. બન્નેને રાજી રાખીને, પોતાનું કામ કઢાવવું. સાથોસાથ પોતાનું વર્ચસ્વ બન્ને ઉપર સરખું જમાવી રાખવું. એવો

માર્ગ રૂડો વિચારવા લાગ્યો. મતલબી, જીદ્દી ને જમાનાનું ખાધેલ એનું મન બોલ્યું: 'ઈ દેવુ ને પરબત સામે બોલ્યો હશે. રામો પગી ખોટું ન કહે. પણ છોકરાં કામગરા સાથીને રાખવાના મોહમાં ઘૂંટડો ગળી ગયાં હશે. એમાં નવાઈ જેવું નથી.' રૂડો વધુ વિચારવા લાગ્યો. ટપુનો શાંત સરળ અને તેજસ્વી ચહેરો એની નજર સમક્ષ ખડો થયો. 'માળો પરાણે વહાલો લાગે એવો છે. એને ઠપકો દેતાં મારી જીભેય ઝટ લઈને ઊપડતી નથી તો છોકરાંનો શું વાંક? છતાં એકવાર એને એની સ્થિતિનું ભાન તો કરાવી દેવું જોઈએ. પછી માણસ મૂઠીમાં નો રહે ને મહાતમ બારો વધી જાય ઈ ખોટું.'

'કોઈ પણ રીતે એકવાર ટપુ ઉપર ધાક બેસાડવી જોઈએ' એમ મનમાં ગણગણતો રૂડો મોડી રાતે જંપ્યો.

જોકે એના હૈયાના ઊંડાણમાં રમી રહેલું ભવિષ્યનું આંબા-વાડિયું એને કહી રહ્યું હતું કે 'ગમે તેમ થાય આવા ઉપયોગી માણસને ખોવો પોસાય નહીં.' એનો ચહેરો ને હાસ્ય દેવુને રૂપાળાં લાગતાં હશે, એની વાતો પરબતને ગમતી હશે પણ રૂડાને ટપુ ઉપર વહાલ ઊપજતું હતું તેની પાછળ વાડીને સુંદર ઉપવન બનાવવાનાં ટપુનાં સ્વપ્નાં અને એ સિદ્ધ કરવાનો પ્રમાણિક પુરુષાર્થ અને આવડત જ હતાં. આમ એક તરફ ટપુ ઉપર ધાક બેસાડવાની તક ઝડપી લેવા આતુર મને અંદરખાને ટપુને કોઈ પણ હિસાબે જતો ન કરવાની ગાંઠ પણ વાળી લીધી.

આવી રૂડાના મનની બેવડી રમત એ પોતે પણ કદાચ નહિ જાણતો હોય તો બીજા તો ક્યાંથી જ જાણી શકે. આવો રમતિયાળ સ્વભાવ એના હાડમાં પેઠેલો હતો. એટલે આવે પ્રસંગે એની ચાણાક્ય બુદ્ધિ આપમેળે ખીલી ઊઠતી અને એને માર્ગ બતાવતી.

પૂરા ચોવીસ કલાક ન થયા તેવામાં રૂડાને એવી તક મળી ગઈ.

*

૬

નવા ગામમાં નવું જીવન શરૂ કર્યાને ટપુને ત્રણ મહિના વીત્યા. એટલામાં તો આ નાનકડા ગામના અનેક જણનું ધ્યાન ટપુ તરફ દોરાયું હતું. અન્યને શી રીતે ઉપયોગી થવું એનો જ વિચાર કરતું એનું હૃદય સામાના દિલમાં ઊંડો ભાવ પેદા કરતું. શરૂઆતમાં માત્ર કુતૂહલવૃત્તિથી તટસ્થ રીતે વર્તનાર કેટલાક જુવાનો હવે ટપુ સાથે સંબંધ બાંધવા તત્પર બન્યા હતા.

સામે ચાલીને ટપુ સાથે સંબંધ વધારનારમાં રમેશનો નંબર પહેલો હતો. ગામના અનેક જુવાનો ઉપર રમેશની થોડીઘણી અસર હતી. નવરાશને વખતે એ જુવાનો કાર્યાલયે આવતા અને કલાકો સુધી રમેશ સાથે વાતો કરતા. માત્ર ગામના જુવાનો જ નહીં, સિહોર, પાલીતાણા અને ભાવનગરના નવયુવકો પણ રમેશના સહવાસ માટે તલસતા. તેઓ કોઈવાર રજાઓમાં નવાગામની સફરે નીકળી આવતા તો કોઈવાર રમેશને પોતાને ત્યાં નોતરતા. એમને રમેશ જગતની લોકક્રાંતિની વાતો કરતો. '૪૨ની લડત ઊપડી ત્યારે રમેશ એ યુવાનોનો અગ્રણી બની જેલવાસી બન્યો હતો. અને

છૂટ્યા પછી પણ એ અવારનવાર તેમને દોરવણી આપતો. ઉપરાંત પોતાના કામમાં પણ સાથે લેતો.

ટપુને પોતાના મંડળમાં ભેળવવા રમેશ અધીરો બન્યો હતો. પ્રથમ નજરે જ ટપુ એના મનમાં વસી ગયો હતો. ગામથી વાડી ઘણી દૂર હતી, છતાં એ વારંવાર ખાસ વખત કાઢીને ટપુ પાસે જતો, અને દિલ ખોલીને વાતો કરતો. રૂડા પટેલ જેવા પ્રત્યાઘાતી માણસના સાથી તરફ પોતાને આટલું બધું ખેંચાણ શાથી હશે એ પ્રશ્ન ઘણો વિચાર કર્યા છતાં અણઉકલ્યો જ રહ્યો હતો. એમ કરતાં રામનવમીનો તહેવાર નજીક આવ્યો.

રામનવમીને દિવસે કાર્યાલયનું રોજિંદુ કામ બંધ રહેતું એને બદલે ખાસ કાર્યક્રમ યોજાતો. પ્રાર્થના પછી વિનુભાઈએ રેંટિયો ચાલુ કર્યો અને રમેશે કાગળ લઈ કાર્યક્રમ લખી કાઢ્યો. કાર્યાલયનાં ભાઈબહેનો ઉપરાંત ચારપાંચ જુવાનો રામનવમીનો કાર્યક્રમ જાણવા સામે બેઠાં હતાં.

'વાંચો ' વિનુભાઈએ કહ્યું. રમેશ વાંચવા લાગ્યો. 'સવારે પાંચ વાગે પ્રભાતફેરી, આઠ વાગે ધ્વજવંદન, નવથી દશ સમૂહકાંતણ. બપોરે...'

વિનુભાઈ વચ્ચે બોલ્યા 'પ્રભાતફેરી પછી ગ્રામસફાઈ ગોઠવો અને સમૂહકાંતણ પછી રામકથા રાખો.'

'હા, એમાં મજા પડશે.' કરશન બોલી ઊઠ્યો.

'રામાયણ તો તમે જ વાંચશોને વિનુભાઈ,' રમેશે કાર્યક્રમમાં ફેરફાર કરતાં પૂછ્યું.

'મારો કંઠ એટલો બધો સારો નથી.'

'રામાયણ તો એક જણ બહુ સરસ ગાય છે.' લખમણે કહ્યું.

'કોણ?'

'આપણા રૂડા પટેલનો નવો સાથી.'

'એમ?' રમેશે આંખ ફાડીને પૂછ્યું.

'મારા સમ. એકવાર રાતે મારી વાડીએ એનો સાદ સંભળાણો: અમે પટલની વાડીએ ગયા. જઈને જોયું તો કાનો, દાનો, ભવાન બધા આજુબાજુની વાડીના જુવાનિયા બેઠેલા. ટપુડો દૂહા ને ચોપાઈયું લલકારતો 'તો. માળાની હલક બહુ મજાની છે.'

'પણ એને સમજાવતાં નો આવડે.' કરશને કહ્યું.

'અરે સમજાવે છે ય બહુ સરસ. આપણને હૈયે બેસી જાય એમ એક એક લીટી કરીને સમજાવતો જાય છે.'

'લક્ષ્મણની વાત સાચી છે.' રમેશે કહ્યું: 'એના કાકા મોટા ભગત છે ને રામાયણના ઉપાસક છે. મને એણે એકવાર વાત કરી'તી.'

'હવે મને સમજાયું.' વિનુભાઈએ પૂણી નીચે મૂકી. સુકલકડી દેહ ટટ્ટાર કરતાં તેઓ બોલ્યા: 'મને આજે સમજાયું. હું પહેલેથી માનું છું કે જેના હાડમાં ધાર્મિકતા હોય એ જ માણસ સામા ઉપર અસર પાડી શકે. નહિતર બીજા ખેડુમાં અને ટપુમાં દેખીતી રીતે શો ફેર છે?' વિનુભાઇ ઘડીક અટક્યા. તેઓ મોટા ભાગે મૂંગા મૂંગા પોતાનું કામ કર્યા કરતા પણ જ્યારે કોઈની સાથે ચર્ચામાં ઊતરતા અથવા કોઇ વસ્તુનું પ્રતિપાદન કરવા લાગતા ત્યારે એમની વાણીનો ધોધ અસ્ખલિત વહેવા લાગતો. ટપુને વિષે તેમને અનેક વિચારો આવતા. કાન્તા અને રમેશ ટપુની વાત કરતાં ત્યારે તેઓ સાંભળી રહેતા. પણ આજે તેમણે જાણ્યું કે ટપુ કોઈ સાધુપુરુષનો ભત્રીજો છે, ત્યારે તેમના દિલમાં અજવાળું થયું અને તેમની વાણી છૂટી થઇ વહેવા લાગી. પળવાર અટકીને તેઓ બોલ્યા: 'માણસના જીવ-

નમાં જો ધાર્મિકતાનો પાયો હોય તો ગમે તે કામમાં એનું તેજ પ્રગટ્યા વિના રહે નહિ.'

'પણ એ આવશે ખરો ?'

'શા માટે નહિ આવે. હું જઇને લઇ આવીશ.' રમેશે કહ્યું.

'બસ તો રામાયણ ટપુભાઈ વાંચશે.' વિનુભાઈ બોલ્યા.

'એને ઓલ્યો આવવા દેશે ?' ધીમે અવાજે પ્રેમજી ભગતે શંકા કરી.

'રામાયણ વાંચવાની કોણ ના પાડનાર છે ?' રમેશ ગરજી ઊઠ્યો, 'અને એ તમારા જેવો બીકણ નથી.'

'છે તો બહાદર.' લખમણે રમેશને ટેકો આપ્યો, 'દરેક બાબતમાં પોતાનો જ કક્કો ખરો કરે છે એમ કાનિયો મને કહેતો'તો.'

રમેશે કાર્યક્રમ વાંચી સંભળાવ્યો. પછી પોતે ટપુને સંદેશો પહોંચાડવા ચાલ્યો, 'કેમ લખમણ, ટપુભાઈ વાડીએ જ હશે કે ?'

'હોવો જોઇએ. ભળકડે ભાવનગર ગયો છે તે હવે તો આવી ગયો હશે.'

'ત્યારે હું જઈ આવું.'

'ભલે. હું યે વાળુ કરીને આવું છું. તમે એ ઘડી રોકાજો.'

'જોઇશ.' કહીને રમેશ ઉતાવળો ઊપડ્યો.'

×

ઠેક સૂર્યાસ્ત વખતે ટપુ ભાવનગરથી આવ્યો. કાનો એની વાટ જોતો વાડીને ઝાંપે ઊભો હતો. ટપુ બહારગામ જતો ત્યારે એને આખો દી' ક્યાંય સોરવતું નહીં. માબાપ અને ભાઈભાંડુ વિહોણા

એના સૂના જીવનમાં ટપુએ રસ પૂર્યો હતો. સૂર્ય આથમવાને વાર હતી તેટલામાં કાનો બે વાર ઝાંપે જઈને પાછો આવ્યો. ત્રીજી વાર જવા નીકળ્યો ત્યારે પરબતે ટોક્યો ' એલા, વારેવારે કેમ ઝાંપે જાય ?'

' ટપુભાઈની વાટ જોઉં છું, હજી કેમ નહીં આવ્યા હોય ? '

' ટપુડો તારો કાંઈ સગો થાય છે તે કામ મૂકીને વારેવારે ઘોડ્યો જાય ? '

' હા, મારા આગલા જનમનો બાપ થાય છે.' કાનો ઠાવકું મોં રાખીને બોલ્યો. એના અવાજમાં કટાક્ષનો ડંખ નહોતો પણ કારુણ્ય હતું. સાંભળીને પરબત મૂંગો થઈ ગયો.

થોડીવાર થઈ ત્યાં ટપુ આવ્યો. કાનાએ બળદની નાથ પકડીને કહ્યું: ' ટપુભાઈ, તમે ઊતરી જાઓ. હું બળદ છોડું છું. '

ટપુ ઊતરીને ઓરડીમાં ગયો. એક ઓરડીને અંદરથી લીંપી-ગુંપીને એણે રહેવા જેવી બનાવી હતી. અંધારું થઈ ગયું હતું છતાં કપડાં લઈને એ નદીએ નહાવા ચાલ્યો.

આ બાજુ કાનાએ ફાનસ સાફ કરીને પ્રગટાવ્યું. જમવા માટે આંગણામાં એક નાનો માટીનો ઓટલો કર્યો હતો. તેની ઉપર સાવરણી ફેરવીને કોથળા પાથર્યા.

થોડીવાર થઈ ત્યાં બીમો પસાયતો વાળુ લઈને આવ્યો અને સામી બાજુથી ટપુ નાહીને આવ્યો.

' રામરામ બીમાભાઈ ! '

' રામ ટપુભાઈ, આવી પહોંચ્યા ? '

' હા. '

ઓટલા ઉપર વાળુ મૂકીને બીમો કાના સામે ઘડીભર જોઈ રહ્યો. કાનાએ ખાખી ચડ્ડી, લીટીવાળું રંગીન ખમીસ પહેર્યું હતું.

વચ્ચે સેંથો પાડીને વાળ ઓળ્યા હતા. વાંકડિયાં ઓડિયાં ખભા પર લટકતાં હતાં. ટપુ કપડાં સૂકવીને આવ્યો. જમવા બેસતાં ભીમાને કહ્યું: 'આવો ભીમાભાઇ.'

'કરો હરિહર' પછી ભીમાએ જરા મૂછમાં હસીને ઉમેર્યું 'તમારે ટપુભાઇ ભાણાઅંતર નહીં કેમ?'

'શાનું ભાણાઅંતર? આ કાનો સાથે જમે છે એની વાત કરો છો?'

'એને તો તમે સિદ્ધ કરી દીધો. જુઓને વાઘરી વેશ હતો, અટાણે કેવો રાજાના કુંવર જેવો બની ગયો છે.'

'ભીમાકાકા, દાઢો મા. પછી દાંત પડી જશે તો ચાવશો શેણે?'

'હું દાઢતો નથી કાના, ખરી વાત કહું છું. હું તો ટપુભાઇને રંગ વદું છું કે તને ભૂત જેવાને સુધાર્યો.'

'ઈ બધો મારા ગુરનો પરતાપ છે.' ટપુએ કહ્યું અને હજી તો આ ઉપરનો વેશ પલટ્યો છે. અંદરથી માયલો પલટે ત્યારે સાચો સુધર્યો કે'વાય. કાનો તો હોશિયાર છે પણ હું તો નાનપણમાં સાવ બાઘા જેવો હતો.'

'ગરુ વના ગનાન નહીં ઈ કહેવત ખોટી નથી.' ભીમાએ ગંભીરતાથી કહ્યું.

ટપુએ કાનાને પીરસ્યું. બન્નેએ જમવાનું શરૂ કર્યું. ભીમો ઘડીક જ્ઞાનવાર્તા કરીને ચાલ્યો ગયો.

'બપોરે કાંઈ ખાધું'તું ટપુભાઈ?' કાનાએ પૂછ્યું.

'હું બજારનું ક્યાં ખાઉં છું.'

'મને ય બપોરે ખાવાનું ભાવ્યું નહોતું.'

'કેમ ?'

'મને તમારા વના સોરવતું નથી.'

'ગાંડો થયો કાંઈ, હું તો કાલ સવારે વહ્યો જઇશ પછી શું કરીશ ?'

'તો હું તમ ભેગો આવીશ.'

'ક્યાં ?'

'તમારે ગામ. તમારી ભેગો કામ કરીશ.'

ટપુ કાનાની સામે નીરખી રહ્યો. કેવો કહ્યાગરો, હેતાળ છોકરો છે ? હે પ્રભુ ! કોઇનાં નાનપણમાં માબાપ ન મરજો.' ટપુ જરા ઉદાસ બની ગયો. કાનો એનું કારણ સમજી ગયો હોય તેમ ઝટપટ જમી રહ્યો અને પોતાની તાંસળી લઇને કૂવે ચાલ્યો ગયો. હાથ ધોઈને પાણી કાઢ્યું. ટપુ આવ્યો એટલે એના હાથ ધોવરાવ્યા અને ટપુના હાથમાંથી વાસણ ઊટકવા લઈ લીધું, 'આજે તમે થાકયા છો તે આપો.'

'પછી તું ગામતરેથી આવીશ ત્યારે મને આપવું પડશે.'

'ભલે.'

ટપુ હાથ ધોઇને ઓરડીએ આવ્યો. થેલીમાંથી છાપું કાઢીને વાંચવા લાગ્યો. એ વખતે રમેશનો અવાજ સંભળાયો 'ટપુભાઈ છે કે ?'

'આવો રમેશભાઈ, અટાણે, અસૂર્યાં ?'

'જરા કામ હતું, શું 'ક્રોનિકલ' છે ?' ટપુના હાથમાં છાપા સામે જોઇને રમેશે પૂછ્યું.

'જુઓને કાંક અંગરેજી છાપું છે. પરબતના છોકરા સારુ દાળિયા

બાંધી આણ્યા'તા તે પછી અહીં લૂગડાં હેઠ રાખવા લઇ આવ્યો. આ ચિતર નીકળ્યું તે જોવા બેઠો.'

'જોઈએ.' રમેશે છાપું ફાનસ પાસે ધર્યું અને વાંચવા લાગ્યો.

'કોનું ચિતર છે રમુભાઇ!'

એ કાર્ટૂન કહેવાય. અત્યારના વાઇસરૉયનું કાર્ટૂન છે.'

'પણ એને બૈરાંનાં લૂગડાં કેમ પહેરાવ્યાં હશે?'

'આપણી મહાસભાને કચડી નાખવા સારુ ઇ રાજાઓ ને બીજા વિરોધીઓ આગળ નાચ કરીને સૌને રીઝવે છે.'

'માળે ભારે ખૂબી કરી છે. બીજા સમાચાર વાંચી સંભળાવો જોઇ.'

'પહેલાં હું જે કામે આવ્યો છું એ પતાવી લઇએ.'

'બોલો શો હકમ છે?'

'તમારે કાલે કાર્યાલયે આવવાનું છે.'

'અમસ્થો ય હું કાલ આવવાનો જ હતો.'

'અમે, રામનવમી અંગે થોડો કાર્યક્રમ ગોઠવ્યો છે.'

'બહુ સારું કર્યું.'

'એ રામરામ રમુભાઈ.'

'કોણ કાનાભાઈ, આવો.'

કાનો સામે બેઠો. 'અટાણે શું પધરામણી થઇ છે?'

'ટપુભાઇને રામાયણ વાંચવા લઇ જવા છે.'

'તમે સાંભળી છે કાંઈ દી'?'

'ના ના.'

'તયેં ખલાસ.'

'કેમ ટપુભાઇ આવશો ને?'

'આવીશ, તો ખરો જ. પણ રામાયણ નહીં વાંચું.'

'કેમ?'

'તમ જેવા અને વિનુભાઈ જેવા વિદ્વાન આગળ હું ભૂંડો લાગું ને?'

'તમારે વાંચવી પડશે.'

'મને વાંચવી નહીં ફાવે. તમે બહુ કહેતા હશો તો બે ચાર ચોપાઈ બોલીશ.'

'તમને જેમ ફાવે તેમ.'

'ભલે.'

'ચાલો આભાર. હવે ભાવનગરના શા નવીન છે ઈ વાત કરો.'

'બાઈયું ઉપર લાઠીમાર ચલાવ્યો ઈ વાત તો તમે સાંભળી હશે.'

'ઈ વાત તો જૂની થઈ ગઈ.' કહીને ટપુએ ખિસ્સામાંથી પત્રિકા કાઢી. 'જુઓ વાંચો.'

'તમે જ વાંચી દેખાડો ને!' રમેશે પત્રિકાનાં મથાળાં વાંચી સંભળાવ્યાં.

'રમુભાઇ, માઠું નો લગાડો તો એક વાત પૂછું?'

'ખુશીથી પૂછો. તમારું મને માઠું ન જ લાગે.'

'આ ચોપાનિયાં કોણ વાંચતું હશે?'

'કોણ કેમ? જુલમ કરનારા ને જુલમ સાંખનારા તમામ.'

'જુલમ કરનારાને આની કાંઈ અસર થાય એમ તમે માનો છો?'

'એમને ન થાય તો કંઈ નહિ, લોકોને તો થાય જ ને?'

'માફ કરજો રમુભાઇ, જેમણે નજરે જોયું ને લોકો નો ઊકળ્યું ઈ તમારા આવા પતાકડાં વાંચીને જુદ્ધે ચડવાના હતા !'

'વર્તમાનપત્ર એ એક મોટી શક્તિ છે અને તેની અસર લોકમાનસ ઉપર જબરજસ્ત થાય છે.' રમેશે વાદાવવાદ શરૂ કર્યો.

પળવાર ટપુ રમેશની સામે તાકી રહ્યો પછી દર્દભર્યા ધીમા અવાજે બોલ્યો 'જો રમુભાઈ, હું તમને ભણેલગણેલને દલીલમાં નો પૂગું. પણ મેં નથુ શેઠની દુકાને વાત સાંભળીને મારાં રૂવાં બેઠાં થઇ ગયાં. બેચાર જુવાનિયા દુકાને બેઠા અમલદારોને ગાળો દેતા'તા. ઈ સાંભળીને મને વધારે રીસ ચડી. અમારો કણબી ભાઇનો તો જાડો હશાબ. કોઇને મનમાં ગાળો દેવી એના કરતાં બે લાકડી મારી લેવી સારી.'

'તમારી એ વાત આમ સાચી છે.' રમેશ જમીન તરફ જોઇને બોલ્યો 'પણ એમ જુલમગારને મારવાથી જુલમો અટકતા નથી. એકની જગ્યાએ બીજો વધારે ખરાબ આવે. ઘરમાં સર્પ નીકળ્યો હોય એને એકને મારીએ તો બીજો આવે.'

ટપુ હસ્યો. રમેશ એની સામે જોતાં અટક્યો. 'કેમ હસો છો ?'

'મને મારા નાનપણની એક વાત યાદ આવી.'

'હરકત ન હોય તો કહી સંભળાવો.'

'હા ટપુભાઇ, વાર્તા ચલાવો' કાનાને રસ પડ્યો.

'એ વખતે મારી ઉંમર ચૌદ પંદર વરસની હતી. મારા કાકાની જગ્યામાં થોડા દી' રહેવા ગયેલો. એમાં એકવાર મંદિરના ઓરડામાં સરપ નીકળ્યો. અસ્સલ કાળોતરો નાગ. દોઢેક વાંભ લાંબો હશે.'

રમેશ અને કાનો આંખ ફાડીને સાંભળી રહ્યા. ટપુએ આગળ ચલાવ્યું. 'હવે બન્યું એવું કે મારા કાકા કાંઇક કામસર ગામમાં ગયેલા. અહીં ચેલકાં બધા મૂંઝાણા. મેં તો એક ડંગોરો લાવ્યો ને બે ચાર જણને હાકલો કર્યો 'હાલો હમણાં પૂરો કરી નાંખીએ.' મોટો ચેલો કહે 'અરરર ઇ શું બોલ્યા. ગરુ મા'રાજ અમને મારી જ નાંખે ને. આવડો મોટો દેવ જેવો નાગ એને શેં મરાય?'

'સાચી વાત કરી.' કાનો વચ્ચે બોલી ઊઠયો.

'શું વાત કરી' ટપુ સહેજ ચિડાઇને બોલ્યો 'મારા બાપાએ એવા કેટલાય સરપને વાડીમાં પૂરા કરી દીધેલા ઈ મેં મારી નજરે જોયેલું. એટલે મેં તો હિંમત કરીને એની ઉપર ઘા કર્યો. ઘા પડતાં તો ફેણ ચડાવીને અર્ધો હાથ ઊંચો થયો અને ફુંફાડો માર્યો. સૌ ભાગીને ખૂણે લપાણા. મોટા ચેલાએ મારો હાથ પકડયો.' ભાઈ, જાળવજો. નાગ ખીજાણો છે.'

હાથ છોડાવી નાંખીને મેં લાકડીનો બીજો ઘા કર્યો. નાગ ગોથું ખાઇ ગયો. કાનાની આંખ ચમકી. રમેશ મુગ્ધપણે વિચારી રહ્યો હતો એટલામાં ટપુએ શાંત પડતાં વાકય પૂરું કર્યું. 'પણ આજે આ ઓરડીમાં નીકળે તો નો મારું.'

'કેમ?'

'હવે મને સરપની બીક નથી. તે દી' બીક લાગતી'તી. બીકના માર્યા સામા નો થાયેં તો તો પછી માણસાઈ કયાં રહી?'

'એટલે તમારું શું કહેવું છે? અમે બીકના માર્યા જુલમગારોને નથી મારતા એમ?' રમેશે ફુંફાડો માર્યો.

'ઈ તો તમને તમારું મન જે જવાબ દે ઈ સાચું.' ટપુએ

ગંભીરતાથી કહ્યું 'તમે તમારા મનથી નક્કી કર્યું હોય કે આ સત ધરમની લડાઇ છે. એમાં સામો માણસ ગમે તેટલો માર મારે, આપણું ગમે એટલું લોહી રેડાય, પણ સામો હાથ નથી ઉપાડવો તો ઇ સીધો મારગ છે. એમાં આખરે સતનો જ જય થાવાનો. પણ તમે છાનગપતિયાં કરીને આવાં ચોપાનિયાં કાઢો, અમલદારોને મનમાં આવે એમ ગાળો દ્યો તો ઇ કરતાં ઉઘાડે છોગ હથિયાર લઇને બહાદુરની જેમ સામી છાતીએ લડો ઇ વધારે સારું. અમારો તો ભાઇ, આવો ભરવાડિયો ન્યા છે. તમ જેટલી લાંબી નજર તો અમારી ક્યાં પુગે ?

'ના. ના. ટપુભાઇ, એમ ન બોલો' રમેશ ઊંડા વિચારમાંથી જાગીને બોલી ઊઠ્યો 'તમે ભણેલાં નથી પણ ગણેલા છો. તમારે માથે કોઇ સાચા ગુરુનો હાથ છે. તમારી વાત મને ગમે છે. આવતી કાલે તમે કાર્યાલયે આવશો ત્યારે આપણે વધારે વાતો કરશું. વિનુભાઇ પણ હશે.'

'મારે કાંઇ વિનુભાઇ હારે ચર્ચામાં નથી ઊતરવું. એમનો મારગ તો સીધો છે. ઇ બચારા જીવ કહે છે કે હું તો અહીં બેઠો કામ કર્યા કરું છું. અને દુશ્મન એમાં વિઘન નાખવા આવશે તો ભગવાન સુઝાડશે એ રીતે એની સામે લડી લઇશ. મારો પ્રાણ છોડીશ પણ કોઇની બીકે સત નહીં છોડું.'

'ટપુભાઇ, તમારી વાત સાચી છે.' રમેશે ઊભાં થતાં કહ્યું. ટપુને નમસ્કાર કરીએ બહાર નીકળ્યો. ટપુ ફાનસ લઇને રમેશને ઝાંપા સુધી વળાવી આવ્યો.

કાનો આજની વાતો સાંભળીને ગંભીર બની ગયો હતો.

રમેશ જરા દૂર ગયો એટલે કાનાએ પૂછ્યું, 'હેં ટપુભાઇ, તમે વાત તો કરી પણ આ ક્યાંક એકાદાને ટોલાડી દે નહીં?'

'એની જગ્યાએ તું હો તો કદાચ એમ બને ખરું. પણ ભણેલા લોકો આગળપાછળનો વિચાર કરે. એનાંથી આવાં કામ એકદમ નો થાય. એ લોકો બહુ બહુ તો છાપામાં છપાવે.'

'ઇ વાત તમારી સાચી.' કહીને કાનો ખાટલા લેવા ગયો. પથારીઓ કરીને બન્ને જણા સૂતા.

થાક્યાપાક્યા પથારીમાં પડ્યા ભેગા જામી ગયા.

*

૭

રમેશ પાછો ફર્યો ત્યારે નદી કિનારાનો માર્ગ સૂનો થઈ ગયો હતો. અજવાળી આઠમનો ચંદ્ર આથમણી દિશાએ નમ્યો હતો. એનું પ્રતિબિંબ નદીના શાંત જળને રૂપેરી તેજે ચમકાવતું હતું. મંદમંદ સમીર વાઈ રહ્યો હતો. રસ્તાની બાજુની વાડીઓમાં એકલદોકલ ખેડૂતો દિવસનો થાક ઉતારતા નિદ્રાધીન બન્યા હતા. પશુઓ પડેલી નીરણ ખાઈને બેઠાં બેઠાં ઊંઘતાં હતાં. ઘટાદાર વૃક્ષોના પોલાણમાં પક્ષીઓ ભરઊંઘમાં પડ્યાં હતાં. વચ્ચે વચ્ચે ઘુવડ કે ચીબરીનો અવાજ રાત્રિની બીષણતામાં વધારો કરી રહ્યો હતો. એવે સમયે રમેશ વિચારમગ્ન દશામાં ઉતાવળાં પગલાં ભરતો ગામ તરફ જઈ રહ્યો હતો.

અંતરનાં ઊંડાણમાંથી એ હચમચી ગયો હતો. 'બીકના માર્યા સામા ન થઈએ તો માણસાઈ ક્યાં રહી?' ટપુનું એ સાદું ને સરળ વાક્ય રમેશના સંવેદનશીલ હૃદયમાં તીક્ષ્ણ શસ્ત્ર માફક ખૂંચતું હતું. 'બીકથી મનમાં ગાળો દેવા કરતાં મોંએ ચડીને ચાર ગાળો

કઈ લેવી સારી.' એ વાક્ય પણ રમેશના મનમાં ચોંટયું હતું. જે દિવસે આ અનાચારના સમાચાર રમેશને મળ્યા તે જ દિવસે એ એના મિત્રોને મળ્યો હતો અને યુદ્ધ સમિતિના સભ્યો પાસે એણે અત્યંત ઉકળાટ ઠાલવેલો, અત્યાચારીઓને ઠાર મારવા સુધીની વાતો કરેલી એ એને યાદ આવ્યું. તે દિવસે વ્યક્તિઓ કરતાં તંત્રનો વધારે દોષ છે એમ વિચારી તંત્રને ઊથલાવવાનો કાર્યક્રમ ઘડેલો અને એ રીતે મન વાળી લીધેલું એ એને યાદ આવ્યું. તે જ પ્રમાણે દેશના હરકોઈ ભાગમાં અત્યાચારી અમલદારોનાં ખૂનોની વાતો આવતી ત્યારે એનો જુસ્સો ઊછળી આવતો, દાખલા તરીકે સતારા ધાડ કેસના યુવાનોના નાસી છૂટયાના સમાચારથી એ રાજી થયેલો એ વસ્તુ યાદ આવતાં એનું અંતર ધીમે અવાજે બોલી ઊઠયું: 'આ બધું શું બતાવે છે?'

થોડીવાર શૂન્યમનસ્ક બની એ ચાલ્યા કર્યો.

'સર્પની વાત તો કેમ જાણે મારી ઉપર જ કહી ન હોય?' રમેશનું મન ફરી બોલ્યું. 'તે દિવસે કાર્યાલયમાં સર્પ નીકળ્યો ત્યારે સૌ કેવા બહાવરા બની ગયેલા! એક વિનુભાઈ સિવાય સૌ લાકડીઓ લઈ દોડયા આવેલા. હું પણ ડંગોરો લઈને પહોંચ્યો હતો. પણ સાપે ફૂંફાડો માર્યો ત્યારે હાથ ધ્રૂજી ઊઠયો હતો. અને પછી પોતે જ બોલી ઊઠેલો કે 'કોઈ મારશો મા બિચારાને જવા દો' એ યાદ આવ્યું. રમેશ પોતાની જાતને તપાસતાં થથરી ઊઠયો. જેના નામથી યુવાનો જાગી ઊઠે છે, જેનું નામ અનેકને યુદ્ધમાર્ગે પ્રેરે છે એમ પોતે માનતો એવો યુવક નેતા શું આટલો નિર્બળ હોઇ શકે? 'કદી નહિ.' રમેશનું મન બંડ કરવા લાગ્યું. 'ગમે તેવો તોય ટપુ હજી પ્રાથમિક દશામાં છે. ભરવાડ અને બીજાની માફક એને ગાળ સામે ગાળ અને દાંત સામે દાંતનો પ્રાકૃત માર્ગ પસંદ હોય એમાં શી નવાઇ? મનમાં કોઇની ઉપર રોષ ચડે એટલે શું તરત એને ગાળ દેવા માંડવી? એને તમાચો મારવો? તો તો પછી મનઃસંયમ,

વિવેક, વગેરે સંસ્કારી માનવીનાં લક્ષણો ક્યાંથી કેળવાય? ટપુનું કથન ઉત્તેજક છે. મારે એને પ્રેમધર્મ સમજાવવો જોઈતો હતો. 'વસુધૈવ કુટુમ્બકમ્' એ ભાવનાનો ખ્યાલ આ બિચારા ગામડિયામાં ક્યાંથી હોય? અને હું પોતે જો આમ એની વાતોથી ઉશ્કેરાઈ જઈ મારફાડને રસ્તે ચડી જાઉં તો મારા બોલને વજન આપનારા યુવાનો પણ એ માર્ગે ચડી જાય અને પરિણામે સત્યાગ્રહની લડત દૂષિત થાય.'

રમેશનું મન ઘડીભર શાંત રહ્યું. થોડીવારે બોલવા લાગ્યું: 'અને જે દિવસે વિનુભાઈને જાણ થાય કે અમુક કામ એના રમેશે કર્યું હતું તે દિવસે એ આમરણ ઉપવાસ આદરે.'

રમેશના પગ અટક્યા વિના ગામ તરફ જતા હતા પણ એનું મન ઘડીક ઊભું રહેતું હતું અને ઘડીક ચાલતું હતું. જરા અટકીને એના મનમાં નવા જ પ્રશ્નો ઊઠયા: 'તો પછી રાષ્ટ્રના સ્વત્વને હણનાર અત્યાચારો ગુજરે ત્યારે રાષ્ટ્રનું સ્વમાન સાચવવાની જેમની જવાબદારી છે એવા યુવાનોએ શું કરવું? ટપુની એટલી વાત તદ્દન ખરી છે કે માત્ર આવી પત્રિકા એને માટે પૂરતી નથી. એને માટે કાં તો આમ–પ્રજામાં સામુદાયિક કાર્યક્રમો યોજી શકાય એવી પ્રચંડ જાગૃતિ લાવવી જોઇએ અગર તો જુલ્મગારોને જેર કરવા જોઈએ. જ્યાં જ્યાં આવી રાષ્ટ્રવ્યાપી લડતો સ્થાપિત સરકારના આકરા દમનથી દબાઇ જાય છે, ત્યાં ત્યાં રાષ્ટ્રનો ગૂંગળાતો પ્રાણ ટકાવી રાખવા માટે મૂઠીભર ચુનંદા યુવકો પોતાનાં માથાં હાથમાં રાખીને મેદાને પડે છે. પોતે જંપતા નથી અને દમન કરનારને જંપવા દેતા નથી. પોતે મૃત્યુના મુખમાં રહીને જુલમગારોને મૃત્યુના ભયથી સદાય થથરતા રાખે છે. બસ એ જ એક આખરી ઉપાય છે. બાકી આવે સમયે હાથ જોડીને બેસી રહેવું, એ તો નરી કાયરતા છે.' રમેશનું મગજ

ઊકળી ઊઠ્યું. એ ઉકળાટ વધતો જ ગયો. વચ્ચે વચ્ચે શાંત પડતું મન શાંતિ ગુમાવી બેઠું. એમ કરતાં કાર્યાલય આવી પહોંચ્યું. દરેવાજો બંધ હતો. રમેશની આંખો નહીં પણ પગ એને અહીં લઈ આવ્યા હતા. એનું મન કોઈ પણ સ્પષ્ટ નિર્ણય ઉપર આવ્યું ન હતું, પરંતુ ઉશ્કેરાટથી પૂરેપૂરું સંતપ્ત બની ગયું. પોતાની નિર્બળતાનું દર્શન થવાથી એ સંતાપ અત્યંત વધી ગયો હતો. અને એ નિર્બળતાને ખંખેરી કાઢવા ગમે તે પગલું ભરવા એ અધીરો બન્યો હતો. એ પગલું સત્યપૂત હોય કે ન હોય, ન્યાયપુરઃસર હોય કે ન હોય, વ્યવહારુ હોય કે ન હોય; એનું પગલું દેખીતી રીતે બહાદુરીભર્યું હોવું જોઈએ. એ પગલાથી ટપુનાં વાક્યોએ મનમાં ઊઠાવેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર મળી જવો જોઈએ.

એવી ઉદ્વિગ્ન મનોદશામાં એના પગ કાર્યાલયને દરવાજે આવીને અટક્યા અને એના હાથે બારણું ખખડાવ્યું. વિનુભાઈ તો પોતાના નિયમ મુજબ બરાબર નવને ટકોરે સૂઈ ગયા હતા. કાન્તા પથારીમાં પડી રમેશની રાહ જોતી હતી. એણે અવાજ સાંભળ્યો. હાથમાં ફાનસ લઈને એ બારણું ઉઘાડવા ગઈ. રમેશ અંદર આવ્યો. બારણું બંધ કરીને એ મૂંગો કાન્તાની પાછળ ચાલ્યો.

'કેમ મોડું થયું ?' કાન્તાએ ધીમેથી પૂછ્યું.

'ખાસ વધારે મોડું નથી થયું.'

'આવશે ને ટપુભાઈ.'

'હા. આવશે.'

અવાજમાં બિનજરૂરી સખ્તાઈ અને અત્યંત ટૂંકા જવાબો સાંભળીને કાન્તાએ રમેશની સામે જોયું. ફાનસના અજવાળામાં રમેશના ચહેરાની ઉગ્રતા સ્પષ્ટ જોઈ શકાતી હતી. કોઈની સામે

આકરી ચર્ચા થઈ હોય અગર કંઈ બન્યું હોય પણ રમેશ રોષમાં છે એવું અનુમાન કાન્તાએ તરત જ કરી લીધું. રમેશનો આવો સ્વભાવ કાન્તા જાણતી હતી, એટલે એ બાબતમાં અત્યારે મોડી રાત્રે કશું વધારે પૂછીને એને દૂભવવા કરતાં સવારે નિરાંતે પૂછવાનું ઠરાવી એ બોલી: 'તમારી પથારી કરી રાખી છે.'

'ભલે.' કહી રમેશ સીધો પથારી પાસે ગયો. કાન્તા એની સામે જોઈ રહી. રમેશ પથારીમાં બેઠો. પ્રાર્થના કરતો હોય તેમ નીચી નજરે એ વિચારવા લાગ્યો. કાન્તા સાથે વધારે વાત ન કરવાનો એનો નિશ્ચય હતો એટલે દરેક પ્રશ્નના અતિ ટૂંકા જવાબો આપી એ શાંત રહ્યો હતો. એના સ્વભાવથી આ વસ્તુ તદ્દન ઊલટી હતી એટલે એને ભારે મથામણ અનુભવવી પડી. સાવ સાદી વાતમાં પણ માણસ પોતાના સ્વભાવથી પ્રતિકૂલ વર્તવા જાય છે ત્યારે એ વણજોઈતી અપાર વેદનાનો ભોગ થઈ પડે છે. રમેશે આ વસ્તુ ઘણીવાર અનેક યુવાનોને સમજાવી હતી. પરંતુ અત્યારે પોતે જ એમાં સપડાયો છે એનો એને ખ્યાલ ન હતો.

'આવતી કાલના કાર્યક્રમનું શું થશે' એના મનમાં નિર્ણય થાય તે પહેલાં પ્રશ્ન ઊઠયો. 'એવા સાદા કાર્યક્રમ માટે મારે રોકાવાની જરૂર નથી. વિનુભાઈ એ પતાવી લેશે' તરત જવાબ મળ્યો 'વિનુભાઈને વાત કર્યા વિના જવું યોગ્ય છે?' બીજો પ્રશ્ન ઊઠયો. એનો જવાબ પણ તરત આવ્યો. 'એ પાછા ચર્ચામાં ઊતરશે અને મારા પ્રત્યુત્તરથી મૂંઝાશે. એ કરતાં એમ ને એમ ચાલ્યા જવું વધારે સારું.'

વિનુભાઈ સાથે ચર્ચામાં પોતે ટકી શકશે કે કેમ એની શંકા જ એને મૂંઝવી રહી હતી. પોતાનો નિર્ણય યોગ્ય હોવા વિષે પણ

એને પોતાને પાકી ખાતરી ન હતી એટલે એણે કોઈને કશું ન કહેતાં, કોઈની રજા કે વિદાયની રાહ ન જોતાં, પોતે જ ઘડેલા કાર્યક્રમમાં હાજરી આપવાની આવશ્યકતા ન સ્વીકારતાં નીકળી જવાનો નિર્ણય કર્યો.

એ નિર્ણય થતા સુધીમાં કાન્તા ઘસઘસાટ ઊંઘવા લાગી. આખું કાર્યાલય શાંત નિદ્રામાં સૂતું હતું. રમેશ પથારીમાંથી ઊભો થયો. પોતાની થેલીમાં કપડાં મૂક્યાં. એક બે પુસ્તક લીધાં. ઓઢવાની શાલ ખભે મૂકી. એ ધીમે પગલે પગથિયાં સુધી આવ્યો. પણ વળી એને વિચાર થયો, 'આમ ચોરીછૂપાથી શા માટે જવું? વિનુભાઈને ઊંઘમાંથી ઉઠાડવા ન હોય તો કાન્તાબેનને કહેતો જાઉં. એ હજી હમણાં જ સૂતાં છે તે જાગતાં હશે.' રમેશ પાછો ઓસરી પર ચડ્યો. કાન્તા પાસે જઈને ફાનસ સતેજ કર્યું ને આસ્તેથી એને ખભે હાથ મૂક્યો.

કાન્તા એકદમ બેઠી થઈ ગઈ. રમેશ સામે જોઈ રહી.

'જુઓ કાન્તાબેન, ટપુભાઈ સાથે સંદેશો આવ્યો છે, મને પહેલી ટ્રેને અમદાવાદ બોલાવ્યો છે. એટલે જાઉં છું.'

'પણ અહીં કાલે કાર્યક્રમ ગોઠવ્યો છે ને!'

'એ તો તમે પતાવી લેજો.'

'કોણ રમુભાઈ, આવી ગયા?' વિનુભાઈએ જાગી જતાં પ્રશ્ન કર્યો.

'હા વિનુભાઈ, હું જરા મોડો આવ્યો. અને અત્યારે ભાવનગર થઈને અમદાવાદ જાઉં છું. મને તાકીદે તેડાવ્યો છે. કાલનો પ્રોગ્રામ તો તમે પતાવી લેશો ને?'

'એની ફિકર ન કરીશ. ત્યાં કાંઈક વધારે અગત્ય હશે નહિતર ન બોલાવે.'

રમેશ વિનુભાઈ સામે જોઈ રહ્યો, આમ તો એ ઘણીવાર જતો આવતો પણ આજની એની મનોદશા કાંઈક જુદી જ હતી. એ વિનુભાઇની પથારી પાસે ગયો. નીચા વળીને નમસ્કાર કર્યા.

વિનુભાઇએ ઊભા થઇને રમેશને બાથમાં લીધો.

'જાઓ ફત્તેહ કરો ને જલ્દી પાછા આવતા રહેજો.'

'તે શું તમે જેલમાં જવાના છો?' કાન્તાએ પૂછ્યું.

'ના ના. આમ તો બને તેટલો વહેલો આવી જવા ધારું છું પણ શા કામે એકદમ તેડાવ્યો હશે તેનું અનુમાન થઈ શકતું નથી.'

'આવા યુદ્ધ સમયમાં છૂટા પડતા મિત્રો પાછા મળ્યા ત્યારે મળ્યા એમ જ માનવું.' વિનુભાઇએ કહ્યું અને રમેશને ખભે હાથ મૂકી દરવાજા સુધી વળાવવા ચાલ્યા. રમેશ વિનુભાઇની નિર્માનતા અને અનાસક્તિ જોઈ મુગ્ધ બન્યો. હૃદયમાં સંપૂર્ણ માન હોવા છતાં પોતે વાતવાતમાં વિનુભાઇને ઉધડા લઈ નાખતો એ બદલ દુઃખી થયો. પણ એ કેવળ પોતાની માન્યતાનું અભિમાન હતું એનું એને ભાન થયું.

અતિશય ઉચ્ચ ભૂમિકાની માન્યતાઓ કરતાં થોડું પણ સિદ્ધાંતપાલન કેવું ચડી જાય છે એનો અનુભવ રમેશને આવે સમયે થતો. રમેશની માન્યતા પ્રમાણે ટપુ અભણ ગામડિયો હતો અને એનું મન્તવ્ય તદ્દન પ્રાથમિક દશાનું હતું અને વિનુભાઈ નિર્બળ અહિંસાવાદી અને કર્મકાંડી હતા. છતાં એ બન્નેથી પોતે આચરણમાં અધૂરો માલમ પડતાં એની સરસાઈ કરવાના નિશ્ચય સાથે એ બહાર પડ્યો.

ફરીથી નમસ્કાર કરીને રમેશે પીઠ ફેરવી. દરવાજામાં ફાનસ

ધરી રાખીને વિનુભાઈ ઊભા રહ્યા. રમેશ દેખાતો બંધ થયો એટલે બારણું બંધ કર્યું.

'છેલ્લા ત્રણ દિવસથી એનો જીવ જંપતો ન હતો.' વિનુભાઈ પાછા ફરતાં બોલ્યાઃ 'હવે એને શાંતિ થશે.'

'અડવાડિયામાં રમુભાઈ પાછો નહીં આવે તો હું પણ લડતમાં જવાની છું.'

'ખુશીથી જજો.'

વિનુભાઈ તો પાછા તરત ઊંઘી ગયા.

કાન્તાને મોડે સુધી ઊંઘ ન આવી. એને રહી રહીને વિચાર આવતો હતો કે 'હું રમુભાઈની સાથે જ ગઈ હોત તો કેવું સારું.' આ વખતે એ ક્યારે પાછો ફરશે એ વિષે એને પૂરી શંકા હતી. 'રમુભાઈ એવો ઉતાવળો છે કે આગળપાછળનો વિચાર કર્યા વિના જોસમાં આવીને કાંઈક કરી નાંખશે.'

ટપુએ કાના પાસે ઉચ્ચારેલા સુશિક્ષિત યુવાનો માટેના અભિપ્રાયથી કાન્તાનો અભિપ્રાય તદ્દન ઊલટો હતો છતાં રમેશ માટે એ સાચો હતો. એ આપણે આગળ ઉપર જોઈશું.

૮

એક ઊંઘ પૂરી થયા પછી ટપુ જાગી ઊઠયો. આકાશ સામે જોયું. સપ્તર્ષિનું મંડળ ધ્રુવતારા ઉપર નમી રહ્યું હતું, 'મધરાત ભાંગી ગઇ લાગે છે. કાનો ભર ઊંઘમાં પડયો છે, લાવ હું જ નીરણ કરી આવું. ' એમ વિચારી સાંજે કાપી મૂકેલી જારની કડબ બથ ભરીને એણે લીધી. ઓરડીમાં જઈને નીરવા જાય ત્યાં એની આંખો ફાટી રહી. ચારમાંથી એકેય બળદ ન મળે ! ટપુ તરત બહાર નીકળ્યો. કાનાને બૂમ મારી. જવાબ ન મળ્યો એટલે એની ખાટલી પાસે જઈને પછેડી ખેંચી. ખાટલી ખાલી હતી. એના મનમાં એકસામટા અનેક વિચાર ધસી આવ્યા. બળદ છૂટી ગયા હશે ? કાનો એની પાછળ શોધવા ગયો હશે ? તો મને કેમ ન જગાડે ? એણે ફાનસ કર્યું. સગડ જોવા બળદની પાછળ કોઈ જુવાનનાં ઉઘાડાં પગલાં જતાં હતાં. પહાડી પ્રદેશમાં પણ પગેરું જોવામાં ટપુ હોશિયાર ગણાતો. સ્કાઉટિંગના દિવસોમાં એ નિશાનીઓ કરતાં પગલાં ઉપરથી રસ્તા પારખતો. એ પગેરુની પાછળ પાછળ ચાલ્યો. એને દુઃખ તો એ વાતનું થતું હતું કે બળદ છોડીને કોઈ ચાલ્યું ગયું ત્યાં સુધી પોતાની ઊંઘ કેમ ન ઊડી ! ઝાડનું પાંદડું હલે ત્યાં કૂતરાની માફક બેઠો થઈને કાન માંડનારો

પોતે આજે આટલો બધો બેફામ રહ્યો એનું એને ભારે દુઃખ લાગ્યું. ફાનસ ઓલવી નાંખ્યું. અને હાથમાં લાકડી લઈને એ ધીમે ધીમે નીચે નજર રાખીને વાડીમાંથી બહાર નીકળ્યો, રસ્તા ઉપર બન્ને બાજુ જોયું તો ગામથી ઊલટી દિશામાં બળદના સગડ જતા જણાયા. એ ખેતરવા ચાલ્યો ત્યાં એકદમ સગડ બંધ થઈ ગયા. એણે બાજુ ઉપર જોયું તો બળદની ખરીઓથી રસ્તાની કિનાર તાજી જ ઘસી પડેલી દેખાઈ. ટપુ કાંઠા ઉપર ચડયો. વાડીમાં જતી વાડ થોડી તૂટેલી હતી. એમાં ઝૂકીને નજર કરી તો બળદના ચોખ્ખા સગડ દેખાયા. ટપુ કૂદીને અંદર પડયો અને આગળ વધ્યો. આઠ દસ ડગલાં ચાલ્યો ત્યાં દૂર એને ચકમકનો તિખારો ખરતો દેખાયો. એ દિશામાં ઝડપથી જઈ પહોંચ્યો. તારોડિયાના પ્રકાશમાં એણે બેઠેલા માણસની આકૃતિ જોઈ અને થોડો નજીક ગયો ત્યાં એ માણસ ઊભો થઈને ટપુની સામે આવતો જણાયો. નીરખીને જોયું તો એ કાનો પોતે જ હતો !

'આપણા બળદ ક્યાં કાના ?' ટપુએ અવાજ કર્યો. નાકે આંગળી મૂકીને કાનો તદ્દન પાસે આવ્યો અને ટપુને હાથની નિશાનીએ બળદ બતાવ્યા.

લીલા કુંજાર રજકામાં સફેદ બતક જેવા ચારે બળદ પોઢ્યા હતા. ઠંડે કલેજે કાનો ઊભો. હોકલી પીતો હતો. નિરાંતે બળદ ચરતા હતા. રાતની ગંભીર શાંતિમાં જળ સ્થળ સૌ નિદ્રા લઈ રહ્યાં હતાં. આખા દિવસની તપેલી ધરતી શીતલ પવનથી ઠંડી થઈ હતી. એથી પણ વિશેષ ઠંડક કાનાના દિલમાં અત્યારે હતી. પણ બળદ સામે નજર જતાં જ ટપુનાં અંગેઅંગ સળગી ઊઠયાં. અંતરાત્મા કકળી ઊઠતો હોય એવે અવાજે એણે રાડ નાંખી, 'બળદ વાળી લે કાનિયા. વૃક્ષોની ઘટામાં અવાજનો પડઘો ઊઠયો અને કાનો બીક-

ભર્યા ચહેરે ટપુના કાન પાસે મોં લઈ જઈને બોલ્યો. 'તું ધીમે બોલ ટપુભાઈ, હમણાં વાળી લઉં છું.' કાનાએ દોડતા જઈને બળદ બહાર કાઢ્યા. ટપુ ઠપકાભર્યા અવાજે ફરી બોલ્યો 'આપણી વાડીમાં રજકો નથી? આવા ધંધા ક્યાંથી શીખ્યો?'

કાનો ચારેકોર જોતો કશો જવાબ દીધા વગર ઉતાવળે બળદ હાંકીને રસ્તા ભણી ચાલ્યો. એને બીક હતી કે ક્યાંક ટપુનો અવાજ સાંભળીને કોઈ જાગી ઊઠશે તો હાડકાં ભાગી નાંખશે. બાકી ટપુનો જવાબ એનું મન મનમાં આપ્યા કરતું હતું. 'તું ભોળિયો બાદશા છો. તને શી ખબર પડે કે શિયાળામાં લોકના ઊભા મોલમાં મધરાતે રૂંડા પોતે માથે ઊભો રહીને ઢોર મૂકાવે છે. અને હા ના કરીએ તો વાંસા ફૂલા થાય છે.'

ટપુ મનમાં સમસમી રહ્યો હતો. એ સમજી નહોતો શકતો કે કાનો શા માટે બળદને અહીં લઈ આવ્યો. નાનપણમાં એ સાંભળતો ખરો કે ખેડૂતો એકબીજાના મોલ ચરાવી દે છે. પણ એ તો અદાવતને કારણે. પરંતુ પોતાની વાડીમાં રજકો, ગાજર વગેરે ઊભાં હોય છતાં પાડોશીની વાડીમાં ચોરીછૂપીથી બળદ ચારવાનું કશું કારણ એને જડતું ન હતું. અને કાનો શા માટે રાત વેઠીને, કોઇના મારની બીક વેઠીને આ કામો કરતો હશે? સ્વરાજ પછીના ગામડાંના પહેલા પ્રશ્નો જેવા કોયડા ટપુને ડગલે ને પગલે સામે આવીને ઊભા રહેતા હતા. એમાંનો આ એક હતો. વાડી આવી ત્યાં સુધી બેમાંથી કોઈ કશું બોલ્યા નહીં. છએ પ્રાણી મૂંગા મૂંગા વાડીમાં પેઠા. કાનાને પસ્તાવો થતો હતો કે 'આ કરતાં એક કયારો વાઢી આવ્યો હોત તો પંચાત નહોતી. પણ મને એમ કે એટલું વાઢીને લાવું છું તોય ધરાતા નથી તે આજ ભલે થોડા મોકળા થાય. બીજું કાંઈ નહીં આ બચારા ટપુનું દિલ દુભાણું,

એને બચારાને આજ આખી રાત ઊંઘ નહીં આવે. હશે જે થયું તે ખરું. કોઈ જાગ્યું નહીં એટલી ભગવાનની મહેરબાની.'

ટપુ એક અક્ષર બોલ્યા વિના સૂઈ ગયો. કાનાએ બળદ બાંધ્યા અને સૂતા પહેલાં એક બે વાર ટપુ સામે જોયું. એને થયું કે 'ટપુ કાંઈક બે વેણુ કહે તો સારું.' વણબોલ્યો ઠપકો એનાથી સહન થતો ન હતો. ટપુને આમાં કાનાનો વાંક દેખાતો ન હતો. આ દરદનું મૂળ ઊંડું હતું એમ એ સ્પષ્ટ જોઈ શકયો હતો. એટલે કાનાને કશું કહ્યા વિના એ સૂઈ ગયો. સૂતો ખરો પણ એને ઊંઘ ન આવી. કાનો સૂવાની તૈયારી કરે છે એટલામાં અવાજ સંભળાયો 'કાનિયા, ટપુડા, એલા કોઇ જાગો છો કે?'

ધના મકાણીનો અવાજ કાનાએ તરત પારખ્યો અને જવાબ દીધા વિના એ માથે ઓઢીને સૂઇ ગયો. ધનો પાસે આવ્યો અને ફરી બોલ્યો, 'કેમ ટપુ, કાના, જાગો છો કોઇ?'

ટપુ બીજે અવાજે જાગી ગયો 'કોણ ભાઇ,'

'ઈ તો હું ધનજી.'

'આવો ધનજીભાઈ, કેમ અટાણે?'

'મારા રજકામાં કોઇકનાં ઢોર ફરી ગયાં લાગે છે. મેં માણસનો બોલાસ સાંભળ્યો. ઊઠીને આવ્યો ત્યાં બે આદમીને આણી કોર આવતા દીઠા. હું પછવાડે આવતો'તો ત્યાં પગમાં કાંટો વાગ્યો તે વાંસે રહી ગયો. તમે કોઇને દીઠા હોય તો એમ ધારીને ખબર કાઢવા આવ્યો.'

'અમે જ ધનાભાઈ, તમારા ચોર છીએ.'

'કોણ તમે હતા?'

'અમારા બળદ હતા. માફ કરજો હવે ફરી કોઇ દિ' નહીં આવે.'

'કોણ કાનિયો લઇ આવ્યો હશે ?' કહેતાં ધનાએ કાના ઉપરથી પછેડી ખેંચી. 'એલા પાછો ઢોંગ કર છ ?'

'કોણ ધનાકાકા, ભાઈ સા'બ ભૂલી ગ્યો.'

'સવાર પડવા દે, પછી તારી વાત છે.' એમ કહેતો ધનો ચાલ્યો ગયો.

'તમે ટપુભાઇ, મને માર ખવરાવશો ત્યારે તમને જંપ વળશે.'

'ચોરના ભાગીદાર થઈએ તો માર પણ ખાવો પડે.' ટપુના અવાજમાં રોષ અને દુઃખ બન્ને હતાં. કાનો વધારે બોલ્યા વિના સૂઇ ગયો અને સૂતા ભેગો ઊંઘવા માંડયો. પણ ટપુને ઊંઘ ન આવી. એને આજનો પ્રસંગ વીંછીના ડંખની જેમ વેદના કરતો હતો. એમ ને એમ પડખાં ઘસીને એણે રાત પૂરી કરી.

×

ધનાને પણ રાતે ઊંઘ ન આવી. વહેલી સવારે એ ગામમાં પોતાને ઘેર ગયો. જરા દિવસ ઊગીને સમો થયો એટલે રૂડાની ડેલીએ આવ્યો. ડેલી બહાર મોટી પાટ ઉપર તકિયે અઢેલીને રૂડો બેઠો હતો. સામે બે ત્રણ ખેડૂતો ઊભા ઊભા વાતો કરતા હતા. ધનાને આવતો જોઇને રૂડાએ કહ્યું 'આવ ધનાભાઈ.'

હેતાળ આવકારના જવાબમાં 'તમે બેસવાની ડાળ કાપો છો ઇ સારું નથી' એવું માથામાં પથરો મારે એવું આકરું વેણ ધનાએ સંભળાવ્યું. પાસે ઊભેલા સૌ નવાઈ પામ્યા. ધના જેવો ડંડી પ્રકૃતિનો વિવેકી માણસ આમ રૂડા પટેલ જેવાની સામે બોલે એ સાંભળીને એમને ભારે નવાઈ લાગી. અને હમણાં રૂડો ધનાને ઊધડો લેશે એની રાહ જોતા રૂડાની સામે જોવા લાગ્યા. પણ રૂડાનું રુવાંડુય ફરકયું નહિ. એ સ્થિર નજરે ધના સામે તાકી રહ્યો. એના

કપાળમા સહેજ કરચલી પડી અને આંખ ઝીણી થઈ. મસ્કરીભર્યું હાસ્ય હસીને રૂડાએ સામું પૂછ્યું.

'એલા કાંઈ ખાધાકૂિર તો થયો નથી ?'

'ખાધાફેર શું થશે, કાલ રાતે તમારા બળદ મારા રજકામાં પડયા 'તા.'

'કોઈ બીજાના હશે.'

'અરે ટપુએ પોતે કહ્યું ઈ ખોટું ?'

'ઈ ટપુડો સતવાદીનો દીકરો કે'દીનો થઈ ગયો ?' તકિયાનો ટેકો છોડીને રૂડાએ હુંકાર કર્યો. એના ચહેરાનો રંગ એકદમ પલટી ગયો. ભમર ખેંચાઈને એકઠી થઇ ગઇ. ધ્રૂજતે અવાજે એ ફરીથી ગર્જ્યો 'મારી લાખ રૂપિયાની આબરૂ માથે હરામખોર પાણી ફેરવવા તૈયાર થયો' એમ કહેતાં જ પાસે પડેલો એક હાથનો બડીકો ઉપાડયો અને ઉઘાડે પગે જેમ ફાવે તેમ ટપુને ગાળો દેતો રૂડો વાડી ભણી ઊપડયો.

સામે ઊભેલા લોકો બીકના માર્યા ડઘાઈજ ગયા. ધનો પણ સમજી શકયો નહીં કે આમ રૂડો આડો કેમ ફાટયો. છતાં એણે રૂડાને વારવા પ્રયત્ન કર્યો: 'ભાઈ, ટપુનો એમાં મુદ્દલ વાંક નથી...'

પણ એના બોલ હવામાં ઊડી ગયા. રૂડો રીસભર્યો ઊભી બજારે ટપુને બેફામ ગાળો દેતો ચાલ્યો. આવે વખતે રૂડાનું સ્વરૂપ પલટી જતું. એનું રુદ્રરૂપ જોઈને લોકો હેબતાઈ જતા. નાનામોટાં સૌ ગાંડો હાથી જોઈને નાસભાગ કરે અને ખૂણાખાંચા ખોળે તેમ આસપાસ લપાઈ ગયા. બરાબર એ જ વખતે ટપુ ચોરા પાસેથી કાર્યાલય તરફ આવતો જણાયો. એ શાંતિથી ચાલ્યો આવતો હતો. રૂડાની નજર પડતાં જ શિકારી શિકાર ઉપર તૂટી પડે એમ એણે

ટપુ ઉપર લાકડીનો ઘા કર્યો અને બરાડો પાડયો 'પારકી વાડીઓમાં બળદ ચરાવછ તે આપણી વાડીમાં નથી બળ્યું ?'

અણધાર્યો ઘા પડતાં ટપુ સહેજ ધ્રૂજી ઊઠયો. બીજી જ પળે એ સ્વસ્થ બની બોલ્યો 'તમને કોઇએ જૂઠી બાતમી દીધી લાગે છે.'

'સતવાદી તું એકલો' કહીને બીજીવાર ઘા કર્યો અને ફરી બરાડો પાડયો 'ભાગી જા ગામમાંથી મારે તારું કામ નથી. ગરીબ માણસ ધારીને આજસુધી બોલ્યો નહીં એમ તો માથે ચડી ગયો.' ટપુએ જોયું કે આજનું આક્રમણ કોઇક જૂદા જ કારણે હોવું જોઇએ. એણે રૂડાના ચહેરા સામે નજર કરી. કપાળ ઉપર કાળી ઝાંખ ઢળી હતી અને આંખમાં ખુન્નસ ભર્યું હતું. ટપુને જોતાં જ હમેશાં રૂડાનો ચહેરો હસીને ખીલી ઊઠતો ત્યારે શાંત તેજ પ્રસરતું. આંખોમાં પણ હેત દેખાતું. આજે એ હાસ્ય અને હેતને ઠેકાણે ક્રૂરતા અને ઝેર નીતરતાં હતાં. એની સામે ઊભા રહીને વાત કરવાની ગામમાં કોઇની હિંમત ન હતી તો પછી એને બાવડું પકડીને કોણ વારી શકે !

ટપુ સ્વસ્થપણે, અદબવાળીને શાંત દૃષ્ટિ રૂડાની આંખમાં ખૂતાડીને ઊભો રહ્યો. એના પગ જાણે જમીન સાથે જડાઇ ગયા. રૂડાનો ક્રોધ શમે નહીં ત્યાં સુધી ન ચસકવાનો એમાં નિશ્ચય જણાઇ આવતો હતો.

'ટગર ટગર જોઇ શું રહ્યો છો' એમ બોલતાની સાથે ત્રીજી વાર રૂડાએ બડીકો ઉપાડયો પણ મારવાને બદલે તોળી જ રાખ્યો. એણે પડખે નજર કરી. લખમણે રૂડાની આંખ પારખી લીધી એ આગળ આવ્યો. 'રૂડાકાકા, હવે બસ કરો. બહુ થયું. 'તું આને મારી નજર સામેથી લઇ જા નહીંતર ઇ આજ જીવતો નહીં રહે.'

'હશે કાકા, આજ સપરમે પરબ જાવા દ્યો.' ટપુની કાંઇક ગંભીર ભૂલ થઇ હશે એમ ધારીને લખમણે રૂડાને વાર્યો.

'અરે પણ એને જરાય શરમ છે. ભૂતની જેમ સામો ખોડાઇ રહ્યો છે. ધનાભાઈ જેવા લાખ રૂપિયાના આદમી હારે વેર કરાવ્યું. બળદ લઇને એના રજકામાં મૂકી આવ્યો. હવે આપણે ત્યાં રજકાનો કાળ છે'

'રૂડાભાઈ, તમે જૂઠી વાત કરો છો.' ટપુએ પ્રત્યુત્તર આપ્યો.

'અરે સતવાદીની પૂંછડી' કહેતાં રૂડો એક હાથમાં ધોતિયાનો છેડો ને બીજા હાથે લાકડી ઊંચી કરીને વળી દોડયો. તરત લખમણે હાથ પકડી રાખ્યો "કાકા, હવે બસ કરો.'

'અરે મને ખોટો પાડે. કટાકા કરી નાખું.' હાથ છોડાવવાની મથામણ કરતો રૂડો બોલ્યો. ધીમે ધીમે કરતાં લોકનું ટોળું એકઠું થઇ ગયું. સૌ સાંભળે તેમ રૂડો મોટેથી બૂમો પાડવા લાગ્યો, 'ઈ આવ્યો છે તે દી'નો મને સખ લેવા દેતો નથી. કોકદી 'કોળી ભેગો ખાય, કોકદી ઢેઢવાડે જાય, કોકદી' છોકરાંને ગાળો ભાંડે, કોણ બોલે કોણ બોલે એમ કરીને આજ દિવસ સુધી ગળી ખાધું. પણ એને ગણ હોય. ચાર દહાડા કંઇક ઠીક કામ કર્યું ને બે જણે વખાણ કર્યાં એટલે માથે ચડી ગયો. આજથી મારે એનું કામ નથી. ભલે મારી વાડી ઊજડ થઈ જાય.

'અરે ભાઈ, તમારે જોઇતા હશે તો એકને બદલે એકત્રીસ મળી રહેશે' રામો પગી આવી પહોંચતાં જ બોલ્યો.

'રામા, કાલ ને કાલ બીજો માણસ રાખી લ્યો ને આને રજા દઇ દ્યો.'

'હાલો હવે ઘેર હાલો. ભાઈ' દીપા શેઠે રૂડાનો હાથ ઝાલ્યો.

'દીપા શેઠ, તમને ખબર નથી. આજ ધનો મને કેટલું કહી ગયો. ઇ આવા માણસ રાખીએ તો સાંભળવું પડે ને.'

'હશે હવે. ઈ યે છોકરું કે'વાય. એક ગનો તો શાહ અકબરેય માફ કરતો.'

રૂડો એમ ને એમ છેક ડેલી સુધી બબડતો ગયો.

આ બાજુ લખમણે ટપુની પાસે આવીને પીઠ પર હાથ ફેરવતાં પૂછ્યું: 'બહુ વાગ્યું ટપુભાઇ,' 'પહેલો ઘા અચાનક પડ્યો એટલે જરા વસમુ લાગી ગ્યું. પાછળનો માર બહુ નથી વરતાણો.'

'ચાલો કાર્યાલયે વિનુભાઇ વાટ જુએ છે. ત્યાં જઇને હળદર ભરી શેક કરશું.'

'એવો કાંઇ માર નથી પડ્યો:' હસી ટપુ આગળ ચાલ્યો. સાત આઠ જણ ટપુને વીંટળાઇને ચાલવા લાગ્યા. ટપુ વિચારમાં મગ્ન હતો. બાજુમાં સૌ ગંભીરપણે ચાલ્યા આવતા હતા. ટપુ વિચારી રહ્યો હતો કે આમ એક જ માણસની ધાકે આખું ગામ દબાઇ રહે એ તો ભારે ગણાય. આ રીતે ગમે તે નિર્દોષ માણસની ઉપર ત્રાસ વર્તાવી શકાય અને એને કોઇ કહી શકે નહીં. કહેનારાને ઊલટી સામી એની ખુશામત કરવી પડે. એ તો ગુલામીની અવધિ ગણાય. આવી બીક ઉપર જ રાજ્ય સત્તા નભી રહી છે. આવા લોકો એ સત્તાના પ્રતિનિધિઓ છે. એને નિર્મૂળ કરવા એ જ સ્વરાજનું સાચું કામ છે.

આમ વિચારતો એ કાર્યાલયે પહોંચ્યો. દરવાજે વિનુભાઇ અને કાન્તા આવીને ઊભાં હતાં. 'મને હજી હમણાં જ ખબર મળ્યા. હું આવતો જ હતો.' ટપુનો હાથ પકડતાં વિનુભાઇ બોલ્યા.

'તમારી ત્યાં જરૂર ન હતી.'

'રમુભાઈ આજ નહોતો. નહીંતર મારામારી થાત.' કાન્તાએ કહ્યું.

'રમુભાઈ ક્યાં ગયા?' ટપુએ પૂછ્યું.

'એમને જરા અગત્યના કામે અમદાવાદ જવું પડયું.'

'એમ કે?' ટપુ વિસ્મય પામ્યો. અમદાવાદનું એવું શું અગત્યનું કામ આવી પડયું હશે કે રાતોરાત રમુભાઈને જવું પડયું. પણ કશું અનુમાન કર્યા સિવાય, બીજાની વાતમાં માથું માર્યા વિના એ કાર્યાલયમાં દાખલ થયો.

નક્કી કર્યા પ્રમાણે કાર્યક્રમ પૂરો થયો. રામનવમી જેવો પવિત્ર દિવસ, રામકથા જેવું પવિત્ર વાચન, ભાવવાહી, સુમધુર કંઠ. સોનામાં સુગંધ મળે તેવો જોગ થયો હતો. ગામનાં સ્ત્રીપુરુષોની ભીડ જામી. ટપુને માર પડયાના સમાચાર એ ખોબા જેવડા ગામમાં પસરતાં શી વાર લાગે? એટલો માર પડયા છતાં ઉંકારો ન કર્યો. એ વાતની સૌને નવાઇ લાગતી હતી. સ્ત્રીઓ તો વળી વળીને વાતો કરતી હતી અને ટપુ સામે જોતી હતી. જુવાનિયા ટપુની વાતથી સહેજ રોષે ભરાયા હતા.

રામકથા વાંચીને ટપુ વાડીએ પાછો ફર્યો. કાનો કાગને ડોળે રાહ જોઇ રહ્યો હતો. ટપુને માર પડયાના સમાચાર સાંભળ્યા ત્યારથી એ ચિંતામાં મગ્ન બન્યો હતો. વાડી સૂની મૂકીને નીકળાય તેમ ન હતું તેથી લાચાર બન્યો હતો. ટપુને દૂરથી જોતાં જ એ સામે આવ્યો અને ભેટી પડયો.

'મારા સારુ થઇને તમે માર ખાધો ટપુભાઇ!' કહેતાં કાનાની આંખમાંથી આંસુની ધાર ચાલી.

'લે ગાંડો થયો કાંઈ, એ તો રૂડો પટેલ ઘણાય દી'ના મારી ઉપર સમસમી રહ્યા હશે તે આજ દાઝ ઉતારી. એમાં તારો કશો વાંક નથી.' કાનાને બથમાં લઇને ટપુએ શાંત પાડયો.

'આજ રામનવમી છે તે હું ફરાળ લાવ્યો છું.' ટપુએ કહ્યું: 'ખજૂરને છાશમાં પલાળી ખાઈ લઈએ. સાંજે દેવુબાઈ ભાત લાવશે.'

'મારે આજ કશું ખાવું નથી.' કાનો હજી શાંત થયો નહતો.

ટપુએ ખજૂર ધોઇ, ઠળિયા કાઢીને છાશમાં પલાળ્યો અને કાનાને પરાણે પારણું કરવા બેસાડયો. રંડીને લાલ થયેલી કાનાની આંખો સામે જોઇને ટપુનું હૃદય બોલી ઊઠયું: 'જો કદીક મારે જવું પડશે તો આ છોકરાનું શું થશે?'

બન્ને મૂંગા મૂંગા ખાવા લાગ્યા. થોડીવારે કાનાએ પૂછયું: 'હેં ટપુભાઇ, તમને રૂડા આતઅિ કાઢી મૂકયા?'

ટપુ ખડખડાટ હસી પડયો: 'અહીં તારી સામે વાડીમાં બેઠો ખાઉં છું ને કાઢી શી રીતે મૂકયો?'

'એમ નહીં, કે'છે રજા દીધી.'

'ઈ ભલેને રજા દે. હું કયાં જાઉં એવો છું. એક વરસનો કરાર છે ત્યાં સુધી કયાંઇ જવાનો નથી.'

ટપુનો જવાબ સાંભળીને કાનાનો જીવ નીચે બેઠો.

★

નવાગામમાં જ્યારે જ્યારે આવો પ્રસંગ બનતો ત્યારે ગામ આખું થથરી જતું. અથવા કહો કે ગામને સદાય થથરતું રાખવા રૂડો આવો એકાદ પ્રસંગ ચાર છ મહિને ઉપજાવી કાઢતો. જેમ મોટાં રાષ્ટ્રો મહાયુદ્ધ માટે તૈયાર થઇ રહ્યાં હોય છે અને એક નજીવું કારણુ મળતાં નાનકડા દેશ ઉપર તૂટી પડે છે, તેમ જ ગામડા ગામના ધરાર ધણી તરીકે પંકાતાં આવા લોકો નજીવા કારણુનો લાભ લઇને આવો ત્રાસ વર્તાવી મૂકે છે. અને એની વાતોથી સામાન્ય જનતા દિવસો સુધી દબાયેલી ડઘાયેલી રહે છે. કોઇ વાર કોઇ એનો સામનો કરે છે તો પગથી માથા સુધી આખા અમલદારી તંત્રમાં એની લાગવગ પસરેલી હોઇ એ કોઇને મચક આપતો નથી. થડથી પાંદડા સુધીના દરેક જણ એકબીજાને ટેકે નભનારા હોઇ એ સ્વાભાવિક રીતે જ જુલમગારનો પક્ષ લે છે. અને જુલમનો ભોગ બનનારને પડ્યા ઉપર પાટુ મળે છે. છેલ્લા પચાસ પોણોસો વરસના ઇતિહાસમાં પેઢી દર પેઢીથી આમ જ બનતું આવ્યું હતું. અને તેનો આખો ઇતિહાસ ગામલોકોને મોઢે હતો. આવે પ્રસંગે વાત ડાહ્યા લોકો એ ઇતિહાસના પ્રસંગો મીઠું મરચું ભભરાવીને કહી સંભળાવતા.

રૂડો પાછો ફર્યો ત્યારે એનો ચહેરો કાળ જેવો ઉગ્ર બની

ગયો હતો. એની સામે નજર સુદ્ધાં નોંધવાની કોઇની હિંમત ચાલતી નહતી. રૂડો સીધો બેઠકમાં જઈ તકિયાને અઢેલીને બેસી ગયો. બે ચાર જણુ હિંમત કરીને અંદર ગયા અને સહેજ દૂર નીચી નજર રાખીને બેઠા. રૂડાની રીસ ઉતારવા એમણે અંદરોઅંદર વાતો શરૂ કરી.

'એમાં ભાઈનો વાંક નથી' દીપા શેઠે ચલાવ્યું: 'ઈ ટપુડો બહુ માથે ચડી ગયો હતો.'

'આ તો ભાઇને દયા આવી તે જવા દીધો' રામો પગી બોલ્યો: 'નહિતર તમને યાદ હશે દીપા શેઠ, ભાઇના દાદા કરમશી આતાએ એક સાથા સામું બોલ્યો'તો તે લાકડીએ ને લાકડીએ કામ કરી નાખેલો.'

'વળી આમાં તો રૂડાભાઇની આબરૂનો સવાલ હતો.' ભીમા પસાયતાએ ટાપસી પૂરાવી: 'મૂકી આવ્યો ટપુડો પણ બળદ તો ભાઇના હતા ને.'

રીસભર્યો ભોંય સામે નજર રાખીને રૂડો સાંભળી રહ્યો હતો. એનો ગરમીનો પારો હજી ઊતર્યો નહતો અને આ વાતોથી એ પારાની ગરમી સચવાઈ રહી હતી. એ વખતે પરબત આવ્યો અને ધીમેથી બાજુમાં બેસી ગયો. થોડીવાર કોઇ બોલ્યું નહિ એટલે એણે આસ્તેથી કહ્યું: 'તમે ટપુને નાહકનો માર્યો, વાંક કાનિયાનો હતો. ટપુ તો બિચારો બળદ પાછા લઇ આવ્યો.'

'પણ એણે સતવાદીની પૂંછડી થઇને ધનકાને કહેવાની શી જરૂર હતી?' રૂડાએ ગર્જના કરી.

'ઇ એની મોટી ભૂલ ગણાય.' રામો પગી બોલ્યો.

'અને ભૂલની શિક્ષા થવી જ જોઇએ' દીપા શેઠે કહ્યું.

'શું તમેય દીપા કાકા, હા એ હા કરો છો,' પરબત જરા ઊકળી ઊઠ્યો; 'સામેથી કોઇ પૂછે એને ખોટો જવાબ આપે? મને તો લાગે છે આમાં ટપુનો જરાય વાંક નથી.'

'તો જા એના વાંસામાં જઇને શેક કર.' કહીને રૂડો ક્રૂર મશ્કરીભર્યું હસ્યો. એ વખતે એના આખા ચહેરા ઉપર કુટિલતા ઊપસી આવી. ક્રોધની રેખાઓ એકાએક અદશ્ય થઇ ગઇ. આવો ધાર્યો ફેરફાર કરવાની કળા રૂડાએ વર્ષોના અભ્યાસથી સિદ્ધ કરી હતી. અને એના પાસવાનો એ વાતના પૂરા જાણકાર હતા, એટલે એમને એમાં કશું નવાઇ જેવું ન લાગ્યું. પણ પરબતને એથી ભારે દુઃખ થયું. એકવાર વાતવાતમાં ટપુએ એને એક વાક્ય સંભળાવેલું કે 'પોતાના બાપને જે સાચું કહેતાં ડરે છે એને દુનિયામાં નામર્દ ખુશામતિયા તરીકે જ જીવવું પડે છે.' એ વાક્ય અત્યારે એને યાદ આવ્યું. એણે રૂડાની સામે જોઇને જવાબ વાળ્યો, 'શેકની ગરજ હશે તો શેક કરીશ નહિતર તમારી વતીની માફી તો જરૂર માગીશ.'

સાંભળીને રૂડો ફરી વિફર્યો. પોતાનો છોકરો એક સાથીની આટલી ભેર તાણે એ એનાથી સહન ન થયું. કંઇક આકરું વેણ કહેવા જતો હતો ત્યાં એ ગમ ખાઈ ગયો. એની ફરેલી આંખ પાછી નીચી નમી ગઈ. બીજાની હાજરીમાં ઉંમરલાયક દીકરાને કંઇક વધારે પડતું કહેવાઈ જાય અને એ સામો ઉત્તર આપે તો પોતે જ હલકો પડે એ વિચારે એણે ગમ ખાધી. અને રૂડો કાંઇક કહેશે અને પોતે આકરો જવાબ આપશે તો બાપદીકરા બેઉની આબરૂ નહિ રહે એમ વિચારી પરબત પણ ઊઠીને ઘરમાં ચાલ્યો ગયો.

રૂડો મનમાં સમસમી રહ્યો હતો. આજે એની જીત નહોતી થઇ. જોનાર લોકો પણ એ સમજી ગયા હતા. નિડરપણે અડગ

ઊભેલા ટપુના ચહેરા ઉપર ધૈર્ય અને મક્કમતા જણાયા હતા. જ્યારે ટપુના સ્વમાની સ્વભાવને દબાવી દેવાની અધીરાઈમાં રૂડાનો ચહેરો વ્યગ્ર દેખાયો હતો. ચતુર રૂડાએ એ વસ્તુ તરત પરખી લીધી હતી અને પોતાના કૃત્રિમ ક્રોધને વાળી લેવા લક્ષ્મણની ટપુ તરફની સહાનુભૂતિનો આશરો લીધો હતો. પોતાના પાસવાનો ઉપર પોતાના વિજયની છાપ પાડવાનો પ્રયાસ કરતો હતો, ત્યારે પરબતે આવીને ફરી ટપુનો વિજય સાબિત કર્યો, એથી રૂડાનું અભિમાન ઘવાયું અને હારેલા યોદ્ધાની માફક એ ઢીલો થઇ ગયો. નશાબાજનો નશો ઊતરતાં એનાં અંગેઅંગ નરમ પડી જઇ કળવા લાગે તેમ રૂડાની લાગણીઓ અંદરથી કળવા માંડી. આ ફેરફારની અસર પાસવાનો ઉપર તરત પડી. રૂડાના અભિમાનમાં અથવા અભિમાન-જન્ય સત્તામાં જ પોતાનો ભાગ હોય તેમ, અભિમાન ઓસરતાં એ લોકો એક પછી એક ઊઠીને ચાલતા થયા.

બેઠકમાં કોઇ નથી એમ જાણીને દેવુ ધીમેથી અંદર આવી. એક કાચના ચલાણામાં સાકરટેટી સમારીને અંદર સાકર ભેળવી લઈ આવી હતી. કટોરો રૂડાની આગળ મૂકીને એ બાજુમાં ઉભી રહી.

'આટલું બધું મારે નહિ જોઇએ બેટા.'

'વધુ નથી ભાઇ, અને આ તો પાણી કે'વાય. આજ પાક્કો તમારે અપ્પાસ છે.'

રૂડો ચમચા વડે બટકાં લેવા લાગ્યો.

'વાહ બહુ મીઠું નીકળ્યું.'

દેવુ જવાબમાં કશું બોલી નહિ, તેથી રૂડાએ ઊંચે જોયું. દેવુના ચહેરા ઉપર રોષમિશ્રિત ઉદાસીનતા હતી. એનું કારણ

ચકોર રૂડો તરત પારખી ગયો. એક ચમચામાં એ ત્રણ બટકાં લઇને એ બોલ્યો: 'લે બેટા, તું ચાખ.' 'હું ઘરમાં ખાઇશ. તમે જમો ભાઈ.'

થોડીવાર રહીને દેવુ બોલી: 'ટપુડાને શું કામે માર્યો ભાઈ!'

'વાંકમાં આવે તો મારવોય પડે.'

'પણ કાનિયાને વાંકે ટપુડાને મારવો ?'

'ઈ બહુ ચડી ગ્યો'તો.'

'ચડી તો ગ્યા છે આ બધા તમારા કાંવિયા. એકવાર ઈ મારા હાથનો માર ખાશે ત્યારે સખણા રે'શે.' દેવુ એના મૂળ સ્વરૂપમાં આવી ગઇ. 'આજથી કહી મૂકું છું, એવા સાચકલા, માણસને વગર વાંકે મારીએ એનું પ્રાછત લાગે, ખબર છે?'

રૂડાએ કશો ઉત્તર દીધો નહિ. એનું મન પણ ઊંડે ઊંડે એ જ કહી રહ્યું હતું. 'ટપુડાને વધારે પડતો મરાઈ ગયો.' પણ એ અવાજને દબાવીને, થપ્પડ મારીને મોં લાલ રાખે તેમ રૂડો રીસ રાખીને બેઠો હતો. વાટકા ખાલી કરીને દેવુને પાછા આપતાં એણે કહ્યું 'લે બેટા લઈ જા. હવે કોઇવાર નહિ મારું.'

'તમે તો એને કાઢી મૂકયો છે ને?'

'તું કાંઇ ગાંડી થઇ, એ તો કહેવાય. એમ કાંઈ એ થોડો જ વહ્યો જવાનો છે.'

દેવુ ઘરમાં આવી એટલે ગંગાએ પૂછયું, 'કેમ તારા આતાએ શું કીધું ?'

'રજા નથી દીધી. ઈ તો અમથા બખ્યા એટલું જ.'

'તો સારું. બચારો માબાપ વગરનો છોકરો એમ આંતરિયાળ કયાં જાય.' ગંગા બોલી.

'જેના બાવડામાં બળ છે અને જેનામાં આપ હોશિયારી છે ઈ ગમે ત્યાં રળી ખાય.' દેવુ બોલીઃ 'પણ આપણને પછી એવો માણસ ન મળે.'

'થયું હવે. તારા આતાએ રાખવાનું કીધું છે પછી પંચાત શી.'

દેવુને તે દિવસે ટપુના જ વિચારો આવ્યા કર્યા. કામકાજમાં ક્યાંઇ મન વળગ્યું નહિ. પરબતની વહુએ એક બે વાર એને ટકોર કરી, 'દેવુબા, તમને આજ શું થયું છે?'

'થાય શું, ઓલ્યા બચારાને વગર વાંકે માર્યો છે તે એની રીસ ચડી છે.'

'એની રીસ તો તમારા ભાઇનેય ચડી'તી. તે શીરાવ્યા વિના ગામમાં વહ્યા ગયા.'

રૂડાને ત્યાં સાથી તથા મજૂરોને ગાળો અને મારપીટ તો અવારવારે મળતાં, એની નવાઇ ન હતી. પણ ટપુ તરફ સૌની સહાનુભૂતિ પ્રગટી એ નવાઇની ચીજ હતી. માત્ર રૂડાના ઘરનાં લોકો જ નહિ પણ ગામના માણસો પણ અત્યંત દુખિત બનીને આ કિસ્સાનું વિવરણ કરી રહ્યા હતા.

સાંજે સૂર્યાસ્ત પહેલાં દેવુએ ભાત તૈયાર કર્યું. આખા દિવસનો ઉપવાસી ટપુ ખાવાની રાહ જોતો હશે એમ એણે અનુમાન કર્યું. કદાચ આજે એ ખાવાની ના પાડશે. કોઈ વગર વાંકે મારે તો મનેય રીસ ચડે અને ખાવાની ના પાડું, તો આ ટપુડો તો મારાથી વધારે આપમતીલો છે. એને ફોસલાવી પટાવીને ખવરાવીશ. એમ વિચારતી દેવુએ સાત આઠ ગળી રોટલી ઘીમાં ઝબોળીને થાળીમાં મૂકી. પડખે શાક મૂક્યું. દોણીમાં કઢી લીધી. તળેલાં મરચાં મૂક્યાં.

કેરીના અથાણાની બે ચીર લીધી. 'કાનિયાને સરખે ભાગે જમાડીને જમશે' એમ વિચાર કરીને બધું બમણું લીધું. ભાત બાંધીને બહાર પાણિયારે ગઈ. મોં ધોઈને લૂછ્યું, આભલામાં જોઈને કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. વાળ વિખરાયેલા લાગ્યા એટલે કાંસકી ફેરવી લીધી. સાડલો સરખો કરીને પછી ચાલી. જતાં જતાં કહેતી ગઈ 'માડી, હું જાઉં છું, આ પાડીને છાશ પાજે, મને મોડું થાય તો ભેંસને ખાણ મૂકજે.'

'તું ઝટ વહી આવજે.'

'અટાણે દિ' આથમે જાઉં છું ને ઝટ તે કેમ કરીને આવવાની. 'વહુને કેજે' બધું કરી નાંખે. કહેતી દેવુ ઝપાટાબંધ ચાલી નીકળી.

×

ઓરડીઓની પછીતે નીસરણી માંડીને ટપુ ઉપર ચડ્યો છે. ચોરણીના પાયસા પીંડી સુધી ઊંચે ચડાવ્યા છે. એનું ધાડીલું શરીર ગારાનાં ચાંદરણાથી શોભી રહ્યું છે. એના ભરાવદાર ગોરા મોં ઉપર ગારાનાં તલકાં શીળીના ડાઘ જેવાં દીપે છે. નીચે ઊભો કાનો ગારાના પીંડા પહોંચાડે છે અને સાથોસાથ રંગમાં આવીને મીઠી હલકથી ગાતો જાય છે;

તારા પેટડિયાનો ફાંદો રે ગિરધારી,
જાણે ઊગ્યો પૂનમ ચાંદો,
ધડૂલિયો ચડાવને.........ગિરધારી.

જમણે હાથે પીંડો ઉછાળીને એ ઝીલવા માટે વાંકા વળેલા ટપુના પેટ સામે ડાબો હાથ લંબાવી, હાવભાવ સાથે ફરી પાછી એ જ કડી, પાઠ ફેર સાથે કાનાએ લલકારી.

'તારા પેટડિયાનો ફાંદો રે ટપૂડિયા,

જાણે ઊગ્યો પૂનમ ચાંદો,
પિંડલિયા ઉડાવને......ટપૂડિયા.'

વાડીના ઝાંપામાં દાખલ થતાં જ દેવુએ કાનાનો અવાજ સાંભળ્યો અને એ બાજુ નજર જતાં આ મનોરમ દ્રશ્ય જોઈ એ મનમાં મલકાઈ. ઘડીભર આંખ ભરીને નીરખવા એના પગ ત્યાં જ અટકી ગયા, 'સાચે જ આ કોઈ નવી નવાઈનો જુવાનડો છે. સવારે આટલો માર પડયો છે, દિવસ આખાનો ભૂખ્યો છે, રામનોમ જેવું પરખ છે, તોય ગાર કરવા નીસરણીએ ચડયો છે.' એ ટપુના રૂપાળા મનોહર દેહ સામે જોઈ રહી. પછી ધીમે પગલે વાડીમાં દાખલ થઈ.

પાસે આવી એટલે કાનાની નજર દેવુ ઉપર પડી. તરત જ એણે પોતાનું ગીત પૂરું કર્યું અને દેવુને પૂછ્યું, 'કેમ દેવુબા, ખરી વાત કે નહીં, આ ટપુડાનો ધોળિયા ઘઉંના પિંડલા જેવો ફાંદો પૂનમનો ચાંદો હોય એવો નથી લાગતો ?'

'હા, લાગે તો છે એવો જ.' દેવુ સહેજ મરકીને બોલી.

'લે હવે હેઠો ઉતર, ભૂખ નથી લાગી ?'

'આટલું પૂરું કરી લેવા દ્યો બેન,' ટપુએ કહ્યું: 'કાનાભાઈ, ઘડીક ઝપાટો કર મારો ભાઇ.'

'પણ પછી નહિ થાય!'

'ના, દેવુબેન, વારે વારે શરીર બગડે અને કાલ પાછું વાડીનું કામ હોય. આજ અગતો છે તે પતાવી દઈએ.'

'તો લાવો હું ય મદદ કરું' એમ કહીને દેવુ ઓરડીમાં ભાત મૂકી આવી. ખોળોવાળીને એણે સાડલાનો છેડો કેડ વીંટ્યો 'કાનિયા, તું આપતો જા ને હું પીંડલા વાળતી જાઉં છું. જોજે, થાકતો નહિ.'

'અરે થાકશે શું. ટપુભાઇ, હવે ઝપટ કરજો. આ દેવુબાઇને ચકવી દઇએ.'

સૂર્યાસ્ત પહેલાં કામ પૂરું થયું. ટપુ નીચે ઊતર્યો. નહાવા માટે કપડાં લેવા જાય છે ત્યાં દેવુની નજર એના વાંસા પર પડી. મોટી બે ભરોળો બરડામાં ઊઠી આવી હતી. ફાટી આંખે દેવુ જોઇ રહી. 'ટપુભાઇ, બહુ વાગ્યું છે હો!' દેવુ ગળગળા અવાજે બોલી.

'હવે દુખતું નથી.'

'અરે પણ આ જોયું તો જાય એવી ભરોળો ઊઠી છે ને મારા આતાને કાળ ચડે છે ત્યારે કાંઇ ભાન જ રહેતું નથી.'

હશે, હવે એ વાત સંભારશો નહીં.'

'મેં તો વાત સાંભળી ત્યારનો મારો જીવ બળ્યા કરે છે. પાછો વગર વાંકે માર્યો.'

'હજી તો મારા નસીબમાં કેટલોય માર ખાવાનો લખ્યો હશે.'

'હોય કાંઇ, આજ મેં વચન લીધું છે, મારા ભાઇએ પંડે મને કીધું કે હવે કોઈ દી' નહિ મારું.'

'ઠીક તો વધારે સારું. હવે તમારે જવું હોય તો જાઓ, અમે જરા નાહી આવીએ.'

'આજ તો તમને જમાડીને જવાની છું.'

'તો ચાલ કાના, આપણે ઝપાટાબંધ આવતા રહીએ.'

બન્ને જણ નાહીને પાછા આવ્યા એટલામાં દેવુએ ભાણાં પીરસી રાખ્યાં. ટપુ અને કાનો આવીને સામે બેઠા.

ટપુએ દેવુ સામે જોઇને કહ્યું, 'ગયે વરસે રામનોમને દિવસે આ રીતે જ અમે વાડીએ જમવા ગયેલા. હું ન ભૂલતો હોઉં તો અમે ઘેરથી લાડુ કરીને લઈ ગયેલા.'

'આજ હુંય લાડવા કરવાની હતી. પણ પરભતે કીધું કે ટપુભાઈને પુરણપોળી બહુ ભાવે છે એટલે ગળી રોટલી કરી.'

'તે મને ભાવે છે તો પુરણપોળી જ.' એમ કહીને ટપુ આંખો મીંચી ગયો. અને કાનો પણ પલોંઠીવાળી, હાથ ખોળામાં રાખી નીચાં નેણ ઢાળી બેઠો. દેવુ વારાફરતી બન્નેની સામું જોવા લાગી.

'જય રામજી' કહીને ટપુએ ખાવાનું શરૂ કર્યું.

'એલા કાનિયા, તુંય ટપુની વાદે ભગત થઈ ગયો?' દેવુ હસીને બોલી, જવાબમાં કાનો માત્ર હસ્યો. અને પછી ધીમે રહીને બોલ્યો, 'તમેય ભગત ન થઈ જાઓ એટલું જાળવજો.'

'મારી ભૂખરાત ભગત થાય છે.' કહીને દેવુ ફરી હસી.

'આપણે પછી બે નવી પછેડી કરાવવાની હતી એનું શું થયું? દેવુબેન?'

'કરાવવી છે પણ પાણકોરું કયાં મળે છે?'

'આપણા ગામના વણકર વણી આપે ખરા કે નહીં?'

'વણી દે.'

'તો પછી આપણે હાથોહાથ એટલું પાંચશેર સૂતર કાંતી લઈએ. કેમ કાના?'

'હોવે.'

'મને કાંતતાં નથી આવડતું. મારી માને આવડે છે."

'તમને હું શીખવી દઈશ.'

'તો તો બહુ સારું. ભાઈનાં ને મારા આતાનાં કડિયાંય એમાંથી થાય નહિ ટપુભાઈ.'

'જરૂર થાય.'

'પણ મને આમ તકલી ઉપર નો ફાવે.'

'તમારા ઘરમાં રેંટિયો તો હશે.'

'છે એક જુનવાણી. મેડે પડ્યો ધૂળ ખાય છે.'

'કાલ બપોર વખતે હું ઘેર આવીશ. એને નવું મોઢિયું ને ત્રાક ચડાવીને ચાલુ કરી દેશું.'

'પૂણી ?'

'એ પણ તમને બનાવતાં શીખવી દઇશ.'

'એલા તું તો બધી વાતે પૂરો છો.' કહીને દેવુએ ટપુના વાંસામાં ટાપલી મારી. પણ તરત જ જીભ બહાર કાઢીને બોલી ઊઠી, 'તને વાગ્યા ઉપર તો નથી લાગ્યું ને.?'

'હું નો'તો કે'તો કે હજી મારે કેટલાય માર ખાવાના બાકી છે ?'

'આ તો ભૂલથી મરાઇ ગયું.'

'તો માફ. જાઓ.'

દેવુએ વાતો કરાવતાં બધી રોટલીઓ ખવરાવી દીધી. અને પછી ભથાણું બાંધતાં બોલી: 'મને એક વિચાર આવ્યો છે ટપુભાઇ !'

'શું ?'

'કે, આપણી ભેંસો ને ગાયો ઘેર બંધાય છે તે બધું ખાતર ત્યાં વેડફાય છે. અહીં વાડીએ ઢોર બંધાય તો છાણ મૂતરનો દાઓ થાય અને પરબાયું ખાડમાં પડે.'

'એ વિચાર બહુ સારો છે. પણ દોવા વલોવવાની પંચાત થાય.'

'તો ઇ હું સાંજ સવાર દોવા આવતી જાઉં, એમાં શું ?'

'બહુ છેટું પડે.'

'હવે આપણે જુવાનજોધને છેટું શું ને પાસે શું ?'

'તો અમેય વલોવવામાં મદદ કરશું. કેમ કાનિયા !'

'છાશ આપણે તાણી દેશું. તું ટપુભાઇ, મને ઘડીક મદદ કરજે.' પછી આંખ ઝીણી કરીને કાને ઉમેર્યું 'પણ દેવુ બેન ! માખણ ખાવાની છૂટ આલવી પડશે.'

'જા મારા રોયા, તો તો માર્યા વગર નો મૂકું.'

'ઠીક તો રૂડાભાઇને પૂછી જોજે.' ટપુએ ગંભીર થતાં કહ્યું.

'મારા આતા કોઈ દી'ના નો પાડે.' એમ કહીને દેવુ ગામ તરફ ચાલી નીકળી.

નજરથી દૂર થઈ ત્યાં સુધી ટપુ ને કાનો ઝાંપે ઊભા રહ્યા. ટપુના મનમાં થયું, 'આ છોકરીના મનમાં આટલો દયાભાવ પ્રગટયો એ કાયમ ટકે તો મેં આજ માર ખાધો એ પણ લેખે છે.'

કાનો ધીમે રહીને બોલ્યો: 'ટપુભાઇ, તમે આવ્યા તે દી' ખબર છે ને, કેવી વાઘણુની જેમ મારવા દોડી'તી. આજ કેવી કૂણી માખણ થઈ ગઇ છે. ઈ બધું તારે પરતાપે હો.'

'પરતાપ ભગવાનનો. બાકી આપણે બીક નો રાખીએ, પેટમાં પાપ નો રાખીએ, સામો માણસ ખિજાય, મારે, તોય એને માટે હૈયામાં હેત રાખીએ, તો એને આપણા ઉપર જરૂર માયા થાય.'

'ઇ વાત તારી સાવ સાચી છે ટપુભાઇ, મને પહેલાં નો'તું સમજાતું પણ સાચા દલથી કામ કરવા માંડયો ત્યારથી બીક વહી ગઈ છે. અને કોઈ મારતુંય નથી. આજ મારે વાંકે તને માર પડયો. પણ હવેથી કોઈ દી'—મારા કટકા કરી નાખશે તોય–એવો ધંધો નહિ કરું.'

'ઠીક જા હવે બળદને માટે રજકો વાઢી આવ, પછી ભજનનો વખત થશે.'

કાનો રજકો લેવા ગયો.

ટપુ નદી કિનારે પશ્ચિમ આકાશ તરફ જોતો ઊભો રહ્યો. સંધ્યાના વિવિધ રંગો આકાશમાં રંગોળી પૂરી રહ્યા હતા. આજે ટપુનું મન પ્રસન્ન હતું. જે કસોટીમાંથી પસાર થવાની આગાહી એણે પ્રથમ દિવસે કરી હતી તે આજથી શરૂ થઈ હતી. અને એ કસોટીમાં એ પાર ઊતર્યો હતો. રૂડાના અણધાર્યા આક્રમણના પહેલા ઘાએ પળવાર એ કંપી ઊઠેલો, અને રૂડાના હાથમાંથી લાકડી ખૂંચવીને જાણે સામો ઘા કરી લઉં એમ થઈ આવેલું. પણ પોતે કેવા સંજોગોમાં અહીં આવ્યો છે એ વિચાર આવતાં બીજ્જ પળે એ સ્વસ્થ બન્યો. અને ગમે તેટલા માર સામે અડગ ઊભા રહેવાનું ધૈર્ય પ્રાપ્ત કરી લીધું. એ સમયની પોતાની મનોદશાનો ચિતાર યાદ કરતાં એને સંતોષ વળ્યો. પહેલા પ્રસંગમાં પાર ઉતારવા ખાતર પરમ કૃપાળુ પરમાત્માનો એણે આભાર માન્યો. ભવિષ્યમાં એથી પણ આકરી કસોટીમાં પોતાની લાજ રાખવા પ્રાર્થતો હોય તેમ ગદ્દગદ્દ સ્વરે એ ગાવા લાગ્યો: 'રઘુવર તુમકો મેરી લાજ.'

★

૧૦

સવારમાં ચાપાણી પીને રૂડો વાડીએ આવ્યો. નદીકાંઠાની તળીમાં એક સરખા માપના ચોક પાડીને આંબાના ખાડા તૈયાર થતા હતા. ટપુ અને કાનો નાના હાથાવાળી કોદાળીઓ લઈને ખાડા ખોદી રહ્યા હતા. રાશવા સૂરજ ચડ્યો એટલે બન્ને જુવાનોએ પહેરણ કાઢીને કિનારે મૂક્યાં અને ઝપાટાબંધ ખાડા ઉતારવા લાગ્યા. દૂરથી રૂડાએ જોયું તો બન્ને જણના હાથમાં કોદાળીઓ એક સાથે ઊંચી તોળાતી હતી અને ઘા પડતાં એક સરખો તાલબદ્ધ અવાજ થતો હતો. માથામાં ધૂળ ન પડે તે માટે વાળ અને કાન ઢંકાય તેવી ટોપીઓ ચડાવી હતી. કપાળ ઉપર પરસેવાનાં બિંદુઓ બાઝ્યાં હતાં. રૂડો સીધો ટપુ પાસે ગયો. રૂડાને જોયો કે તરત ટપુએ કોદાળી ટેકવી, કપાળ પરથી પરસેવો લૂછીને ટટ્ટાર થયો અને રામ રામ કર્યા.

રૂડાએ નમસ્કાર ઝીલ્યા. ટપુની પીઠ સામે નજર જતાં એણે નજર ફેરવી લીધી. ચોવીસ કલાક પછી પણ બરડામાં સોળ ઊપસેલા તેનાં સ્પષ્ટ નિશાન દેખાતાં હતાં. ટપુ સાથે વાત કરતાં રૂડો સહેજ અચકાયો એટલે ટપુએ પૂછ્યું.

'કેમ ખાડા બરાબર થાય છે ને રૂડાભાઈ,'

'હા ઠીક થાય છે.' રૂડાએ ખાડા તરફ જોઈને કહ્યું 'આપણે પાછી વરસ દી'ના રોપ લાવશું કે બે વરસના ?'

'વરસ દી'ના.'

'ક્યાંથી મહુવાથી જ મગાવશું ને ?'

'મહુવાથી શું કામ ? વરતેજના દરબારી આંબાવાડિયામાં જોઈએ એટલા મળી રહેશે.'

'ભલે તો તારી મરજી. તું જ કહેવરાવી દેજે. અને ટપુભાઈ,' ટપુના હાથમાં પડેલાં આંટણ સામે જોઈ રૂડો બોલ્યો: 'તને ખાડા ગાળવાનો વખત ન મળતો હોય તો દાડિયો કરી લે.'

'હવે વધારે બાકી નથી. ત્રીસેક હશે તે તો બે દિવસમાં પૂરા કરી લઈશું. કેમ કાના ?'

કાનાએ પાછું વળીને જોયું, એને બીક હતી કે રૂડો આવતાં વેંત પોતાની ઉપર ઊતરી પડશે. આગલી રાતે જ એ ટપુને કહેતો હતો કે હવે હું કોઈથી ડરતો નથી. પણ રૂડાને જોતાં જ એ થથરી ગયો હતો. રૂડાનો ચહેરો નરમ જોયો અને સીધો ટપુ પાસે જઈ વાત કરવા લાગ્યો ત્યારે એના જીવમાં જીવ આવ્યો. ટપુના પ્રશ્નનો ઉત્તર આપવા એણે પાછું વાળીને જોયું ને કહ્યું: 'હા જરૂર કરી નાખશું.'

'બાગ કરવાની આ ઉપાધિ ટપુએ હાથે કરીને વહોરી છે.' ત્રીજા માણસને કહેતો હોય એમ રૂડો ટપુ સામે જોઈને બોલ્યો. અને ખાડાને કાંઠે ઉભડક બેસીને એણે બીડી સળગાવી. ટપુ ને કાનો પાછા કામે લાગ્યા. રૂડાએ થોડીવાર રહીને વાત આગળ ચલાવી.

'શું ટપુભાઈ, તારો વિચાર એમ છે કે આપણાં ઢોર વાડીએ બાંધવાં? રાતે દેવુ વાત કરતી'તી.'

ટપુ ચાર ઘા મારીને અટક્યો. શ્વાસ ખાઈને એણે જવાબ વાળ્યો 'હા દેવુબાઈ પંડે જ વાત કરતાં'તાં. મને એમાં લાભ લાગ્યો તે હા પાડી.'

'પરબત કહે, એવી ફેરવણી નથી કરવી' રૂડાએ કહ્યું: 'પણ મને થયું કે તેં બધી બાજુનો વિચાર કરીને જ હા પાડી હશે.'

'વધારે વિચાર કરવાનો વખત નહોતો. પણ આપણે હમણાં ઉનાળામાં બહાર ખીલા નાખીને બાંધશું. પછી એક પાકી ગમાણ કરાવી લઈએ અને ચોમાસે છાપરું તૈયાર થઈ જાય.'

'બરાબર.'

દોવા માટે બેન આવે કે પછી ગોવાળ આવે. છાશ કાનો ને હું કરશું.'

'દેવુ કહેતી'તી કે દોવા હું જઈશ.'

'ઈ તો કહે. બે દી' આવે ત્યાં થાકી જાય. એમને હોંશ છે એટલું ખરું.'

'હોંશ હોય તો ભલે હમણાં આવે.'

'તો અમારી ક્યાં ના છે. ઊલટા અમે રાજી છીએ.'

વાત ચાલે છે ત્યાં ભીમો પસાયતો ઉતાવળો આવ્યો. રૂડાએ એની ચાલ અને ચહેરો જોઈને દૂરથી પૂછ્યું: 'કેમ શા ખબર છે?'

'આપણા ખોખરાવાળા અદેશંગ ફોજદારને માર્યા!'

'હોય નહિ' રૂડો ઊભો થયો. 'કેમ કરતાં?'

'રાતે રોન ફરવા નીકળ્યા'તા. હારે જમાદાર ને એક પોલીસ હતો. કણબીવાડને ઓતરાદે નાકેથી પાછા વળતાં સામેની ગલીમાંથી

એક સામટી ગોળીઓ છૂટી. અદેશંગભાઈ તો પહેલી ગોળીએ જ પડી ગયા. જમાદારે તમંચો કાઢી સામા બાર કર્યાં પણ હરામખોરો ઘાયલ કરીને નાસી ગયા. '

'એકકેય હાથ ન આવ્યો ?'

'ના.' ભીમાએ શ્વાસ શમતાં કહ્યું: 'અદેશંગભાઈને ને એમને ઇસ્પિતાલે લઇ ગ્યા ત્યાં જમાદાર તરત મરી ગયો. અદેશંગભાઇને ગોળી કાઢીને ટાંકા લીધા છે.'

'મારી ઘોડી સાબદી કર. મારે એમને જોવા જાવું જોશે.' રૂડો ચાલ્યો. ભીમો ઉતાવળો આગળ ગયો.

આ બાજુ ટપુ એમને એમ વિચારમાં ઊભો રહ્યો. રૂડો સહેજ દૂર ગયો એટલે કાનો બોલ્યો.

'સાંભળ્યું ને ટપુભાઈ!'

'અદેસિંગભાઇ કોણ ?'

"આડક દિ' મોર પટલની હારે વાડીએ આવ્યા'તા. મોટી પીપર હેઠે ખાટલા ઢાળ્યા'તા ને ચા પાણી પીધાં'તાં. જાડા સરખા, મોટી મૂછો ને માથે કથ્થાઈ રંગનો સાફો બાંધ્યો'તો.'

'હા, હા, ઓળખ્યા. તને દારૂ લેવા મોકલેલો.'

'બસ ઇજ. એમને દારૂની લત ભારે હતી. દારૂ પીને સાંઢિયે ચડે તે ગમે તેવા બહારવટિયાને પાતાળમાંથી પકડી લાવે. હમણાં ગાંધીનાં માણસ ઉપર બહુ ત્રાસ વર્તાવતા.' કાનાએ 'અદેશંગપુરાણ' ચલાવ્યું.

એનું છેલ્લું વાક્ય સાંભળીને ટપુ ચમક્યો. એના મગજમાં અનેક વિચાર આવીને પસાર થઈ ગયા. 'કોઈપણ જાતનાં અનુમાન શા માટે કરવાં' એમ વિચારી એ પાછો ખોદકામમાં લાગી ગયો.

કાનાએ પણ બીડીનું ઠૂંઠું ફેંકી દઈને કોદાળી લીધી. ઘા મારતાં પહેલાં એ બોલ્યોઃ 'દેવુભાઈ અહીં ઢોર લઈ આવે તો ભારે મજો પડે.'

'શાથી ?'

'દૂધ અને માખણ ખાવા મળે.' એમ ઉપરથી ઉત્તર આપીને કાનો હસ્યો. દેવુ તરફનો ભય ઓછો થતાં માબેન વિહોણા કાનાને એના સહવાસમાં એક પ્રકારની વત્સલતાનો અનુભવ થતો હતો. ટપુની સાથે વાતો કરતાં પુરુષ પ્રધાન પ્રકૃતિની દેવુના અવાજમાં કુમાશ આવતી એ કાનો કળી ગયો હતો. એટલે ટપુને પણ એના સહવાસમાં વિશેષ આનંદ આવશે એવું અનુમાન કરીને કાનાએ પહેલું વાક્ય ઉચ્ચાર્યું અને મોં મરકાવ્યું.

પરંતુ ટપુનું મગજ જુદા જ વિચારોમાં પરોવાયેલું હતું. તે દિવસે રાતે રમેશ સાથે થયેલા વાર્તાલાપમાં પોતે કંઈક ગંભીર ભૂલ કરી હોય એવો વહેમ પડયો હતો. 'અદેસિંગ ફોજદારને દારૂની લત હતી, એ ગાંધીનાં માણસો ઉપર ખૂબ ત્રાસ વર્તાવતો અને કોઈ અજાણ્યા સ્થળેથી એમના ઉપર ગોળીઓ છૂટી' એ હકીકત એના વહેમને મજબૂત બનાવતી હતી. જોરથી કોદાળીના ઊંડા ઘા કરતો ટપુ એટલા જ જોરથી વિચારમાં ઊતરવા લાગ્યો. જો એ વહેમ સાચો ઠરે તો ગજબ થાય. કોઇના ઉછીના લીધેલા વિચાર ઉપર આવું ગંભીર કૃત્ય કરવાથી માણસ બેવડી મુશ્કેલીમાં આવી પડે છે. જિંદગીમાં જોખમ ભરેલાં કામોનાં પરિણામ ભોગવવાની શક્તિ સ્વયં વિચારણા અને સ્વયં નિર્ણયમાંથી જ ઉદ્ભવે છે. ઉછીના લીધેલા વિચારોથી જોખમ ખેડનાર ખરે વખતે ભાંગી પડે છે. સિવાય કે એ વિચાર પ્રેરનાર પ્રત્યે એને અડગ શ્રદ્ધા હોય.

'આજ બપોરે ગામમાં જઈને વિનુભાઈને ત્યાં જરા ખબર કાઢી આવીશ. કદાચ અમદાવાદથી કુશળપત્ર આવી ગયો હશે. તો તો આ વહેમ નાબૂદ થાય.'

આ રીતે ટપુ બપોર થતાં સુધી પોતાના મન સાથે વાતો કરતો રહ્યો. અને કાનાએ પણ પોતાની મસ્તી દુહાઓ દ્વારા એકલા એકલા વ્યક્ત કર્યા કરી.

*

ચૈત્ર માસના આકરા તાપમાં, ઉતાવળે ચાલતો ટપુ ગામમાં આવ્યો. ત્યારે બાર ઉપર એક થયો હતો. વિનુભાઈ કાર્યાલયના ઓરડામાં એક ચોરસ ટેબલ સામે બેઠા હતા. એમણે ઘૂંટણ સુધીનું નાનું પંચિયું પહેર્યું હતું. શરીર ઉઘાડું હતું. માથે ઘડી પાડીને ભીનો ટુવાલ મૂક્યો હતો. સામે બે ત્રણ વણકર હિસાબ કરાવતા બેઠા હતા.

રસોડામાં પરવારીને કાન્તાબેન બહાર આવ્યાં તો ટપુને આવતો જોયો. એમણે પ્રેમપૂર્વક નમસ્કાર કરીને આવકાર આપ્યો. 'ટપુભાઈ આવો. અત્યારે ખરા તાપમાં?'

'આણીકોર નીકળી આવ્યો જરા. વિનુભાઈ છે?' 'હા, જાઓ અંદર બેઠા છે.'

'કોણ, ટપુભાઇ!' વિનુભાઈનો અવાજ સંભળાયો.

'હા ભાઈ, જે જે.'

'જય જય. બેસો.'

ટપુ આસન લઇને સામે બેઠો.

'કહો, કેમ છો, મજામાં?'

'જી હા.'

'કાનાભાઇ શું કરે છે?'

'હિલોળા. આપણે રમુભાઈના શા ખબર છે?'

'કાંઈ કાગળ પત્ર નથી, પણ આજકાલ આવવા જોઈએ.'

'અમદાવાદ ગયા છે ને?'

'હા. કશા સમાચાર નથી એટલે આવી જશે.'

'તમને વાગ્યું'તું ત્યાં કેમ છે?' કાન્તાએ બારણામાં ઊભા રહી પૂછ્યું.

'એવું ખાસ વાગ્યું જ નહોતું બહેન, હવે સારું છે.'

'એ લોકોના હાથ કેમ ઊપડે છે કોણ જાણે.' કાન્તા બોલી.

'એ બધા સત્તાપ્રિય લોકો છે' વિનુભાઈએ કહ્યું: 'એમની ઇચ્છા વિરુદ્ધ કોઈ વર્તે એ એમનાથી સાંખી જ ન શકાય. પછી આ રીતે પોતાનો ઉકળાટ કાઢે.'

'પણ તે દિવસે ટપુભાઈએ ધીરજ બહુ રાખી.' દાનો વણકર બોલ્યો. 'ભાઈના સમ. હું હોઉં તો એક ઘાએ જ પડી જાઉં ને રાડેરાડ કરી મૂકું.'

'એમનું હૈયું તો એમના ગુરુએ ભક્તિરસ પીવરાવીને પોલાદનું બનાવ્યું છે.' વિનુભાઈએ કહ્યું. 'તમે બધા ભજન તો મોટા સતિયાનાં ગાઓ છો પણ સતને સરાણે ચડવવાનો વખત આવે ત્યારે તમારું પાણી ઊતરી જાય છે.'

'ઈ વાત વિનુભાઈની સાવ સાચી છે.'

એ વખતે કરસન આવીને 'જય જય' કરીને બેઠો.

'કેમ કરસનભાઈ, શા ખબર છે?' વિનુભાઈએ પૂછ્યું.

'ખબર તો તમે નહિ સાંભળ્યા હોય?' કરસને સામો સવાલ કર્યો.

'ભાવનગરના સાંભળ્યા. બહુ ખોટું થયું.'

'શું ખોટું થયું?' કરસન જરા ઊંચે સાદે બોલ્યોઃ 'એવા પાંચ દસને આમ ઠેકાણે કરશે ત્યારે કાંઈક શાંતિ થશે.'

'મને એમ નથી લાગતું.' વિનુભાઈએ ફરી કહ્યું, 'અને તમે જોશો કે આમાં સરવાળે આપણુને જ નુકસાન થવાનું છે.'

'આપણુને તો થવાનું હશે ત્યારે થશે. અત્યારે તો કુણા ક્યાં.'

'કોની વાત કરો છો કરસનભાઈ!' ટપુએ પૂછ્યું. 'કાલ રાતે ભાવનગરના અદેસિંગ ફોજદારને માર્યા એની.'

'એમાં રૈયતને લાભ નથી. ઈ વિનુભાઇની વાત સાચી છે.' ટપુએ કહ્યું.

'આવા જુલમગાર ઓછા થાય એમાં રૈયતને લાભ નહિ.'

'ખરી વાત કરું છું. આવે વખતે એમના બીજા વિરોધીઓ તકનો લાભ લઈ જાય. મારનારા મારી જાય ને આવે સત્યાગ્રહીઓને માથે.

'એવું તે ખોટું આવતું હશે કાંઈ'

'ઈ સમાચાર હમણા રામો પગી ઘોડી ઉપર આવ્યો ને લાવ્યો.'

'શું?'

'જેટલા ગાંધીવાળા છૂટા ફરતા'તા ઇ બધાને પકડીને પૂરી દીધા છે. અને હવે ધોકાવાળી કરે છે. ખરો મારનાર નહિ મળે ત્યાં સુધી બચારા નિર્દોષ ટીપાશે'

'બીજું શું થાય' વિનુભાઈ નિઃસાસો નાંખીને સહેજ ટટ્ટાર થતાં બોલ્યા 'આપણા કેટલાક અધીરા જુવાનો આપણું કામ કપરું કરી મૂકે છે. જામાં પાંચ માણસ કાંઇક તેજસ્વી હશે એને આનું બહાનું મળતાં પૂરી દેશે અને બાકીનાને ત્રાસ વર્તાવીને દબાવી દેશે.'

'ઇ વાતેય ઘણીખરી સાચી છે.' ટપુ બોલ્યો: 'પણ કેટલીકવાર જુવાનિયાની ધીરજને હદ આવી જાય છે.'

'હદ આવી જાય એનું નામ ધીરજ ન કહેવાય. અખૂટ અને અપરિમિત ધીરજવાળો માણસ જ ધૈર્યવાન કહેવાય અને યુદ્ધમાં વિજય-પ્રાપ્ત કરી શકે.' વિનુભાઇએ ચર્ચા લંબાવી.

'ઠીક ત્યારે હું રજા લઇશ.' ટપુ ઊઠયો.

'કાં બેસોને, બેઠા છો.'

'ના મારે કે દી' કામ નહોતું. રૂડાભાઇ તો ભાવનગર ગયા હશે' દરસને કહ્યું: 'મને ઘોડી ઉપર સામો મળ્યો.'

'હા. રૂડાભાઇ અદેસિંગભાઇના પરમ-મિત્ર થાય.'

'નાનપણના. અદેસિંગભાઇ દસ વરસના હતા ત્યારે અહીં એમનાં મામા શાર્દૂલસિંહને ઘેર આવતા. નાના હતા ત્યારે વહાલા લાગતા. ભલા પણ હતા.'

'તો પછી પાછળથી કેમ આમ થયું?'

'સંગદોષ. પેલો જમાદાર છે એણે બધી લત લગાડી. બાકી અદો બાપુ પોતે લાખ રૂપિયાનું માણસ.'

'અત્યારે તો આવરદા હોય તો ઘરડાંના પુન્યે જીવે. બાકી રામેરામ છે.'

'બચી જશે.' વિનુભાઇ બોલ્યા: 'પરમાત્મા એને આરામ કરશે.'

'ચાલો ત્યારે જય જય'

"એ પધારજો ટપુભાઇ.'

'પધારે ઠાકોરજી.' ટપુ બહાર નીકળ્યો.

રમેશના વધારે કશા સમાચાર ન મળ્યાથી એ વધારે ચિંતા-

તુર બન્યો હતો. બજારમાં એકલદોકલ જે સામા મળે તેને રામ-રામ કરતો ગામ બહાર નીકળ્યો અને વાડીને રસ્તે પડયો. વાડીએ જઇને પીપર નીચે થાળા પાસે ઢંઢકમાં ખાટલી ઢાળીને સૂતો. જમ્યા વિના ગામમાં ગયો હતો અને 'ભૂખ હશે તો આવીને ખાઇશ.' એમ કાનાને કહ્યું હતું. કાનાએ રોટલો, શાક, છાશ રાખી મૂક્યાં હતાં. છતાં ટપુ આવીને સૂઈ ગયો. કાનાનો આગ્રહ નકામો ગયો.

ટપુનો વહેમ વધતો જતો હતો એટલામાં રામા પગીએ આ-વીને ખબર આપ્યા કે ચાર પાંચ જુવાનિયાને બાંધીને માર્યા એમાં એક માની ગયો ને બધાનાં નામ દઈ દીધાં છે.

'કાણુ હતા ઈ કાંઇ ખબર પડી?'

'કહે છે મુંબઈ અમદાવાદ ભણીના હતા.'

'આણીકારના માણસોની એટલી હિંમત નો હાલે' ટપુ બોલ્યો 'ઓલ્યા તો માથાં હાથમાં લઇને ફરનારા,'

'તયેં કહે છે ભડાકા સાંભળીને આઠ દસ માણસ દોડયા આવ્યા 'તા. પણ એકેય આદમી હાથ ન પડયો.'

'તો પછી આ પકડાયા કોણ?'

'ઈ તો સોળ સત્તર વરસના દૂધીઆ દાંતવાળા છોકરાને પકડયા છે! ઈ યે દરબારને બતાવવા, બાકી ખરા હોય ઈ હાથ આવે?' રામો પગી ચચ્યા.

'તમે કહો છો ને કે નામ દઈ દીધાં?'

'ઈ નામે ય બનાવટી. બીકના માર્યા આપ્યાં હશે.'

'ટપુભાઈ, આ રામો પગી જેટલું બોલે એટલું ખોટું જ બોલે છે. ખરી હકીકત રૂડા આતા આવશે તયેં જણાશે.' કાનાએ કહ્યું.

'હવે તું સાચુકલીનો છો ઈ હું ક્યાં નથી જાણુતો?' કહીને રામો પગી ચાલ્યો.

જે સમાચારો આવી રહ્યા હતા અને ટપુની ચિંતામાં ઉમેરો કરી રહ્યા હતા. પણ ટપુ પોતે લાચાર હતો. વાતનો તાળો મેળવવાનો એની પાસે કોઈ ઉપાય ન હતો. રૂડો પટેલ આવ્યા પછી પણ પોતે જે વાતની ખાતરી કરવા માગતો હતો તે થવાનો સંભવ ન હતો. છતાં એ રૂડાના આવવાની રાહ જોઈ રહ્યો.

★

૧૧

અજવાળી અગિયારસનો ચંદ્ર અસ્ત થતાં આખું આકાશ તારાઓના પ્રકાશથી ઝગમગી ઊઠયું. કામગરી સ્ત્રીઓએ ઊઠીને દીવા પ્રગટાવ્યા. ખાદી કાર્યાલયમાંથી પ્રાતઃકાળની પ્રાર્થનાના સૂર સંભળાયા અને પછી તરત જ વિનુભાઈ જઈને ઘંટીએ બેઠા. કાન્તા ઘઉં લાવી. બન્ને જણે દળવાનું શરૂ કર્યું. બીજા એક કાર્યકર્તા ફાનસ લઈ સ્વાધ્યાય કરવા બેઠા. અને વણકર લોકોએ અધૂરી રહેલી ઊંઘ પૂરી કરવા ઓરડીમાં જઈને પથારીમાં લંબાવ્યું.

એ વખતે દરવાજો ઉપર જોરથી ધડાકો થયો અને ‘ખોલો’ એવો અવાજ સંભળાયો. શાંત રાત્રિમાં અવાજ આખા કાર્યાલયમાં ગાજી ઊઠયો.

સૂવાની તૈયારી કરતો એક વણકર દરવાજે આવ્યો. એણે બારી ઉઘાડી તેવો જ એક બંદૂકધારી અંદર કૂદી આવ્યો. એની પાછળ એક ટોપાવાળો અમલદાર દાખલ થયો અને એક પછી એક પાંચ સાત હથિયારબંધ પોલીસ અંદર આવ્યા. પેલા અમલદારે આવતાં વેંત વણકરને પૂછયું ‘રમેશભાઇ ક્યાં સૂએ છે?

'એ તો ગામ ગ્યા છે.'

'વિનુભાઈ?'

'સામા ઓરડામાં હશે છે.'

વણકરને એક પોલીસે પકડી લીધો અને એ જણ દરવાજે ઊભા રહ્યા.

બૂટનો અવાજ સાંભળીને સ્વાધ્યાય કરતો જુવાન ઓસરીમાં આવ્યો ત્યાં એની આંખો ચોરબત્તીથી અંજાઈ ગઈ અને તરત જ એનો હાથ એક પોલીસે આવીને પકડી લીધો.

ઘંટીના મીઠા રવ સાથે વિનુભાઈ ધીમે સાદે ભજન ગાઈ રહ્યા છે, એ વખતે ઘોઘરો અવાજ સંભળાયો 'વિનુભાઈ.'

ઘંટી બંધ રાખી વિનુભાઈ ઊભા થયા. ફાનસ લઈને બારણામાં આવ્યા. સામે પોલીસ અધિકારીને ઊભેલા જોઈ નવાઈ પામ્યા અને તરત બે હાથ જોડી, સહેજ હસીને નમસ્કાર કર્યા.

'તમારું નામ વિનુભાઈ?'

'જી હા.'

'રમેશચંદ્ર ક્યાં છે?'

'એ બહાર ગામ ગયા છે.

'બીજા કોણ કોણ છે?'

'આ મારા એક સાથી કુંદનલાલ છે. મારાં ધર્મપત્ની કાન્તા છે. અને ત્રણ વણકરો છે.'

'ત્યારે તમે ને કુંદનલાલ અમારી સાથે ચાલો બાકીનાને આ મકાન ખાલી કરવાનું કહી દો.'

'પણ અત્યારે એકદમ એ લોકો ક્યાં જાય?'

'જાય જાહનમમાં' પાછળથી બીજો અધિકારી ગરજી ઊઠયો. 'અહીં ખાદીકામ કરવાને બહાને ગંધા ધંધા કરો છો ને પાછા સભ્યપણુ બતાવો છો ?'

'તમે જો માણુસાઈથી વાત કરશો તો જ જવાબ મળશે.' વિનુભાઇ કડક અવાજે બોલ્યા.

'અરે માણુસાઇ વાળા' કહેતો એ અમલદાર આગળ આવ્યો ને વિનુભાઈને બાવડે ઝાલીને એક પોલીસને હવાલે કરતાં કહ્યું 'આને બહાર લઈ જાઓ બધાને પકડી પકડીને બહાર કાઢો. અને સાહેબ,' અવાજ નરમ કરીને પોલીસ અધિકારી સામે જોઇને એ બોલ્યો 'આપ કાગળિયાં જોઇ લ્યો અને પછી બધે તાળાં મારી દઇએ.'

કાન્તા બાજુમાં ઊભી હતી. એનો રોષ માતો ન હતો. વિનુ-ભાઈનું અપમાન એનાથી સહ્યું જતું ન હતું. પરાણે ખામોશ રાખી એ ઊભી હતી. પોલીસ ઉપરી એની સામે જોઇને બોલ્યો 'તમારે લુગડાં–લત્તાં કાંઈ લેવું હોય તે મને બતાવી લઈ લ્યો.'

'એટલે શું તમે કાર્યાલય જપ્ત કરવાના છો ?'

'હા બહેન'

હજી કાન્તા એમને એમ ઊભી રહી છે. આમાંથી શું લેવું ને શું નહીં. એકાએક હલ્લો શાથી આવ્યો એની પણ એને સમજ પડતી ન હતી.

કાન્તાને ઊભેલી જોઇને પેલો તુમાખી અમલદાર તાડૂક્યો 'એ બાઇ, તેં સાંભળ્યું સાહેબે શું કહ્યું તે ? ચાલ જલ્દી બહાર નીકળ.'

'આ તો કુંભારથી ગધેડાં વધારે ડાહ્યાં લાગે છે. તારા

સાહેબને ઉતાવળ નથી ને તને આટલો બધો પાવર કરવાની શી જરૂર છે.'

સાંભળતાં જ એ ધગી ઊઠ્યો. પાસે ઊભેલા પોલીસને એણે હુકમ કર્યો. 'પરભાત, એને ધક્કો મારીને બહાર કાઢો અને લાલખાં એના લબાચા ઉપડાવો.'

સાહેબ આડું જોઇ ગયા અને આ બાજુ પરભાતસંગ ને લાલખાં આગળ આવ્યા: કાન્તાનો હાથ પકડવા જાય છે ત્યાં 'ખબરદાર મને હાથ અડાડયો તો.' કહીને કાન્તા ઓરડામાં ગઇ. થેલીમાં એક જોડ કપડાં ને પેટીરેંટિયો લઇ બહાર ચાલી.

અર્ધા કલાકમાં બધું વેરણછેરણ કરી નાખ્યું. ખાસ કશું વાંધાભરેલુ મળ્યું નહિ છતાં થોડાં કાગળિયાં લઈ લીધાં. વિનુભાઈ તથા કુંદનલાલને સાથે લીધા. બે પોલીસનો પહેરો ગોઠવી સૌ બહાર નીકળ્યા.

જાગી ઊઠેલા લોકો પોતાના ઘરને બારણે ઊભા જોઈ રહ્યા હતા. કાર્યાલયના દરવાજા આગળ કાન્તા અને વણકર કુટુંબો ઊભાં હતાં. ગામ લોકો સાંભળે તેમ પેલા અમલદારે પહેરેગીરોને તાકીદ કરી 'જો જો આ લોકોને કોઈ સંઘરે તો મને રિપોર્ટ કરજો.'

સૂનકાર બજારમાં થઈને સૌ ગામ બહાર આવ્યા ત્યાં ઊભેલી મોટરબસમાં બેસી ભાવનગરને રસ્તે પડયા.

આ બાજુ વણકરો હરિજનવાસમાં ગયા. કાન્તાને પોતાની સાથે આવવા આગ્રહ કર્યો. પણ એણે ના પાડી. એણે કહ્યું કે 'મારે જોવું છે કે ગામલોકોમાંથી કોઇ મને સંઘરે છે કે નહિ?' આમ કહી એ રામમંદિરને ઓટલે જઇને બેઠી.

આખું ગામ જાગી ઊઠયું તેટલામાં તો ઘેર ઘેર વાત પસરી ગઇ. ગામમાંથી તરત જ વાડીઓમાં સમાચાર પહોંચ્યા.

તડકા થયા પછી ખોદવાનું બરાબર ફાવતું ન હોવાથી ટપુ વહેલો બગબગામાં કામે ચડ્યો હતો. કાનો પણ સાથે હતો. બન્ને જણુ ખાડા ગાળતા હતા. સૂરજ ઊગીને સમો થયો ત્યાં દેવુભાઇનો અવાજ આવ્યો, ' હાલ, ટપુભાઈ, શીરાવા. '

ટપુ ને કાનો આવ્યા. હાથ મોં ધોઇને શીરાવવા બેઠા. હજી બટકું ભરે છે ત્યાં દેવુએ વાત કરી, ' આજ ટપુભાઈ, આપણા ગામમાં હાહાકાર થઇ ગ્યો છે. '

' કેમ, '

' વિનુભાઈને પકડી ગ્યા. ને કાર્યાલય જપત કર્યું. '

' ટપુ સાંભળી રહ્યો. બટકું એમ ને એમ હાથમાં રહી ગયું. આંખથી જ આગળ વાત કરવા કહેતો હોય એમ એ તાકી રહ્યો.

' કાન્તાને ને વણકરોને બહાર કાઢીને પોલીસનો પહેરો બેસાડી દીધો. '

' કાન્તાબેન ક્યાં ગયાં ? '

' જાય ક્યાં, એ ચોરે બેઠી. એને કોણ સંઘરે. '

' કેમ ગામમાં કોઈ માણુસ નથી, બધા મરી ખૂટયા છે. ' ટપુ એકદમ ધગી ઊઠયો.

' છે તો ઘણાય, ઓલ્યો લખમણિયો ને કરસનિયો બધાય ગાંધીના દીકરા થઇને જતા'તા. અટાણે બાયલાની જેમ ઘરમાં ભરાઈ ગયા. '

' એ તો ભારે કે'વાય. ' ટપુ વિચારમાં પડયો.

' તું ભોળિયો છો ટપુભાઇ, આ ગામમાં તો બધાં નંબર્યાં છે. '

'એ લોકોનો વાદ આપણે નો કરવો.' ટપુએ બટકું નીચે મૂક્યું. 'અવાજમાં અત્યંત માર્દવ ભરીને એ બોલ્યો, 'દેવુબેન, એક બાઈ માણસ એમ અંતરિયાળ ચોરે બેસી રહે, ઈ આપણા કોઈને માટે સારું નો કે'વાય.'

'એમાં આપણે શું કરીએ, એનાં કર્યાં ઈ ભોગવે. શા સારુ ગાંધીની સગી થવા ગઈ'તી.'

'એવું ના બોલો બહેન, ગાંધી તો દેવપુરુષ છે. તમને ભલે કાંઈ ન લાગતું હોય, મને તો એ મારી સગી બહેન હોય એટલું લાગી આવે છે.'

'તો જઈને તેડી આવ્ય. તને કોણ આડું ફરે છે?'

'બરાબર છે. હું તેડી આવું છું.' ટપુ ઊભો થયો. કાનો આવે વખતે બહુ ગભરાઈ જતો. પૂરું સમજતો નહીં અને ટપુને રોકી શકતો નહીં. ટપુને જતો જોઈને દેવુએ કહ્યું, 'મોટો ધરમી થઈને હાલ્યો છો પણ એટલું ધ્યાનમાં રાખજે મારા આતાને ખબર પડશે તો માર્યા વિના નહીં મૂકે.'

'શું કામે મારશે?'

'અદેશંગ કાકાને મારવામાં આ ગાંધીવાળાનો હાથ છે. અને કે'છે એમને સુવાણુ નથી. એટલે ફોજદારશા'બ પહેરેગીરોને કહી ગયા છે કે આ લોકોને કોઈ આશરો દે તો રિપોટ કરે.'

'ભલેને કરે.' ટપુ ચાલ્યો.

'આ ટપુડો હાથે કરીને માર ખાવાના ધંધા કરે છે એમ મનમાં વિચારતી દેવુ ઊભી થઈ રહી. ટપુને કેમ રોકવો એ એને પણ સમજાયું નહીં. જરાક ઉતાવળી ચાલીને એ ટપુ સાથે થઈ. પાછળથી બૂમ મારી, 'ટપુભાઈ, ધીમો હાલ, ઈ નકીં ભાગી જાય.'

'તમે એમ આડું ન બોલો દેવુબેન' ટપુ ધીમો પડીને સાથે ચાલતાં બોલ્યો, 'વિચાર તો કરો એની જગ્યાએ તમે પોતે હો તો તમને કેવું થાય.'

'મને તો ટપુભાઈ, તારી દયા આવે છે. તારી મા અહીં હોય તો તને નો જવા દે.' દેવુના અવાજમાં કુમાશ આવી. ટપુએ દેવુની સામે જોયું. એની આંખમાં મમતા હતી. પણ પોતાને માટેની આ મમતા કાન્તા માટે પણ પ્રગટે એમ ટપુ ઇચ્છતો હતો. તેથી એણે જવાબ દીધો :

'દેવુબાઈ, તારો ભાવ મારી ઉપર છે એટલે તું મારી દયા ખાછ, પણ ખરી રીતે તો કાન્તાબેનને માટે જ એ ભાવ જાગવો જોઈએ. તું ગામના પટેલની દીકરી છો. તારે મન ગામનાં સૌલોક ભાઈબેન જેવાં હોવાં જોઈએ.' અંતર વલોવાઈને નીકળતાં ટપુનાં વેણ દેવુને હૈયાસોંસરાં ઊતરતાં હતાં. પણ ટપુ માટેનો ભય એને એટલો સ્પષ્ટ દેખાતો હતો કે એ બીજો વિચાર જ કરી શકતી નહતી. એટલે મૂંગી મૂંગી નીચું જોઇને પડખે ચાલવા લાગી. ટપુએ જોયું કે પોતાના કથનની અસર થઈ છે એટલે એણે કહ્યું: 'ખરી રીતે તો તારે એને ઘેર લઈ જવી જોઇએ.'

'તો તો મારા બાતા મને મારી જ નાંખે ને !'

'આવા શબ્દો તમારા મોઢામાં શોભતા નથી. હું તો તમને બહાદુર માનું છું.'

'મારે એવા બહાદર નથી થાવું. તું એકલો બહાદર થા ને પેટ ભરીને કાકના માર ખા.' આટલું કહેતાં દેવુનું ગળું ભરાઈ આવ્યું. માત્ર ટપુને માર પડશે એટલો જ ભય દેવુને નહોતો. પણ આ વખતે તો એને જરૂર રજા દઈ દેશે એવી એને બીક હતી.

આ બીકની કલ્પના સુદ્ધાં ટપુના મનમાં ન હોવાથી એ દેવુની આ અવસ્થા પૂરેપૂરી સમજી ન શક્યો. એ બાબતમાં ઊંડું ઊતરવા એનું મન નવરું નહતું. અત્યારે એના મગજમાં બીજા અનેક વિચારો ભર્યા હતા. રમેશ, વિનુભાઈ, કાન્તા, ગામલોકો, રૂડો, ઉદેસિંગ પકડાયેલા જુવાનો, દમનચક્રમાં રિબાતી આમપ્રજા, એ બધાના વિચારોથી ટપુનું મન ભરાઈ ગયું હતું. દેવુ સાથે વિશેષ વાદવિવાદ કર્યા વિના એ ગામમાં આવ્યો.

મંદિરના ઓટલા ઉપર બેઠી બેઠી કાન્તા કાંતતી હતી. સામે એ ત્રણ જુવાનો ઊભા હતા. ટપુને જોતાં જ લખમણ બોલ્યો, 'લ્યો આ ટપુભાઈ આવ્યા. એ કાન્તાબેનને સમજાવશે.'

'શું સમજાવવાનું છે?'

'હું કહું છું મારે ઘેર હાલો. અહીં ચોરે નો બેસાય.'

'બરોબર છે. કાન્તાબેન ઊઠો.'

'પણ આ કરસન શું કહે છે એ તો સાંભળો.'

'શું કહે છે કરશન?'

'લખમણના આતા કહે છે કે કાન્તાબેનને લાવીશ તો ઘરમાં પગ નહીં મૂકવા દઉં.'

'તો પછી લખમણે ઈ ઘરમાં પગ નો મૂકવો. અહીં કાન્તા-બેનની હારે જ પડયા રહેવું.'

'એટલી મક્કમતા હોત તો આપણી આ દશા શેની થાત' કરશન બોલ્યો, 'મારી પંડની જ વાત કરું. મને ઘણુંય પેટમાં બળે છે પણ લાચાર છું. ઘરનાં સૌ રોવા બેઠાં છે.'

'ઈ બધાં સ્વારથને રૂએ છે. અને આપણેય સ્વારથને લીધે એનું રોવું સાંભળીએ છીએ.' ટપુ બોલ્યો 'મેં તો સાંભળ્યું ને

મને ઝાળ લાગી. વિનુભાઇએ આ ગામને ટીંએ આટલાં વરસ તપ કર્યું, પોતાનાં હાડ ગાળ્યાં, એની વહુને આજ ખરે વખતે કોઈ આશરો નો આપે, કેવી વાત કે'વાય !'

'ટપુભાઈ, ધીમે બોલ' ફરશન દબાતે સાદે બોલ્યો.

'કેમ ?'

'ઓલ્યો પોલીસ આણીકોર આવે છે.'

'મને કોઈની બીક નથી. ઊઠો કાન્તાબેન, મારી હારે વાડીએ હાલો. હું તમને તેડવા જ આવ્યો છું.'.

'હા લ્યો, એની હારે જાઓ.' લખમણે આનંદમાં આવી જતાં કહ્યું 'ન્યાં તમારું કોઈ નામ નઈં લે.'

'હવે બોલશો નહીં લખમણભાઈ, મને દુઃખ થાય છે.' કાન્તાએ કહ્યું, 'ટપુભાઈ, તમારો હું આભાર માનું છું. મેં નિશ્ચય કર્યો છે કે કોઈ હિંમતથી પોતાને ઘેર ન રાખી શકે તો અહીં ભગવાનના ચરણમાં સૂઈ રહેવું.'

'તમારે અહીં પડ્યા રહેવાની જરાય જરૂર નથી. હું ય આ ગામનો રહેવાસો છું. મારી હારે તમારે આવવું જ પડશે.'

'હા બેન, જાઓ. ટપુભાઈ હારે જવામાં હરકત નથી.' કરસને કહ્યું.

કાન્તાએ ઘડીભર વિચાર કર્યો અને પછી રેંટિયો બંધ કરીને ઊભી થઈ.' ચાલો અત્યારે આવું છું. સાંજ સુધીમાં ગામમાંથી કોઈ તેડવા આવશે તો પાછી આવીશ.'

'એમ પરાણે કોઈને ઘેર જવાનો આગ્રહ ન રાખવો જોઈએ.' કહીને ટપુ આગળ ચાલ્યો. કાન્તા એની પાછળ ચાલી.

સામી દુકાનેથી બીડી લઈને પરભાતસંગ ચોરા પાસે આવ્યો. ડોળા કાઢીને પૂછવા લાગ્યો, 'કોની સાથે એ બાઈ ગઈ ?'

'ટપુ સાથે.'

'ઈ ટપુડો કોણ છે?'

'રૂડા પટેલનો સાથી.'

'એનું ઘર ક્યાં આવ્યું?'

'એને બચારાને ઘર કેવું. ઈ તો વાડીએ જ પડ્યો રહે છે.'

પરભાતસંગ સોધો રૂડા પટેલને ઘેર ગયો.

'આવો પરભાતસંગ, તમારા સીધાસામાનની ગોઠવણ થઈ ગઇ છે. હમણાં જીવો આવીને મૂકી જશે. કુંભાર પાણીના બે ગોળા ભરીને મૂકી જશે.'

'ઈ બાબતની અમને જરાય ફકર નથી. આપને ત્યાં અમને અગવડ પડે જ નહિ.'

'છતાં કંઈ જોઈતુંકારવતું હોય તો કહેવરાવજો. મૂંઝાશો નહીં.'

'આ ટપુ કોણ છે રૂડાભાઇ?' પરભાતસંગે બીતાં બીતાં પૂછ્યું.

'કયો ટપુ?'

'આપની વાડીએ રહે છે ઈ.'

'આપણો સાથી છે. બહુ હોંશિયાર છે. તમે વાડીએ ગ્યાતા?'

'ના જી. ઈ ગામમાં આવ્યો તો. ઓલી બાઇને વાડીએ તેડી ગયો.'

'કઈ બાઇને?'

'કાન્તાબાઇને.'

'આપણી વાડીએ?'

'જી હા.'

'લે, શરમાણો નહિ, પરભાતભાઈ, પરબત,' રૂડાનો અવાજ ધ્રૂજી ઊઠયો.

'કેમ ભાઈ,' પરબત ઘરમાંથી દોડયો આવ્યો.

'જા, ઘોડી લઇને વાડીએ જા. ટપુડાને કહેજે કે ઓલી કાન્તાબાઇને ત્યાં તેડી ગ્યો છે તે રજા દઇ દે. પરભાતભાઈ તમારે એની ચિંતા ન કરવી. વાડી મારી છે એના બાપની નથી.'

'મનેય ઇ નવાઈ લાગી' પરભાતસંગ બોલ્યો: 'કે આપનો સાથી ઊઠીને આ શું કરે છે. ગામમાં તો કોઇ સંઘરે એમ નો'તું.'

'અરે આ ગામમાં કોઈ એને ઊભી રે'વા ન દે. અને સંઘરે તો ઘરને કડિયું જડાઇ જાય ખબર છે. અદેશંગભાઇનો મારનાર હાથ આવે તો ઠાર મારું.'

'ઇ તો અમે કયાં નથી જાણતા. લ્યો બેસો રામ રામ.'

'એ રામ રામ. જે જોઇએ તે મંગાવી લેજો. અને ઇ બાઇ સાંજ પહેલાં આ ગામમાં નહિ હોય એની ખાતરી રાખજો.'

સલામ કરીને પરભાત ચાલ્યો ગયો. પરબત ઘોડી પર ચડીને વાડીએ ગયો. રૂડો રીસમાં હોઠ ભીંસીને ચકમક ઘસવા લાગ્યો. આજ એના મગજનો પારો એકદમ ચડી ગયો હતો.

આ બાજુ વાડીએ આવીને ટપુએ પોતાના શિરામણમાંથી અર્ધો રોટલો ને થોડું દહીં કાન્તાને આપ્યાં. કાન્તાએ બહુ આનાકાની કરી છતાં એણે આગ્રહપૂર્વક થોડો નાસ્તો કરાવ્યો. પછી ઓરડીમાં એક કોથળો પાથરી દીધો, ઓરડીમાં બોલાવીને કાન્તાને કહ્યું, 'અહીં અંદર બેસવું ગમે ત્યાં સુધી બેસો. આ રામાયણ છે એ બે ઘડી વાંચજો, કાંતજો. ન ગમે તો અમે સામે ખાડા ગાળીએ છીએ ત્યાં આવજો.'

'તમે ખુશાથી જાઓ. હું બેઠી બેઠી કાંતીશ. નહિ ગમે તો વાંચીશ.'

'બપોરે પાછા અમે આવશું ને ભાત આવશે એટલે સાથે બપોરા કરશું.'

'તમે હાથે રાંધતા નથી?'

'અમારે સાથીને રાંધવાની નવરાઈ ક્યાંથી હોય? તમે રહેશો તો હાથે રાંધવાનું કરશું. ઠીક ત્યારે હું જાઉં છું હો બેન!' ટપુ ચાલ્યો ગયો.

કાન્તાના મનમાં થયું કેવો લાગણીવાળો છે. બધા આવા હોય તો ચાર મહિનામાં દેશ સ્વતંત્ર થઈ જાય.

ટપુએ જઈને હજી કોદાળી હાથમાં લીધી ત્યાં પરબત ઘોડી ઉપર આવી પહોંચ્યો. પહેલો ઓરડીએ ગયો. અંદર કાન્તાને બેઠેલી દીઠી. એને કશું કહ્યા વગર ટપુ પાસે પહોંચ્યો. ટપુએ પરબતને આવતાં દીઠો. તરત એ પામી ગયો. પરબતે ઘોડી પર બેઠાં બેઠાં દૂરથી જ બૂમ મારી, 'ટપુભાઈ, આમ આવજે.'

ટપુ કોદાળી મૂકીને નજીક આવ્યો. પરબત નીચે ઊતર્યો અને બોલ્યો, 'તેં આ શું કર્યું ટપુભાઈ, હાથે કરીને દુઃખી થવાના રસ્તા શોધી કાઢ છ.'

'જુઓ પરબતભાઈ, તમને ટૂંકી વાત કરું. હેતુભાઈને માથે એવું થયું હોય તો તમે શું કરો.'

'હેતુ ને માથે કોઈ હાથ તો ઉપાડી જુએ.'

'ત્યારે સૌની બેનો સરખી. વળી આ તો દેશને માટે કરે છે. અને આપણે માણસ જેવા માણસ ગામમાં રહેતા હોઈએ ને એક બહેન ચોરે પડી* રહે તો તો આપણા જીવતરમાં ધૂળ પડી.' પરબતની આંખમાં પોતાની નજર ખૂંતાડીને બોલ્યો.

'એ બધું હું સમજું છું. તું એમને લઈ આવ્યો ઇ મને ગમે છે. પણ આપણે સરકારી નોકર રહ્યા. આપણે ત્યાં એ નો પોસાય.'

'સરકારી નોકર થયા તેથી માણસ મટી ગયા?'

'તને દલીલમાં નઈ પોગાય, હું તો એટલું કહું છું કે ભાઈ બહુ ખિજાઈ ગ્યા છે.'

'એ તો શાંત થઈ જશે. જાઓ જઈને રૂડાભાઈને કહો કે ટપુ એને કાઢી મૂકવાની ના પાડે છે.'

'એવું કહું તો મને વઢે.'

'તમારે સાચું લાગે તે ચોખ્ખું કહેવું. એમ સગા બાપથી દબાશો તો આગળ જતાં પટલાઈ કેમ કરશો?'

'ઠીક હું તો કહી દઈશ પણ તારે માથે કાળ ભમે છે.' આટલું કહીને પરબત પાછો વળ્યો.

કાનો બધું સાંભળ્યા કરતો હતો. ટપુ પાસે આવ્યો એટલે કાનાએ કહ્યું, 'ટપુભાઈ, ગમે એમ તોય આ કાંઈ તમારું ઘર નથી.'

'મારું કેમ નથી?'

'તમે સાંભળો તો ખરા. એટલે કાન્તાબેનને હું મારે ઘેર લઈ જાઉં.'

'તારે વળી ઘર છે?'

'હા છે ને ગામને ઉગમણે પડખે બે કૂબા છે એમાં એક મારો છે. એમાં અટાણે મારા બાપાની માશી રહે છે. એની એક દીકરી છે. ઈ હમણાં સાસરે ગઈ છે, એટલે ત્યાં મૂકી આવું.'

'એમ કાન્તાબેનને અનેક સગાસંબંધી છે, પણ આપણા ગામમાં જ એમને રહેવું છે.'

'તે હુંય ગામમાં જ રહું છું ને. તમારે નાહક પટેલ બાપા હારે બોલાચાલી થાય ઈ નહીં સારું.'

'તને બીક લાગે છે?'

'હા ભાઇસા'બ, મને માર પડે એનો વાંધો નઈ. તમને કોઈ હાથ અડાડે ઈ મારાથી નો સંખાય.'

'ઠીક લે છાનોમાનો કામ કર. હમણાં બપોર થઇ જશે.'

'બપોર થવા આવ્યા છે. હવે શી વાર હતી. જુઓ સામે ધના બાપાના કોસ છૂટી ગયા.'

'એમ, બહુ વખત નકામો ગયો.' ટપુએ કોદાળી ખભે મૂકી. કાનો પણ સાથે ચાલ્યો. બન્ને જણ ઓરડીએ આવ્યા.

'કેમ આવી ગયા?' કાન્તાએ પૂછ્યું. એને આજે ક્યાંય ચેન પડતું ન હતું.

ટપુ ઓરડીમાં પગ મૂકે છે ત્યાં રૂડાની ઘોડીના ડાબલા વાગ્યા. મારતી ઘોડીએ રૂડો આવતો હતો.

ટપુએ રૂડાને જોતાંવેંત કાન્તાને કહ્યું, 'રૂડાભાઈ આવે છે. તમે શાંતિથી અંદર બેસી રહેજો.'

ટપુ અડગપણે સ્વસ્થતાથી બારણા વચ્ચે ઊભો રહ્યો.

★

૧૨

પરબતે સમાચાર આપ્યા એવો જ રૂડો ઊભો થયો. માથે પાઘડી મૂકીને ઘોડી પર સવાર થતાં બોલ્યો, 'તારું કીધું નો માન્યું તો તો પછી કાલ સવારે ઇ વાડીનો ધણી થઈ પડે. હરામખોરને જાતાંવેંત કાંઈ હા ના કરે તો બંદૂકે જ દઈ દઉં.' એમ કહેતો રૂડો મારતી ઘોડીએ વાડીએ આવી પહોંચ્યો.

વાડીમાં દાખલ થઈને સીધો ઓરડી પાસે પહોંચ્યો. ઘોડી પરથી છલંગ મારીને નીચે ઊતર્યો અને એકદમ ટપુ ઉપર ધસી ગયો.

'કેમ ટપુડા, ઓલી બાઈ ક્યાં છે?'

'અહીં ઓરડીમાં બેઠાં છે.' શાંત અવાજે ટપુ બોલ્યો.

'એને બહાર કાઢ. અને તું ય તારા લબાચા ઉપાડ.' જવાબમાં ટપુ રૂડાની સામે ગંભીરપણે તાકી રહ્યો ને બોલ્યો, 'એમ મારા લબાચા નો ઊપડે. અને એને બહાર પણ ન કઢાય. તમે વિચાર તો કરો રૂડાભાઇ, શિબિ રાજાએ એક હોલાને આશરો દેવા પ્રાણ દીધા'તા. તો આ તો આપણી બહેન છે.'

'ઈ ગનાન બધું તારી પાસે રાખ. તું બહાર નીકળી જા. ને એને ય બહાર કાઢ.'

'એમ પરાણે તમે એક્ય ને નહીં કાઢી શકો.'

'શું કીધું ? વાડી તારા બાપની છે ?'

'વાડી મારા બાપની નથી,' ટપુ દૃઢતાથી બોલ્યો, 'પણ આ ઓરડીની માલિકી અત્યારે મારી છે.'

'અરે માલિકીવાળા' કહીને રૂડાએ ટપુને માથે બંદૂકનો કુંદો માર્યો. ટપુને તમ્મર આવી ગયાં. એણે બારણું ઝાલી લીધું. કાન્તા ઊભી થઈને દોડી આવી. સામેથી કાનો દોડયો આવ્યો. બન્નેએ ટપુને પકડી લીધો. કાન અને લમણા ઉપર જોરથી ઘા લાગવાથી લોહીની ટસરો ફૂટી એની દરકાર કર્યા વિના રૂડાએ બરાડો પાડયો. 'કાનિયા મૂકી દે એને. ઈ તો ઠાલો ઢોંગ કરે છે.'

'આમ લોહી નીકળે છે ને ઢોંગ કહો છો રૂડા બાપા !' કાનાએ જિંદગીમાં પહેલી જ વાર જવાબ આપ્યો. સાંભળીને રૂડો વધુ તપી ગયો. કાનાને એક થપ્પડ મારીને બાજુ પર પાડી દીધો, 'માંકડને આંખો આવી. મારી સામે બોલ છ, હરામખોર ! તું ય એની ભેગો રહીને બગડી ગ્યો ? ટપુડા, તને ય એકવાર જાવા દીધો એમાં તું ય ફાટયો છો. હવે મારે એક ઘડીયે તારું કામ નથી. નીકળ બહાર.'

'એમ તમે મને નહીં રજા આપી શકો.' ટપુ બોલ્યો 'તમારે મને એક મહિનાની નોટિસ આપવી પડશે.'

'મહિનાની નોટિસ ! લે આ નોટિસ ? કહેતાં રૂડાએ ફરીથી બંદૂકનો ઘા કર્યો. કાનો ઘા ઝીલવા આડો પડયો. કાન્તા પણ વચ્ચે પડી, એટલે ટપુએ બંદૂકનો છેડો જોરથી પકડી રાખ્યો અને ગુસ્સાથી

રૂડા સામે જોઇ રહ્યો. જાણે હમણાં મારી પાડશે. કાન્તાએ ટપુનો ચહેરો જોયો ને એ પણ ડરી ગઈ. રૂડો પણ મનમાં સહેજ ભે ખાઈ ગયો. એણે ટપુની આંખમાં કોઈ દિવસ આવો ગુસ્સો જોયો ન હતો. એટલે એણે બંદૂક મજબૂત પકડી રાખી અને બૂમ પાડી 'મૂકી દે, નહિતર મરી ગ્યો સમજજે.'

બરાબર એ જ વખતે દેવુ ભાત લઇને આવી પહોંચી. એણે રૂડાની બૂમ સાંભળી અને સામે દ્વંદ્વ યુદ્ધ થતું જોયું. ભાત ઉતારીને એ દોડી આવી. ટપુના કાનમાંથી ટપકતું લોહી જોતાં જ એ રૂડાની સામે ફરી.

'એને બચારાને શું કામે મારો છો ?' એમ કહેતાં એક ઝપટ મારીને બંદૂક આંચકી લીધી. ટપુએ પણ બીજો છેડો મૂકી દીધો. પોતાની અને ટપુની વચ્ચે આવેલી દેવુને જોતાં જ રૂડો ક્રોધથી ધ્રૂજી ઊઠયો 'ઈ બચારો છે? એક મજૂર ઊઠીને મારી સામો થાય? અહીં ને અહીં દાટી ન દઉં!'

'એવો તે એણે શું આપણો ગરાસ દબવ્યો છે?' દેવુ સત્તા-વાહી અવાજે બોલી, 'કાન્તાબેનને ઠેકાણે હું હોઉં તો તમને કેવું લાગે? એને તો હું હમણાં આપણે ઘેર લઇ આવવાની છું.'

રૂડો ક્રોધથી ધૂંધવાતો ઊભો રહ્યો. શું કરવું એ એને કશું સઝયું ન હતું. એવામાં દેવુ બોલી, 'ઘેર જાઓ હવે. ખોખરેથી મદારશંગ બાપુ આવ્યા છે. તમારી વાટ જુએ છે.'

'કોણ અદેશંગભાઈના કાકા?'

'હા. મને કહે તારા બાપને જઈને તરત મોકલજે.'

રૂડો આ તરફ જોયા વિના ઘોડી તરફ ગયો. સ્વાર થઈને ઘર ભણી ચાલ્યો ગયો.

કાન્તા તો સાવ દિઙ્મૂઢ બની ગઇ હતી. એને થતું હતું કે અહીં ન આવી હોત તો સારું હતું. પોતે જરા ગુસ્સામાં આવી ગયો તે માટે ટપુને મનમાં દુઃખ થતું હતું. કાનો રૂડાની સામે ઊભો રહી શક્યો એથી જરા આનંદિત જણાતો હતો. દેવુની આંખમાં રોષ અને માયા બન્ને હતાં. દેવુની સામે આભાર ભરી નજર નાખીને ટપુ બોલ્યો: ' તમે ન આવી પહોંચ્યાં હોત દેવુબેન, તો ન થવાનું થઈ જાત. '

' કાન્તાને વાગી બેસત નહીં ? '

' ના. ' ટપુ ઘડીક અટકયો. અને વિશાદપૂર્ણ અવાજે બોલ્યો ' રૂડાભાઈ ઉપર ઘા થઈ જાત ! '

' હશે હવે જે થયું તે. તમે સૌ બપોરા કરી લ્યો. '

' હાલો કાન્તાબેન, કાનાભાઇ ! ' ટપુ કાને હાથ દબાવી કૂવા તરફ ચાલ્યો.

' હજી લોહી નીકળે છે ? ' દેવુએ પાસે આવીને પૂછ્યું.

' ના ના. '

' લાગે છે ને ના શું ? ' દેવુએ કાને આંગળી દબાવીને ટપુને બતાવી. ' પાછો સંતાડશે. લાવ રૂ બાળીને મૂકી દઉં. નકર ઓરડીમાંથી બાવું લગાડી દઉં. '

' હવે તમને ઓરડીમાં એકય જાળું નહિ જડે. '

' તો લે આ ચૂનો લગાડ. પાકે નહીં. ' ખૂણામાં પડેલ એક ડબામાંથી ચૂનાની ગાંગડી લઈ ભીની કરવા થાળામાં ગઈ. કાનો કાન્તાને લઇને પીપર નીચે ઓટલા પર ગયો. પાથરણું પાથરી સૌ જમવા બેઠાં.

' દેવુબેન, તમે જમ્યાં ? ' કાન્તાએ પૂછ્યું.

'હા, હું તો બપોરા કરીને જ આવું છું. તમે ચાલુ કરો.' દેવુએ હથેળીમાં ચૂનો ઘોળ્યો. ટપુના કાન ઉપર ધીમે રહીને લગાડયો. લગાડતાં લગાડતાં બોલી, 'આખો લમણો સોજી ગયો છે. આવા મફતના માર ન ખાતો હો તો ?'

'મારે માટે થઈને માર ખાધો.' કાન્તાએ કહ્યું.

'તમારે લીધે નહીં.' ટપુએ જવાબ આપ્યો: 'આખું ગામ પોતાનું જ ધાર્યું કરે એમ રૂડાભાઈને લાગે છે તેથી ખાધો. કેમ દેવુબેન ?'

'તું તો માર ખા, ઈ લાગનો છો.' દેવુએ મોં ભારે કરીને કહ્યું.

'તમારા હાથના રોટલા કરતાં તમારા આતાના હાથનો માર મને વધુ મીઠો લાગે છે.'

'તો પછી તને હુંય બબ્બે ધોકા રોજ મારતી જાઉં. આ કાનિયો હમણાં બચી જાય છે.'

'આ જુઓને ભાઈશા'બ' કાને ગાલ બતાવ્યો. ઉપર ત્રણ આંગળાં ઊઠી આવ્યાં હતાં.

'મારા આતાને રીસ ચડે છે ત્યારે ભાન રહેતું નથી,'

'ભાન રાખવું જોઈએ' ટપુએ કહ્યું: 'ગામના મુખી થયા તો પછી વિચાર કરીને વરતવું જોઈએ.'

'મેં તને ના નો'તી પાડી પણ, તું નો માન્યો.'

'પણ અત્યારે તો તમે લઈ જવા તૈયાર થયા છો.'

'ઈ તો તને ફરીવાર માર નો પડે એટલા સારુ.'

'હું તમારે ઘેર નથી આવવાની.' કાન્તાએ કહ્યું: 'એ સરકારી

નોકર ગણાય. વળી એમની ઇચ્છા વિરુદ્ધ તમે લઈ જાઓ એ બરાબર નથી. લખમણના બાપાએ ના પાડી એટલે એને ઘેર પણ હું ન ગઈ.'

'ઈ લખમણિયો બાપની બીકે ન લઈ જાય.' દેવુ ઊંચે સ્વરે બોલી: 'એકવાર હું ઘેર લઈ જાઉં પછી મારા આતા કશું ન કહે અને કહે તો ફરી હુંય એમના ઘરમાં પગ ન મૂકું. જેટલો પરબતનો હક્ક એટલો જ ઈ ઘરમાં મારો હક્ક છે.'

'તો પછી આ વાડી ઉપર મારો હક્ક નહિ કે?' ટપુએ પૂછ્યું.

'તારો હક્ક સાડી સાતવાર. જે તન તોડીને કામ કરે એનો હક્ક પહેલો લાગે.'

'દેવુબેન તમે તો બહુ સમજુ લાગો છો.'

'તને એમ હશે કે તું જ એકલો અક્કલવાળો છો?'

'અક્કલનો કાંઈ ઇજારો નથી હોતો' કાનાએ વચ્ચે કહ્યું: 'દેવુબેન દીકરો થયાં હોત તો રૂડાભાઇની પટલાઈ એમને મળત.'

'તું મૂંગો મરીશ કે બીજે ગાલે થપ્પડ ખાવી છે?'

'મારી લ્યોને બહેન, એટલે આ દુ:ખતા ગાલને ખોટું ન લાગે.'

'તું આ ટપુડાની વાદે ચડયો છો પણ હજી વધારે માર ખાઇશ.'

'તમે જાળવજો.'

'મને કોણ મારનાર છે?'

'આજ થોડા માટે રહી ગયાં, નહિતર બતાવત.'

એમ વાતો કરતાં સૌ જમી રહ્યાં. ભથાણું બાંધીને દેવુ ઘેર જવા તૈયાર થઈ. કાન્તાને કહ્યુંઃ 'હાલો મારી સાથે.'

'હું તો આજ સાંજે ભાવનગર જવાની છું.'

'ભાવનગર આપણે કાલે જશું.' ટપુએ કહ્યુંઃ 'વિનુભાઈને ક્યાં રાખ્યા છે એ મેં ખબર કઢાવ્યા છે. સમાચાર આવશે પછી જશું. હુંયે સાથે આવીશ.'

'ટપુભાઈ, તું કાન્તાબેનને સમજાવ. અહીં તમે બેય છડેછડા છો એટલે અહીં રહે઼ઇ સારું નહીં.'

'બરાબર છે. જાઓ બેન, આપણે તો દુશ્મનને ઘેર રહેતાં પણ શીખવું જોઈએ.' ટપુએ માર્મિક વાક્ય ઉચ્ચાર્યું. એના કહેવાનો મર્મ કાન્તા સમજી ગઈ. એ કાંઇક દલીલ કરવા જતી હતી તે ન કરતાં ઊઠીને ઊભી થઈ. 'ચાલો ત્યારે, મારે તો નવાગામનાં દરેક ઘર સરખાં.'

'મેં રેંટિયો ઉતાર્યો છે તે મને કાંતતાં શીખવજો.' દેવુએ રાજી થતાં કહ્યું.

'હા, એવું કંઇક કામ બતાવશો તો મને ગમશે.' પછી ટપુને કહ્યું 'ઠીક ટપુભાઈ, માફ કરજો. તમને હેરાન કર્યા છે.'

'આવજો. એ પણ મારું જ ઘર છે. તમે તો દેવુબેનને તમારા એક ભારે વિરોધીની દીકરી ગણો છો. પણ એ મારી સગી બહેન જેવી છે. એનામાંય ઘણા ગુણ ભર્યા છે. એમની સાથે રહેશો એટલે ખબર પડશે.'

'એ તક આપવા માટે તમારી આભારી છું.' નમસ્કાર કરીને કાન્તા ચાલી. ટપુ સામે જોઇને મોં મરકાવતી દેવુ પણ રસ્તે પડી.

ટપુના મનમાં પોતાને માટે આટલો બધો ભાવ હશે એની એને આજે જ ખબર પડી. અને તેથી એના હરખનો પાર ન રહ્યો.

ગામમાં દેવુની સાથે કાન્તાને જતી જોઈને જે કોઈ સામે મળ્યાં તેમને નવાઈ લાગી. રૂડા પટેલની બેઠક પાસે થઈને એ બન્ને ડેલીમાં ગયાં ત્યારે બેઠકમાં બેઠેલા ઘણાખરાની નજર એમની ઉપર પડી. એ સભાસદોમાં પરભાતસિંગ અને લાલખાં પણ હતા. રૂડાની બાજુમાં મહારસિંગ બેઠા હતા. અદેસિંગની તબિયત વિષે વાતો ચાલી રહી હતી. એ વખતે પરભાતે પૂછ્યું, 'એ બાઈઓ કોણ હતી ?'

'એક મારી દીકરી. અને બીજાં કાર્યાલયવાળાં કાન્તાબેન હતાં.' રૂડાએ સ્વસ્થપણે કહ્યું.

'આપણે ઘેર કેમ ?'

'આ કેસમાં એમના ધણીને પકડી ગયા છે. એટલે ગામના મુખી તરીકે એમની જોખમદારી મારી ઉપર છે.' મહારસિંગ સામે જોઈને રૂડો બોલ્યો.

'બરાબર છે' મહારસિંગે જવાબ દીધો. 'આપણે ક્યાં જાણીએ છીએ કે સાચો ગુનેગાર કોણ છે ?'

'અને આ બાઈ તો ગુનેગાર નથી જ.' રૂડાએ કહ્યું, 'વળી એને કોઈ મળેહળે તો અહીં આપણે ઘેર હોય તો ખ્યાન રહે.' રૂડાએ નવું જ કારણ શોધી કાઢ્યું. સાંભળીને પરભાતસિંગે કહ્યું 'જી હા, ઇ તમે સારી નજર પહોંચાડી.'

'યે પટેલ સા'બ ઉસ્તાદ હૈ,' લાલખાંએ પણ ટેકો આપ્યો.

'હું તો વાડીએથી સીધી જ વળાવી દેતો હતો પણ પછી મને વિચાર થયો કે એમાં કોઈનું સારું નહિ કેવાય.'

'નહિ નહિ, આ આપે બહુ સારુ કર્યું. તમારા જેવાને એ જ શોભે.' મહારસિંગે ટાપસી પૂરી એટલે રૂડાનો જીવ નીચે બેઠો. એના મનનો ધૂંધવાટ અને ગૂંગવાટ સામાવાળીઆના મનને સંતોષ આપવાથી શમી ગયો. બન્ને પક્ષને પોતે સરખી રીતે ખુશી કરી શકશે એ વિચારથી એને નિરાંત વળી.

*

૧૩

દેવુએ વચલા ઓરડામાં ગાદલી નાખીને કાન્તાને બેસાડી. પોતે જઇને પાણીનો લોટો ભરી આવી. કાન્તાએ પાણી પીધું. પછી કહ્યું: 'તમે બેસોને બેન, મારે માટે કશી દોડાદોડી ન કરશો.'

'પાણીનો એક લોટો ભરી આપ્યો ને ગાદલી નાખી દીધી એમાં દોડાદોડી શેની? તમે અમારે ઘેર ક્યાંથી?' દેવુએ વિવેક કર્યો અને પછી 'બેસો હું મારો રેંટિયો લાવું' કહી રેંટિયો લેવા ગઈ.

ગંગાએ દેવુને ધીમે સાદે પૂછ્યું: 'આ વિનુભાઇ કહે છે એમનાં ઘરવાળાં કે નહીં?'

'હા ઇજ.'

'મેં તો એકવાર સભામાં જોયાં'તાં.'

'તમે કોઈવાર માડી, બહાર નો નીકળો એટલે ક્યાંથી જુઓ. અને તો વાડીએ જતાં આવતાં ઘણીએ વાર મળતાં. એમના વરને જેલમાં લઈ ગ્યા છે.'

'એમ કે? સારું કર્યું, આપણે ઘેર તેડી આવી. ભલે બચારાં ચાર દી' રહે.'

'એમને ટપુ વાડીએ લઇ ગ્યો'તો.'

'વાડીએ શું કામ, આપણું ઘર નથી? ચા પીતાં હશે કે નહીં?' ગંગાએ પૂછ્યું.

'લે઼ઇ ગાંધીવાળા ચા પીએ? એમને બે ટંક રોટલાનું બંધાણ. પહેરવાઓઢવામાં યે જાડાં પાણકોરાં.'

'ઈ તો મને ખબર છે. આ તો ચાનો ટેમ થ્યો એટલે પૂછ્યું.'

'સાંજે અહીં આપણી ભેગાં વાળુ કરશે.' દેવુએ કહ્યું.

'ઈ કેવી ગનાતે હશે?'

'એમને ખાદીવાળાને નાતજાત કાંઇ નહીં. ચોખ્ખું હોય ત્યાં ખાઇ લે.'

'તો તો વાંધો નહીં. આપણે ચોખામા હાંડામાંથી આંધણ મૂકશું. વહુને કહી દઇશ.'

'એમની પાસે આપણો રેંટિયો સમો કરાવવો છે.' 'હા, ઇ ઠીક યાદ કર્યું. જો પણે ખૂણામાં પડયો.'

દેવુએ રેંટિયો ઉપાડયો. મોટા સોળ પાંખડીનો અસલી રેંટિયો હતો. મોટી ઢીંગલીઓ ને જાડી ત્રાક હતી. કાન્તાએ જોતાંવેંત કહ્યું: 'આમાં ઝીણું સૂતર નહિ કંતાય.'

'અમારે તો પછેડી કરવા જાડું જ કાંતવું છે.'

'તો લાવો પૂણી, તેલ બધું આપો. ચાલુ કરી દઉં.'

'પૂણી તો બેચાર છે, આટલી ટપુભાઈએ આપી છે. એ કહે પછી તમે પોતે બનાવી લેજો.'

‘ બરાબર છે. હું તમને શીખવીશ. ’ દેવુ ચીજો લાવી. કાન્તાએ રેંટિયો ચાલુ કર્યો.

દેવુ, ગંગા, પરબતની વહુ પારવતી સૌ જોઇ રહ્યાં. પારવતીએ કહ્યું: ‘ બાઇજી, એના હાથમાં રેંટિયો કેવો ભમે છે ? ’

‘ લે, એને રાત દી’નો મહાવરો થઈ રહ્યો. આપણાં ઘરડી મા રોજ એક કોકડું ઉતારતાં. ’

‘ આપણેય માડી, ત્રણે જણુ વારા ફરતી કાંત્યા કરીએ તો એક કોકડું થઈ જાય. ’ દેવુ બોલી.

‘ થાય. માણસ ધારે તો શું નો થાય ? ’ કહી ગંગા ઊઠી. પારવતી અને દેવુ પણ પોતાને કામે વળગ્યાં. એ બારણામાં થોડીવારે પરબતનો દીકરો ડાહ્યો ને નાની દીકરી લક્ષ્મી આવ્યાં; ઊભાં રહીને કાન્તાના રેંટિયા સામે જોઈ રહ્યાં. એમને આ નવીન બાઇ અને નવો રેંટિયો જોઈ નવાઈ લાગી. કાન્તાએ ઊંચે જોયું. છોકરાંઓ એકીટશે જોઈ રહ્યાં હતાં. કાન્તાએ હસીને બોલાવ્યાં ‘ આવો, અહીં અંદર આવો. ’

બન્ને છોકરાં ઉંબરમાં ઊભા એકબીજા સામે જોઇ હસવા લાગ્યાં. કાન્તાએ બન્નેની શરમ તોડવા કહ્યું: ‘ અહીં મારી પાસે બેસો. તમને એક ગીત સંભળાવું. ’

ડાહ્યો આગળ આવ્યો. લક્ષ્મી પણ એની પાછળ આવી. થોડે દૂર સામી બાજુ બન્ને બેઠાં. કાન્તાએ ગીત શરૂ કર્યું.

‘ ધીરો ધીરો ચાલે રે, મીઠો મીઠો ગાજે રે,
રૂડો મારો રેંટિયો હો જી........’

બેય બાળકો ફરી સામસામું જોઇને હસી પડયાં. અને પાછાં તરત ગંભીર બનીને સાંભળવા લાગ્યાં.

કાન્તા ગાતી જતી હતી અને વિચારી રહી હતી; નવા ગામમાં વરસોથી રહેતી હતી છતાં આ ઘર એને માટે નવું હતું. એટલું જ નહિ પરગામ જેવું લાગતું હતું. એને કાને રોજ રોજ આ ઘર અને ઘરનાં માણસો વિષે જે હકીકતો સંભળાતી હતી તેને લીધે એના મનમાં એક પ્રકારની છાપ સજ્જડ પડેલી હતી. ખેડૂતો, વણકરો, તેમની સ્ત્રીઓ દરેકની પાસેથી કાન્તાએ એક સરખી જ વાતો સાંભળી હતી. કોઈએ વિનુભાઈ પાસે કહેલી, કોઈએ રમેશને મોઢે કહેલી તો કોઇએ કાન્તા પાસે જ કહી હતી. દેવુ એટલે મજૂરોને મન કાળ મનાતી. પરબત પણ રિસાતો ત્યારે ઝુડી નાખતો. રૂડાની રીસ તો જાણીતી હતી. એક ગંગા સિવાય બધાને માટે કાન્તાએ સાંભળ્યું હતું અને તેને લીધે આ ઘરનાં માણસો પ્રત્યે એના મનમાં અભાવ, વિરોધ અને ઘૃણા પ્રગટયાં હતાં. બપોરના પ્રસંગે એમાં ઉમેરો કર્યો હતો.

પણ અત્યારે મન મારીને, ટપુના આગ્રહને વશ થઈને એ આવી, બે કલાક બેઠી ત્યારે એણે જુદું જ વાતાવરણ અનુભવ્યું. માણસ ગમે તેટલો જુલમી હોય, છતાં એના હૃદયમાં માનવતાના સદંશો પડેલા જ હોય છે એ વસ્તુ એણે અહીં દીઠી. અને ઘડીભર એને નવાઇ લાગી. સાથોસાથ એને એમ પણ લાગ્યું કે આટલા વખતમાં એકેયવાર હું અહીં કેમ ન આવી ? ગંગા કેટલી માયાળુ છે ! દેવુ કેવી પ્રેમાળ છે ? પરબત પણ લાગણીવાળો છે. વિચારોમાં મગજ વધારે રોકાઇ જવાથી ગીતમાંથી જીવ જતો રહ્યો. એટલે છોકરાં ઊઠીને બહાર ચાલ્યાં ગયાં.

આ તરફ મહારસિંગને વળાવીને રૂડો ઘરમાં આવ્યો 'ક્યાં ગઇ દેવુબાઇ,' કહેતો સીધો વચલા ઓરડાને બારણે આવીને ઊભો રહ્યો ને બોલ્યો, 'જય જય બહેન !'

'આવો ભાઇ' કાન્તાએ બે હાથ જોડી નમસ્કાર કર્યા. રૂડાએ બાજુમાં પડેલી આરામખુરશી પાસે ખેંચી બારણા બહાર ઓસરીમાં બેઠો. પળવાર શાંતિ પથરાઈ રહી. પછી રૂડો બોલ્યો 'તમે તો બહેન, અહીં આશ્રમ બનાવી દીધો.'

'અમારે તો જ્યાં રહીએ ત્યાં આશ્રમ.'

'મને એમ કે તમે ભાવનગર ચાલ્યાં ગયાં છો' રૂડાએ સ્વસ્થ થતાં વાત ચલાવી, 'નહિતર તો હું તમને સવારે જ અહીં તેડાવી લેત.'

'હશે, હવે જે થયું તે. આખરે અહીં જ આવી ગઈ છું ને.'

'એવું છે બેન, અમે ગમે તેવા તોય સરકારી નોકર. અમારાથી ઉઘાડું કાંઈ નો થાય. બાકી દેશને માટે લાગણી કોને ન હોય?'

કાન્તા કશું બોલી નહિ. માત્ર આ શબ્દો કોના મોંમાંથી નીકળે છે એની ખાતરી કરવા રૂડા સામે જોયું. શબ્દો હૃદયમાંથી નીકળે છે કે ઉપરથી એ એને ન સમજાયું.

રૂડાએ થોડીવાર રહી આગળ ચલાવ્યું: 'વિનુભાઈ તો લાખ રૂપિયાના માણસ છે. રમેશ અને આ ગામના જુવાનિયા એમનું નામ બગાડે છે.'

'રમેશ તો સો ટચનું સોનું છે.' 'કાન્તાએ કહ્યું, 'અને ગામના જે જુવાનો અમારે ત્યાં આવે છે એ જ ગામનું ખરું ધન છે.'

રૂડો કાન્તાની 'પોપટિયા' ભાષા સાંભળી મૂછમાં હસ્યો. કાન્તાએ ઊંચે જોયું. રૂડાને હસતો જોઈ એણે કહ્યું, 'તમને દેશની ખરી લાગણી હોય તો શા માટે મુખીપણું કરો છો?'

'બાપદાદાની પટલાઇ એમ થોડી જ મૂકી દેવાય છે બેન !'

'રૂડો શાંતિથી સાંભળવા ઇચ્છતો હોય તેમ સામે તાકી રહ્યો. એટલે કાન્તાને શૂર ચડ્યું. એ જરા ઊંચે અવાજે બોલી, 'પટલાઇની વાત તો દૂર રહી, પણ તમારો એક વફાદાર સાથી, તમારે માટે રાતદિવસ જે ઘસાઈ મરે છે એને ઢોરની જેમ મારો છો એમાં તમારી માણસાઈ છે ?' 'એને તો બેન, તમે જ માર ખવરાવ્યો છે.' રૂડાએ હસતાં હસતાં કહ્યું, 'બાકી મૂને એ પેટના દીકરા જેટલો વહાલો છે. પૂછો આ દેવુબાઈ ને '

બહારથી આવીને ઘરમાં જતાં દેવુ અટકી, 'કેમ, શું પૂછો છો ભાઇ ?'

'ટપુ મને પરબત જેટલો વહાલો લાગે છે એ ખરું કે નહીં ?'

'સાવ ખોટું.' 'દેવુ કાન્તા સામે જોઇને બોલી ઊઠી, એનું કામ વહાલું લાગતું હશે, બાકી ટપુ તો તમને ઓલ્યા ભવના દુશ્મન જેવો લાગે છે.'

'દેવુબેનની વાત સાવ સાચી છે.'

'હું તો સાચું જ કહેવાની.' દેવુ બોલી, 'મને કોઇને સારું લગાડતાં નથી આવડતું. મારા ભાઇને એમ છે કે આખી દુનિયા હું કહું તેમ કરે. તે એવું થોડું જ બને ? ટપુ તો સાચકલો માણસ છે. ઇ રાત દી જીવ તોડીને મથ્યા કરશે પણ કોઈનો ગેરવ્યાજબી બોલ નહીં સાંખે. મને તો કાન્તાબેન એવા માણસો બહુ વહાલા લાગે. ખોટું નહીં કહેવાય.'

'તુંય એના જેવી જ છો ને ?' રૂડાએ સહેજ હસીને કહ્યું.

'હા, હુંય એના જેવી જ છું.' દેવુ મક્કમ અવાજે બોલી,

' તમે આજ કાન્તા બેનને અહીં રાખવાની ના પાડી હોત તો તમને એની ખબર પડી જાત.'

' તું શું કરત ?' રૂડાએ ઊંચે જોયું.

' મારી બચકી લઈને વાડીએ વહી જાત. ત્યાં કાન્તાબેન, હું ને ટપુભાઇ ત્રણે ય સાથે રહેત.' રૂડો સાંભળી રહ્યો. દેવુ એકધારા અવાજે આગળ બોલી,' ટપુભાઈની જેમ તમે મને ન કહી શકત કે ' તારા બાપની વાડી નથી !'

' મને લાગે છે રૂડાભાઇ,' કાન્તા ધીમે રહીને બોલી ' ટપુ જેવા સાથી સાથે આમ વારંવાર લડવું પડે એ તમારે માટેય સારું નથી.'

' મનેય એમ લાગે છે.' રૂડાએ કહ્યું. ગામ લોકો, બહારના પ્રતિષ્ઠિત ગણાતા માણસો અને રાજ્યના અધિકારીઓ પાસે દેખાતું રૂડાનું સ્વરૂપ આ બન્ને બહેનો સાથે વાત કરતાં ઘડીભર અદ્રશ્ય થયું. જાણે કે અત્યારે રૂડો એ દુનિયાથી અલગ બન્યો હોય એમ બોલવા લાગ્યો: ' તમે કોઇ ન કહો તોય હું એ સમજું છું. એ તો કહેવત છે ને કે ઘોડાના ને અસવારના બેયના ઘટે. ગમે તે કારણ હોય કાન્તાબેન, ટપુ ઉપર હાથ ઉપાડતાં મારો જીવ ચાલતો નથી અને કોઇવાર એની ઉપર ઘા થઇ જાય છે તો પછી મારો જીવ બહુ બળે છે.'

' એમ જીવ બાળ્યે શું થઇ ગયું ? તમે જ કહેતા 'તા કે હવે ફરી હાથ નહીં ઉપાડું ને પાછા બે દી પૂરા ન થયા ત્યાં ભૂલી ગયા ?'

' ભૂલ્યો નહોતો દેવુબાઈ,' રૂડો અત્યંત નરમ અવાજે બોલ્યો, ' પણ એણે પરબતનું કહ્યું ન માન્યું એથી મને કાળ ચડયો.'

' હું ન પહોંચી હોત તો એનું પરિણામ શું આવત ખબર છે ?' દેવુ બોલી.

'શું આવત ?' રૂડાએ પૂછ્યું. એની નજર સામે બંદૂકનો કુંદો પકડીને ઊભેલો લાલ આંખથી ડારતો ટપુ તરવા લાગ્યો.

'કાન્તાબેન વચ્ચે પડયાં એમની ઉપર તમે ઘા કરશો એમ ધારીને ટપુ તમારી ઉપર ઘા કરી લેત.'

'મને પણ એવી બીક લાગી 'તી.' તદ્દન સરળપણે રૂડો વાતો કરવા લાગ્યો. એ સમજણો થયો ત્યાર પછી આટલી સરળતાથી કદી એણે વાતો કરી ન હતી. એવા જ સરળભાવે રૂડો આગળ બોલ્યો, 'તેં મદારશંગના આવવાના સમાચાર દીધા એમાં સૌની લાજ રહી ગઈ.'

'એટલે તમારી ઉપર એણે હાથ ઉપાડયો હોત તો તમારી આબરૂ જાત અને તમે ટપુને માર્યો એમાં લાજ રહી ગઈ કેમ ?' દેવુ ચિડાઇને બોલી.

'હાસ્તો. બીજું શું ?'

'તમારું મગજ જુદી જ રીતે કામ કરે છે.' કાન્તાએ કહ્યું, 'કોઈને પણ, એક નાના બાળકને પણ મારવામાં આપણી માણ-સાઈ અને લાજ બન્ને જાય છે એમ સમજવું જોઇએ.'

'અમે તો બધુંય સમજેલા છીએ.' કહેતાં રૂડો ઊઠયો ને દેવુ સામે જોઇ બોલ્યો, 'કોઇની સાથે વાડીએ કહેવરાવી દેજે કે ટપુ-ને સાંજે અહીં ઘેર મોકલે.'

'શા માટે ?'

'આજ રાતે વાળુ બધાં સાથે કરશું ને કાન્તાબેન છે તે બે ઘડી બેસશું.'

'હા રૂડાભાઇ,' કાન્તા બોલી 'ટપુભાઇને તેડાવો. રાતે આપણે અહીં પ્રાર્થના પણ કરશું ને ટપુભાઇ રામાયણ ગાશે.'

દેવુ સાંભળી રહી. કાન્તાએ પણ એનો જવાબ ન દીધો. ટપુ આટલો માર પડયા પછી ઘેર આવે એમ એમાંથી કોઇને લાગતું ન હતું. જવાબની રાહ જોયા વિના રૂડો ઊઠયો ને બહાર ગયો.

રૂડો ડેલી બહાર ગયો એટલે પારવતી ઓરડામાંથી નીકળીને ધીમે સાદે બોલી, 'આ થોડોક બાજરો દળવો છે ને ઘંટી ભારે ફરે છે તે તમે જરાક સામે હાથ દ્યો તો.'

'કોણ હું હાથ દઉં?' દેવુ ગરજી ઊઠી. પછી સહેજ ધીમે અવાજે બોલી, 'પમલા લુવારની વહુને દઈ આવો તે દળી દેશે રોજ બોઘડી ભરીને છાશ લઈ જાય છે તે મફત નથી આવતી.'

'ઈ તો કહેતી'તી કે મારે તમારું દળણું દળવું નથી ને તમારી છાશેય જોતી નથી.

'કેમ એકદમ શાહુકારની દીકરી થઈ ગઈ?'

'એનું કારણ છે.' કાન્તા ઓરડામાંથી બોલી, 'દેવુબેન અહીં આવો હું સમજાવું.'

દેવુ ઓરડાને બારણે આવી, 'કહો જોઇએ.'

'રતનબેન લુહારની વાત કરો છો ને?'

'હા, ઈ રતની લુવારણની.'

'એ હમણાં અમારે ત્યાં સૂતર બેવડવા આવે છે.'

'મને કાન્તાબેન, તમારા લોક ઉપર આ બાબતની જ ચીડ ચડે છે. તમે ઉભડિયાં, વસવાયાં ને મજૂર સૌને ફટવી મૂકયાં છે.'

'એવું ન બોલો બહેન, માણસને ક્યાં કામ કરવા જવું એટલી છૂટ ન હોય તો તો એ ગુલામી જ થઈ. તો પછી એમનામાં ને ઢોરમાં શો ફેર રહ્યો?'

'આમેય એમનામાં ને ઢોરમાં શો ફેર હોય છે? તમારી વાદે ચડ્યાં છે પણ ઈ બધાં માર ખાઇને મરવાનાં છે, જોજો ને.'

'કોણ માર ખાઇને મરવાનાં છે?' ડેલીનું બારણું ઉઘાડીને અંદર દાખલ થતાં ટપુ બોલ્યો. એ સીધો ઓસરીની કોરે આવીને ઊભો રહ્યો. એને આમ અચાનક આવેલો જોઇને દેવુ સહેજ અચકાઈ. પણ પછી તરત જ હિંમત કરીને બોલી: 'આ તમે બધા, બીજા કોણ?'

'અમે માર ખાશું ખરા, પણ મરવાના નથી. કેમ કાન્તાબેન?' ટપુ કોર ઉપર બેસતાં બોલ્યો.

'હાસ્તો, તમારા ભાઈ એકવાર કહેતા'તા કે આપણે સત્યાગ્રહીએ મરીને જીવવાનો મંત્ર શીખવાનો છે.'

'વિનુભાઈની વાત જુદી છે. અમે લોક તો એટલું જાણીએ કે સતને મારે દુઃખ વેઠે ઈ કોઈ દહાડો મરે નહીં તેમ હારે નહીં. એને દુઃખ દેનાર પાછળથી પસ્તાય.'

'ટપુની વાત સાચી છે' ખીચડી ધોવા બહાર આવેલાં ગંગા પટલાણી બોલ્યાં: 'આપણા શાસ્તરમાં હરિશ્ચંદર ને પ્રેહ્‌લાદની વાતો આવે છે ઈ કાંઈ ખોટી નથી.'

'આ બધા પ્રેહ્‌લાદ ને અમે હિરણાકંસ કાં?' દેવુ હસી. 'ઠીક હવે ઈ વાત જવા દ્યો. ટપુભાઇ, તારે આજ અહીં વાળુ કરવાનું છે.'

'કોણે કહ્યું?'

'મારા ભાઈએ. હું હમણાં કહેવરાવવાની હતી.'

ટપુ ઘડીભર વિચારમાં પડયો. પછી બોલ્યો: 'હું તો વાડીએ જ ખાઈશ. ત્યાં કાનો વાટ જોશે.'

'કાનાને વાળુ મોકલી દેશું. આજ કાન્તાબેન અહીં છે તે મારા ભાઈ કહે પ્રાર્થના કરશું. ગામમાં ય કહેવરાવ્યું છે.'

'એમ? તો અહીં ખાઈ લઈશું.'

'તમને કેમ છે ટપુભાઈ,' કાન્તાએ પૂછ્યું.

'સારું છે. એવું ખાસ વાગ્યું જ ન હતું.'

'કાન ને લમણો સોજી ગ્યાં છે ને કહે છ ઠીક છે.' દેવુ બોલી: 'જો મા, ટપુભાઈને કેટલું વાગ્યું છે?'

'આમ આવ જોઈએ.' ગંગા હાથ લૂછીને ટપુ પાસે આવી. ટપુ એમ ને એમ બેસી રહ્યો, ગંગાએ કહ્યું: 'સાંજે શેક કરવો પડશે. જરાક રહી ગયું નહિતર ખોપરી ફાટી જાત. તારા આતાની રીસ ગાંડી છે. એકવાર નાનપણમાં પરભતનેય આમ માર્યો'તો.'

'પરભત તો પેટનો દીકરો કહેવાય. એની વાત નોખી.' દેવુએ કહ્યું: 'એને તો તમે પાછો ખોળામાં બેસાડીને શીરો ખવરાવ્યો હશે.'

'તું કહેતી હો તો આનેય ખવરાવું.'

'ઠીક ત્યારે હું ગામમાં જઈ ને પાછો આવું છું.' કહી ટપુ ગામમાં ગયો.

દેવુ ને ગંગા ઓરડામાં આવીને જુએ તો પારવનીની સામે કાન્તા ઘંટીએ બેઠી છે. એ જોઈને એકદમ દેવુ બોલી ઊઠી: 'લે કાન્તાબેન, તમે આ શું કરો છો?'

'કેમ એમાં શું, અમે હાથેજ દળીએ છીએ.'

'લ્યો હવે ઊભાં થાઓ' દેવુએ કાન્તાનો હાથ પકડીને પરાણે ઊભી કરી ને પોતે બેઠી.

'તો ગંગામા, મને બીજું કંઈક કામ ચીંધો.'

'તમે એટલું કોકડું કાંતી નાંખો. તમે આજ અમારા મહેમાન કહેવાઓ.'

કાંતા જઈને રેંટિયે બેઠી ને રાતે પ્રાર્થનામાં કયું ભજન ગાવું એનો વિચાર કરવા લાગી.

*

રાતે ઓસરીમાં ઘરના માણસ ઉપરાંત થોડા ઘણા બહારનાં માણસો પણ પ્રાર્થના વખતે આવ્યા હતા.

ગીતાના ગુજરાતી શ્લોક બોલ્યા પછી કાન્તાએ ભજન ગાયું:

જાકે પ્રિય ન રામ વૈદેહી,
સો ત્યાગિયે કોટિ વૈરી સમ,
જદ્યપિ પરમ સનેહી—જાકે પ્રિય ન રામ વૈદેહી૦

ભજન ઉપરથી જ ટપુએ તુલસી રામાયણમાંથી રાવણની સભાનો પ્રસંગ ગાઈ સંભળાવ્યો. સત્યાગ્રહી વિભીષણે રાવણને સંભળાવેલાં સાચાં વચનો, રાવણનો ક્રોધ, સભાજનોની ભયભીત દશા, વિભીષણને પડેલી લાત, એની નિર્ભયતા અને પ્રેમભર્યો અસહકાર: ચોપાઈ અને દોહા અર્થ સાથે સંભળાવ્યાં.

કાંતા, દેવુ, પરબત, સૌ એકીટશે ટપુ સામે નીરખી રહ્યાં. ટપુના ચહેરા પરથી ફૂટતાં, સત્યનારાયણનાં તેજસ્વી કિરણો એમના હૃદય સરોવરમાં સદ્‌વિચારરૂપી અનેક કમળો ખીલવી રહ્યાં હતાં. રૂડો આંખો નીચી નમાવીને ઊંડા વિચારમાં ઊતરી ગયો હોય તેમ ગંભીર ચહેરે બેઠો હતો. ગામમાંથી આવેલા બેચાર ભાઈઓ રૂડા સામે તાકી રહ્યા હતા.

અંતમાં, ચોરાશીના ફેરા ફરીને થાકેલો જીવ, મનના ઘોડા ઘડતો બંધ થાય અને સત્યસંકલ્પ રામને શરણે જાય ત્યારે જ પરમ શાંતિ પામે છે એ વસ્તુ દર્શાવતો દોહો ગાઈ ટપુએ પૂર્ણાહુતિ કરી.

તબ લગ કુશલ ન જીવ કહેં,
સપને હૂ મન વિશ્રામ,
જબ લગ ભજત ન રામ કહેં
સોક ધામ તજી કામ—

'સિયાવર રામચંદ્રકી જય' કહી એણે હાથ જોડયાં. શ્રોતાજનોમાંથી કોઈ ઊઠવાને તૈયાર ન હતું. હજી સાંભળ્યા જ કરીએ એવી મનોદશામાં સૌ જેમ ને તેમ સ્થિર બેસી રહ્યા. થોડી વારે એક પછી એક ઊઠીને ચાલ્યા.

રૂડાની ડેલીમાં એ પ્રસંગ અદ્વિતીય હતોઃ ટપુને તે દિવસે રૂડાએ વધારે ઓળખ્યો.

★

૧૪

સૌ વિખરાયા પછી ટપુએ રૂડાને કહ્યું, 'આવતી કાલે મારે ભાવનગર જવું છે તે એક દી'ની રજા જોઈશે.'

'કાલ તો આપણે ખાતર કાઢવાનું છે ને!'

'મારે ગયા વિના રહે એમ નથી. મારે બદલે દાડિયો રાખી લેજો.'

ગામમાં રસ્તે ચાલતા કોઈ પણ મજૂરને રૂડો કહે કે 'મારે ત્યાં કામે આવજે' અને જવાબમાં 'મારાથી નહિ અવાય' એમ કોઈ કહે તો એ માણસ પછી તે પુરુષ હોય કે સ્ત્રી રૂડાની ગાળ ખાય. રૂડાની ગાળ સાંખી લેવાની અથવા સામી ગાળ દેવાની તૈયારી ન હોવાથી, હરકોઈ રૂડાનો બોલ મનેકમને માથે ચડાવતા. કોઈની પણ ના નહિ સાંભળવાને ટેવાયેલું રૂડાનું મન, પોતાના જ સાથીની રજા માગવાની આ સ્વમાની રીતથી એકદમ ઉશ્કેરાયું: બીજે કોઈ વખતે ટપુએ આમ રજાની માગણી કરી હોત તો રૂડો એને ઊધડો લઈ નાખત, અને સાથીએ પટેલની મરજી મુજબ જ

રજા ઉપર ઊતરી શકાય એ શિરસ્તાનું ભાન કરાવત. પરંતુ હજી હમણાં જ સાંભળેલા કથા પ્રસંગના ભારણથી એનું મન દબાયેલું હતું. રૂડો અંદરખાને ચિડાયો છતાં ઉઘાડો વિરોધ ન કરી શક્યો. મનની ચીડ મનમાં જ દબાવીને એ બોલ્યો 'ગમે તેવું કામ હશે તોય તને થોડી જ ના પડાશે. જજે. અહીં દાડિયો રાખી લેશું.'

'અને મને મારા પગાર પેટે પાંચ રૂપિયા આપજો.'

પૈસાની માગણી સાંભળીને રૂડો ફરી ચમક્યો. પાસે પૈસા હોય કે ન હોય, ઉઘરાણીએ આવનારને હમેશાં "પછી લઈ જજે." કહેવાને ટેવાયેલા રૂડાને આ બીજી માગણી વધારે આકરી લાગી. મજૂરની મજૂરીના ચાર આઠ આના હોય કે શાહુકારના સો બસો લેણા હોય, હરેક લેણદારને એક સરખો જ નકાર મળતો. ન છૂટકે જ રૂડાની કોથળીનું મોં ખુલ્લું થઈ શકતું. ઓરમાં નાખેલી કેરીની માફક રૂડાની ઉઘરાણી ચાર પાંચ ધક્કા ખાધા પછી જ પાકતી. ટપુ પૈસા માગશે એવી ખબર હોત તો એણે રજાની ઘસીને ના પાડી હોત. પણ હવે તીર છૂટી ગયું હતું. મનમાં ગમે તેટલો આમળો લીધા છતાં રૂડો ટપુને ચોખ્ખી ના કહી શક્યો નહીં. માત્ર એને ટાળવા પ્રયત્ન કર્યો: 'તારે પૈસાને શું કરવા છે?'

'કાન્તાબેનને લઈ જવાં છે તે એક્કો ભાડે કરવો છે.'

'અરે એમાં એક્કા ભાડે કરવાની શી જરૂર. ગામમાંથી ગાડું જોડાવી લેજે. લખમણિયાને કે કોઈને કહે, તરત જોડશે. એમને કોઈને બીક લાગે તો મારું નામ દેજે.'

'મારે કોઈને કહેવાની જરૂર નથી. મારી પાસે ગાડું ને બળદ નથી પણ પૈસા તો છે જ. તમારી પાસે સગવડ ન હોય તો હું બીજેથી ઉછીના લઈ લઈશ.'

'ના. ના. બીજેથી શા માટે.' રૂડાએ પળવારમાં નિર્ણય કર્યો અને ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું 'અત્યારે જ આપું છું.'

પૈસા લેતાં ટપુએ રૂડાની સામે નજર કરી. એક દિવસની રજા અને પોતાના લેણા પેટે પાંચ રૂપિયાની મામૂલી માગણી મંજૂર કરતાં રૂડાને કેટલી મથામણ થઈ એ વસ્તુ, ટપુ રૂડાની આંખમાં વાંચી શક્યો. નાની નાની બાબતમાંયે એક પ્રકારની મનને આદત પડયા પછી એ છોડતાં માણસને કેટલું વેઠવું પડે છે, એનું રૂડો એક સચોટ દૃષ્ટાંત પૂરું પાડતો હતો. ટપુને રૂડાની આ મનોદશા જોઈને ભારે દુઃખ થતું હતું. જો કાન્તાને મૂકવા જવાનું ન હોત તો એણે રજાની માગણી કરી ન હોત, જો કોઈએ રાજી થઈને ગાડું જોડયું હોત તો એણે પૈસા માગ્યા ન હોત. પણ રજાની અને પૈસાની ખરી જરૂર હોવાથી એ દૃઢ રહ્યો. અને રૂડાને પરાણે નમતો જોઈ દુઃખી થયો.

કાન્તાને વહેલા ગાડવા તૈયાર રહેવાની સૂચના આપવા ટપુ ઘરમાં ગયો. હેતુ કાન્તાની પથારી કરી ઢોલિયાની પાંગતે બેઠી હતી. એ કાન્તા સાથે ધીમે સાદે વાતો કરી રહી હતી. ટપુએ કાન્તાને ઉદ્દેશીને કહ્યું, 'આજ તો હેતુબેન તમારી સરભરામાં ઠીક લાગી રહ્યાં છે.'

'ટપુભાઈ' હેતુ બોલી, 'કાન્તાબેન જેવાં અમારે ઘેર ક્યાંથી, મેં ગામની બાઈઓને મોઢે એમને કેટલીય ગાળો દીધી છે. આપણને શી ખબર કે કાન્તાબેન કેવાં હશે!'

'મેં પણ હેતુબેન, તમારે વિષે મનમાં ખૂબ તિરસ્કાર સેવ્યો હતો. આજે જાણ્યું કે તમારામાંય ખૂબ માયા-મમતા ભરી છે.' કાન્તાએ કહ્યું.

'એ તો સાથે રહીએ ત્યારે જ એકબીજાના ગુણ-અવગુણનું સાચું પારખું થાય.' ટપુ બોલ્યો.

કાન્તા અને દેવુ બન્ને સાંભળી રહ્યાં. થોડીવારે દેવુએ ટપુને પ્રશ્ન પૂછ્યો.

'તું ટપુભાઈ, કાલ કાન્તાબેન સાથે ભાવનગર જવાનો છો ?'

'હા.'

'તો અમેય આવશું' દેવુ લાડભર્યા અવાજે બોલી.

'એમ કામ વિના નો અવાય. વળી અહીં હું ન હોઉં ત્યારે વાડીએ તમારી જરૂર પડે.'

'વાડીએ પરસ્પત જશે. હું તો આવવાની. મારે છાશ કરવાની ત્રાંબાની મોટી ગોળી લેવી છે.'

'આપણું ગાડું ઘણીયે વાર જાય છે, ત્યારે આવજે. આજે નહીં.' ટપુએ ભારપૂર્વક કહ્યું. દેવુ આંખો પહોળી કરીને ટપુ સામે જોઇ રહી. પછી કાન્તા તરફ વળીને બોલી, 'સાંભળો છો ને કાન્તાબેન, હું ભેગી આવું ઇ એને ગમતું નથી. કેમ જાણે મને માથે ઉપાડીને લઇ જવી પડતી હોય. જા મારે નથી આવવું.'

'ભલેને આવે ટપુભાઈ' કાન્તા બોલી 'આપણે ત્યાં સારી ઓળખાણ છે. રહેવા કરવાની ને ખાવાપીવાની પૂરતી સગવડ છે.'

'ના. ના. કાન્તાબેન, હું તો અમસ્થી ટપુને ખીજવવા કહેતી'તી. મારે બહાર જવાની નવરાશ ક્યાં છે ?'

'માઠું લાગ્યું દેવુબેન ?' ટપુએ પૂછ્યું. દેવુએ કશો જવાબ ન આપ્યો.

'ઠીક ત્યારે કાન્તાબેન, મોટે પરોઢિયે સાદ કરીશ.' કહીને ટપુ ચાલ્યો ગયો.

દેવુને આવવાની ઇચ્છા હતી છતાં ટપુએ આગ્રહપૂર્વક ના શા માટે પાડી એ કાન્તા સમજી ન શકી. પણ દેવુ પોતે પાછળથી સમજી અને તેથી તરત જ એણે મન પણ વાળી લીધું. જતી વખતે તો કાન્તા સાથે હોય, પણ પાછા વળતાં ટપુ સાથે પોતે એકલી જ હોય એ સારું ન દેખાય, એ વસ્તુ દેવુના ધ્યાનમાં પાછળથી આવી. પણ કાન્તા રમેશ સાથે અનેકવાર એકલી જતી આવતી, એટલે એને એ વસ્તુનો ખ્યાલ આવ્યો નહીં. ઊલટું કાન્તાએ જ્યારે પૂછ્યું કે 'ટપુભાઇ તમારે શું સગા થાય ?' ત્યારે દેવુ ખડખડાટ હસી પડી ને બોલી, 'ઇ ગોંડળિયા ને અમે ગોહિલવાડી.'

'આટલા થોડા વખતમાં ઘરના જેવા બની ગયા છે તેથી મેં જાણ્યું કાંઈ સગપણમાં હશે.'

'ઘરના જેવો થઇ ગયો છે એટલી વાત સાચી.'

'એનો સ્વભાવ મિલનસાર છે.'

'ના રે, સ્વભાવ તો છે સાવ મુંજી, એકલસૂરો.' દેવુ બોલી, 'આવ્યો છે વાંકમાં તો મારી સાથે બહુ બોલતોય નહીં. મારાથી ભાગતો રહેતો. શિરામણ, બપોરા કરવા બેસે તો મૂંગો મૂંગો ખાઈ લે. પછી ધીમે ધીમે મેં જ એની બીક કાઢી. અરે, મારી સાથે તો ઠીક પણ મારા આતા સાથેય બહુ બોલતો નહીં.' 'પરબત સાથે એને ભાઈબંધી ખરી.' આમ કહીને દેવુએ ટપુ આવ્યો ત્યારથી આજ સુધીની એની નાનીમોટી અનેક વાતો કહી સંભળાવી. કોઈ કવિ પોતાના કથાનાયકનું વર્ણન કરે એવી અદાથી ટપુના હાવભાવ, મનોવૃત્તિ, તમામ વસ્તુ હૃદયસ્પર્શી ભાષામાં કહી બતાવી. કહેતાં કહેતાં એ એમાં તલ્લીન બની ગઈ. કાન્તાને પણ એમાં રસ પડ્યો. એણે વચ્ચે સહેજ પૂછ્યું, 'ટપુ પરણેલ છે ?'

'પરણ્યો તો છે પણ કે'છે વહુ નાની છે તે આણું નથી વાળ્યું.' દેવુ જરા અટકી ને પછી બોલી, 'પણ મને લાગે છે આ ભાઈ એમના કાકાની જેમ થોડાક ભગત છે એટલે તેડતા નહીં હોય!'

'તમારી જેમ!' કાન્તાએ સહેજ હસીને કહ્યું.

'મારી તો વાત જ ન કરશો.'

'કેમ તમેય મીરાંની જેમ સાસરવાસ તજ્યો છે એમ સાંભળ્યું છે.'

'ઈ ખોટું.' કહેતાં બાર બાર વરસથી પિયરમાં રહીને જુવાની ગાળતી, દિવસ રાત કામમાં ડૂબી રહેતી, દેવુના ચહેરા પર રતાશ આવી. એ સહેજ ઉગ્ર બનીને બોલી: 'તમે ગમે તે સાંભળ્યું હોય, પણ મારી જગ્યાએ તમે હો તો તમેય વહ્યાં આવો.' ફરી દેવુ શ્વાસ ખાવા અટકી ને આગળ ચાલી, 'મારો વર તો ભલું માણસ છે, પણ નણંદો અને સાસુ મકરાણી જેવી છે, તે મારા ધણીને ને સસરાને છીબને ટેરવે નચવે છે. મને મારા બાપુએ નાનપણથી દીકરાની જેમ રાખેલી. ઈ મારાથી એના ગોલાપા શે થાય? ઈ કરતાં આપણે જુદો મારગ લઈ લેવો શું ખોટો?'

'કોઇની પણ ગુલામી તો ન જ કરાય.' કાન્તા બોલી.

'તમે તો નસીબદાર છો બહેન.'

'હા, મને પૂરી સ્વતંત્રતા છે, એટલા પૂરતી નસીબદાર ખરી. પણ દેવુબેન, તમે જુદું ઘર માંડીને રહો તો?'

'અમારામાં એવો રિવાજ નહિ ને. નહિતર ટપુભાઈ એકવાર પરબતને કહેતો'તો કે દેવુબેન માને તો તમારા બનેવીને હું જઇને તેડી લાવું.'

'ટપુભાઈ આ બધી વાત જાણે છે?'

'લે, ટપુ તો અમારા ઘરનો ઉંદર છે. જરીએ જરી વાત જાણે છે. હા, મારી સાથે કોઇવાર આ બાબતમાં વાત નથી કરી.'

'એમ તો ટપુભાઈ બહુ સમજુ ને વિવેકી છે.'

'તયેં, કોઈ દી' ઊંચી ઉપાડીને નજર ન કરે.'

વળી પાછી ટપુની વાતો ચાલી.

રાત ઝપાટાબંધ ખૂટતી જતી હતી પણ વાતો ખૂટતી ન હતી. ગંગાએ આવીને કહ્યું, 'હવે ક્યાં સુધી જાગવું છે?' ત્યારે જ વાતો બંધ પડી અને બન્ને જણ જંપ્યાં.

★

૧૫

નવાગામમાં બે ત્રણ એક્કા હતા, તેમાં અલીભાઇ ઘાંચીનો એક્કો વખણાતો. એક્કો મોટો ને મજબૂત હતો એટલું જ નહીં પણ અલીભાઇનો દેશી લાલ બળદ મસ્તાન અને ચાલવામાં તેજ હતો. ગળામાં ટોકરો બાંધેલો એ નંદી જેવો હૃષ્ટપુષ્ટ બળદ કલાકના ત્રણ માઇલની ઝડપે એક્કાને ખેંચી જતો. એક ચોરસ ગુણ-પાટમાં ખડ ભરીને અલીભાઈએ બેસવાની ગાદી બનાવી હતી. અલી-ભાઈ ઘાણી પણ ચલાવતો અને ભાડાં પણ કરતો.

મધરાત ભાંગી એટલે એણે બળદને ધરવી લીધો અને ટપુનો સાદ સંભળાયો તેવો જ એક્કો જોડી દીધો. પથારીના વીંટાને અઢેલીને કાન્તા વચ્ચે બેઠી, ટપુ આગળના ભાગમાં બેઠો. મોડું પરોઢિયું થાય તે પહેલાં ટણણણ ટણણણ અવાજ કરતો એક્કો ગામ બહાર નીકળીને રસ્તે પડ્યો.

'તમે વીંટો ઓશીકે મૂકીને સૂઇ જાઓ બહેન,' ટપુએ કહ્યું.

'મને ઊંઘ નથી આવતી.'

'રાતે ક્યાં સુધી જાગ્યાં'તાં?'

'મોડે સુધી. દેવુબેન સાથે ખૂબ વાતો કરી.'

'દેવુબેન બહુ લાગણીવાળી છે નહિ?'

'હા, એ તો તમે કહ્યું તેમ પરિચયમાં આવીએ ત્યારે માણસનું પારખું થાય.'

'પારખું થાય એટલું જ નહીં' ટપુ બોલ્યો: 'પણ તમારા જેવાનું તો એ કામ ગણાય. અમારા ગામમાં વિનુભાઇ જેવા જ એક સુરેન્દ્રભાઇ કરીને ભાઇ હતા. ઈ ખાદીનું કામ ચલાવતા. તે દી' હું નાનો દસબાર વરસનો. એમનાં વહુ સુશીલાબેન અમારે ઘેર આવતાં, મારી ફૂઇ આ દેવુબેનની જેમ અમારે ઘેર જ રહેતાં અને સ્વભાવનાં બહુ આકરાં હતાં. પણ સુશીલાબેનના સહવાસથી એમનામાં ફેર પડી ગ્યો તો.' ટપુ જરા અટક્યો. કાન્તાએ વચ્ચે કહ્યું: 'મને એ તો રોજ કહ્યા કરે કે તું ગામમાં બહેનો પાસે કેમ જતી નથી, પણ હું એવી બહુ ભણેલીગણેલી નથી એટલે મને શરમ થાય. બાકી એ પોતે ઘેર ઘેર જાય છે. પૂછોને આ અલીભાઇને.'

'હા ટપુભાઇ, અમારે તો સારા પરતાપ વિનુભાઈના આજ ચાર વરસથી અમારા ઘરમાં ચરખો ચાલુ થઈ ગ્યો છે. મા ને વહુ એય જણ કાંતે છે.' અલીભાઇએ કહ્યું.

'રોજ કેટલું કાંતે?'

'એનો કાંઇ નીમ નહિ. પણ વચ્ચે હું બે મહિના બિમાર પડી ગયેલો ત્યારે મને અને આ બળદને બેયને ચરખો ચલાવીને મારી માએ ને વહુએ ખવરાવેલું. અમારો ચાર જણનો રોટલો ને બળદનું ઘાસ એમાંથી નીકળતું.' વાત કરતાં અલીભાઇની તેજસ્વી આંખ અને સફેદ દાંત તારાના પ્રકાશમાં ચમક્યા. ટપુએ અલીભાઇની વાત પૂરી થયા બાદ કહ્યું: 'એટલો લાભ થયો, પણ કાન્તાબેન તમારે ઘેર આવતાં હોય તો એથી વધારે ફાયદો થાય.'

'પણ ટપુભાઇ, રોજેરોજ પારકે ઘેર જઈને ઊભા રહેવું એ મને ન ગમે. અને વાતો ય રોજ શી કરવી?' કાન્તા સરળ ભાવે બોલી.

'એટલા માટે તો મેં તમને સુશીલાબેનનો દાખલો દીધો. ઈ તો કહેતાં કે સામા માણસના દુઃખે દુઃખી થાય અને ઈ દૂર કરવામાં સદાય રાજી રહે એ ખરાં ગાંધી મહાત્માનાં માણસ કે'વાય.'

'એ તો હુંય કહું છું. પણ એ રોજ ઘેર ઘેર જઈને શું કરતાં!'

'બીજે શું કરતાં ઈ તો રામ જાણે. પણ અમારી ડેલીમાં આવવાનો વારો હોય તેદી' બધાં નાનાં છોકરાંને ભેગાં કરતાં. નદીમાં પાણી હોય તો નદીએ લઈ જાય, નહિતર કૂવે. છોકરાંનાં લૂગડાં કઢાવી ને નવરાવે ધોવરાવે. પછી ગડગૂમડ ઉપર દવા ચોપડે. આંખ, કાન, દાંત જુએ ને સાફ કરે. સામસામા વાળ ઓળાવે. પછી ડેલીમાં આવે, સામી પાઠશાળમાં બેસાડીને ગીત ગવરાવે. વાર્તા કહે. મોટેરાંને બપોરવચાળ કાં રાતે ભેગાં કરીને છોકરાંને કેમ ઉછેરવાં, ઘર કેમ સાચવવું એની વાતો કરે. અત્યારની જેમ દેશમાં તેદી' પણ ગાંધી મહાત્માની લડાઈ ચાલતી. એની વાતો કરે. થોડીક બહેનો તો એમની પાસે ભણવા બેસતી ને લખતાં વાંચતાં શીખેલી. પછી તો ઘરની નાની મોટી કેટલીયે વાતો બાઈઓ એમની પાસે કહેતી. સવારે છોકરાં, બપોરે રેંટિયો ને રાતે મોટી બાઈઓ. એમ સુશીલાબેનને એક ઘડીની નવરાશ ના મળતી. અમારી ડેલીનો ત્રીજે દી' વારો આવતો. કોઈ વાર-તહેવાર આવે ત્યારે ગામ આખાની બાઇઓ ભેગી થતી ને રાસ-ગરબા લેતી. સુશીલાબેન પાસે ગીતનો ભંડાર ભર્યો'તો. મીઠે સાદે ગાતાં. કેટ-

લીય વહુ–દીકરીઓ એમની પાસે ગીત શીખતી.' ટપુની વાણી એકધારી વહેવા લાગી. સાંભળતાં કાન્તાને વિનુભાઇના શબ્દો યાદ આવ્યા ને એણે વચ્ચે ફરી કહ્યું:

'એ મને ઘણીવાર કહેતા કે જેને કામ કરવું છે એને માટે ઢગલા પડયા છે. પણ મને સુઝ જ નો પડતી. હવે એમ થાય છે કે તમે કીધું એમ કાંઈક આપણા ગામમાં કરીએ.'

'વિનુભાઈ દેશ સારુ આટલું દખ વેઠે છે તયેં તમારે કાંઇ તો કરવું જ જોયે ને' અલીભાઈએ ટપુને ટેકો આપ્યો.

'અલીભાઈ તમે મને મદદ કરશો ને?'

'હો, આપણો મામદો તમારી પાસે આવતો જશે. એને ભણાવજો. મોકલી આપશું એમાં શું!'

'મહમદની માનેય મોકલવાં જોઇએ.' કાન્તા બોલી.

'ઈ બચારી મરવાય નવરી નથી.' અલીભાઇએ પાછું વાળીને કાન્તા સામે જોયું ને સહેજ નિઃસાસો નાખીને બોલ્યો: 'દળવું, ખાંડવું, વાસીદું, પાણી, બળદ માટે ખડની ગાંસડી લાવવી, પાછું ઘાણીએ બેસવું, આખો દી' કામ પહોંચ્યા કરે. મારી મા બચારી બુઢ્ઢી થઈ એનાથી બહુ બનતું નથી. તોય બચ્ચાં સાચવે ને ચરખો કાંતે.'

'કાન્તાબેન, એમને તમારી પાસે આવવાનો વખત નો મળે. તમારે જ બે ચાર દિવસે, રાતને વખતે ઈ નવરાં હોય ત્યારે એમને ઘેર જવું જોઇએ.'

'હા, તો મામદાની મા ભણેલી ખરી. એના બાપને ઘેર થોડું શીખેલી છે.'

થોડીવાર એની એ વાતો ચાલી એટલામાં કાન્તાની આંખ ઘેરાતી જોઈ ટપુએ કહ્યું: 'કાન્તાબેન, તમે બે ઘડી સૂઇ જાઓ. હજી રાત ઘણી બાકી છે.'

'હા, હજી તો પ્રાગડેવાસી નથી' અલીભાઇએ પૂર્વ દિશા તરફ જોઇને કહ્યું અને બળદ ઉપર હાથ મૂકી ડચકારો કર્યો. માથું ધુણાવતો બળદ જોરથી ચાલવા લાગ્યો. અને ઉતાવળો ચાલતાં ટોકરાનો અવાજ પાછલી રાતની શાંતિમાં પડઘા પાડવા લાગ્યો.

કાન્તાએ બિછાનું ઓશીકે મૂકી લંબાવ્યું. અલીભાઈએ બીડી સળગાવી. ટપુ સામે ધરી ટપુએ માથું હલાવી ના કહી. એટલે અલીભાઈએ કહ્યું, 'તમે પણ ટપુભાઇ બહુ ટેક રાખો છો.'

'બીડી ન પીવી એ કંઇ મોટી ટેક ગણાય?'

'કળીજુગમાં એટલુંય નથી રે'તું.'

ટપુ અર્ધી આંખ બીડીને આડાને ટેકે માથું રાખી જરા ઝોલે ચડયો. અલીભાઈએ પણ બેઠાં બેઠાં ઝોલાં ખાવાનું શરૂ કર્યું. બળદ પોતાની મરજી મુજબ ધીમે ધીમે પંથ કાપવા લાગ્યો. માણસ સ્વપ્નામાં ચાલતો હોય તેમ ત્રણે જીવને બળદ આગળ ખેંચી જતો હતો.

×

સિદ્ધસર મૂકીને એકો આગળ વધ્યો ત્યારે ટપુની આંખ ઊઘડી ગઇ. એણે પૂર્વ દિશા તરફ નજર કરી તો અરુણોદય થઇ ચૂક્યો હતો. સૂર્યનારાયણના રથના સોનેરી કાંગરા દેખાવા લાગ્યા હતા. જોતજોતામાં તાજાં જ ખીલેલા કુમળાં કૂંપળો ઉપર બાલરવિનાં કૂણાં કિરણો ગેલ કરવા લાગ્યાં. ટપુ હૃદયથી સૂર્યદેવને નમ્યો અને મનમાં પ્રાર્થના કરી:

विश्वानिदेव सवितर् दुरितानि परासुव ।
यद्भद्रं तन्न आसुव ॥

ડાબી બાજુ ટપુ ફર્યો તો એની નજર ગૌરીશંકર સરોવર ઉપર પડી. માઇલોના ઘેરાવામાં પથરાયેલો શાંત ગંભીર જળરાશિ. ફરતી હરિયાળી નાનકડી સુંદર પરાડીઓ. સામા કિનારા પર બાળહંસ જેવું શિવમંદિર. રાતવાસો કરીને દિવસનો ચારો કરવા ચાલી નીકળેલાં કુંજની હારમાળા. ટપુનું ભાવનામય હૃદય આ અનુપમ દૃશ્ય જોઇને પુલકિત બન્યું. પ્રકૃતિમાતાનો આ પ્રસાદ એકલા ન આરોગવા એણે અલીભાઈ સામે જોયું તો એ હજી ઊંઘતો હતો. એની નાનકડી દાઢી છાતી સાથે ઘસાતી હતી. અર્ધી ઊંઘમાં જ એ બળદ ઉપર હાથ મૂકીને ડચકારો કરતો હતો. કાન્તા તરફ જોયું તો એ ગાઢ નિદ્રા લઇ રહી હતી. એના તેજસ્વી મુખકમળ ઉપર લાલિમા છવાઇ હતી. ટપુ ઘડીભર કાન્તાના નિર્દોષ પ્રસન્ન ચહેરા સામે જોઇ રહ્યો. ગુણધર્મ જાણ્યા વિના પણ ફળના રસો સ્વાદપૂર્વક ખાઈએ તો શરીરને પુષ્ટ અને નીરોગી બનાવે છે તેમ, વિનુભાઈના તપસ્વી જીવનની સહધર્મચારિણી નિજાનંદી સેવાનુરક્ત અને સદા સંતુષ્ટ બની હતી. વિનુભાઈની પાછળ ચાલવામાં એણે પોતાના જીવનની કૃતાર્થતા માની હતી. ટપુ મનમાં વિચારવા લાગ્યો. એકબીજાના સ્વભાવ અને આદર્શને સમજીને પરસ્પર માન અને પ્રેમથી વ્યવહાર ચાલે તો જ ગૃહસ્થજીવન સુરીલું, સુખી અને સંતોષી બને.' એને પોતાનું ભાવી અસ્પષ્ટ લાગ્યું. જીદ્દી પિતાની હઠથી પિયરમાં રિબાતી એક ગભરુ યુવતીનું મુખ એની નજર સામે તરવા લાગ્યું. એ અભણ હતી, પણ ટપુ પાસે ભણવાની એની તૈયારી હતી. એ ગામડિયણ હતી, પણ ટપુને રાજી રાખવા બોલી–ચાલી ને કપડાં–લત્તામાં શહેરીપણું લાવવા મથતી હતી. ટપુએ એને વચન આપ્યું હતું, 'હું ભણી રહીશ પછી

આપણે સ્વતંત્ર રીતે જુદું ઘર માંડીને રહેશું.' એ વચનને આધારે પોતાનું જીવન એ વિતાવી રહી હતી. 'હવે હું ભણી રહ્યો કહેવાઉં. ટપુ વિચારવા લાગ્યો. 'જુદું ઘર પણ કર્યું છે. રૂક્મિણી આવે તો વાડી પર રસોઇ કરી શકાય. મારે તેડવા જવું પડે. પણ તેડવા જતાં કોઇ ઓળખી જાય તો? અગર એ બાજુ કોઈને ખબર પડે તો! હમણાં એવું જોખમ ન ખેડવું. લડત પૂરી થાય પછી વાત. દરમિયાન એક કાગળ લખું. સમાચાર મંગાવું. પણ જવાબ કયે સરનામે આવે? એ કરતાં એકવાર જાતે જઈને મળી આવવું. ઘેર પણ જતો આવું.'

'કેમ ટપુભાઈ,' કમળની પાંખડી ઊઘડે એમ આંખનાં પોપચાં ઉઘાડીને આળસ મરડતાં કાન્તા બોલી.

ટપુની સુકોમળ વિચારમાળા તૂટી પડી. તૂટી પડેલી માળાનાં વિખરાયેલાં ફૂલોને બાજુ પર સાચવી રાખી એ બોલ્યો: 'બહુ ઊંઘ્યાં કાંતાબેન.'

'હા, મને ઠીક ઊંઘ આવી. તમે આડે પડખે ન થયા?'

'મેં બેઠાં બેઠાં ઊંઘી લીધું.'

'આપણે જરા મોડાં નીકળ્યાં કેમ ટપુભાઈ,'

'બહુ મોડું ન કહેવાય. અલીભાઈ, તમે ઘડીક હવે ચાલવા દેજો.

'હાં' કહેતો અલીભાઇ જાગ્રત થયો અને સરખો બેસીને ઉતાવળે હાંકવા લાગ્યો.

'આપણે ક્યાં જવાનું છે કાન્તાબેન?' ટપુએ પૂછ્યું.

'તખ્તેશ્વર સ્ટેશનની સામે જ. મોટો નવો બંગલો છે. ઉપર 'પ્રેમકુંજ' લખેલું છે.'

'આપણા પ્રેમજી શેઠનો કે નહીં ?' અલીભાઇ બોલી ઊઠયા.

'એ જ.'

'તમે ય ઓળખો છો અલીભાઈ ?'

'નો ઓળખું ? ઇ મૂળ રહેવાસી આપણા ગામના જ. એમનો બાપ રામુજી ધાણીદાળિયા વેચતો. આ દવાના વેપારમાં કમાઇ ગયો. ભાગ્યની વાત છે ને !'

'પણ પ્રેમજીભાઇનું દિલ બહુ ઉદાર છે.' કાન્તા બોલી.

'એમ કે ?'

'હા, આપણા ખાદી કાર્યાલયનું તમામ ખરચ એ પોતે જ પૂરું કરે છે. ને એમને સગા ભાઈ જેવા માને છે.'

'ત્યારે તો આ ચળવળમાં ય ભાગ લેતા હશે.'

'હારતો. શુદ્ધ ખાદીધારી છે. લડત ઊપડી ત્યારે એકસામટા સૌને પકડી લીધા. એમાં પ્રેમજી શેઠ પણ ઝડપાઇ જાત.'

'તો પછી કેમ રહી ગયા ?'

'એમની લાગવગ મોટી રહીને, ઠેઠ દીવાનસા'બ સુધીનું ઓળખાણ એટલે છેક છેલ્લી ઘડીએ એમનું નામ કાઢી નાંખ્યું.'

'ભલે તો અલીભાઇ, કાન્તાબેનને બંગલે ઉતારીને પછી આપણે દંગામાં જશું.'

'તમારેય મારી સાથે જ ઊતરવાનું. તમને ઘર જેવું જ લાગશે.'

'ઠીક જોઇશું. લ્યો હું દાતણ કાપી આવું.' કહી ટપુ નીચે ઊતર્યો.

x

નવેક વાગ્યાને સુમારે ' પ્રેમકુંજ 'ને દરવાજે આવીને એક્કા ઊભો રહ્યો. કાન્તા થેલી લઈને નીચે ઊતરી. ટપુએ બિછાનું બગલમાં માર્યું અને કાન્તાની પાછળ ચાલ્યો. પોતાનું જ ઘર હોય એમ કાન્તા હોંશભરી દાદર ચડીને ઉપર ગઈ. દીવાનખાના પાસે જરા અટકીને એ બોલી, ' ટપુભાઈ, અહીં બાંકડા ઉપર બિસ્ત્રો મૂકો ને તમે અંદર જઈને બેસો. હું જરા બહેનોને મળી આવું. '

ટપુએ દીવાનખાનામાં નજર કરી તો અંદર સોફા ઉપર પ્રેમજી શેઠ અને કોઈ લશ્કરી પોશાકમાં સજ્જ થયેલો અમલદાર વાતો કરતા બેઠા હતા, ટપુ બિછાનું બાજુમાં રાખીને બહાર બાંકડા પર જ બેઠો.

કાન્તા ઓરડામાં ગઈ તેવાં જ બાળકો દોડ્યાં ને ' કાન્તાબેન આવ્યાં. ' કહીને ભેટી પડ્યાં. નાની મંજુને કાન્તાએ તેડી લીધી. સામે સોફા ઉપર પ્રેમજી શેઠનાં વહુ બેઠાં હતાં. એમણે ઠંડો આવકાર આપ્યો ' આવો કાન્તાબેન '

' હા, કેમ છો ગોદાવરીબેન, તબિયત કેમ છે ? '

' આપણી તબિયતને શું પાણા પડવાના છે ? '

' ત્યારે આમ ઢીલાં કેમ જણાઓ છો ? '

' કાન્તાબેન, કાન્તાબેન, ' નાની મંજુ કાન્તાની દાઢી પકડીને પોતાની સામે મોં ફેરવતાં વચ્ચે બોલી: ' હું કહું ? આપણા કનુભાઈને જેલમાં પકડી ગ્યા છે. '

' બા એટલે ઢીલાં પડી ગયાં છે એમ કહોને. એમાં શું ગોદાવરીબેન, લાખો જુવાનો આજે જેલના સળિયા પાછળ પુરાયેલા છે. '

' જેલમાં ગ્યો એનું કાંઇ દખ નથી.' ગોદાવરી ગળગળા અવાજે બોલી ' પણ કહે છે મારકૂટ બહુ કરે છે. '

'એ તો તમને બીવરાવવા વાતો કરે. બધા સાથે છે ને ?'

'ના, વિનુભાઈને જુદા રાખ્યા છે.'

'ચાલો હું પ્રેમજીભાઈને કહું તે જેલરને ફોન કરીને મળવાનો વખત પુછાવે. એમ હિંમત શું હારી જાઓ છો.' કહીને કાન્તા બહાર જવા ઊઠી એટલે ગોદાવરીએ હાથ પકડીને ધીમેથી કહ્યું, 'હમણાં ઘડીક ખમો. મહારાજ સા'બના સેક્રેટરી મળવા આવ્યા છે તે વાત કરતા હશે.'

કાન્તા બેઠી અને ગોદાવરીને બીજા સમાચાર પૂછવા લાગી.

આ બાજુ ટપુ બહાર બાંકડે બેઠો હતો. અંદર પ્રેમજી શેઠ આજીજીભર્યા અવાજે પેલા અક્કડ અમલદારના મિજાજને પંપાળી રહ્યા હતા. વાતચીત ઘડીક ગુજરાતીમાં તો ઘડીક અંગ્રેજીમાં ચાલી રહી હતી.

'પણ સાહેબ, કનુની બાએ ત્રણ દિવસથી પેટ ભરીને ખાધું નથી. એનો તો કાંઈક વિચાર કરો.'

'ખરા ગુનેગાર ન પકડાય ત્યાં સુધી આમાંના એક પણ છોકરાને હું છોડવાનો નથી.' દેશી ઢબના અમલદારનો અવાજ અંગ્રેજીમાં ગાજી ઊઠયો. અગ્રેજીમાં અમલદારનો અવાજ ગાજી ઊઠયો.

'મારી ઉપર આપને વિશ્વાસ છે કે નહીં ? કનુનો આમાં મુદ્દલ હાથ નથી એની હું આપને ખાતરી આપું છું, છતાં જો તમને વહેમ પડે તો કાળી રાતે આવીને પકડી જજો. છોકરો તમારો જ છે. એને બદલે દસ હજાર રૂપિયાના મચરકા આપવા હું તૈયાર છું.'

'મારે પૈસાની જરૂર નથી. મને ગુન્હેગાર જોઈએ.' એમ કહેતાં એ મુત્સદ્દી અમલદારનો અવાજ સહેજ ધીમો પડ્યો. 'ખરો ગુન્હેગાર કોણ છે એ હું તમને કહું ?'

'હા જરૂર કહો. પણ હું એને કયાંથી લાવી આપું ?'

'તમે ધારો તો એને કાચી ઘડીમાં પકડાવી શકો તેમ છો. તમારા દીકરાને અને બીજા અનેક નિર્દોષને છોડાવવા હોય તો ખરા ખૂનીને પકડવામાં મદદ કરો.'

પ્રેમજી શેઠ કશું બોલ્યા વિના તાકી રહ્યા. બહાર ટપુ શ્વાસ રૂંધીને સાંભળી રહ્યો. અસ્પષ્ટ અંગ્રેજી ઉચ્ચારો સમજવા એણે કાન માંડયા.

'તમારો નવાગામવાળો રમેશ એ ટુકડીનો આગેવાન છે!'

'કદી ન હોય' પ્રેમજી શેઠ હાથ પછાડીને બોલ્યા: 'મેં પરમ દિવસે વિનુભાઇને પૂછ્યું'તું.'

'એ બિચારો ભલો માણસ કશું જાણતો નથી. તમારે જો શેઠાણીને ભૂખે મારવાં ન હોય તો આ બાબતમાં વિચાર કરી જોજો.'

'એ ખરેખર ગુનેગાર છે એમ મને ખાતરી થાય તો હું પાતાળમાંથી પકડાવી દઉં.'

'ત્યારે હું તમને કહું છું. મને સો ટકા ખાતરી છે. મારી પાસે એના પુરાવા છે.'

'તો ભલે હું એ માટે પ્રયાસ કરીશ.' પ્રેમજી શેઠ ધીમે સાદે બોલ્યા.

'જેટલા વહેલા સફળ થશો એટલો તમારો દીકરો વહેલો ઘેર આવશે. ચાલો સાહેબજી!' ટોપો હાથમાં લઈને સાહેબ ઊભા થયા. પ્રેમજી ઊભો થઇને એમની પાસે ગયો અને એક હજારની નોટ એમના ખિસ્સામાં મૂકતાં બોલ્યો: 'આજે તમે મારે ઘેર આવ્યા તેની ખુશાલીમાં.'

'શું? બિલકુલ નહીં.' સાહેબ પાછા હડયા. 'એ બાબતની મને ચીડ છે.'

'પણ હું ક્યાં આ તમને આપું છું. આ તો આપણો બાબુ-ભાઈ પહેલે નંબરે પાસ થયો એને અભિનંદન!'

મીઠું હાસ્ય કરતો અમલદાર પ્રેમજી શેઠ સામે ઘડીભર જોઈ રહ્યો. પછી જતાં જતાં બોલ્યો: 'આજે તમારો હાથ પાછો ઠેલતો નથી પણ યાદ રાખજો, ફરી આવી ભૂલ કરશો તો માન નહિ સચવાય.'

'ભગવાન આવો વખત ફરી ન બતાવે.' કહેતો પ્રેમજી બારણા સુધી વળાવવા આવ્યો. ટપુ સામે નજર જતાં એ બોલ્યો: 'એલા તું ક્યાંથી આવે છે?'

'નવાગામથી. કાન્તાબેનને લઈને આવ્યો છું.'

'ક્યાં છે કાન્તાબેન?'

'આ રહી.' કાન્તા ઓરડામાંથી બહાર આવી. 'હું એમની મુલાકાત લેવા આવી છું. મળશે ને?'

'હવે જોઈએ. સાહેબની મહેરબાની હશે તો મળશે.'

'કોણ આ વિનુભાઈનાં પત્ની કે?' સાહેબે સોટી બૂટ સાથે અફાળતાં પૂછ્યું.

'જી હા. આપણે જેનો વિચાર કરતા હતા તેમાં આ શુભ શુકન સમજવાં.'

'એમ કે?'

'જી હા.'

'એમને મુલાકાત મળે તે માટે હું જેલરને ફોન કરી દઉં છું.'

'લ્યો બહેન, સાહેબ પોતે જ વ્યવસ્થા કરી દેશે.'

'આભાર.' કાન્તાએ બે હાથ જોડી નમસ્કાર કર્યા.

'સાહેબજી.' કહીને સાહેબ ચાલ્યા ગયા.

'ચાલો, આવો કાન્તાબેન' કહી પ્રેમજી આગળ ચાલ્યો અને એને અંદરના ઓરડામાં લઈ ગયો. અને મનમાં પોતાના પ્યારા

પુત્રને છોડાવવા જેનો બત્રીસો ચડાવવાનો હતો તેનો ઘાટ એ ઘડવા લાગ્યો.

બહાર ટપુની સ્થિતિ વિષમ થઈ પડી. પ્રેમજી શેઠની વાતચીતથી એનું દેશાભિમાની અંતર દુભાયું. પોતાના છોકરાને છોડાવવાના મોહમાં પડીને પ્રેમજીએ અનેક યુવાનોની ચામડી ઊતરડી નાખનારા, કુળવાન બહેનો ઉપર સિતમ ગુજારનારા અમલદારની આટલી ખુશામત કરી, એટલું જ નહિ ગુન્હેગારને પકડાવી દેવાની શરત સ્વીકારી અને એ અધૂરું હોય તેમ એને લાંચ આપી! ટપુથી આ સહ્યું જતું નહતું. હાથમાં હાથ ભેરવી એ પરાણે શાંત બેસી રહ્યો. એનું મન અંદરથી ઊકળીને પોકારી રહ્યું: 'ઘર ફૂટયે ઘર જાય' એ કહેવત તદ્દન ખરી છે. આવા કહેવાના કૉંગ્રેસવાદીઓએ જ કૉંગ્રેસની લડતને દગો દીધો છે. પુત્રપરિવાર અને માલમિલકતને સાચવી રાખીને લડવા નીકળેલા આવા લોકોએ મહાસભાના અગ્રણીઓની પીઠમાં ખંજર ભોંકયું છે. આ કરતાં ઉઘાડા દુશ્મનો સાત થોકે સારા. આવા લોકોને પારખવા મુશ્કેલ છે. અને એમને હરાવવા કે સુધારવા એ એથી ય વધુ મુશ્કેલ છે.'

પ્રેમજીએ બહાર નીકળીને પૂછ્યું: 'એલા તું કયાંથી આવ્યો?' ત્યારે ટપુનું મગજ રોષથી છલકાતું હતું. ટૂંકો જવાબ આપીને એ પરાણે શાંત રહ્યો. પણ કાન્તાના આગમનને પ્રેમજીએ શુભ શુકન કહ્યા અને એ કાંતાને હોંશભર્યો ઘરમાં લઈ ગયો ત્યારે ટપુને ફાળ પડી. 'આ માણસ ભયંકર છે. કાન્તા જેને વિનુભાઈનો મોટેરો ભાઈ માને છે છે. ખાદી કાર્યાલયનો પોષક માને છે, પ્રજાપરિષદનો અગ્રણીમાને છે, એ માણસ વિશ્વાસઘાતી કુટિલ દગાબાજ છે. અને કાન્તની પેઠે જ રમેશ પણ એને એવો જ સહૃદયી મિત્ર અને દેશભક્ત માનતો હશે તો એનું આવી બન્યું સમજવું.' આ કાવતરાખોરોના

હાથમાંથી રમેશને શી રીતે ઉગારી લેવો અને આ માણસને ખરા સ્વરૂપમાં શી રીતે ઉઘાડો પાડવો એના વિચારો કરતો ટપુ ઊભો થયો. આવે વખતે ટપુને પોતાનું ગુપ્તપણું ભારે સાલતું. ગમે તેવો સમર્થ માણસ પણ છૂપો રહીને પોતાનું સંપૂર્ણ સામર્થ્ય દાખવી શકતો નથી અને એનો પુરુષાર્થ હણાય છે. એનો સ્વાનુભવ આવે પ્રસંગે ટપુને થતો અને એ વસ્તુ એને ડંખતી પણ એ નિરૂપાય હતો.

ધીમે પગલે એ ઓરડાના બારણા આગળ આવ્યો. અંદર સૌ હસીને વાતો કરી રહ્યાં હતાં. પ્રેમજી શેઠે પળવારમાં સૌની ગમગીની ઉડાડી મૂકી હતી. કનુ હજી તો જેલની દીવાલો પાછળ હતો. છતાં જાણે ઘરમાં આવી ચૂક્યો હોય એમ સૌનાં મનને પ્રેમજીએ પ્રતીતિ કરાવી દીધી હતી. વાતાવરણમાં થયેલા આ એકાએક ફેરફારથી કાન્તાને પણ આનંદ થયો. ટપુ એ ફેરફારનું કારણ સમજી ગયો અને એના દુઃખમાં ઉમેરો થયો. સંકોચપૂર્વક આગળ આવીને એ અંદર ડોકાયો. બાજુમાં બેઠેલી પ્રેમજી શેઠની મોટી દીકરીએ એને જોઈને પૂછ્યું: 'કોનું કામ છે ભાઈ!'

'કાન્તાબેનનું.'

'કાન્તાબેન, તમારો ગાડાવાળો તમને બોલાવે છે.'

કાન્તાએ બારણા તરફ જોયું અને બોલી: 'આવો ટપુભાઈ અંદર આવોને. રમાબેન, એ ગાડાવાળો નથી. એ તો રૂડા પટેલના સાથી છે. મને મૂકવા આવ્યા છે.'

'રૂડાએ મોકલ્યો હશે.' પ્રેમજીએ પૂછ્યું.

'નારે. એ શું મોકલશે. મેં તમને વાત ન કરી! મને ચોરેથી વાડીએ લઈ ગયા તે આ ભાઈ.'

'એમ કે. આવો અંદર આવો.' પ્રેમજી ટપુની સામે જોઈને

બોલ્યો: 'રૂડો અમારો લંગોટિયો ભાઈબંધ છે. અમે નાનપણમાં સાથે ભણેલા.'

'તો પછી બે જણમાં આટલો બધો ફેર કેમ?' કાન્તાએ પૂછ્યું.

'નાનો હતો ત્યારે તો રૂડો પણ દેશદાઝવાળો ને આદર્શવાદી હતો. પાછળથી એને મુખીપણું મળ્યું પછી આ પોલીસખાતાવાળા ને એવા બધાના સંગ-દોષથી બગડયો.' પોતે સુધરીને દેશદાઝવાળો અને આદર્શવાદી બન્યો છે એવું વાક્ય પ્રેમજીના પોતાના મોંએથી સાંભળીને ટપુને વધારે દુ:ખ થયું. ત્યાંથી ખસવા એ અધીરો બન્યો.

'તમે કાન્તાબેન, આજ પાછાં આવવાનાં છો કે રોકાશો?'

'આવવાની છું. બપોરે મુલાકાત થઈ જાય એટલે નીકળશું.'

'ના ના.' પ્રેમજી શેઠ વચ્ચે બોલ્યા: 'ત્યાં જઈને શું કરશો. હમણાં અહીં આપણે ઘેર રહેવાનું.'

'મેં નવાગામ રહેવાનો નિર્ણય કર્યો છે.'

'શા માટે?'

'વિનુભાઈની ગાદી સાચવવા.' ગોદાવરીએ હસીને કહ્યું.

'ત્યાં એકલા ન રહેવાય.' પ્રેમજી કડક અવાજે બોલ્યો.

'ટપુભાઈ છે ને. પછી રમેશભાઈ આવશે.'

'રમેશ ક્યારે આવવાનો છે?'

'નક્કી ખબર નથી પણ હવે આવવા જોઈએ.'

'એ ક્યાં છે અત્યારે?'

'અમદાવાદ હશે.'

'તો પછી તાર કરીને બોલાવી લ્યો..અને આપણા મકાનની ચાવીઓ લેતાં જાઓ. એટલે ત્યાં રહેવાની અગવડ ન પડે.

'કેમ ટપુભાઇ?' ટપુના મતને કાન્તા માન આપે છે એ પારખી જતાં પ્રેમજીએ એનો મત પૂછયો. ટપુ બારણામાં એમને એમ ઊભો હતો. પ્રેમજી શેઠની રમતિયાળ ભાષા અને કાન્તાની નિર્લજ્જિતા જોઈને એનું મન જુદા જ વિચારો કરી રહ્યું હતું. પ્રેમજીના પ્રશ્નનો જવાબ આપતાં એ શાંતિથી બોલ્યોઃ 'રમુભાઈનું કંઈ નકકી નો કે'વાય. ઈ તો કદાચ ન્યાં પકડાઈ ગ્યા હશે. પણ એમના વનાય કાંતાબેન એકલાં આવીને રહે તોય એમને હરકત નઈ આવે. અમે બધા છીએ ને. કામ પડશે તયેં મદદમાં ઊભા રહેશું.'

'તેં રૂડાને પૂછયું છે?'

'એમાં રૂડાભાઇને પૂછવાની શી જરૂર? એમને અમારી જાત થોડી જ લખી દીધી છે.'

'તું ય રૂડાના માથાનો લાગ છ.' ટપુની ગામઠી ભાષા સાંભળતાં પ્રેમજીની જીભ પણ શહેરી બુરખો કાઢીને અસલી ભાષામાં બોલી ઊઠી. એને ટપુની જવાબ આપવાની સ્વમાની રીત ગમી. ગોદાવરી અને મોટી દીકરી રમા પણ ટપુના ચહેરા સામે જોઈ રહ્યાં.

'નીચે અલીભાઈ વાટ જુએ છે. હું જરા શહેરમાં થતો આવું.' ટપુએ કાન્તા સામે જોઈ કહ્યું.

'પણ તમે કાંઇક નાસ્તો તો કરતા જાઓ.'

'હા. ઊઠ રમા, એમને રોટલો ને દહીં શીરાવા આપ.'

'મને અત્યારે ભૂખ નથી.'

'બચારો રોટલો ને દહીં તો રોજ ખાતો હશે.' પ્રેમજીએ ખિસ્સામાંથી એક રૂપિયાની નોટ કાઢી, રમા સામે હાથ લંબાવતાં કહ્યું, 'આ લે એને આપ. કોઇ હોટલમાં જઈને ચા-ગાંઠિયાનો નાસ્તો કરશે. ટપુભાઈ, બપોરે જમવા અહીં આવજે.'

ટપુ હા ના કરે તે પહેલાં જ કાન્તા બોલી ઊઠી, 'એ ચા-પાણી પીતા નથી ને બજારું ખાતા નથી.'

'સ્વામીપંથી લાગે છે.'

'એમનાં કાકા મોટા ભગત છે. ટપુભાઈ પોતે ય નીમધારી છે.'

'એમ કે, બહુ સારું. હવે ફરી ભાવનગર આવો ત્યારે મળજો.'

ટપુ જવા માટે ફર્યો એ વખતે કાન્તાને અચાનક યાદ આવ્યું એટલે એણે થેલીમાંથી પાકીટ કાઢ્યું અને બોલી: 'ટપુભાઈ, એકા-વાળાને કેટલા પૈસા આપવાના છે?'

'એ તો હું આપી દઇશ.'

'તમે એમાંથી કાંઇ ન આપશો. લો આપી દો.' કહી પ્રેમજી શેઠે પાંચની નોટ કાઢી હાથ લંબાવ્યો.

ટપુએ કહ્યું: 'આ વખતે તો હું એમને લઇ આવ્યો છું એટલે હું જ ભાડું ચૂકવીશ. પાછાં મોકલો ત્યારે આપ ચૂકવજો.'

ટપુ સૌને હાથ જોડી ચાલ્યો ગયો. બધાના દિલમાં એને માટે ન કળી શકાય એવો ભાવ પેદા થયો. સૌ એની પાછળ ઘડીભર જોઈ રહ્યાં.

★

૧૬

લોખંડના દાંતાવાળી ખંપાળી ખભે મૂકીને દેવુ ખાતરની ખાડમાંથી બહાર નીકળી. સહેજ ઊંચાણમાં ઊભી રહીને ભાવનગરથી આવતા રસ્તા સામે તાકી રહી. દૂર દૂર સુધી ક્યાંય ગાડું, એક્કા કે આદમી કશું દેખાતું નહતું. આંખ આડી હાથની છાજલી કરીને સુરજનો પ્રકાશ રોક્યો ને થોડી વધારે દૂર નજર પહોંચાડી જોઈ, પણ કાંઈ દેખાયું નહીં. એટલે સહેજ નિરાશ થઈને પાછી ફરી.

આજ આખો દિવસ એણે ખાતર કાઢવાનું કામ કર્યું હતું. ટપુના પગારમાંથી પૈસા ન કપાય અથવા તેને વરસ પૂરું થયા પછી દિવસ ભરવો ન પડે એ માટે એણે પરબતને દાડિયો કરવાની ના પાડી. અને લોકો શું કહેશે તેનો વિચાર ન કરતાં જાતે ખંપાળી લઈને ખાતર કઢાવવા લાગી.

કાનો સૂંડલો ગાડામાં ઠલવીને પાછો આવ્યો એટલે દેવુએ પૂછ્યું, 'કાનિયા, ગયે વખતે ટપુભાઈ ભાવનગર ગયો'તો તે પાછો ક્યારે આવેલો ?'

'બહુ મોડો. દીવાબત્તી ટાણે.'

'આજ તો અલિયાનો એકો છે તે વાજોવાજ પાછો આવશે.'

'આપણા બળદ કરતાં કાંઈ અલિયાનો ઢાંઢો ઉતાવળો નથી હાલતો.'

'પણ તે દી' એને કેટલું બધું લાવવાનું હતું. શંકરગર ભેગો ગ્યો 'તો તે એને અજકોટનો સામાન આણવો 'તો.'

'ઠીક તો જાઓ, ટેકરે ચડીને વાટ જોયા કરો. મારીયે આંખો ન્યાં ખોડાઈ રહી છે. પણ એમ વાટ જોયે ઝટ આવી નો જાય.'

દેવુ સૂંડલો ભરતી અટકી જઇને કાનાની સામે જોઈ રહી.

'ભાઇસા'બ આંખો કાઢો મા. મને બીક લાગે છે.'

'તું માર્યા વિના જ બગડયો છો.' કહીને દેવુએ ધીમે રહીને ખંપાળીનો હાથો કાનાના બરડામાં માર્યો ને બોલી 'લે, ઉપાડ જલદી.'

'તમને તો ટપુભાઈ જ પૂગે.' કહેતાં કાનો સૂંડલો માથે ઉપાડી ચાલ્યો.

સૂર્યાસ્ત થયા છતાં દેવુ કામ છોડતી ન હતી. એ જોઇને કાનો બોલ્યો, 'આજ તમને કાંઇક નવું જોર આવ્યું લાગે છે.'

'કેમ ?' દેવુએ ખંપાળી નીચે મૂકીને શ્વાસ ખાતાં પૂછ્યું.

'તમારે ટપુભાઇને બતાવવું હશે કે એક દી'માં કેટલું કામ કરી નાંખ્યું.'

'મારે ટપુડાને બતાવીને શું કામ હોય ?'

મોં મરકાવીને કાનો બોલ્યો 'કાંઇક ઇનામ લેવું હોય.'

'ઊભો રહે હરામખોર.'

કાનો સૂંડલો મૂકીને બહાર નીકળી ગયો. દેવુ ઉપર આવી. સાડલાને છેડે મોં લૂછતી રસ્તા તરફ જોવા લાગી. કાંઈ દેખાતું

નહતું. સહેજ નિરાશાભર્યા અવાજે કાનાને કહ્યું, 'હું જાઉં છું કાનિયા, તું બધી વસ્તુઓ સરખી મૂકી દેજે. ભીમા સાથે વાળુ મોકલીશ.'

'ટપુભાઈનું ય મોકલશો ને?'

'હાસ્તો' થોડીવાર રહીને જતાં જતાં ઉમેર્યું, 'ગામમાં ભેગો થશે તો ઘેર વાળુ કરી લેશે.'

દેવુને ઢીલે પગે ને વીલે મોંએ ગામ તરફ જતી જોઇને કાનાને દુઃખ થયું. ઘડીભર એ એમ ને એમ ઊભો રહ્યો. પછી મનમાં બોલ્યો, 'ટપુભાઈ પરણેલા છે નહિતર બેય જણાની ખરી જોડી જામે.'

કાનાએ ચીજ–વસ્તુ સરખી મૂકી. ગંદાં કપડાં કાઢી નાખ્યા. ફાળિયું પહેરીને ઝટપટ નાહી આવ્યો. ખાટલી ઢાળીને ઉપર બેઠો બેઠો વાળ ઓળવા લાગ્યો. 'આજ ટપુભાઈ નહીં આવે કે શું?' એમ એને વિચાર આવ્યો. પણ માણસ આશા છોડવાની તૈયારીમાં હોય છે તે વખતે જ કેટલીક વાર એની ઇચ્છિત વસ્તુ આવી મળે છે, એમ રસ્તા પરથી પગલાં સંભળાયાં. અને 'કેમ કાનાભાઈ, વાટ જોઈ રહ્યા છો ને!' કહેતો ટપુ આવી પહોંચ્યો.

'કેમ બહુ મોડું થયું?'

'ભાવનગરથી મોડો નીકળ્યો 'તો.'

'દેવુબેન અત્યાર સુધી વાટ જોઇને હમણાં જ ગઈ.'

'લે આ તારે માટે.' ટપુએ એક પડીકું કાઢ્યું.

'શું લાવ્યા?' કહેતાં કાનાએ હાથમાં લીધું. છોડીને જોયું અને આનંદમાં આવી બોલી ઊઠયો. 'આલુ બદામ! મને બહુ ભાવે છે ટપુભાઈ, તમને ક્યાંથી ખબર?'

'તેં જ એકવાર વાત કરેલી. ઠીક હું જરા ખંખોળિયું ખાઈ આવું.'

નાહી ધોઈ, વાળુપાણી કરી ટપુ સૂતો. કાનો વાતો કરાવતો હતો પણ એનું ચિત્ત વાતોમાં નહતું. ભાવનગરથી નીકળતી વખતે વિનુભાઈના સમાચાર જાણવા એ ફરી પ્રેમકુંજ ગયો હતો. ત્યાં કાન્તાને મળેલો. વિનુભાઈના કુશળ જાણ્યા. કાન્તાબેનને 'ક્યારે આવશો ' એમ પૂછ્યું તો જવાબમાં એણે કહ્યું, 'બેચાર દિવસમાં આવીશ. રમેશભાઈને તાર કરીને બોલાવ્યા છે. આજકાલમાં એ આવી જાય તો ઠીક છે, નહિતર પ્રેમજીભાઈ એમને કામે અમદાવાદ જવાના છે તે જાતે તપાસ કરીને તેડના આવશે.' સાંભળીને ટપુ વિચારમાં પડયો. એણે કાન્તા પાસેથી રમેશનું સરનામું માગી લીધું અને કહ્યું, 'લખમણ ને હું બન્ને જણ એમને કાગળ લખશું. સીધા નવાગામ આવશે તો તમને તેડાવશું.'

'જરૂર હું આવીશ. મને અહીં કામ વિના ગમતું નથી.'

આ વાતચીત ટપુના મન આગળથી ખસી ન હતી. 'તારના જવાબમાં રમેશ નહિ આવે તો પ્રેમજી શેઠ જાતે તેડવા જશે ' એ વસ્તુનું ગાંભીર્ય ટપુ સમજતો હતો. તેથી રમેશને બચાવી લેવા એ અધીરો બન્યો. તારના ખબર મળશે તો પણ રમેશ આવવાનો નથી એમ તો ટપુને લાગતું હતું. પરંતુ 'પેલો ઘેરખોદિયો જો એની પાછળ પડયો તો એને પાતાળમાંથી ખોદી લાવશે.' એ વિચાર ટપુને મૂંઝવતો હતો. મોડી રાતે એ થાકયોથાકયો માંડ જંપ્યો.

*

સવારમાં દેવુ શિરામણ આપવા આવી ત્યારે ટપુએ કહ્યું, 'તમે તો કાલ ખૂબ કામ કરી નાખ્યું, દેવુબેન.'

'કરવું જ જોઇએ ને. તારી ગેરહાજરીમાં બમણું કામ કરવાનું તેં કાનાને શીખવ્યું છે ને?'

'હું કાંઈ તમારો મુકાદમ નથી.'

'અને હું કાનાની મકાદમ છું કેમ? કાલ તો મેં મજૂરની જેમ કામ કર્યું છે.'

'મારી બદલીમાં પૂરું?' ટપુએ આભાર ભરી નજરે કહ્યું. જવાબમાં દેવુ હસી. એનો આગલા દિવસનો થાક જાણે ઊતરી ગયો. ટપુ અને કાનો શીરાવવા બેઠા એટલે દેવુ બોલી, 'આજ સાંજે આપણાં ઢોર અહીં વાડીએ આવશે. તમે ખીલા નાખી રાખજો.'

'હમણા ન લાવશો.'

'કેમ?' દેવુ જરા ઉત્સાહભંગ બની હોય તેમ બોલી ઊઠી.

'મારો વિચાર એમ છે કે ગમાણો કરી લેવી અને એક નવી ખાડ પણ ગાળી લેવી. પછી જ ઢોર લાવવાં.'

'ઇ તો બધું ધીમે ધીમે થશે. મેં તો આજ ગોવાળને કહી દીધું છે.'

'તો ના પાડજો. એનું બીજું પણ એક કારણ છે.'

'શું કારણ છે?'

'ઈ હું તમને પછી કહીશ.'

'અટાણે જ કહી દે ને.'

'અત્યારે મુરત નથી.' કહી ટપુ હસ્યો.

'કાલ મોડું કેમ થયું? કાન્તાબેન ત્યાં રોકાણાં? તું વિનુભાઇને મળવા ગ્યો તો?' દેવુએ એક સામટા પ્રશ્નો પૂછી નાખ્યા. ટપુ કદાચ બીજી વાતો કરતાં ખરું કારણ જણાવે એમ ધારીને દેવુ જવાબ સાંભળવા આતુરપણે સામું જોઈ રહી.

પણ ટપુના જવાબોમાંથી કશું એવું કારણ જાણવા મળ્યું નહિ. શીરાવી રહ્યો એટલે ટપુ ઊઠીને હાથ ધોવા ગયો. કાનો એની પાછળ આવ્યો. હાથ ધોતાં કાનાએ ધીમેથી કહ્યું, 'ટપુભાઈ, તમે એમને કેમ સાવ ટાઢો જવાબ દીધો ? કાલ આખો દી' એમણે એની જ વાતો કર્યા કરી છે. અટાણે તમે ના પાડી તે મોઢું કેવું ઊતરી ગયું ! આપણે ગમાણ્યુ તો કરી લેશું. ભલેને લઈ આવે.'

'મેં વિચાર કરીને ના પાડી છે. તને પછી સમજાવીશ.'

ટપુએ હાથ લૂછીને સળેથો લીધો અને કાનાને કહ્યું, 'ચાલો કાના, આજે આપણે આટલી વાડ પૂરી કરી લઈએ.'

'હું આટલી બીડી પીને આવું છું.'

ટપુ ચાલ્યો. કાનો બીડી સળગાવતો દેવુની નજીક આવ્યો ને બોલ્યો, 'કહો ન કહો પણ કાંઈક બન્યું છે.'

'અરે બનશે શું, ઈ છે જ એવો આપમતીલો. નાની હા નો થાય.' દેવુ રીસભરી બોલી.

'એમ કારણ વગર ટપુભાઈ ના નો પાડે.'

'તને ખબર છે ?'

'મને ખબર હોય તો તો મેં તમને કયારનું કહી દીધું ન હોય. પણ કાલ રાતે આવ્યો છે ત્યારનો કાંઈક ઊંડા વચારમાં લાગે છે. વાળુ કરીને મૂંગો મૂંગો સૂઈ ગયો. સવારનો મારી હારે એક અક્ષરે બોલ્યો નથી. અટાણે તમે જોયું નહીં, તમને પૂરો જવાબ દીધા વના હાલ્યો ગયો.'

થોડીવાર રહીને સહેજ ગભરાયેલી હોય તેમ દેવુ બોલી, 'ઈ ભાગી તો નહી જાય ને !'

સાંભળતાં કાનો ચમક્યો. પણ પછી સ્વસ્થ થઈને બોલ્યો: 'ના, ટપુભાઈ કાંઈ ભાગી જાય ?'

'એમ ભાગે તેમ નહીં, પણ પ્રેમજી શેઠની વાતો કરતો 'તો એમાં મને વહેમ પડચો. ઇ શેઠ છે માચ્છીમાર. ટપુ જેવું માછલું દીઠું નો મૂકે. ત્રીજી સાલ અમારા એક સાથીને એણે ભગાડેલો.'

'ટપુભાઇ એવું નો કરે.'

'તો પછી ઘર સાંભર્યું હોય.' દેવુએ કાના સામે જોયું. કાનો પણ દેવુએ કાઢેલી શંકાથી છળી ઊઠચો હોય તેમ ચિંતા-ભરી આંખે એની સામે તાકી રહ્યો. બન્ને જણ ટપુના મનને પારખવા મથતાં હતાં. પણ પામી શકતાં ન હતાં. આખરે વાતનો તાગ લેવાનો નિર્ણય કરીને દેવુ ઊઠી ને બોલી, 'હાલ, હું ય મદદ કરું. આટલી વાડ ઝટ પૂરી થઇ જાય.'

દેવુને આવતી જોઈ ટપુ એને કેમ સમજાવવી તેના વિચારો મનમાં ગોઠવવા લાગ્યો. સજેથામાં કાંટાનો નાનો ગળિયો ભરાવી છીંડું પડયું હતું ત્યાં દબાવી ઉપર પગ મૂક્યો. એટલામાં કાનો ને દેવુ પાસે આવી લાગ્યાં.

ટપુએ જોડાનો ભાર દેતાં દેવુને કહ્યું, 'તમે કેમ આવ્યાં? પગરખાં પહેર્યાં નથી ને કાંટા વાગશે.'

'તું ગળિયો મૂકતો જા. હું ને કાનો દબાવતાં જશું. મને એમ થયું કે સૌ હાથોહાથ કરીએ તો બપોર સુધીમાં પૂરું થઈ જાય.'

'તમારે ઘેર કામ ખોટી નહીં થાય?'

'કહેતી આવી છું. વહેલું મોડું થાય તો ઉકેલી મૂકજો. મા ને વહુ બે જણ છે ને?'

'તમારે દેવુબેન, હું હોઉં ત્યારે વાડીના કામની ફિકર ન કરવી.'

'તમારો સાથીઓનો ભરોસો શો? આજ છો ને કાલ મૂકીને ભાગી જાઓ.'

'હું થોડો જ ભાગી જવાનો છું ?'

'ત્યારે સાચું કહું ટપુભાઈ' દેવુના અવાજમાં કુમાશ આવી. ચહેરા પર સહેજ ગ્લાનિ છવાઈ. પળવાર અટકીને એ બોલી, 'મને વહેમ પડ્યો છે કે તું વહ્યો જવાનો.'

'એવું તમને કોણે કહ્યું ?'

'તારી જીભે. તેં નો કહ્યું કે પ્રેમજી શેઠ બહુ તાણ કરતો 'તો, કાન્તાબેન તને રોકતાં 'તાં.'

'તે એમાં શું થઈ ગયું ? ઈ તો એક દી' સારુ.'

'ઇ પ્રેમલો મહા પહોંચેલ છે. અમારા એક સાથીને ઈ ભગાડી ગ્યો 'તો.'

'એણે મને કશું કહ્યું નથી.'

'તો પછી તને ઘર સાંભળ્યું હશે.' દેવુએ બીજો મુદ્દો આગળ ધર્યો, અને જવાબ સાંભળવા ટપુ સામે જોઈ રહી. ટપુ કાંટા લેવા બીજી બાજુ ફરેલો તે પાછો આવતાં દેવુની સામે નજર કરી. દેવુના ચહેરા પર હાસ્ય કે મશ્કરી કશું ન હતું. ગંભીરતા અને કંઇક ખેદનાં ચિહ્નો દેખાતાં હતાં. ટપુએ એટલી જ સરળતાથી જવાબ આપ્યો:

'ઘર કોને ન સાંભરે ? પણ તેથી કાંઈ ભાગી જવાય છે ?'

'તો પછી જઇને મારી ભાભીને તેડી આવને !'

આ સૂચના સાંભળતાં જ ટપુના મનમાં અજવાળું થયું. ચાર દહાડા બહાર જવાની એને ખરી જરૂર હતી. પણ રૂડા પાસેથી શી રીતે રજા માગવી એની ઘડ બેસતી ન હતી. દેવુનું વાક્ય સાંભળતાં એના મનની મૂંઝવણ ટળી ગઈ. એના ચહેરા પરથી ઉદાસીનતાનાં વાદળ ખસી ગયાં.

દેવુએ એ ફેરફાર જોયો. કાન્તા સાથે વાત કરતાં તે રાત્રે એણે કલ્પેલું કે ટપુ એના કાકાની જેમ ભગત છે એટલે વહુને તેડાવતો નહિ હોય. પણ આજે વહુને તેડવા જવાની વાત સાંભળતાં જ ટપુનો ચહેરો ખીલી ઊઠયો, એ જોઇને એ મનમાં બોલી: ' ગમે તેવો ભગત હોય તોય હજી જુવાનડો છે. એના મનમાં અનેક આશાઓ ભરી હશે. એટલે વહુને તેડવા જવાની વાત સાંભળીને કેવો ખીલી ઊઠયો. '

ટપુ મનમાં વિચાર કરતો હતો કે ' દેવુને ખરું કારણ જણાવ્યા વિના આ રીતે ભ્રમમાં રાખવી તે યોગ્ય ગણાય કે કેમ ? અને ન ગણાય તો ખરું કારણ જણાવવું શી રીતે ? એ તો અશક્ય જ હતું.'

' કેમ શું વિચાર કર છ ? તને રજા લેતાં શરમ થતી હશે તો હું ભાઇને કહીશ. '

' ભાઈ રજા આપશે ? '

' ઈ મારે માથે. કાલ સવારે જ ઊપડી જા. પણ પાછો તરત આવતો રે'જે. વિશ્વાસઘાત નો કરીશ.'

' ટપુભાઈ કોઈ દી' વિશ્વાસઘાત નો કરે. ' કાનો બોલ્યો.

' નહિતર કાનો જઇને તેડી આવે.' દેવુ બોલી.

' હા ટપુભાઈ, મને સરનામું આલો. '

' મારે બીજું પણ થોડું કામ છે. ' ટપુ ખરું કારણ સાવ છુપાવી શકતો નહતો તેમ સ્પષ્ટ કહી શકતો ન હતો. આટલું વાક્ય બોલીને એણે ઉમેર્યું ' એ કામ પતાવીને હું વળતાં તમારી ભાભીને તેડતો આવીશ. '

' તો સારું, તું જજે. હું આજ ભાઇને વાત કરી દઈશ. પણ પાછો તરત આવતો રે'જે.'

'તમને વિશ્વાસ ન પડતો હોય તો મારે નથી જવું.'

'ના. ના. ટપુભાઈ, ઈ તો મારું મન એવું અધીરિયું થઈ ગયું છે. તું કાલ મોડે સુધી ન આવ્યો તે રાતે મને કેવા કેવા વચારો આવ્યા'તા.'

'શેના વિચારો?'

'ઈ બધું કે'વાય નહિ.'

'કહો તો ખરાં. મારા સમ?' ટપુ અમીભરી નજરે જોઈ રહ્યો.

'કે' તને ને કાન્તાને જેલમાં લઈ ગયા ને ન્યાં તને ખૂબ માર્યો.'

ટપુ ખડખડાટ હસી પડયો. પછી ગંભીર થઈને બોલ્યો.

'દેવુબેન, તમારી ભાભીને હું તેડી આવું પછી આપણે વલ્લભ પટેલને તેડી લાવવા છે.'

'હા ટપુભાઈ, કાનો એકદમ વચ્ચે બોલી ઊઠયો: 'પછી દેવુમા ને વલ્લભ પટેલ અહીં વાડીએ જ રહે. એમની સારુ એક મેડી ચણાવવી.'

'તું બોલ્યા વગરનો સાંભળ્યા કરને. નહિતર હમણાં માર ખાઈશ.' દેવુએ કાનાની સામે આંખો કાઢી.

'હવે ઈ તમારી આંખોથી ડરતો નથી.'

'મને કળી ગયો છે.' કહી દેવુ ફરી ગંભીર બની. થોડીવાર કોઈ બોલ્યું નહિ. ત્રણે જણ મૂંગાં મૂંગાં કામ કરવા લાગ્યાં. ટપુનું મગજ ઝપાટાબંધ દોડી રહ્યું હતું. ક્યાંથી ક્યાં જવું? કોને મળવું? કેટલો સમય ક્યાં રોકાવાનું થશે. રેલભાડાની શી વ્યવસ્થા કરવી? ઘેર જવું કે નહીં? સીધા સાસરે જવું ઠીક લાગશે કે કેમ? એ

ગોઠવવા લાગ્યો. દેવુ વિચારી રહી હતી: 'પછી ટપુ અહીં ઓરડીએ જ રાંધી ખાવાનો. બે ઘડી બપોરે બેસવાનું તો થશે. કામમાંય મદદ કરશે. ટપુની વહુ પણ ટપુ જેવી જ કામગરી હશે. અને ટપુ કહે છે એમ વલ્લભ પટેલ આવે તો? અરે એ તે આવે? એ વિચાર જ હવે શા કરવા? પોર ખિજાઇને પાછા ગયા'તા, તે કદાચ બીજું ઘર પણ કરી લીધું હશે. અને શું કામ ન કરે? પૂરી રીતે પોંચતો છે. એ તો એટલો સારો કે આટલાં વરસ બેસી રહ્યો. પણ ટપુ ને પરબત જઇને સમજાવે તો આવેય ખરા. અને કાનો કહે છે એમ વાડી પર મકાન કર્યું હોય તો રહેવાયે ખરું. ટપુનેય ઠીક પડે. એની વહુને બચારીને અહીં જંગલમાં એકલા રહેવું નો પડે. દેવુનું અંતર આવા વિચારોથી રાચવા લાગ્યું, પણ થોડીવાર પછી વિચારો જુદી દિશાએ વળ્યા.

'એવો મોટો આબરૂદાર ખેડૂત. ઘરબાર, કુટુંબકબીલો છોડીને શા માટે અહીં ઘરજમાઈ થવા આવે? એ તો આવીને મને જ કહેશે તું ચાલ ઘેર. હવે નણંદો તો બંત્રી સાસરે ગઈ હશે ને મા બચારાં ઘરડાં થ્યાં હશે. અને એમ કહે તો મારે નાય શી રીતે પડાય? જતાં પગ ઊપડે નહીં અને જીભે ના પડાય નહીં. આજ-કાલ કરતાં કેટલાં વરસ વહ્યાં ગયાં? આ ત્રણ વરસથી તો સાવ નથી ગઈ. પહેલાં તો વચ્ચે વચ્ચે જતીયે ખરી. પરબતની વહુને લખમી આવી ત્યારની ગઈ નથી.'

દેવુને ઊંડા વિચારમાં ગરકાવ થયેલી જોઇને ટપુ બોલ્યો: 'આજ કયો વાર છે.'

'વારની તો મને કશી ખબર નથી.'

'બુધવાર છે. હું સોમવારે પાછો આવી જઇશ.'

'તારી મરજી પડે ત્યારે આવજે. અમે તો તારી દશ સામે જોઇને બેસશું.'

'તમને ન ગમતું હોય તો હું જવાનું બંધ રાખું ?'

'લે, મને શું કામે નો ગમે. તું વહુને તેડી આવ તો મારે તો અહીં સથવારો થાય. બેય જણાં બે ઘડી બેસીને સુખદુઃખની વાતો કરશું.'

'એના આવ્યા પછી થોડું કામ ખોટી થશે.'

'ઊલટી મદદ થાય. તું એવી નકામી વાતો કર મા.'

'પણ ધારો કે ઈ લોકો ન મોકલે તો ?'

'તો તને અહીં બીજી પરણાવશું.' કહી દેવુ જરા હસી. પછી કાના સામે જોઈને બોલી, 'કાનિયા, તું ઘેર જઈને માને કહી આવ કે આપણા ત્રણે જણનું ભાત બપોરે અહીં મોકલે !

'કોની હારે ?'

'પરબતભાઈ ગામથી આવી ગયો હોય તો ઈ લાવે નહીંતર વહુને મોકલે.'

'ભલે.' કહેતો કાનો ચાલ્યો. ચાર ડગલાં ચાલીને એણે પાછું વાળીને જોયું. અને પછી મનમાં બોલતો ગયો, 'આજ દેવુબાઈનું મોં સાવ પડી ગ્યું છે. કાલ કેવી ઉજમમાં હતી. ટપુભાઈ જાય ઈ યે ગમતું નથી ને એને ના યે પડાતી નથી. ટપુભાઈને કોણ જાણે કયાંથી આ સાંભર્યું. એના જેવા ભગતને ઘર શાં ને બા'ર શાં. કાં તો ઓલ્યા વરતમાં આડી નાંખે છે એમ આ દેવુની સામે લાવીને પોતાની વહુને બેસાડશે. પણ ત્યાંથી નકાર જડે તો આમની હારે જ ચાર ફેરા ફેરવી દઈએ. બધી પંચાત મટી જાય. એવું થાય તો પછી હું દેવુબાઈને 'ભાભી' કહીને જ બોલાવું.' એ વિચાર આવતાં કાનો એકલો એકલો હસ્યો.

કાનો વિચારતો હતો એટલી હદ સુધી તો નહીં, પણ, દેવુને

ટપુ પોતાની આંખથી અળગો થાય તે ગમતું તો નહોતું જ. એ રુક્મિણીને તેડી લાવે એમાં પણ દેવુને બહુ વાંધો ન હતો. પણ એને ભય હતો કે કદાચ ટપુ પાછો નહીં ફરે. અને એમ બને તો આટલાં વરસો પછી પોતાના શુષ્ક જીવનમાં જે રસ પેદા થયો હતો તે સાવ સૂકાઈ જાય. ટપુ ઘર માંડે તો પછી જે અત્યારે 'માર ખાવાના ધંધા' એ કરે છે અને પરિણામે એક પ્રકારની અશાંતિ ને અજંપો રહ્યા કરે છે એ ટળી જાય. ટપુ નિરાંતે વાડી ઉપર રહે ને પોતે આનંદથી એની સાથે કામકાજ કરી શકે. આમ ટપુ જાય તેમાં હરકત નથી એમ દેવુએ પોતાના મનને મનાવ્યું. છતાં એ બોલી, 'ટપુભાઈ, તને જો એમ લાગતું હોય કે તારાં સાસરિયાં હા ના કરશે તો પછી શું કામે નકામો ધક્કો ખા છ?'

ટપુએ દેવુની સામે જોયું. પોતાની ઉપરના નિર્વ્યાજ અને અકારણ સ્નેહમાં ધીમે ધીમે આસક્તિ વધતી જાય છે એ વસ્તુ ટપુ સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. એને સવેળા અટકાવવાની જરૂર હતી. ટપુને સાસરામાંથી નકાર મળે તો દેવુ સાથે એના ચાર ફેરા ફેરવી દઈ જોડી મેળવી દેવાની કલ્પનામાં રાચતો કાનો; અને 'ટપુને ઘર સાંભર્યું છે એને સહજીવનના કોડ જાગ્યા છે.' એવું અનુમાન કરીને મનમાં ઊંડે ઊંડે અકળાતી દેવુ; બેમાંથી કોઈ ટપુના અંતરને ઓળખી શક્યાં ન હતાં. ટપુનો જીવનરસ કેવો અલૌકિક પુષ્પ-પરાગમાંથી મળી રહ્યો છે એ પારખવાની બેમાંથી એકેની શક્તિ ન હતી. ટપુ પણ એવા અગમ્ય જીવનપ્રવાહમાં સપડાયો હતો કે એમાંથી નીકળ્યા વિના આ ભોળાં ગામડિયાં સ્વજનોને સમજાવવા અસમર્થ બન્યો હતો. અને એ વસ્તુનું એને ભારે દુઃખ હતું.

દેવુની પોતા પ્રત્યેની વધતી જતી આસક્તિ, શુદ્ધ સ્નેહ રૂપે જ રહે એટલા ખાતર પણ રુક્મિણીને તેડી લાવવાના નિર્ણયને ટપુ વળગી રહ્યો. એક ક્ષણવાર એનો એ વિચાર ફર્યો હતો અને

એણે 'સાસરિયાંનો નકાર મળે તો' એવું વાક્ય પણ ઉચ્ચાર્યું હતું. પણ પછી તરત જ એ મક્કમ બન્યો અને દેવુના પ્રશ્નનો જવાબ આપતાં બોલ્યો, 'એમ હું જાતે જઈને ઊભો રહું પછી ના થોડી જ પાડે. વળી વહુ બિચારી મારાં નામની માળા ફેરવતી હશે.'

'તો તો એને તેડી આવવી જ.'

'પણ અહીં પારકે પરદેશ એને ગમશે ખરું ?'

'હું કેવી બેઠી છું. તારે ઈ પાંતીનું જરાય મૂંઝાવું નહીં.'

'એમ તમે હિંમત આપતા હો તો હું તેડી આવું.'

'હું તો હંમેશા બધાને હિંમત આપવાવાળી છું. તું તારે બેફિકર બનીને તેડી આવ. તને એમ હશે તો હુંયે અહીં વાડીએ આવીને રહીશ. તારી વહુ હોય પછી મારે શો વાંધો ?'

'હા, પછી વાંધો નહીં.'

'તું એકવાર તેડી આવ. પછી હું ઢોર–ઢાંખર બધું અહીં લઈ આવીશ. પછી જોજે તો ખરો આપણે જલસા કરશું.' દેવુને અતિ ઉત્સાહમાં આવી ગયેલી જોઈ ટપુ ગંભીરપણે બોલ્યો, 'પણ એક શરત કરો.'

'શી શરત ?'

'વલ્લભ પટેલને તેડાવવા.'

'ટપુભાઈ,' દેવુ એકદમ નરમ પડી જઈને બોલી, 'તને મેં મારા સગાભાઈ જેવો માન્યો છે એટલે મારા દિલની વાત કહું છું. ભલો થઈને તું કોઈ દી' એમનું નામ ન લઈશ.'

'કેમ તમે તો બે મોઢે એમનાં વખાણ કરો છો.'

'વખાણ તો હજીયે કરું છું. પણ જે વાત બનવાની નથી એનો વિચાર કરીને દુઃખી શા માટે થવું ?'

'તો પછી હુંયે તેડવા નથી જતો.'

'લે તારે શું કામે તો જાવું!'

'તમે મને ભાઈ માન્યા તો મારે તમારા દુઃખમાં ભાગ પડાવવો જોઈએ ને?'

'ના ના. એવું બોલમા ટપુભાઈ, તું જઈને તેડી આવ. તારા જેવા ભાઈનું ઘર માંડી દેવાના મને બહુ કોડ છે. અમારો પરબતભાઈ પરણ્યો ત્યારે તો હું અણસમજુ હતી.'

'પણ રૂખીની સાથે તમને ધારો કે ન બન્યું ને બેય વચ્ચે કજિયા થયા તો?'

'તોય હું સાંખી લઈશ.' કહીને દેવુ આગળ બોલી, 'તું મારું પારખું લેછ ઈ હું જાણું છું. તને એમ છે કે તારી વહુ આવે ઈ મને ગમતું નથી ખરું?'

'હા, મને એવો વહેમ પડયો છે. ખોટું નહીં કહેવાય.'

'ત્યારે ટપુભાઈ; તેં દેવુબાઈને ઓળખી જ નથી.' કહેતાં દેવુ કાંટા દબાવીને ઘડીભર ઊભી રહી. ટપુ પણ એના ભાવવાહી બોલ સાંભળી સામું જોઈ રહ્યો, 'હું રૂડા પટેલની દીકરી છું. મારે માથે વલ્લભ પટેલ જેવાનું ઓઢણું છે. તારા કરતાં ક્યાંય રૂપાળા સાથીઓ આવી ગ્યા. દેવુને ઓળખતાં તને વાર લાગશે.' ટપુ પોતાને ઓળખી શકયો નહીં એના દુઃખથી દેવુની આંખે અંધારાં વળ્યાં.

ટપુના હૃદયમાં એનો સચોટ પડઘો પડયો. એવા જ ભાવપૂર્ણ અવાજથી ટપુ બોલ્યો, 'હું તમને બરાબર ઓળખું છું.–પણ ભગવાને માણસનું મન એવું ઘડયું છે કે પોતે પણ પોતાના મનને ઓળખી શકે નહીં. પણ હવે ઈ વાત જાવા દો. તમે રૂડાભાઈને વાત કરજો મને કાલ ને કાલ રજા આપે.'

'ભાડાના પૈસાનું શું કરીશ ?'

'કોઈકની પાસેથી ઉછીના લઇ લઇશ. રૂડાભાઈ પાસેથી માગવાનો નથી. ભાવનગર જતાં પાંચ રૂપિયા માંડ મળ્યા 'તા.'

'એટલા સારુ જ મેં પૂછ્યું: તારે કોઈની પાસે માગવાની જરૂર નથી. હું આપીશ. તારે કેટલા પૈસા જોઇશે?'

'તમે ક્યાંથી આપશો ?'

'મારી ખાનગી મૂડીમાંથી.'

'તમે ખાનગી મૂડી રાખો છો ?'

'હા. વાર-તહેવારે ભાઈ કે પરભત કાંઇક આપે તે સાચવી રાખું. ને ઇ પાછા ભાઇ કોઇકવાર ભીડમાં હોય ત્યારે આપી દઉં.'

'તો મને પચીસ રૂપિયા આપજો. આવતી હુતાશણીએ તમને પાછા આપી દઈશ.'

'સાંજે પૈસા ને રજા બેય લેતી આવીશ.'

ટપુ દેવુ સામે આભાર ભરી નજરે જોઇ રહ્યો. પછી ધીમે રહીને બોલ્યો, 'દેવુબેન, તમારો આ ઉપકાર કોઈ દી' નહિ ભૂલું.'

'આમાં કયો મોટો ઉપકાર કર્યો છે. તારે બીજું કામ છે નહિતર હું પંડે જઇને તેડી આવત.'

ત્યાર પછી બપોર સુધી બન્ને જણે હળવા મને વાતો કર્યા કરી. કાનો આવીને વાતોમાં ભળ્યો એટલે દેવુને વધારે રસ આવ્યો અને ટપુએ વાતમાંથી જીવ ખેંચી લીધો. જરૂર પૂરતા બે શબ્દ બોલતો બાકી ભાવિ કાર્યક્રમને પાર ઉતારવામાં એનું સમગ્ર મન રોકાઇ ગયું.

સાંજે દેવુએ ટપુના હાથમાં રૂપિયા પચીસ મૂકતાં કહ્યું, 'ભાઇએ પહેલાં તો હા-ના કરી, પણ પછી મેં કહ્યું કે ચાર દી'માં

પાછો આવતો જશે એટલે પછી રાજી થઇને રજા આપી છે. રાતે ભાઈ પાસે જઇ આવજે.'

સાંભળીને ટપુ વિચારમાં પડયો. આભારના ચાર શબ્દ સાંભળવા તલસતી દેવુ, ટપુને ઊંડા વિચારમાં પડેલો જોઇને બોલી, "કેમ કાંઈ વિચાર કર્યો છે? જવું નથી ગમતું? કે ત્યાં રોકી રાખશે એમ લાગે છે?'

'કદાચ હું પાછો નહીં આવી શકું તો પણ, તમારા પૈસા તો પાછા મોકલી જ દઇશ.'

'મારે પૈસાને શું ધોઇ પીવા છે, તું પાછો નો આવવાનો હો તો તારે જવાનું જ નથી.'

ટપુ દેવુ સામે તાકી રહ્યો. મનમાં ચાલી રહેલા ઉગ્ર મંથનની છાપ એના ચહેરા પર અને આંખોમાં તરી આવતી હતી. આખરે એ નિર્ણય ઉપર આવ્યો અને ધીમેથી બોલ્યો: 'દેવુબેન, તમારા પેટમાં વાત નહીં ટકે એમ ધારીને મેં તમને ખરું કારણ જણાવ્યું નહોતું...'

'એટલે તું છેતરીને ભાગી જવા માગતો'તો કાં?'

'તમે શાંતિથી સાંભળો. એમ ઉશ્કેરાઈ જવાની જરૂર નથી.'

'તું જે કહેવું હોય ઈ ઝટ કહી દે એટલે મને હાશ થાય.'

'આ વાત તમારા સિવાય કોઇને કાને ન જવી જોઇએ.'

ટપુ વાત કરતો ગયો એમ એનું મન હળવું થતું ગયું. દેવુ ઊંચે શ્વાસે સાંભળી રહી.

'અદેશંગભાઈના કેસમાં એક આરોપી છે ઈ મારો ભાઈબંધ છે. એને પકડવાની ખટપટ ચાલે છે. હું એને ચેતવવા જવાનો છું.

એમાં જોખમ છે. એટલે ક્યારે પાછો આવીશ તે નક્કી નથી. ખરું કારણ આ છે. તમારી ભાભીને તેડવાની વાત તો તમારું મન મનાવવા સારુ વચ્ચે રાખી છે.' દેવુ તો સાંભળી રહી હતી. ટપુ અટકી ગયો એટલે એણે ઊંચે જોયું. ઘડીક તો સામું ને સામું જોઈ રહી. શું બોલવું તે મનમાં ગોઠવીને બોલી: 'હુ નહોતી કહેતી કે મને રાતે સ્વપ્નું આવ્યું'તું, કે તને જેલમાં પૂરીને જાણે મારે છે.'

'સ્વપ્નાં કાંઈ સાચાં થોડાં જ હોય છે.'

'પાછલી રાતનાં સ્વપ્નાં ખોટાં હોય જ નહીં. હું તને કાંઈ વાતે જવા દેવાની નથી.'

'મારે જવું છે એમાં ફેર પડવાનો જ નથી. મિત્રને માટે જરૂર પડે તો માથુંય આપવું પડે. પરબતભાઈને માથે આવું જોખમ હોય તો તમે મને નો મોકલો?'

'નયે મોકલું.' દેવુ ગંભીરપણે બોલી: 'બીજા ઘણાય જનાર છે.'

'હું જવાનો છું ઈ વાત નક્કી છે.'

'તું તારું ધાર્યું જ કરવાનો.' કહેતાં દેવુની આંખ ભીની થઈ.

'તમે નકામા દુઃખી થાઓ છો. મેં તો તમને છેતરામણી ન થાય એટલા સારુ જેવી હતી તેવી વાત કરી. બાકી હું ચાર છ દિવસમાં પાછો આવી જઈશ.'

'મારું મન માનતું નથી. તારા ધંધા બધા સરપ પકડવાના છે.'

'તમે મારી જરા પણ ફિકર ન કરશો.'

'તો પછી વળતાં ભાભીને તેડી લાવવાની વાત કરેલી તે

સાચી કે બનાવટ?'

'તમને કહ્યું છે એટલે તેડી લાવીશ. બાકી હમણાં એ બાજુ જવામાં મારું મન વધતું તો નથી જ.'

દેવુ કશું બોલ્યા વિના બેસી રહી. એ પોતે હજી નક્કી કરી શકતી ન હતી કે ટપુ રૂક્મિણીને લાવે તો સારું કે ન લાવે તો? એટલે એ ચૂપ જ રહી. આખરે ટપુએ કહ્યું: 'ઠીક ત્યારે તમે ઘેર જાઓ. પછી અંધારું થશે.'

'મારે આજ ઘેર નથી જવું.'

'તમે દેવુબેન, નાના બાળક જેવું કરો છો. જાઓ શાંતિથી ઘેર જાઓ. મને કશું થવાનું નથી.'

'તારે ગામમાં નથી આવવું?'

'આવવું છે. પણ હું તો મોડેથી આવીશ.'

દેવુ પરાણે મન મજબૂત કરીને ઊઠી. સાડલાને છેડેથી દસ રૂપિયાની એક નોટ કાઢીને ટપુના હાથમાં આપતાં કહ્યું: 'આ લે, ગામતરાનું કામ છે. અણધાર્યું ખરચ થઈ જાય. પાસે હોય તો કામ લાગે.'

ટપુએ નોટ સામે જોયું ને એનું હૈયું ભરાઇ આવ્યું. આના, પાઈ ગણીને સંઘરેલા પૈસા આ બાઈ મારા હાથમાં મૂકે છે. એક અભણ ગામડિયણના મનની આ મોટાઈ જોઇને ટપુ સાનંદાશ્ચર્ય અને સગર્વ એની સામે જોઈ રહ્યો, ને અંતરથી નમ્યો. એના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યા:

'બેન, જો ન કરે નારાયણ ને પાછો ન આવ્યો તો તમારે પેટ જનમ લઇને આનો બદલો વાળી આપીશ.' આટલું કહીને ટપુ એને પગે પડયો. દેવુની આંખમાં આંસુ ઊભરાયાં. માથે બે હાથ મૂકીને દેવુ બોલીઃ 'ભગવાન તને કરોડ વરસનો કરે.' અને પછી હાથ ઝાલીને એને ઊભો કર્યો.

માથે રજકાનો ભારો લઇને આવતો કાનો દૂરથી એ હૃદયંગમ દૃશ્ય જોઈ રહ્યો.

★

૧૭

નવાગામથી વરતેજ સુધી ટપુ ચાલીને આવ્યો. વરતેજથી રાતની ગાડીએ બેઠો તે સવારે સાડાસાતે અમદાવાદ ઊતર્યો. સ્ટેશનથી ભદ્ર અને ભદ્રથી પારડીની બસમાં એ મહાલક્ષ્મી સાસાયટી પહોંચ્યો. ત્યાં આગળથી પૂછતો પૂછતો મોતીનગરમાં રામબલિ મહારાજનો બંગલો શોધી કાઢ્યો. મોટું ચોગાન અને ચોગાનને છેડે જુનવાણી ઢબનો બંગલો. ડાબા હાથ ઉપર એક નાની એવી ચાલી હતી. ટપુ સીધો બંગલે પહોંચ્યો. પગથાર પાસે ઊભા રહીને એણે બૂમ મારી, 'દાકતર સાહેબ છે કે?'

'કોણ ભાઇ?' કહેતી આધેડ વયની એક સ્ત્રી બહાર આવી. કાઠિયાવાડી ચોરણી, કડિયું, અને પાઘડી પહેરેલા ટપુને જોઈને એણે નવાઇ પામતાં પૂછ્યું, 'તમારે કોનું કામ છે?'

'નલિનભાઇ છે?'

'નલિન શહેરમાં ગયો છે. તમારે એનું શું કામ હતું?'

'મળવું 'તું.'

'બેસો હમણાં આવશે.' કહી એ ઘરમાં ચાલ્યાં ગયાં.

ટપુ બહાર ઓટલે બેઠો. મનમાં વિચારવા લાગ્યો, 'બુદ્ધિજીવી અને શ્રમજીવી વચ્ચે કેટલું અંતર પડી ગયું છે? ત્રીજી સાલ અહીં આવેલો ત્યારે જેમણે પોતાના પુત્રની પેઠે રાખેલો તેમણે આજ અજાણ્યો ગામડિયો ધારીને પાણીનું પણ ન પૂછ્યું. પણ એમાં એમનો વાંક નથી. શ્રમજીવનની પ્રતિષ્ઠામાં જ સમાજનું કલ્યાણ છે એમ સમજનાર લોકો પણ અંગત વર્તનમાં એ વસ્તુ વિસરી જાય છે. તો પછી આમને શું કહેવું?' થોડીવાર પછી નલિન સાથે શી વાતો કરવી એનો વિચાર કરવા લાગ્યો. ચુસ્ત રાષ્ટ્રવાદી અને ટપુને ખાદીધારી બનાવનાર નલિન હતો. ચોથા ધોરણથી મેટ્રિક સુધી બન્ને સાથે ભણ્યા હતા; નલિન અમદાવાદ મહાવિદ્યાલયમાં વિજ્ઞાનનું શિક્ષણ લઈ રહ્યો હતો અને ટપુ પૂના કૉલેજમાં હતો. છતાં બન્નેનો સંબંધ ૧૯૪૨ની લડત પછી પણ છેક સતારા ધાડ કેસમાં કે. આર. પટેલ નાસી છૂટ્યો ત્યાં સુધી ચાલુ હતો. કે. આર. પટેલે ટપુ તરીકે નવાગામમાં 'સાથી'નું જીવન શરૂ કર્યું, એનાથી નલિન સાવ અજાણ હતો. અમદાવાદમાં ચાલતાં અનેક ક્રાંતિકારી ગુપ્ત મંડળોમાંના એકનો એ નાયક હતો. એટલે એની સાથે વાત કરવામાં બહુ ભય કે જોખમ નહતું.

અર્ધોએક કલાક થયો હશે તેટલામાં નલિન સાઈકલ પર આવી પહોંચ્યો. ટપુની સામે એક નજર ફેંકીને એ સીધો સાઈકલ લઈને અંદર ચાલ્યો ગયો. કોઈ ખેડૂત દવા લેવા આવ્યો લાગે છે. એટલો જ વિચાર ટપુને જોઈને એના મનમાં આવ્યો. સાઈકલનો અવાજ સાંભળીને નલિનની બા રસોડામાંથી બહાર આવ્યાં અને એને કહ્યું, 'બહાર તને કોઈ મળવા આવ્યું છે. તું મળ્યો?'

'કોણ પેલો બહાર બેઠો છે તે?'

'હા'

નલિન કોટ કાઢતાં કાઢતાં બહાર આવ્યો 'કેમ ભાઈ શું કામ છે?'

ટપુ એના બહાર આવવાની રાહ જ જોતો હતો. એ ઉતાવળે અંદર ચાલ્યો ગયો ત્યારે એને અટકાવવાની ઇચ્છા થએલી પણ એની બા કહેશે એટલે આવશે એમ ધારી એ બેસી રહ્યો. ટપુ ઊઠીને તદ્દન નજીક આવ્યો. આંખમાં આંખ મેળવી એક પળવાર સામે જોઈ રહ્યો. પછી માથેથી ફેંટો કાઢી હાથમાં લેતાં બોલ્યો, 'હવે ઓળખાણ પડે છે?'

'કોણ કેશુ?' કહેતાં નલિન ભેટી પડ્યો. ક્ષણભર બન્ને બાથ બીડીને ઊભા રહ્યા. પછી ટપુનો હાથ પકડી એ અંદર પોતાના ઓરડામાં લઈ ગયો! ખુરશી પર સામે બેસાડી હાથમાં હાથ દબાવીને સામે જોઈ રહ્યો. જાણે મૃત્યુના મોંમાંથી પાછો ફરેલો મિત્ર મળ્યો ન હોય!

'તું આટલા દિવસ ક્યાં હતો?'

'એ બધું તને નિરાંતે કરીશ.'

'અત્યારે નિરાંત જ છે.' કહી નલિન ઊઠ્યો ને બારણું બંધ કર્યું.

'મારી લાકડી બહાર પડી છે તે અંદર લઈ આવ.'

'હા સાચે.' નલિન એકદમ બહાર જઇને લાકડી લઈ આવ્યો.

ટપુએ ટૂંકમાં નવાગામના પોતાના નવજીવનનો ઇતિહાસ કહી સંભળાવ્યો. પછી કહ્યું, 'હવે વકીલ તરીકે મારે રમેશને મળવું

છે. જે જગ્યાએ એ પહેલાં ઊતરતો એનું આ સરનામું, ત્યાં એની તપાસ કરવી જોઈએ.

‘ ટપુએ સરનામાની કાપલી કાઢી. નલિને ટપુના હાથમાંથી કાપલી લીધી. વાંચતાં જ બોલી ઊઠયો. આ તો આપણો દોસ્ત છે. અહીં નજીકમાં જ કોચરબ પાસે રહે છે. ’

‘ તો પછી આપણે તપાસ કરાવો. ’

‘ તું નાહી લે. કપડાં બદલી લે પછી આપણે જ ત્યાં જઈએ. તને એ રીતે ફરવામાં હરકત નથી ને ? ’

‘ બિલકુલ નહીં. ’

‘ તને મારાં કપડાં થઈ રહેશે કેમ ? ’

‘ આપણાં શરીરમાં બહુ ફેર નથી. ’

‘ આમ તો સરખાં જ છે. હું જરા પોલો છું ને તું નક્કર છો એટલો જ ફેર છે. ’ કહી નલિને કબાટ ઉઘાડયો. અંદરથી એક જોડી કપડાં કાઢયાં. પાટલુન, ખમીશ કાઢીને પૂછ્યું, ‘ ટોપી કાઢું કે ? ’

‘ હાસ્તો. ’ સાફ કરાવેલા માથા ઉપર હાથ ફેરવતાં ટપુ બોલ્યો અને પછી કબાટમાં ઉપરના ભાગમાં નજર જતાં ઊભો થયો. પાસે આવીને ખૂણામાં લટકતી નાની પિસ્તોલ હાથમાં લીધી. ‘ આનો ઉપયોગ કરે છે કે ? ’

‘ ભાગ્યે જ. ’

‘ કેટલા બારની છે ? ’

‘ છ. તારે જરૂર હોય તો લઈ જા. ’

‘ મેં તો હવે લગભગ એ માર્ગ છોડી દીધો છે. ’

‘ તેં કેવો છોડયો છે એ હું જાણું છું. ચાલ હવે જલદી નાહી લે. આવ તને સ્નાનગૃહ બતાવું. ’

કબાટના અરીસામાં જોઈને દાઢી પર હાથ ફેરવતાં ટપુ બોલ્યો:

'જરા દાઢી બનાવી લઉં ?'

'જરૂર.' નલિને હજામતનો સામાન હાજર કર્યો.

ટપુ નાહી, કપડાં બદલી, તૈયાર થયો. કોટ ચડાવીને માથે ટોપી મૂકવા એ કબાટ સામે ઊભો રહ્યો ત્યારે નલિને કહ્યું 'બસ હવે ખરો કે. આર. બની ગયો. આ ખિસ્સામાં મૂક, સાથે હોય તો ખપ લાગે.' એમ કહી એણે ટપુના હાથમાં પિસ્તોલ આપી. ટપુએ સહેજ આનાકાની કરી. પણ ધસીને ના પાડવાને બદલે ધીમે રહીને પાટલૂનના ખિસ્સામાં મૂકી. બન્ને મિત્રો તૈયાર થઇ બહાર ચાલ્યા. નલિને બૂમ મારી કહ્યું, 'બા, અમે જરા જઇ આવીએ. જમવા વખતે આવી જશું.'

'સારું' કહેતાં નલીનની 'બા બહાર આવ્યાં. ટપુની સામે ઘડીભર જોઇ રહ્યાં ને પછી એકદમ બોલી ઊઠયાં, 'આ તો કેશુભાઇ કે નહીં ?'

'ટપુએ હાથ જોડી કહ્યું 'હા બા.'

'તમે બધા હમણાં વેશપલટા કરીને ફરો છો તે ઓળખાતા નથી. એટલીવાર બહાર બેસી રહ્યાં તે મને કહેવાય નહીં ?'

'એ કેટલો શરમાળ છે એ તમે નથી જાણતાં ?'

'એ તો હું જાણું છું. હવે વહેલા આવતા રહેજો.'

'સારું' કહી બન્ને જણ ઉતાવળા બહાર નીકળ્યા.

ક્રોચરબનો પહેલો ઢાળ ઊતરીને એક સાધારણ બંગલાને દરવાજે આવી પહોંચ્યા. બહાર પાટિયું મારેલું હતું. કનકરાય શિવપ્રસાદ દેસાઈ, એમ. એ. એલ. એલ. બી. એડવોકેટ. નાનકડો બગીચો વટાવી બંગલાનાં પગથિયાં પાસે આવ્યા. નાનો બટુક દોડતો બહાર આવતો હતો તેનો હાથ પકડીને નલિને પૂછ્યું: 'પ્રીતમ છે કે ?'

'છે. ઉપર એમના રૂમમાં બેઠા છે.'

બન્ને જણુ ઉપર ગયા. બારણામાં પેસતાં નલિને અવાજ કર્યો.

'અંદર આવું કે ?'

'કોણ નલિન, આવને. સાથે કોણ છે ?"

'એ તો મારા એક મિત્ર છે.'

'આવો બેસો.' પ્રીતમ ગાદી ઉપર બેસતાં બોલ્યો. નલિન એની પાસે તકીએ અઢેલીને બેઠો. ટપુ ગાદીના છેડા પર બેઠો. એણે ચોમેર એક નજર ફેંકી તો સામે ખુરશી પર બેસીને રમેશ હજામત કરતો હતો. રમેશે મોટા અરીસામા ટપુનો ચહેરો જોયો. ચાર આંખ એક થતાં ટપુએ નેણ નીચાં ઢાળ્યાં. રમેશ દાઢી પર સાબૂ લગાવતો હતો. પરંતુ એને ચહેરો ખાસ પરિચિત ન લાગ્યો. નલિનનું નામ એણે સાંભળ્યું હતું પણ એની સાથે ખાસ સંબંધ ન હતો. એટલે એ પોતાના કામમાં મશગૂલ રહ્યો.

ટપુ સામે એક નજર ફેંકીને પ્રીતમે પૂછ્યું: 'કહો નલિનભાઈ, શો હુકમ છે ?'

'આ મારા એક મિત્ર આજે કાઠિયાવાડથી આવ્યા છે. તેઓ વિનુભાઇને સારી રીતે પિછાને છે. રમેશચંદ્ર ઉપર એમનાં પત્નીનો ખાસ સંદેશો લઇને આવ્યા છે.'

'વિનુભાઇનું અને પોતાનું નામ સાંભળતાં જ રમેશે પાછું વાળીને જોયું. એને ચહેરો કાંઈક પરિચિત લાગ્યો. પણ હજી તે બરાબર ઓળખી શક્યો નહીં. પ્રીતમને તરત અવિશ્વાસની ગંધ આવી. ટપુ સામે જોઇને એણે કડક અવાજે પૂછ્યું, 'તમે રમેશભાઈને ઓળખો છો ?'

ટપુએ રમેશ સામે જોયું. મીઠું હાસ્ય કરીને પૂછ્યું: 'કેમ એટલીવારમાં જ ભૂલી ગયા ?'

અવાજ સાંભળતાં જ રમેશ ખુરસી પરથી ઊઠ્યો: 'ટપુભાઈ તો નહીં ?' કહેતાં નજીક આવ્યો. ઊભો થઈને ટપુ રમેશને ભેટી પડ્યો.

પ્રીતમ અને નલિન જોઈ રહ્યા. નલિને ઊઠીને બારણું બંધ કર્યું.

'ટપુના ખભા ઉપર હાથ રાખીને રમેશ બેઠો.' અને નવાઈ પામીને બોલ્યો, 'ટપુભાઈ, તમે આટલો સરસ વેશપલટો કરી જાણતા હશો એ તો મને કલ્પના જ નહીં'. પછી પ્રીતમ સામે જોઈને રમેશે કહ્યું, 'આ અમારા નવાગામના પટેલના સાથી છે. ખૂબ જ ભાવનાશાળી અને સત્યનિષ્ઠ માણસ છે. કહો ટપુભાઈ, કાન્તાબેનનો તાર પ્રીતમ ઉપર હતો એટલે જ હું ખાસ અહીં આવ્યો છું. વિનુભાઈ, કાન્તાબેન વગેરે શું કરે છે ?'

'સૌ મજામાં છે. તમે એકવાર દાઢી કરી લ્યો પછી નિરાંતે વાત કરું.'

'દાઢી પછી કરીશ.' કહીને રમેશે ઊભા થઈ સાબૂનાં ફીણ લૂછી નાંખ્યાં અને ટપુની પાસે આવીને બેઠો. એ હજી પણ આશ્ચર્ય-ચકિત બનીને ટપુ સામે જોયા કરતો હતો.

નલિને જોયું કે રમેશ ટપુને હજી ખરા સ્વરૂપમાં ઓળખતો નથી. પ્રીતમ પણ એની ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકીને વાત કરતો નથી. ટપુનો પરિચય આપવાની સંમતિ એણે અગાઉથી મેળવી લીધી હતી. એટલે એ ધીમેથી બોલ્યો પ્રીતમભાઈ, તમને હજી મારા મિત્રનો પૂરો પરિચય કરાવવો બાકી છે. રમેશભાઈ પણ એમને ઉપર ઉપરથી જ ઓળખે છે.'

'મને હજી સમાધાન નથી થયું.' પ્રીતમ વચ્ચે બોલ્યો.

'માટે જ કહું છું. તમે બન્ને એમના નામથી સારી પેઠે જાણીતા છો. માત્ર તમે જ નહીં, પણ મહારાષ્ટ્ર અને ગુજરાતના ક્રાંતિકારી યુવાનો એમનું નામ માનપૂર્વક સંભારે છે.'

રમેશ આટલી પૂર્વભૂમિકા સાંભળીને ટપુ સામે જોઈ રહ્યો. ટપુએ નલિનને કહ્યું, 'પ્રસ્તાવનાની જરૂર નથી. સીધી ઓળખાણ આપી દે.'

'સતારા ધાડ કેસમાંથી નાસી છૂટેલા કે. આર. પટેલ અત્યારે તમારી સામે બેઠા છે.'

પ્રીતમે આનંદભેર ટપુનો હાથ પકડીને દબાવ્યો. રમેશ પણ હર્ષાવેશમાં ટપુને ફરી ભેટી પડયો.

પળવાર વાતાવરણ આનંદાવેગથી સ્થગિત થયું. રમેશ, પોતે સાવ અંધારામાં રહ્યો અને એક સાધારણ ખેડૂત જુવાનની માફક ટપુ સાથે વર્ત્યો એનો પસ્તાવો કરવા લાગ્યો. પોતાના આવવાનું કારણ જણાવતાં ટપુએ મૂળ વાત શરૂ કરી, 'તમને કાન્તાબેને તાર તો કર્યો છે. પણ મારે બીજો જ સંદેશો આપવાનો છે. તમે જેને રાષ્ટ્રવાદી અને તમારા હિતેચ્છુ માનો છો એ પ્રેમજી શેઠ તમને દગો દેવા તૈયાર થયા છે.' આમ કહી ટપુએ પોતે સાંભળેલો આખો પ્રસંગ કહી બતાવ્યો. અને પછી ઉમેર્યું, 'તારના જવાબમાં તમે ભાવનગર આવશો નહીં એની તો મને ખાતરી જ હતી. પણ એ પોતે કદાચ તમને મળવા આવશે અને કાંઇક કાવતરું રચી તમને ફસાવશે એમ ધારી હું તમને રૂબરૂ મળવા આવ્યો.'

'હું તમારો અત્યંત આભારી છું. તમે કેવડું મોટું સાહસ ખેડયું છે એનો મને અત્યારે ખ્યાલ આવે છે. અને તમે કહ્યું તેમ મને પ્રેમજી શેઠ ઉપર સંપૂર્ણ ભરોસો હોવાથી કદાચ હું એની જાળમાં જરૂર ફસાયો હોત.'

'સારું થયું, વખતસર ચેતવ્યો.' પ્રીતમે કહ્યું, 'રમેશ, તું વહેલી તકે અહીંથી નીકળી જા.'

'બસ દાઢી કરીને નાહી લઉં. ટપુભાઈ અરે કેશવભાઈ...'

'મને ટપુભાઇ જ કહેજો. નવાગામમાં પછી જીભ નહીં વળે.'

'બહુ સારું ટપુભાઈ, તમે ત્યાંની બધી વાતો પછી નિરાંતે કહેજો. આપણે સાથે જ નીકળશું.'

રમેશ તૈયાર થવા લાગ્યો. પ્રીતમ અને નલિન ટપુ સાથે લડતની વાતો કરવા લાગ્યા.

વાત ચાલે છે ત્યાં બારણા પર ટકોરા પડયા. પ્રીતમે ઊભા થઈ બારણું ઉઘાડયું. 'કેમ બટુક?'

'રમેશભાઇને મળવા કોઇ આવેલ છે.'

પ્રીતમ દીવાનખાનામાં ગયો. નમસ્કાર કરી પૂછ્યું, 'ક્યાંથી આવો છો?'

'ભાવનગરથી. રમેશભાઈને મારે મળવું છે.'

'રમેશ હમણાં જ ગયો.'

'તમારા આ બટુકભાઇએ કહ્યું કે અંદર બેઠા છે.'

'એ તો બીજા મિત્રો છે.'

'ભાઈ, તમે વહેમાઇ જઈને વાત કરો છો. અત્યારે વખત બારીક છે એટલે જેની તેની ઉપર ભરોસો ન પડે, પણ રમેશ તો મારા નાનાભાઈ સમાન છે. તમે એમને એટલું જ કહો કે ભાવનગરથી પ્રેમજી શેઠ આવ્યા છે. એટલે તમને ખાતરી થશે.' પ્રેમજી શેઠે ઠંડે કલેજે પોતાની વાત ચાલુ રાખી. સાંભળીને પ્રીતમ જરા ઉગ્ર બન્યો એણે કડક અવાજે કહ્યું, 'અજાણ્યા માણસ સાથે દલીલમાં

ઊતરવામાં વિવેક નથી. મેં તમને કહી દીધું. રમેશ અહીં નથી. તમારે હવે જવું જોઈએ.'

પ્રેમજી તાકી રહ્યો. 'ગમે તેમ આ લોકો મારા આવવાનું રહસ્ય પામી ગયા લાગે છે.' પ્રીતમની આંખમાંથી નીકળતા તેજ સામે એ વધારે વાર ટકી ન શકયો. નરમ અવાજે એ બોલ્યો, 'ઠીક કાંઈ નહિ. હું તો મારે વેપારને કામે આવેલો. એનો ભાઈબંધ જેલમાં છે. એની વહુને મેં મારે ઘેર રાખી છે. એ બિચારી રાતે પાણીએ રડે છે. રમેશને બોલાવવા એણે તાર કરેલો. એનો જવાબ ન મળ્યો. તેથી મને કહે તમે રૂબરૂ મળતા આવજો. એટલે હું આવ્યો. મારે કાંઈ એ સગો નથી થતો. ચાલો માફ કરજો. જય જય' પ્રેમજી ઊભો થયો. હાથ જોડીને પ્રીતમ સામે ફરી તાકી રહ્યો.

પ્રેમજીના કથનની જરા પણ અસર પ્રીતમ ઉપર થઈ નહીં. પ્રેમજી સમજ્યો કે હવે ગયા વિના છૂટકો નથી એટલે એ બહાર આવ્યો. છંછેડેલા સાપની પેઠે રીસભર્યો પ્રેમજી બહાર નીકળ્યો. મુખ્ય રસ્તા પર આવેલી એક ઓળખીતાની દુકાનમાં ગયો અને સીધો ટેલિફોન ઉપાડયો. ચક્કરના આંકડા ફેરવતાં એનો હાથ ધ્રૂજતો હતો. રીસીવર કાને માંડીને એ હોઠ ભીંસીને રોષ તથા અધીરાઈમાં ઘંટડીના અવાજની રાહ જોઇ રહ્યો.

થોડીવારે ઘંટડી વાગી. આસપાસ કામ કરતા લોકોનો વિચાર ન કરતાં એ મોટે અવાજે બોલ્યો, 'જલ્દી આવો. એ માણસ અહીં જ છે. મારી સાથે આવવા તૈયાર નથી. તમે અહીંના ફોજદાર સા'બને લઇને જલદી આવો. સાદે વેશે જ આવજો, નહિતર એ લોકો ચેતી જશે ને હાથ નહિ આવે.'

'નીકળીએ છીએ.' એવો જવાબ સાંભળીને પ્રેમજી શેઠે શ્વાસ નીચે મૂક્યો. ઊભા થઇને એ બારણા પાસે પડેલી ખુરશી પર બેઠો અને રસ્તા પર નજર નાખી રાહ જોઈ રહ્યો.

આ બાજુ રમેશ ઝટપટ તૈયાર થયો. પ્રીતમે આગ્રહ કરીને સૌને નાસ્તો કરાવ્યો. ટપુને વિદાય આપતાં એનું મન માનતું નહતું. પ્રીતમ વારંવાર કહી રહ્યો હતો, 'તમે થોડાં દિવસ રોકાઓ. અહીં અનેક ગુપ્ત મંડળો કામ કરી રહ્યાં છે. તમે એને દોરવણી અને પ્રેરણા આપો. તમારા જેવો માણસ એક ગામડામાં જઇને છૂપાઈ રહે એનો કશો અર્થ નથી.'

જવાબમાં ઓછાબોલા ટપુએ આટલું જ કહ્યું, 'મને હવે આ માર્ગ ઉપર બહુ વિશ્વાસ રહ્યો નથી. એ વિષે આપણે ફરી કોઈવાર મળશું ત્યારે નિરાંતે ચર્ચા કરશું.'

રમેશને ભેટીને વિદાય આપતાં પ્રીતમે કહ્યુ, 'ચાર આઠ દિવસે મળતો રહેજે.' નલિનને લટક સલામ કરીને કહ્યું, 'આપણે તો પાછા સાંજે મળશું.' પ્રીતમ પગથાર પર ઊભો. ટપુ, નલિન અને રમેશ ત્રણે સાઇકલ પર સવાર થયા. ફરીથી 'આવજો' ના અવાજથી પ્રીતમે વિદાય દીધી. ત્રણે સાઇકલો દરવાજા બહાર નીકળી ત્યાં સુધી પ્રીતમ એમની પાછળ જોઈ રહ્યો.

દીવાનખાનામાં આવીને પ્રીતમ એક સોફા ઉપર પડ્યો. ટપુનો ચહેરો એની આંખ આગળથી ખસતો નહોતો. 'એકવાર એની સાથે મહારાષ્ટ્ર તરફ જવું જોઇએ. એ બાજું આ જાતનાં કામ માટે વધારે અવકાશ છે. અહીં તો આટલાં મંડળો કામ કરે છે પણ નક્કર અને નોંધપાત્ર એવું કશું બનતું નથી. ધીમે ધીમે મંડળીના નાયકો સિવાય બીજા યુવાનોનો ઉત્સાહ નરમ પડતો જાય છે. એને માટે કંઇક વીજળીક પગલું ભરવું જોઇએ. કે. આર.

જેવો કોઈ સાથે હોય તો આખા જનસમૂહને આંચકો લાગે એવો કાર્યક્રમ ગોઠવી શકાય. હમણાં ચાર દિવસ ભલે રમેશ અને નલિન સાથે રહે પછી તેડી લાવીશ. નલિનનું મંડળ માત્ર ઉપરના દેખાવ પૂરતું જ કામ કરે છે. અને એની સાથે હવે ખાસ કોઈ એવો જાણીતો માણસ પણ રહ્યો નથી.'

સોફામાં પડયો પ્રીતમ વિચાર હિંડોળે ઝૂલી રહ્યો છે એ વખતે નાનો બટુક દોડતો આવ્યો: 'મોટાભાઈ, મોટાભાઈ' કહીને એણે બહારથી બૂમ મારી.

'કેમ બટુક?' પ્રીતમે બેઠાં બેઠાં જ પાછું વાળીને જોયું.

શ્વાસ શમતાં બટુકે કહ્યું: 'આપણા રમુભાઈની પાછળ પોલીસ પડી છે. અને સામસામા ગોળીબાર થયા છે.'

'તને કોણે કહ્યું?' પ્રીતમ એકદમ ઊભો થયો.

'હું નાકા ઉપર પેન્સિલ લેવા ગયેલો ત્યાં દૂરથી જોયું.'

'કોઈ પકડાયા?'

'ના મોટાભાઈ, એક પોલીસને ઘાયલ કરીને ત્રણે જણ નાસી ગયા.'

પ્રીતમે ખીંટી પરથી લાકડી લીધી. માથે કાળી ટોપી મૂકી અને ઉતાવળે બહાર નીકળ્યો. બાજુની ગલીમાં થઈને મોટા રસ્તાના નાકા પર પહોંચ્યો. ત્યાં પાંચ સાત માણસો ટોળે વળીને વાતો કરતા હતા. પ્રીતમ કોલસાવાળા હુસેનની દુકાને જઈને બાંકડા પર બેઠો. સામે હુસેનનો નોકર જાનમહમદ આંખો ફાડીને હાથ અને મોંના હાવભાવથી સૌને વાત સંભળાવતો હતો. પ્રીતમે એને લાકડીનો છેડો અડાડી પૂછયું: 'કયોં જાનમહમદ, કયા હુઆ?'

'અરે પ્રીતમભાઈ, તુમ્હારે કોંગ્રેસવાલે ભી કમાલ કરતે હૈ.'

પોલીસો સાથેની મારામારી, પથરાબાજી અને ગોળીબાર એ વસ્તુ ચારેકોર રોજિંદી બની ગઈ હતી. એટલે સાંભળનારા શાંતિથી સાંભળતા હતાઃ જાનમહમદે આગળ ચલાવ્યું 'તુમ લોગોંકો કુછ માલૂમ નહીં. દેખો મૈં બતાઉં, પહેલેસે ક્યા હુઆ. દો તીન સાઇકલવાલે યહાંસે આયે.' ઔર સામનેસે દો તીન આદમી આકર બરાબર ઉનકી સામનેહી ખડે હો ગયે, ડરેસ સાદા થા લેકિન થે પુલિસવાલે.'

'એ લોકો હમેશાં દગાથી જ કામ કરે છે.'

'અરે યાર સુનો તો સહી. દગા કિસકા સગા નહીં. આજ તો વૈસા હી હુઆ...'

એકાએક વાત અધૂરી મૂકીને જાનમહમદ દુકાનમાં પેસી ગયો. અને બીજા લોકો આસપાસની દુકાનોમાં દોડીને ઘૂસી ગયા. પ્રીતમે ઊંચે જોયું તો લશ્કરી પોલીસની એક લોરી ધમધમાટ કરતી નીકળી ને મોટે રસ્તેથી પસાર થઈ ગઈ. લોરી થોડી દૂર ગઈ એટલે પાછા સૌ ધીમે રહીને બહાર નીકળ્યા. અને જાનમહમદ પણ બારણા પાસે આવ્યો ને વાત આગળ ચલાવી. પિછે પ્રીતમભાઈ, વો સી. આઈ. ડી. વાલેમેંસે એકને રિવોલ્વર નિકાલકર વો તીનમેં સે એક ચશ્માવાલા થા ઉસકી સામને રખ્ખી. ઔર કહા. 'તુમકો હમ એરેસ્ટ કરતે હૈ.'

'ફિર ?' પ્રીતમ બોલી ઊઠયો.

'ફિર ક્યા, પિછે જો એક ધોલી ટોપીવાલા જુવાન ખડા થા ઉસને જેબસે પિસ્તોલ નિકાલી ઔર ઉસકો ગિરા દિયા. દૂસરા સામને આયા તો ઉસકો ભી લગા દિયા. ચાર છે બાર કર દિયા. તીનોં જુવાન સાઇકલ પર સવાર હોકર ભાગ ગયે.'

'શાબાશ.' પ્રીતમે છૂટકારાનો દમ મૂક્યો. પણ એટલામાં બાજુએ ઊભેલો બીજો એક જણ બોલ્યો: 'પોલીસના ત્રીજા માણસે પેલાને ઘાયલ કર્યો છે.'

'હાં, પોલીસવાલે તીન થે. ઓર યે મારનેવાલા જુવાન સાઈકલ પર ચઢને લગા તબ ઉસને ગોલી લગાઈ ઔર જુવાનકો લગી. લેકિન ઉસકી પરવા કિયે વિના વો શેરકા બચ્ચા ભાગ ગયા.'

પ્રીતમ એકદમ ચિંતાતુર બન્યો. ચહેરા પર રેખા પલટાવા દીધા વિના પૂરી વાત જાણવાના હેતુથી એણે ફરી પૂછ્યું.

'ઔર જાનમહમદ, પુલીસવાલોંકા ક્યા હુઆ ?'

'એક લશ્કરી લોરી નીકલી ઉસમેં ડાલ કર અસ્પતાલ લે ગયે ઔર એક પોલીસ અફસર ઓર દો લશ્કરી સિપાઈ અપના યે દવાવાલા શેઠકી મોટર લે કર ઉન લોગોંકી પિછે ગયે હૈ. અબ દેખેં ક્યા હોતા હૈ.'

'પકડે જાયેંગે બેચારે.'

'રામ રામ ભજો.' સામેનો પાનવાલો ભૈયો બોલ્યો: 'ઐસે તો કઈ જવાન ભાગ ગયે.'

પ્રીતમ ધીમે રહીને ઊડ્યો: 'અચ્છા જાનમહમદ, સલામ. સલામ.'

'જી સલામ.'

પ્રીતમ ઘેર આવીને તરત બહાર પડ્યો. એણે નલિનને ઘેર તપાસ કરાવી તો તેનો પત્તો ન હતો. ત્રણે સાઇકલોને જતી જોનારાઓને પૂછીને પત્તો મેળવવા એણે પ્રયાસ કર્યો. જેમ જેમ વખત ગયો તેમ તેમ ઊડતી વાતો વધારે ભળતી ગઈ. તેથી સાચી હકીકત તારવવાનું મુશ્કેલ બન્યું. પોતાને ઘેર પોલીસપહેરો બેઠાના સમાચાર મળતાં એ ત્રીજે ઠેકાણે જઈ રહ્યો.

સાંજ સુધીના ઊલટાસુલટી સમાચારોનો સાર ખેંચતાં પ્રીતમને આટલી હકીકત સાચી લાગી. રમેશ અને નલિન બે જણ સલામત રીતે છટકી ગયા હતા અને ટપુને પાછળથી પાઠમાં ગોળી વાગવાથી થોડે દૂર જતાં એ પડી ગયો હતો. કેટલાક લોકોએ હિંમત કરીને એને બાજુના ઘરમાં લીધો અને ઈસ્પિતાલે પહોંચાડવા તજવીજ કરતા હતા, તેટલામાં પોલીસ આવી પહોંચી અને એને કેદ કરીને ઈસ્પિતાલે લઈ ગઈ. ઈસ્પિતાલમાં એના શરીરમાંથી ગોળી કાઢી લીધી છે અને બનતાં સુધી એ બચી જશે. બેભાન અવસ્થામાં જ ઈસ્પિતાલે લઈ ગયેલા હોઈ એનું નામ ઠામ કોઈ જાણતું નથી. એના ઓરડા ઉપર પોલીસપહેરો છે અને નર્સ તથા દાક્તર સિવાય કોઈને જવા દેતા નથી. ટપુના શરીરમાંથી ગોળી કાઢનાર દાક્તરો માંહેના એકને મોંએથી પ્રીતમે ઉપરની હકીકત સાંભળી ત્યારે એને શંકા રાખવાનું કશું કારણ રહ્યું નહીં. એની શંકા તો ટળી પણ ચિંતાનો ભાર વધ્યો.

'ઈસ્પિતાલમાંથી મુક્ત થાય તે પહેલાં જ ટપુને પોલીસના પંજામાંથી છોડાવવો જોઈએ.' એમ વિચારી પ્રીતમ એની તરકીબો યોજવામાં તલ્લીન બન્યો.

૧૯

૧૮

સરકારી દવાખાનાના ગૃહદાક્તર પટેલ સાંજે રમીને ઘેર પાછા આવ્યા ત્યારે પ્રીતમ તેમની રાહ જોઈને બેઠો હતો. ઓરડામાં દાખલ થતાં દાક્તરે પ્રીતમને જોયો અને બોલ્યા: 'હલ્લો પ્રીતમભાઇ, ક્યારના આવ્યા છો?'

'થોડીવાર થઈ.' પ્રીતમે હાથમાંનું છાપું ટેબલ પર મૂક્યું ને દાક્તર સામે જોઇ રહ્યો.

દાક્તરે ટોપી ખીંતીએ ભરાવી. લાકડી ખૂણામાં મૂકી અને આરામખુરશી પર બેસી બૂટની વાધરી છોડતાં બોલ્યા: 'કહો શા ખબર છે?'

'તમે આપો એ.'

'બસ, તમારો દરદી મજામાં છે.'

'તદ્દન ભયમુક્ત ગણી શકાય?'

'જરૂર. એની ઘા રુઝવવાની શક્તિ જબરી છે.'

'હવે મારી એટલી જ માગણી છે કે એ દવાખાનું છોડે. ત્યાર પછી પોલીસના હાથમાં ન જવો જોઇએ.'

'એટલે?' પટેલ દાક્તરે બૂટ મોજાં બાજુમાં મૂક્યાં અને સહેજ હસીને બોલ્યા: 'તારે મારાં બૈરીછોકરાં રખડાવવાં લાગે છે.'

'અમે બધા બેઠા છીએ ને.' પ્રીતમે કહ્યું અને પછી ધીમે રહીને ઉમેર્યું: 'મારે એમને એકવાર મળવું છે.'

'ખુશીથી. અત્યારે જ ચાલ.' કહીને દાક્તરે સાદી ટોપી માથે મૂકી. ચંપલ પહેર્યાં, હાથમાં નેતરની સોટી લઇ આગળ ચાલ્યા. પ્રીતમ એમની પાછળ ચાલ્યો.

ટપુના ઓરડાને દરવાજે પહોંચ્યા. પહેરો ભરતા પોલીસો દાક્તરને જોઈ ઊભા થયા ને સલામ ભરી. દાક્તરે સલામ ઝીલી ઓરડામાં દાખલ થયા. પ્રીતમ એમની પાછળ અંદર ગયો.

ઊજળી દૂધ જેવી પથારીમાં ટપુ સૂતો હતો. ઓશીકું છાતી નીચે રાખી ઊંધો પડયો પડયો કાંઈક મનમાં ગણગણતો હતો. પગલાંનો અવાજ સાંભળી એણે દરવાજા તરફ નજર કરી. દાક્તરની પાછળ પ્રીતમને આવતો જોઈ સહેજ હસ્યો. આજે બપોર પછી એને પ્રીતમના વિચારો આવતા હતા. એટલે એને જોઇને ટપુને જરા આનંદ થયો.

દાક્તરે બટન દબાવ્યું, આખા ઓરડામાં પ્રકાશ ફેલાઇ ગયો. પલંગ, ઘોડા અને બારીના સળિયા ઝગારા કરવા લાગ્યા. બગલાની પાંખ જેવાં ચાદર, ઓછાડ અને ગલેફ ઊડીને આંખે વળગ્યાં. ટપુનો ચહેરો પીળો પડી ગયો હતો અને આંખમાં ફીકાશ હતી. છતાં પ્રીતમને જોઇને એ હસ્યો ત્યારે એના મુખ પર પ્રસન્નતા ઝળકી

ઊડી. ટપુએ કેટલું લોહી વહાવ્યું હતું એ પ્રીતમના ધ્યાનમાં પહેલી નજરે જ આવ્યું.

દાક્તરે ખુરશી નજીક લીધી. પ્રીતમ ટેબલ પર બેઠો. પડખાં-ભેર અગર ચત્તા સૂવાનું ફાવે તેમ ન હોવાથી ટપુ એમ ને એમ પડયો રહ્યો. બન્નેની સામે આંખથી વાત કરતો હોય એમ એ તાકી રહ્યો.

પ્રીતમ ઘડીભર બોલી ન શકયો. દાક્તરે ટપુને પૂછ્યું: 'કેમ લાગે છે અત્યારે ?'

'દરેક પળે નવજીવન પ્રાપ્ત કરી રહ્યો છું.'

'અમારે તમને વહેલી તકે મુક્ત કરવા છે.'

'મુકત કરવો છે કે બંધનમાં નાખવો છે?' કહીને ટપુએ પ્રીતમ સામે જોયું અને ફરી બોલ્યો: 'તમે આજ મળવા આવશો એમ મને લાગતું હતું.'

'શાથી ?'

'તમારા વિચારો મને આવતા હતા તેથી. રમુભાઇના શા ખબર છે ?'

'મજામાં છે. તમારા સમાચારથી દુ:ખી થયો હતો.'

'હું સુખી થયો ને એ શા માટે દુ:ખી થાય ? કહેવડાવજો હું ખૂબ આનંદમાં છું. નલિન કેમ છે ?'

'એ પણ લહેરમાં.'

'તમારી તબિયત ?'

'મને શું થવાનું હતું ?' કહી ક્ષણભર પ્રીતમ અટકયો પછી બોલ્યો: 'આપણે નિરાંતે મળવાના હતા એ રહી ગયું.'

'એ જ હું વિચારી રહ્યો હતો અને તેથી જ તમે યાદ આવ્યા. દાકતર સાહેબ.'

'કેમ ?'

'આપને હરકત ન હોય તો દસેક મિનિટ પ્રીતમભાઈ સાથે વાત કરું.'

'ખુશીથી કરો.' કહી દાકતરે ખુરશી મારી પાસે લીધી. ખિસ્સામાંથી સિગાર કાઢી સળગાવી. પ્રીતમે ટેબલ નજીક લીધું અને ટપુના પલંગ ઉપર સહેજ ઝૂકીને બેઠો. બહુ જ ધીમા સ્વરે પણ સ્પષ્ટ ઉચ્ચારથી ટપુ બોલ્યો: 'જ્યારથી શરીરમાં કંઈક લોહી ભરાયું અને વિચાર કરવાની શક્તિ આવી છે ત્યારથી એ વિચારોએ મનનો કબજો લીધો છે. મેં તે દિવસે તમને કહેલું કે 'આ માર્ગ ઉપરથી મારો વિશ્વાસ ઊડતો જાય છે.' એ ઉતાવળિયું કે ઉપરછલ્લું કથન ન હતું. એની પાછળ મહિનાઓનું મંથન અને મિત્રોનો તથા મારો જીવંત સ્વાનુભવ રહેલો છે. ઉપયોગિતાની દૃષ્ટિએ અને કંઈક આવડતને લીધે મેં ખેતીવાડીનો અભ્યાસ પસંદ કર્યો. પરંતુ મને ઇતિહાસ અને રાજકારણમાં ભારે રસ છે. એટલે એ વિષય ઉપરનાં અનેક પુસ્તકો મેં વાંચેલાં છે. કૉલેજમાં અને લડતના મેદાનમાં સુદ્ધાં એની ઉપર પેટ ભરીને ચર્ચાઓ કરી છે. નવાગામના નિવાસ દરમિયાન એકલો પડ્યો તેથી એની ઉપર નિરાંતે વિચારો પણ કર્યા છે. દિનપ્રતિદિન મારો વિશ્વાસ આ માર્ગ ઉપરથી ડગતો જાય છે. માત્ર આપણા રાષ્ટ્રહિતની દૃષ્ટિએ જ નહીં, સમસ્ત જનકલ્યાણની દૃષ્ટિએ પણ લોહિયાળી ક્રાંતિ કદી જગતમાં શાંતિ સ્થાપન શકશે નહીં એની મને ખાતરી થતી જાય છે.' ટપુ સહેજ શ્વાસ ખાવા અટક્યો. દાકતરે કહ્યું: 'જોજો. વધારે શ્રમ ન પડે.'

'હા ટપુભાઈ,'

'પ્રીતમભાઈ, આજે તો ભલે થોડો શ્રમ પડે. મને કહેવા દો. તમારી સાથે વધારે પરિચય નથી, પરંતુ આપણે જે થોડા કલાક સાથે ગાળ્યા છે એટલામાં તમારી જ્વલંત દેશભક્તિ, લોકહિતાર્થે ફના થવાની તત્પરતા, મિત્રો પ્રત્યેની સહૃદયતા હું જોઈ શક્યો છું. એટલે મને હૈયું ખાલી કરવા રોકશો નહીં.'

'કહો ત્યારે.'

'પહેલું તો એ કે આપણી મહાસભા કરોડો દેશબાંધવોની સ્વતંત્રતા એટલે કે માનવતા વિકસાવવાની સમાન સગવડ માટે લડી રહી છે. એને માટે આપણા દેશના વિશાળ આમવર્ગમાં માનવતાનું ભાન પ્રગટવું જોઈએ. માણસાઈ શી ચીજ છે અને તે મેળવવાની શક્તિ પોતાનામાં જ પડેલી છે એ એમને સમજાવવું જોઈએ. એ સમજાવવા માટે આપણે હિંદનાં કરોડો મૂગાં અને અજ્ઞાન લોકો સમજે, જુએ અને આચરવા તત્પર બને એ રીતે જ લડતની વ્યૂહરચના ગોઠવવી જોઈએ. આપણે મુઠ્ઠીભર માણસો આમ મારફાડ કરીને ભાગતા ફરીએ એમાંથી એ તાકાત કેમ પ્રગટે? લાખોનું સંગઠન કરવા માટે તો અહિંસક માર્ગ જ કામ આવે. આજે તો આપણે આમવર્ગને પરાવલંબી ને કંઈક અંશે ભીરુ બનાવી રહ્યા છીએ. મને માફ કરજો, પણ હું તમારા માંહેનો જ એક છું એટલે જે સત્ય મને સ્વાનુભવમાંથી જડયું છે તે હું તમારી પાસે રજૂ કરું છું. ઉપર કહ્યું તેમ આ માર્ગ ઉપરથી મારી શ્રદ્ધા ડગી તેથી જ મેં નવાગામનો રસ્તો લીધો હતો. ઉઘાડે છોગ સામે ચાલીને પકડાઈ જવાની હિંમત નહિ હોય અથવા ઊંડે ઊંડે આ માર્ગ ઉપર વિશ્વાસ રહ્યો હશે તેથી જુલમી અમલદારોના અનાચારની વાત સાંભળતાં જ હું ધગી ઊઠયો અને રમેશને એ માર્ગે પ્રેર્યો......

'તમે પ્રેર્યો ?'

'હા. કોઈવાર રમેશને પૂછશો તો એ તમને કહેશે. એટલા માટે તો એને બચાવવા અહીં આવવું પડ્યું. અને અહીં આવતાં જ મેં જોયું કે અંદર બેઠેલો હિંસ્ર પશુ હજી જેવો ને તેવો જ ઘૂરકી રહ્યો હતો. નલિનના કબાટમાં પિસ્તોલ જોતાં એ હાથમાં લઈને રમાડવા લાગ્યો, ઉપરથી થોડી આનાકાની કરવા છતાં ખિસ્સામાં મૂકી, અને એનો ઉપયોગ પણ કરી બેઠો. અહીં પડ્યો પડ્યો પાછો મારા અંતરનાં પડ ઉખેડી રહ્યો છું તો દેખાય છે કે: 'રમેશના કાર્યથી ત્યાંની પ્રજામાં નિર્ભયતા કે જાગ્રતિ પ્રગટ્યાં નથી, અમલદારો એ કિસ્સા પછી નથી ભયગ્રસ્ત બન્યા કે નથી ઉદાસીન બન્યા. ઊલટું એમનું ઉશ્કેરાયેલું પશુબળ ઝનૂને ચડી પ્રજાને કચડી નાંખવા વિશેષ પ્રવૃત્ત બન્યું છે. રમેશને પોતાને શો લાભ થયો તે તો એ પોતે જ કહી શકે. એને બચાવતાં મારે હાથે થયેલ કામનું પરિણામ તો તમે જાણો છો. બન્ને પક્ષ ઘવાયા. લોકો દૂર ઊભા કુતૂહલથી જોઇ રહ્યા. પછી ખૂણે લપાઈને ચાર વાતો કરી. ચાર દિવસ ઉશ્કેરાટ ફેલાયો ને ફરી પાછી એ જ શ્મશાન શાંતિ !' ટપુ શ્વાસ ખાવા સહેજ અટક્યો.

પ્રીતમે કહ્યું: 'પણ આજે તો બીજી રીતેય પ્રજામાં જાગ્રતિ ક્યાં આવે છે ?'

'આ માર્ગેથી પાછા વળો તો એના રસ્તા સૂઝે. પ્રીતમભાઇ, આ વાદવિવાદનો પ્રશ્ન નથી. તમે તમારા અંતરને ઢંઢોળીને પૂછજો. આપણે દેખીતા પરિણામોના લોભમાં તણાઈને નિશાન ચૂક્યા તો નથી ને ? આજે તો આખા જગતમાં દાવાનળ સળગ્યો છે, એ વખતે માત્ર એક દેશની સ્વતંત્રતા મેળવવી કે ટકાવવી એ પ્રશ્ન કરતાં દુનિયામાં શાંતિ

કયે રસ્તે થશે એ દૃષ્ટિએ વિચારવું જોઇએ. શું ભાઈ, ભાઇને મારીને કદી સુખી થવાના છે? નહીં જ. એ વસ્તુ તો આજે આખી દુનિયા સમજે છે. પણ બળિયો નબળાંને ભરખવા દોડે, જુલમી રાંકને પીડે, ત્યારે આપણો આત્મા કકળી ઊઠે છે અને જુલમગારને જેર કરવા અંદરથી પોકારી ઊઠે છે. એ વખતે પવનના ઝપાટામાં રૂનો પોલ ઊડી જાય તેમ ઉપરની સમજ ભેડી જાય છે. અને આપણે દાંતની સામે દાંત ને તલવારની સામે તલવાર વાપરવા તત્પર થઈ જઈએ છીએ. પણ પાછળથી શાંત ચિત્તે વિચાર કરતાં લાગે છે કે એમાં દુનિયાના દુઃખનો આરો નથી. મૂંગી માનવ-જાતની પીડ એ માર્ગે મટવાની નથી. એને માટે તો જાત ઉપર સહન કરીને સામાના દિલને જીતવાનો એક માત્ર રામબાણ ઇલાજ કામ લાગવાનો છે, જે ઇશુ ને બુદ્ધ જેવા પયગંબરો બતાવી ગયા છે અને આજે ગાંધીજી બતાવી રહ્યા છે. સત્તા ને સ્વાર્થમાં અંધ બનેલી મદોન્મત્ત જાતિઓની સાન ઠેકાણે લાવવા માટે એ જ એક આખરી ઉપાય છે.' ટપુ ફરી શ્વાસ ખાવા અટક્યો. પ્રીતમ જીવન રસનું પાન કરતો હોય તેમ એકાગ્રપણે સાંભળી રહ્યો હતો. એની આંખો, કાન, રોમ રોમ, ટપુના શબ્દો આંખો અને હૃદય સાથે સમરસ બની ગયાં હતાં. દાકતરના કાન આ બાજુ ઢળેલા હતા. ઓરડામાં અને આખી ઇસ્પિતાલમાં નીરવ શાંતિ પસરી હતી. ટપુ અટક્યો અને પોતાની ફિક્કી પડેલી છતાં ચમકતી આંખો પ્રીતમ સામે માંડીને એકીટશે ઘડીભર જોઈ રહ્યો.

'ટપુભાઇ, તમે હવે આરામ કરો. આ વિષય એમ એક બેઠકે પૂરો થાય તેવો નથી. આપણે ફરી નિરાંતે એની ચર્ચા કરીશું. અત્યારે તમે શાંત થાઓ.'

'બસ મારે જે કહેવાનું હતું તે મેં કહી દીધું. ચર્ચા કે વિવાદ સારું કહ્યું નથી. દિવસોથી મનમાં ઘોળાતી વસ્તુ તમારી

આગળ કહીને મન હળવું કર્યું. તમને આમાં કંઈ વિચારવા જેવું લાગે તો વિચારજો. તમારા મિત્રોને કહેવા જેવું લાગે તો કહેજો. હું તો હવે પોલીસના હાથમાં આવી પડયો છું તે ફરી બહાર આવવા ઇચ્છતો નથી. એટલે કદાચ આપણી આ છેલ્લી મુલાકાત હશે. આમે ચાલીને પકડાવાની હિંમત નહોતી પણ હવે પકડાયો જ છું તો ભલે જેમ ઇશ્વિરે ધાર્યું હોય તેમ થાય. તમારો સંદેશો આ ભલા દાકતરે મને પહોંચાડયો હતો અને એ વખતે મને છૂટવાની લાલચ પણ થઈ આવી હતી. આમ જુઓ, આ સામે પાટિયા પર લખેલું નામ. પણ મારી એ નિર્બળતા સૂચવતું લટકી રહ્યું છે.'

પ્રીતમે પાટિયામાં નામ વાંચ્યું 'કેશવરામ રામચંદ્ર.'

'આ તો તમારું જ નામ કહેવાય.'

'ના. એમાં છેતરપિંડી છે. આગળ વાંચો........'

પ્રીતમે આગળ નજર ફેરવી તો લખ્યું હતું: 'જાત બ્રાહ્મણ.'

'ખાતરી થઇ?' દુ:ખી અવાજે ટપુ બોલ્યો, 'સિદ્ધાંતોની સમજ, ઉચ્ચારણ, પ્રતિપાદન એ એક વાત છે અને એનું આચરણ એ જુદી જ વસ્તુ છે. નવાગામના મારા ટૂંક વસવાટ દરમિયાન એક એ પ્રસંગોમાંથી પસાર થવાની મને તક મળી હતી. એ વખતે મને સાફ દેખાયેલું કે ગામડાની પ્રજા સત્તાધારીઓની લાલ આંખ જોતાં જ ભયભીત બની જાય છે. એમનામાં નિર્ભયતા અને સ્વાર્પણની ભાવના પેદા કરવા માટે તો નરી આંખે જોઈ શકાય તેવી કંડી તાકાતથી પશુબળને, મહાત કરવાના પ્રયોગો અજમાવવા જોઈએ. લાખો ગામડાંઓનાં કરોડો લોકોના હાડમાં પેઠેલી બીક, સ્વાર્થ અને પરિણામે જડ ઘાલી બેઠેલી ગુલામીને ટાળવાનો એ જ એક ઉપાય

છે. આમજનતામાં પ્રગટ થયેલી આવી નિર્ભયતા અને સ્વત્વરક્ષા અર્થે મરી ફીટવાની ભાવનાથી જ લોકસ્વરાજ મેળવી શકાય અને જીરવી પણ શકાય.'

'ટપુભાઈ, તમે હવે શાંતિથી સૂઈ જાઓ.' કહી પ્રીતમ ઊઠયો.

ટપુએ હાથ જોડયા. પ્રીતમે તથા દાકતરે નમસ્કાર કરી રજા લીધી. જતાં જતાં પ્રીતમે પૂછયું: 'કંઇ જોઇતું કારવતું?'

'કશું જ નહીં. મારે અહીં બાદશાહી છે. આ એક કાગળ ટપાલમાં નાંખી દેજો.' કહી એક કવર આપ્યું. પ્રીતમે એ ખિસ્સામાં મૂક્યું અને ફરી 'જયજય' કરી બન્ને બહાર આવ્યા. દાકતરના ઘરના આંગણામાં ઊભા રહીને જ પ્રીતમ રજા લેતાં બોલ્યો: 'દાકતર, તમારો હું આભાર માનું છું.'

'એવું ન બોલીશ, મને પણ આજે એક ક્રાંતિકારી યુવાનના હૃદયનું સુભગ દર્શન થયું.'

'એ દર્શન ક્ષણિક ન બને એ તમારે જોવાનું છે. મારે એને મારા મિત્રો વચ્ચે વહેલી તકે લઈ જવો છે. તમારે એને પોલીસના હાથમાં નહીં પણ અમારા જ હાથમાં સોંપવાનો છે.'

'મારે દરદીની ઇચ્છાને વશ થવું કે તમારી?'

'અમારી. વચન આપો દાકતર,' કહેતાં પ્રીતમે દાકતરનો હાથ પકડયો ને આગ્રહભરી દૃષ્ટિએ સામે નીરખી રહ્યો. દાકતરે એક નજર ચોમેર ફેરવી પછી ધીમે અવાજે કહ્યું: 'પ્રીતમ તું મારી પાસે શું કરાવવા માગે છે જાણે છે?'

'તમારે કશું કરવાનું નથી. માત્ર મૂંગા મૂંગા જોયા જ કરવાનું છે.'

'ઠીક જાઓ પ્રીતમભાઈ, તમે કહેશો તેમ કરીશ.'

પ્રીતમે ફરી ડાક્તરનો હાથ પકડીને દબાવ્યો. એની આંખ આભારથી ભીની થઈ. નમસ્કાર કરીએ છૂટા પડ્યા. દવાખાનાનું લાંબુ ચોગાન વટાવી એ દરવાજા બહાર નીકળ્યો અને ઉતાવળો ચાલતો અંધારામાં અલોપ થયો.

તે રાતે એને મોડે સુધી ઊંઘ ન આવી. એને પોતાના માર્ગ વિષેની શ્રદ્ધા વિચલિત થતી લાગી. જેમ જેમ વિગતો વિચારતો ગયો તેમ તેમ ટપુની દલીલમાં રહેલી નક્કરતા જણાતી ગઈ. અંતરના ઊંડાણમાંથી એ હલી ગયો. જાણે કે એના વિચારનું સુકાન કોઈક જોરથી ફેરવી રહ્યું હોય એમ લાગ્યું. જાણેઅજાણ્યે એની બુદ્ધિ ટપુને શરણે જતી હોય એમ જણાયું. અને એમ જણાતાં ટપુને પોતાના મિત્રમંડળ વચ્ચે લાવવા એ અધીરો બન્યો. જે વાતો પોતે સાંભળી તે સૌ મિત્રો સાંભળે એવી પ્રીતમની તીવ્ર ઇચ્છા થઈ. તેથી ટપુ હરતોફરતો થાય એટલે એને પોતાની વચ્ચે ઉડાવી લાવવાની યોજના એ ઘડવા લાગ્યો.

*

૧૯

આ બાજુ નવાગામમાં શું થયું ? ચાર દિવસ પૂરા થયાને પાંચમા દિવસનું વહાણું વાયું. દેવુ છાશ ફેરવીને માખણ ઉતારવા બેઠી ત્યારે એણે પાશેર માખણનો ગોળો કરીને જુદો મૂક્યો. મનમાં બોલી, 'ગઈ રાતે ભાવનગર ઊતર્યો હશે. આજ વહેલો નીકળ્યો હશે, તે શિરામણ ટાણે અહીં પૂગી જશે. આટલું માખણ બેય જણને થઈ રહેશે. પાછો ઈ તો ટપુ છે તે કાનિયાને આપ્યા વિના નહીં ખાય.' આમ વિચારતી માખણ લઈને ઊભી થઈ. માખણ કોઠલામાં મૂકયું. રવાઇ ધોઈ. નેતરાં ખીંટીએ બાંધ્યા. ગોળીનું મોં બહારથી ધોઇને ઢાંકણ દીધું. પછી રસોડામાં જઈને ગંગાને કહ્યું 'માડી, આજ ટપુભાઈ આવવાનો છે ખબર છે ને ?'

'હા સાચે, કાલ બપોરે મને સાંભર્યું 'તું. અટાણમાં ભૂલી ગઈ 'તી. એની વહુને ય હારે લાવવાનો છે ને ?'

'હાસ્તો.'

'તો પછી અહીં શિરામણ કરીને વાડીએ જાય તો શું ખોટું?'

'ખોટું તો કાંઈ નહીં, પણ ઇ માનશે નહીં. કાં તો પૂગી ગ્યો હશે.'

'ઠીક તો આ લે બે રોટલા તયાર છે ને આ ત્રીજો તાવડીમાંથી ઊતરે ઇ લઈ જો. કાનો ય ભેગો ખાશે ને?'

'હા.' કહી દેવુએ શિરામણ બાંધ્યું.

ઓસરીમાં આવી ત્યાં પારવતી હસીને બોલી, 'આજ તો ટપુભાઇ આવવાનો છે તે બાનો હરખ ક્યાંઇ માતો નથી.'

એને ઉત્તર આપ્યા વિના દેવુ બહાર નીકળી. બેઠકના ઓટલા પર રૂડો બેઠો હતો, એણે કહ્યુ: 'ટપુનો વાયદો આજ પૂરો થાય છે નહીં પરબત?'

'આજ આવવો જોઈએ.' સામે ઊભેલા પરબતે કહ્યું. દેવુએ સવાલ-જવાબ સાંભળ્યા. વચ્ચે બોલવાની જરૂર નહોતી એટલે એ આગળ ચાલી. ચોરા પાસે ઊભેલા લખમણે પૂછ્યું, 'હવે ટપુભાઇ ક્યારે આવે છે?'

'આજ ઊતર્યો હશે. બપોર સુધીમાં આવી જશે.'

'તો મને કેમ નો કીધું?' પાસે ઊભેલો અલીભાઈ બોલ્યો, 'હું એકો લઈને સામો જાત.'

'અરે મને કીધું હોત તો આપણું ગાડું મોકલત.' લખમણે કહ્યું.

'એનો કશો કાગળ-પત્તર નથી ને' દેવુ નિઃશ્વાસો નાંખીને બોલી. 'નહીંતર તો તમને બધાને કે'વારત.'

'ઠીક હવે આવે ત્યારે ખબર દેજો. મળવા આવશું.'

'જરૂર આવજો હું ખબર મોકલીશ.'

દેવુ વાડીના ઝાંપામાં દાખલ થઈ. જુએ તો આખું આંગણું ઓરડીઓથી તે કુવા સુધી ને પેલી બાજુની વાડથી છેક ઝાંપા સુધી ઊડીને આંખે વળગે તેવું વાળીચોળીને સ્વચ્છ કરેલું હતું. કાનો કોસ હાંકતો હતો. એનાં કપડાં અને વાળ સામે જોતાં જ દેવુ બોલી ઊઠી, 'એલા આજ તારાં લગન લીધાં લાગે છે?'

'લગન કોનાં લીધાં છે ઈ તો વરરાજો આવશે તયેં ખબર પડશે.' કહીને કાનો સહેજ હસ્યો.

'લે હાલ તું શીરાવી લે કાના!'

'મને આજ ભૂખ નથી. મોડેકથી શીરાવીશ. ઓરડીમાં મૂકી રાખો.'

'આજ કાંઈ ટપુભાઇ આવવાનો નથી. તું એની વાટ જોતો હોઇશ પણ...'

'તમારો ઠઠારો જોતાં તો આજ આવવાના હોય એવું લાગે છે.'

'ઠઠારો તો તેં કર્યો છે.' પોતે પહેરેલી નવી ઓઢણી, નવી ચૂડીઓ ને વીંટી તથા વરસો પછી ઝાંઝર પહેરેલાં સામે જોઇને શરમાઈ ગઈ હોય એમ દેવુ બોલી. કાનો કોસ હાંકતો હતો. દેવુ પાણી વાળવા

ગઈ. રૂડાના ઘણા આગ્રહ છતાં દેવુએ ટપુને બદલે બીજો માણસ રાખ્યો ન હતો. પરબત કોઈ વાર ખિજાતો ત્યારે દેવુ કહેતી: 'ચાર દી'નું ગામતરે જાઉ ત્યારે કેમ અમે નભાવી લઈએ છીએ?' સાંભળીને રૂડો એને ટેકો આપતો 'હા, દેવુની વાત ખરી છે. ટપુ બિચારો ચાર દી' ગ્યો છે. ઈ કયાં અગનો હોય તે દી'એ નવરો બેસે છે?' ગંગા પણ એમાં ટાપસી પુરાવતી, 'ટપુડો તનતોડીને કામ કરે છે ને ચાર દી' ગામતરે ગ્યો એમાં આપણે એને બદલે હાડિયો નો રખાય. ટપુ તો ઘરના જેવો આદમી ગણાય.'

આમ છતાં દેવુ અને કાનો બે મળીને ત્રણ જણનું કામ ઉકેલતાં અને ટપુની ખોટ જણાવા દેતાં નહીં.

સૂરજ ઝપાટાબંધ ઊંચે ચડવા લાગ્યો, તેમ તેમ દેવુ અને કાનાનાં મોં ઊતરવા લાગ્યાં. કાનાએ સહેજ ચિંતાતુર ચહેરે દેવુ તરફ જોઈને કહ્યું: 'હેં દેવુબેન, ટપુભાઈ રોકાઈ તો નહીં જાય ને?'

'લે ગાંડો થો કાંઈ, એ તો ગામતરાનું કામ છે, એક ટંક વહેલા મોડું થાય. હમણાં આવ્યો દેખાડું.' આમ કહી કોદાળી ખભે મૂકી એ નજીક આવી અને રસ્તા તરફ નજર કરીને ઊભી રહી. આમ એક કલાકમાં બે ત્રણ વાર દેવુ આવી ને ગઈ, પણ ટપુ કયાંય દેખાયો નહીં.

બપોરે નિરાશ થઈને દેવુ ઘેર ગઈ. કાનાને થોડું માખણ આપીને બાકીનું ઘેર પાછું લઈ ગઈ. કાનાએ કમાણે મોંએ થોડું ખાધું.

બપોરની સાંજ થઈ અને રાત પડી. મોડી રાતે વાળુપાણી કરીને સૌ સૂતાં ત્યાર પછી થોડીવારે ડેલીનું કડું ખખડયું. જાગતો

સૂતેલી દેવુ ઊઠીને ડેલીએ પહોંચી. ઓઢણાનો છેડો સરખો કરતી મનમાં બોલી: 'આખરે આવ્યો ખરો. મને થતું જ હતું ટપુ કોઇ કાળે રોકાય નહીં.' હાથ ફેરવીને અંધારામાં સાંકળ શોધી કાઢીને બારી ઊઘાડી. જુએ તો રામો પગી. દેવુ આંખ ફાડીને જોઈ રહી. સહેજ ઊંચે સાદે બોલી: 'કેમ રામા પગી?'

'મારી અફીણની ડાબલી બેઠકમાં રહી ગઇ છે. ભાઈ જાગી જાય ઇ બીકે આણીકોર સાદ કર્યો. મને એમ કે પરબત જાગતો હશે તે ઉઘાડશે.'

'પરબત તો સમી સાંજનો ઘોંટી ગયો છે ને ડાબલી સવારે ભાઇ ઊઠે ત્યારે લઇ જજો.' કહેતાં ધડાક દઇને બારી જોરથી બંધ કરી દીધી. અને ટપુ ન આવ્યાની બધી જ રીસ રામા ઉપર ઉતારતી બબડવા લાગી: 'આવા અફીણીઆ ગામને અને મારા બાપુને ભૂખ દેવાના છે. કયાં ટપુભાઇ ને કયાં આ બધા ગામના...'

જઇને દેવુ ખાટલામાં પડી પણ એને ઊંઘ ન આવી. ટપુની ચિંતાથી એનું મન મૂંઝાતું હતું.

આ તરફ વાડીએ કાનો ખાટલીમાં પડયો આભના તારા ગણ્યા કરતો હતો. થોડીવારે પડખેની વાડીમાંથી કરશન આવીને બેઠો. કાનાએ બેઠા થઇને બીડી સળગાવી. કરશને એક ઘૂંટ લઇને કહ્યું: 'ટપુભાઈ વના સાવ સૂનું લાગે છે.'

'સૂનું તો લાગે જ ને. માણુસ જેવું માણુસ હાજર નથી.'

'કેટલા દી'નો વાયદો કરીને ગ્યો છે?'

'આજ આવવાના હતા પણ નો આવ્યા.'

'ઈ તો હવે કદાચ એણીકોર રહી જશે.'

'કેમ જાણ્યું?'

''અહીં રૂડા આતાના ધોકા ખાવા કોણ આવે. ઈ તો ટપુ સુંવાળો તે આટલા દી' નભ્યો.'

'ના ના. ટપુભાઇ આવ્યા વના નો રહે. અમને વિશ્વાસ દઇ ગ્યા છે.'

'તો હવે જોજે. આપણે ભેગા છીએ.'

'કોણ ઇ વાતું કરે છે?' ધના મકાણીનો અવાજ દૂરથી સંભળાયો.

'આવો ધનાકાકા, ઇ તો હું ને કરશન બેઠા છીએ.'

'શી વાતું ચાલી રહી છે.'

'આ ટપુભાઈ કેમ નો આવ્યા એનો વચાર કરતા'તા.'

'એમાં વચાર શા કરવા 'તા. ઇ તો ગ્યો. હવે તે આવે. એવો હોશિયાર માણસ આવામાં શા સારુ પડયો રહે.'

'પણ ઇ હતો તો આપણને બે ઘડી વિસામો હતો.' કરશને કહ્યું.

'ઇ તો હતો જ. બે ઘડી રાતને પહોર ચોપાઇ, ભજન ગાતો. ઇ હતો. તો આ કાનાને કાયમી સુખ થઇ ગ્યું 'તું.'

'ને ધીમે ધીમે ગામ આખાને થઇ જાત.'

'ઇ યે ખરું, રૂડોભાઇ એનાથી કાંઇક ×આંકસમાં રહેતો ખરો.'

'ઇ આવશે ધનાકાકા,' કાનો બોલ્યો, 'આવ્યા વના નહીં રહે.'

× અંકુશ.

'ભગવાનને ખબર. આવે તો આપણો પરભુ રાજી. બાકી આપણું ગામ એના જેવાને જોગ નથી.'

'કેમ?'

'કેમ શું? તે દી'બચારે એટલો માર ખાધો પણ કોઈ ઘોડીને વચ્ચે નો પડયું.'

'ઈ તો એવું છે ધનાભાઈ,' કરશન બોલ્યો, 'પહેલવહેલું એવું થયું તે સૌ ડધાઈ ગ્યા'તા. ફરીવાર થાય તો ધોકા ઊડે ઈ નક્કી માનજો.'

'હવે તમારાં મોઢાં ધોકા ઉડાડવાનાં નો જોયાં હોય તો. તમે તો ઓલ્યા વિનુભાઇનેય દગો દીધો. એકયમાં પાર નો ઊતર્યા. ઈ કરતાં આ કાનો ખરો. તે દી' રૂડાભાઇનો તમાચો ખાઇનેય આડો પડયો.'

'હેં ધનાકાકા, ટપુભાઇ પાછો નઈ આવે એમ તમને લાગે છે?' કાનાએ પૂછ્યું.

'ઇ તો હું અમસ્થો કહેતો'તો. ટપુભાઈ તે આવ્યા વના રહે કોઇ દી'? કાલ સવારે આવ્યો દેખાડું.'

થોડીવાર બેસીને ધનો ને કરશન પોતપોતાની વાડીઓમાં ગયા ને કાનો ખાટલીમાં પડયો. રાતમાં પાંદડાના ખખડાટથી એ ત્રણ વાર જાગી ગ્યો ને ભણકારા વાગતા હોય એમ નદીકાંઠા સુધી જોઇ આવ્યો, પણ ટપુ કયાંય દેખાયો નહીં.

સવાર બપોર અને સાંજ, કલાક, ઘડી અને પળ એમ એક પછી એક લાંબા દિવસો વીતવા લાગ્યા. ઉનાળાના લાંબા દિવસો કરતાંય વધારે લાંબી રાતો દેવુ અને કાનાએ ટપુની રાહમાં પસાર કરી.

સાતમા દિવસની સાંજ પડી. વાડીએથી થાકીને પરબત ઘેર આવ્યો ત્યારે રૂડાએ કહ્યું, 'હવે તમે ટપુની વાટ જોવી મૂકી દ્યો. કાલથી એક માણસ રાખી લ્યો.'

'પણ દેવુ બાપુ માનતી નથી ને!'

'એને હું સમજાવીશ. ઇ હજી વાડીએ છે કે ઘેર આવી છે.

'ઈ તો વહેલી આવતી રહી છે.'

'જા ત્યારે બોલાવ.'

પરબત ઊઠીને ઘરમાં ગયો. દેવુને બોલાવીને આવ્યો એટલામાં લાલખાં ને પરભાતસંગ આવ્યા. રામ રામ કરીને સામે બેઠા.

રૂડાએ પરભાત સામે જોઇને પૂછ્યું, "કેમ કયારે આવ્યા ભાવનગરથી?'

'બસ ચાલ્યો આવું છું.'

'શી નવાજૂની છે? કેમ છે અદેસંગભાઇને?'

એ તો હવે તો હરતાફરતા થઈ ગ્યા છે. પણ બીજી વાત આપે સાંભળી હશે?'

'ના ભઈ, કોની વાત?'

'અદેસંગભાઇના બનેવી રામસંગભાઇને ઓળખો કે?'

'હા કેમ નહીં. સી. આઇ. ડી. ઇન્સ્પેકટર.'

'બસ ઇ જ.' પરભાતે વાત ચલાવી, 'એ રામસંગભાઈ આરોપીનો પત્તો લાગવાથી અમદાવાદ ગ્યા'તા.'

'હા. પકડાઇ ગ્યો આરોપી?'

'આરોપી હાથમાં આવ્યો, તો પણ નાસી ગ્યો.'

'એ લોકો બહુ ચાલાક હોય છે.'

'પણ જતાં જતાં રામસંગભાઈને ઘાયલ કરતો ગયો.'

'અરરરર.'

'અટાણે ઈસ્પિતાલમાં છે. ઘરડાનાં પુન હોય તો બચે એમ કહે છે.'

'આ બધા સમાચાર કોણ લાવ્યું ?'

'આપણા ગામવાળા પ્રેમજી શેઠ. ઈ ભેગા ગ્યા' તા. કહે છે, તમારા આ ખાદી કાર્યાલયવાળો રમેશ આ કામમાં આગેવાન છે.'

'આ ગામનું પાણી જ એવું છે.' રામો પગી વચ્ચે બોલ્યો. પરબત ઊભો ઊભો સાંભળતો હતો. દેવુ એની પાછળ બારણામાં ઊભી તૂટક શબ્દો સાંભળતી હતી. પ્રેમજી શેઠ, રમેશ અને અમદાવાદની ઈસ્પિતાલ એટલાં શબ્દો એના કાને અથડાયા. ટપુએ એને વાત કરેલી પણ વાત પૂરી નહોતી કરી. એમ તો એને વહેમ હતો જ. આ ધાંધલમાં તો ટપુ ક્યાંક નહીં સપડાયો હોય ને, એવો આછો વહેમ એના મગજમાંથી પસાર થઈ ગયો. પરંતુ એની ઉપરથી કશા અનુમાન બાંધી શકાય એમ નહોતું.

બીજું સપ્તાહ એવી ને એવી અનિશ્ચિત દશામાં પસાર થયું. ટપુ પોતે ન આવ્યો તેમ તેના કશા સમાચાર ન મળ્યા. દેવુને સૌથી વિશેષ ચિંતા થતી હતી. એને ટપુએ કરેલી અરધી વાત બમણી મૂંઝણી રહી હતી. ટપુના ન આવવા બાબતમાં દરેકનો મત જુદો હતો.

રૂડાએ કહ્યું, 'એના બાપે રોકી લીધો હશે. મને એ આવ્યો ત્યારે જ લાગેલું કે એ કોઈ સારા ઘરનો છોકરો છે. બાપ સાથે બોલાચાલી થઈ હશે તે અભિમાનનો માર્યો નાસી આવેલો. ફેર ગયો તે એને મનાવી લીધો હશે.

એના ટેકામાં ગંગાએ કહ્યું, 'તારા આતા કહે છે ઈ વાત સાત્ર સાચી છે. છોરુ કછોરુ થાય પણ માબાપ કમાબાપ નો થાય. છોકરો ગમે તેટલો વંઠીગ્યો હોય મા એને જુએ ત્યાં છાતીએ ચાંપે.'

'આ ક્યાં વંઠેલ હતો.' દેવુ વચ્ચે બોલી.

'હું તો ઉતારથની વાત કરું છું. આનું તો મૂલ નો થાય. આટલા દી' થ્યા પણ એને સંભાર્યા વના આપણો એક દહાડોય નથી ગ્યો.'

'મને લાગે છે એની વહુને તેડવા જવાનો હતો ને એમને ત્યાં અણબનાવ જેવું છે તે એમાંથી કાંઈક તકરાર થઈ હશે. એમાં આદમીને મોડાવહેલું થઈ ગયું લાગે છે.' પરબતે કહ્યું.

દેવુનો અભિપ્રાય તદ્દન જુદો હતો પણ એણે એ મનમાં જ રાખ્યો. કાનો વાડીએ પડ્યો કંઈ જુદા જ તરંગો કરી દુઃખી થતો હતો. એનો મત પૂછવાની કોઈને પરવા ન હતી.

ગામલોકોએ સાદું અનુમાન બાંધ્યું કે 'ટપુને એક દહાડો રજા લેવી'તી તે ન આપી. અને પાંચ રૂપિયા ઉછીના લેવા'તા ઈ રૂડા આતાએ ન દીધા. વહુને તેડવા જવા સારુ ટપુએ બે મહિનાનો પગાર માગ્યો એટલે રૂડાભાઈ ખિજાયા ને તકરાર થઈ. દેવુએ ખાનગી મૂઠીમાંથી ભાડા જેટલા પૈસા આપ્યા ને ટપુ રૂડાભાઈને રામ રામ કર્યા વિના જતો રહ્યો. હવે ફરી નવાગામની સામે જોવાનો નથી' આ બધી વાતો લોકોએ જુદે જુદે સમયે, જુદા જુદા લોકો પાસેથી સાંભળેલી અને એ જણ વાતો કરતા હોય તેના ચહેરા પરથી, હાવભાવ પરથી તારવી કાઢેલી હતી. પેઢી દરપેઢીથી ઊતરી આવેલો રૂડાનો પંચોતેરવરસનો શિરસ્તો એના ટેકામાં હતો એટલે બીજા કોઈ ટેકાની એ વાતને જરૂર ન હતી. પહેલે જ દિવસે ચોરે

બેસીને વાતો કરતા જુવાનિયામાંથી એક એ વાતને અનુમોદન આપતાં પાંચ માણસ સાંભળે તેમ કહ્યું પણ ખરું કે: 'અમારી વાત ખોટી પડે જ નહીં. હું નો'તો કહેતો કે છ મહિના પૂરા નહીં થાય ત્યાં એવો કાંઇક કારસો કરશે કે મશારો લેવાય ઊભો નહીં રહે. રામો ભાભો ના પાડતો'તો પણ ગામ આખાએ નજરે જોયું કે નહીં? ધૂળ જેવા કારણ સારુ થઇને બચારાને બે વાર દીબી નાખ્યો ને પૈસા માગ્યા તો કાઢી મૂક્યો.'

'એલા તું તો સહદેવ જોશી નીકળ્યો.'

'જોશી તો ઠીક પણ હારે રહીએ તે આદમીને ઓળખીએ તો ખરાને!' કહીને ગ્રામજોશી હસ્યો.

પણ બીજે દિવસે સવાર થયું ત્યાં ટપાલીએ આવીને રૂડાના હાથમાં કાગળ મૂક્યો. કાગળ વાંચતાં સૌનાં અનુમાન હવામાં ઊડી ગયાં.

કાગળ ફોડીને વાંચતાં રૂડાનો ચહેરો જરા ચિંતાતુર બન્યો. સામે બેઠેલા દીપાશેઠે પૂછ્યું 'ભાઇ કોનો, કાગળ છે?'

'ટપુનો.'

'શું લખે છે? આવવાનો નથી?'

'બચારો દુ:ખી થઇ ગયો.'

'શું થયું?'

'એના કાકાને મળવા અમદાવાદ ગ્યો હશે ત્યાં સાઇકલનો અકસ્માત થયો એમાં વાગ્યું છે તે ઇસ્પિતાલમાં પડયો છે.'

'અરરર.'

'હવે લખે છે કે સારું છે.'

'તો તો ઠીક.'

'કોનો કાગળ છે ભાઇ ?' પરબતે પૂછ્યું.

'ટપુનો.'

'લાવો તો.' પરબતે લઇને વાંચ્યો. વાંચતો વાંચતો ઘરમાં ગયો. ત્યાં ગંગાએ પૂછ્યું એટલે એને સમાચાર આપ્યા. પારવતીને ખબર દીધા. ગંગાએ કહ્યું, 'જોયું, હું નોતી કે'તી કે ખાસ કારણ વગર ટપુડો રોકાય નહીં.'

'બચી ગયો એટલું સારું.'

'લે એવો પરમારથી માણસ એમ મરે કાંઈ ?'

પરબત ઘોડીએ ચડીને વાડીએ ચાલ્યો. રસ્તામાં લખમણ ને કરશન મળ્યા. પરબતના હાથમાં કાગળ જોઇને પૂછ્યું, 'કેમ પરબત-ભાઈ ઉતાવળા ?'

'ટપુભાઇનો કાગળ છે.'

'શું લખે છે, ક્યારે આવશે ?'

'થોડા દિવસમાં આવશે. સાઇકલેથી પડી ગ્યા'તા તે વાગ્યું છે, હવે ઠીક છે.'

વાડીએ પહોંચતાં પહોંચતાં તો ગામ આખામાં ટપુના સમાચાર ફેલાઇ ગયા.

દેવુ અને કાનાને ખબર આપ્યા એટલે એ બન્ને જણ કામ મૂકીને કાગળ વાંચવા દોડી આવ્યાં. કાનાએ તો કાળા અક્ષરને કૂટી મારેલા. દેવુ બે ચોપડી ભણી'તી. એ કાગળ લઇને વાંચવા લાગી. સાવ નજીક આવીને કાનાએ માથું પાસે આણ્યું. એટલે દેવુ ચિડાઇને બોલી, 'આ લે તું પહેલો વાંચી લે.'

'હું જોતો તો કે ટપુભાઈના અક્ષર છે કે બીજા કોઇના ?'

'તને બીજાના લાગે છે? વાંચતાં તો આવડતું નથી.'

દેવુ ઓટલા ઉપર જઈને બેઠી. કાનો પણ નજીક જઇને સામે બેઠો અને કાગળ સામે તાકી રહ્યો. એને મનમાં થતું હતું કે આ ટપુભાઇના અક્ષર નથી. એણે ટપુને લખતાં ઘણીવાર જોયેલો મોતીના દાણા જેવા સુંદર અક્ષર, છુટ્ટા છુટ્ટા પાડીને ટપુ લખતો. આ પણ હતા તો છુટ્ટા છુટ્ટા ટપુનો મરોડ જુદી ભાતનો હતો. આ કોઇ શિખાઉ માણસ જેવા લાગતા હતા. કાનાનું એ અનુમાન ખરું હતું. આખો કાગળ ટપુએ ડાબે હાથે લખેલો હતો. દેવુએ ધીમે ધીમે વાંચીને કાગળ પૂરો કર્યો. ફરી પાછી એકવાર વાંચી ગઈ. અને તોય કાગળ સામું જોઈ રહી ત્યારે કાનો બોલ્યો, 'કેમ શું લખે છે, ક્યારે આવશે? આવશે કે નહીં?'

'આવશે તો ખરો જ ને. પણ લખે છે કે સાઇકલેથી પડી ગ્યો'તો તે વાગ્યું છે ને ઇસ્પિતાલમાં પડયો છે. મેં એને ના પાડી'તી કે તું શે'રમાં નો જાતો. પણ રાંકનું કહ્યું ભિખારી માને? મોટો મિત્રધરમ પાળવા ગ્યો'તો, મિત્ર તો ક્યાંઈ પડયો રહ્યો. ઇ કરતાં અમારું કહ્યું માનીને સીધો જઇને વહુને તેડી આવ્યો હોત તો?'

'ક્યાં વાગ્યું છે માથામાં?' શું લખે છે, કહોને દેવુ બા?'

કાનો ગળગળો થઇને બોલ્યો. પોતાના અભણપણાનો આજે ખરેખરો એને પસ્તાવો થયો. જો એ આંકડા ભણ્યો હોત તો આજે પોતે ટપુનો કાગળ વાંચી કાઢત અને જવાબ લખત. ટપુ પોતે કહેતો કે હું ભણાવું તો એનુંય નો માન્યું. 'હવે આવે એટલે તરત ભણવા બેસું.' કાનો બબડયો.

દેવુ કાગળ સામે તાકી રહી'તી. કાનો એમ ને એમ પાસે બેઠો'તો. પરબતે એ દૂરથી જોયું. એટલે બૂમ મારીઃ 'હવે બેય

જાણુ ત્યાં શું કરો છો ? કાનિયા જા તું પાણીએ, હું કોસ હાંકું છું અને દેવુબેન તમે ઘેર જાઓ મા બોલાવે છે.'

દેવુ પોતાની જ સૃષ્ટિમાં વિહરતી હતી. એણે પરભતને સામો સવાલ પૂછ્યો, 'આ કાગળમાં જવાબ લખવાનું સરનામુ કેમ નથી ?'

'હવે ચાર છ દિવસમાં તો આવી જશે. પછી સરનામુ શું કામે લખે ? ઊઠો હવે કામે વળગો. ટપુભાઈ આવશે ત્યારે બધું પૂછજો.'

'પણ ક્યારે આવશે ઇ તો લખ્યું નથી.'

'હજી તો સાવ સાજો થશે પછી ઘેર જશે, ત્યાંથી સાસરે જશે ને ત્યાર પછી અહીં આવશે.'

'ભલે ને ચાર મહિને પણ આવશે તો ખરોને, કેમ કાનિયા ?'

'હારતો. આપણે તો ટપુભાઇ વહેલામોડા પાછા આવતા રહે ઇ જ કામ છે ને !'

ટપુના કાગળથી શંકાકુશંકાઓ અને તરંગો ટળી ગયા અને ગામ આખામાં ટપુને વાગ્યા બદલના શોક કરતાં એ પાછો આવશે એનો આનંદ છવાઈ ગયો.

વાછરડાં ગાયની વાટ જુએ તેમ નવાગામનાં લોક ટપુની રાહ જોવા લાગ્યાં.

★

૨૦

હજી મોં સૂઝણું થયું ન હતું. તે વખતે ઇસ્પિતાલના ઓરડાઓમાં ફરતી ફરતી બે નર્સ ટપુના ઓરડા પાસે આવીને અટકી. આખી ઇસ્પિતાલમાં નીરવ શાંતિ પસરેલી હતી. પ્રાતઃકાલનો મંદમંદ પવન વાતો હતો. વરંડામાં બળતા દીવાનો ઝાંખો પ્રકાશ ઓરડાઓમાં પડતો હતો. મોડી રાત સુધી પીડાના ઉંહકારા કરીને પાછલી રાતે દરદીઓ સહેજ જંપ્યા હતાં. પીડાતા સ્વજનને પંપાળતા પરિચારકો પણ મીઠી ઊંઘ લઇ રહેલા હતા. એવે સમયે બન્ને નર્સ ધીમે રહીને ટપુના ઓરડામાં દાખલ થઇ. બારણા પાસે ટેબલ પર બેઠેલો પહેરેગીર ઝોલાં ખાતો અને બાજુમાં બીજો પોલીસ માથે ઓઢીને ઘોરતો હતો. કાગાનિંદરમાં પડેલા પોલીસને વિચાર સરખો ન આવ્યો કે રોજ કરતાં નર્સ વહેલી શાથી આવી અને એકને બદલે બે કેમ આવી

ટપુ નિરાંતે ઊંઘતો હતો. એના કપાળ પર હાથનો સ્પર્શ થયો અને કાનમાં ધીમો અવાજ સંભળાયો, 'ટપુભાઇ.'

ટપુએ આંખ ઉઘાડી. સામે જોઈ રહ્યો. તરત બેઠો થયો અને આંખો ચોળીને જોવા લાગ્યો, 'કોણ પ્રીતમભાઈ ?'

'જલ્દી તૈયાર થાઓ વખત નથી.'

ટપુ કશું બોલ્યો નહીં. એ ફરી સૂઈ ગયો ને ધીમેથી બોલ્યો:

'આ રીતે બહાર આવવાનો મારો વિચાર નથી.'

'અરે તું તે કાંઈ માણસ છો !'

'કોણ નલિન ?' ટપુએ અવાજ ઓળખતાં નલિનકાંત સામે નજર ફેરવી.

'અત્યારે જીવ મુઠ્ઠીમાં હોય ત્યારે તું આ શી જીદ કરે છે, ઊભો થા.'

'હું આમ નથી આવવા માગતો નલિનભાઈ, મને માફ કરો.'

'તો તને બેભાન કરીને લઈ જવો પડશે.' નલિનની ભમર ખેંચાઈ. એણે ટપુનો હાથ પકડયો.

'તો તો હું જીભ કરડીને મરું પણ પરાણે ન આવું.'

'એવાં ગાંડાં ન કાઢયો.' કહેતાં નલિને ટપુને બેઠો કર્યો.

ટપુ નલિન સામે તાકી રહ્યો. એમાં કરુણા ભરી હતી. ધીમે રહીને એ બોલ્યો, 'તમે આ શું કરી રહ્યા છો, મારે બૂમ મારીને ચોકિયાતોને જગાડવા પડશે. મહેરબાની કરીને મારા ઉપર જબરજસ્તી ન કરો.' ટપુએ હાથ જોડયા.

પ્રીતમ ઢીલો પડી ગયો. એને શું કરવું તે સૂઝયું નહીં.

એ જઈને બારણાં જરા આડાં કરી આવ્યો. નલિનને એણે કહ્યું, 'તો પછી આપણે જઈએ. આમ એમને દૂભવીને લઈ જવા તે ઠીક નહિ.'

'અરે તુંયે વેદિયો થયો. માંદાના વિચાર માંદા. ચાલ બીજો હાથ પકડીને ટેકો આપ. કેશુ, ભાઈ, એક આટલું મારું વેણ રાખ. જિંદગીમાં કદી કોઈની પાસે ભીખ નથી માગી. તારી પાસે માગું છું. ઊઠ ઊભો થા. પછી તારે જે કરવું હોય તે કરજે.'

'પછી શું થાય ?'

'કેમ અમને બધાને લઈને ફાંસીએ લટકજે. અથવા દેહ અપવિત્ર થયો લાગે તો ઉપવાસ કરીને પ્રાણ છોડજે. પણ અત્યારે તો તારે આવવું જ પડશે.'

'આ રીતે તમારા આગ્રહને વશ થવામાં મને કાયરતા લાગે છે.' આમ કહેતાં ટપુ પલંગના છેડા પર આવ્યો. નીચે પગ ટેકવી ઊભો થયો. પ્રીતમે ચંપલ પહેરાવ્યા. નલિને નર્સનો ઝભ્ભો પહેરાવ્યો. માથે બેવડો છેડો ઓઢાડીને પાછળ પંખાની માફક ઝૂલતો રાખ્યો. પથારી ઠીક કરીને બહાર નીકળ્યા. પહેલાં બે અને પછી એક એમ ત્રણે નર્સો બહાર નીકળી ગઈ. અર્ધનિદ્રામાં પડેલા પોલીસને કોણ ગયું ને આવ્યું તેનું કશું ભાન ન હતું. જગત ઉપર અજવાળાં ઊતરવાને હજી વાર હતી. ટપુ જેવા સત્યનિષ્ઠ તરફ મોં ફેરવવા મથતા માણસો પણ હજી અંધકારમાં અલોપ થતા હતા. માનવજાતની આ ક્ષમ્ય નિર્બળતાને ઉદાર દૃષ્ટિથી હરહંમેશ નીરખતા સૂર્યનારાયણ હજી પ્રગટ થયા ન હતા. એ વખતે ત્રણે જણ દવાખાનાના નોકરોનાં મકાનોની પાછળ આવેલા ખોડીબારામાંથી બહાર નીકળ્યા. અને ત્યાં તૈયાર ઊભેલી મોટરમાં બેસી પળવારમાં પસાર થયા.

થોડીવારે ઇસ્પિતાલના ચોગાનમાં પ્રકાશ ફેલાયો. વરંડાના દીવા ઓલવાવા લાગ્યા. ટપુને દાતણપાણી આપનારી નર્સ આવી.

પહોંચી. એ ધીમે પગલે ઓરડામાં દાખલ થઈ. દરદીને નિરાંતે ઊંઘતો જોઈ એ ખુશી થઈ ને મીઠો અવાજ કર્યો, 'મિ. કેશવરામ, મિ૦ શુકલ.'

પણ જવાબ મળ્યો નહીં. હમેશાં પહેલે જ અવાજે જાગી જનારો એનો કેશવરામ શુકલ, આજે માથે ઓઢીને ઊંઘતો હતો. 'ભલે ઘડીવાર સૂતો. થોડીવાર રહીને આવીશ.' એમ વિચારી એ બહાર નીકળી અને બીજા ઓરડામાં ગઈ.

નર્સો, નોકરો અને દરદીના સગાંવહાલાં હરતાં ફરતાં થયાં. એટલે ચોકી કરતો પોલીસ ઊઠીને ઊભો થયો. એણે આળસ મરડી અને ઊંઘતા સાથીને લાકડીનો ઘોદો મારી કહ્યું, 'ઊઠ, એય કપૂર કહાં તક સો રહેગા.'

'ઊંહું' કરીને કપૂર ઊઠવાને બદલે વધારે માથે ઓઢી ગયો. એટલે પહેરો ભરતા પોલીસે કોટ, લાકડી ટેબલ પર મૂકયાં અને પોતે કુદરતી હાજતે ગયો.

આ બાજુ થોડીવાર પછી ફરી નર્સ આવી. તો પણ દરદી માથે ઓઢીને સૂતો હતો. એને નવાઈ લાગી, 'હવે તો જગાડવો જ જોઈએ. દાકતર આવ્યા પહેલાં પ્રાતઃકર્મ પતાવી દેવાં જોઇએ.' એમ વિચારી નર્સે ધીમે રહીને માથેથી ચાદરનો છેડો ખુલ્લો કર્યો. એ ભયભીત નજરે જોઇ રહી. આખી ચાદર ખોલી નાંખતાં એ સ્તબ્ધ બની ગઈ. માથાની જગ્યાએ ઊંધો પોટ હતો અને શરીરની જગ્યાએ ગોદડાનો વીંટો હતો! એણે એકદમ બૂમ મારી, 'પુલિસ!'

કપૂર હજી ઘોરતો હતો. પોલીસે જવાબ ન આપ્યો એટલે એને વહેમ પડયો ને એ બારણે આવી. 'પુલિસ!' એણે ફરી બૂમ મારી. કપૂર સફાળો બેઠો થઇ ગયો.

'સોનેકા ઢોંગ કરતા હૈ?' નર્સનો અવાજ ગાજી ઊઠયો. પડખેથી પસાર થતા નોકરો ઊભા રહી ગયા. કપૂરે ઓરડામાં નજર કરી તો કેદીને ન દીઠો એટલે એનેય ફાળ પડી. એટલામાં મોં ધોઇને પેલો પણ આવી પહોંચ્યો. કપૂરે એને જોતાંવેંત બૂમ મારી, 'કિસન, તૂ કહૌં થા.'

'ક્યોં ક્યા હુઆ?' રૂમાલથી મોં લૂછતાં હસતો હસતો કિસન બોલ્યો.

'દરદી ભાગ ગયા?'

'હૅં' કિસનની આંખો ફાટી ગઈ. એને તરત બધું યાદ આવ્યું. નર્સ સામે જોઇને એ બોલી ઊઠયો, 'આપ પહેલે આઇ તબ તો થા ન?'

'કૌન આઇથી?'

'તુમ. ઔર સાથમે ઔર એક દૂસરી થી.' કિસન મોતના ભયથી ગરજી ઊઠ્યો.

'બસ કરો. જાઓ ગુરખા, થાને મેં ખબર દો. સિપાઈ, દાકતર પટેલ સા'બકો જલ્દી બુલાઓ.'

ઇસ્પિતાલમાં ધાંધલ મચ્યું. ગૃહદાકતર આવ્યા ને પોલીસ ઉપરી આવ્યા. બન્ને પહેરેગીરોને કેદ કર્યા. દરદીની પથારી જપ્ત કરી. નર્સની જુબાની લખી લીધી. બે ચાર કલાક દોડધામ કરી. ચોમેર છૂપી પોલીસની મોટરો છૂટી બે ચાર જગ્યાએ ધાડ પાડી. દસબાર જુવાનોને કેદ કર્યા. મારપીટ કરી. આખરે થાકીને સૌ પોલીસ થાણે આવ્યા.

બપોર પછી છાપાના વધારા નીકળ્યા. તેમાં આ આશ્ચર્યજનક હિંમતભર્યા અપહરણના સમાચાર મોટા અક્ષરે છપાયા હતા.

વાંચીને અમદાવાદ કુતૂહલથી અને પોલીસની બેદરકારીથી રાચ્યું. જુવાનોની છટકી જવાની યુક્તિથી મુગ્ધ બન્યું. ચાર દિવસ સુધી ચોરે ને ચૌટે એ જ વાત ચાલ્યા કરી.

કશો મુદ્દામાલ હાથ ન આવવાથી પોલીસે નર્સોની બેદરકારી ગણી દોષનો ટોપલો એમને શિરે ઓઢાડવા પ્રયાસ કર્યો. અને ઈસ્પિતાલના મોટા દાક્તરે 'દરદી પોલીસપહેરા હેઠળ હોય એ બાબતમાં દવાખાનાની કશી જવાબદારી નથી' એમ કહી પોલીસ-ખાતા ઉપર બધો દોષ ઓઢાડી દીધો.

આમ બન્ને ખાતાં હળવાં થયાં.

★

૨૧

બગીચાના મધ્યભાગમાં એક જાળીવાળું મોટું પીંજરું હતું. પીંજરામાં સફેદ, કાબરચીતરાં ને કાળાં, રંગબેરંગી બતક આમથી તેમ દોડતાં હતાં. પીળી ચાંચ ને ઊંચી નીચી કરતાં, પોતાના વજનથી ધીમી બનેલી ગતિથી ગૌરવભેર ચાલતાં, મોટાં બતક બાગની શોભારૂપ હતાં. મોટાં બતકની પાછળ નાનાં તાજાં જન્મેલાં બચ્ચાં તાજી ફૂટેલી પાંખો ફફડાવતાં અને પાતળા સળી જેવા નારંગી રંગના પગવડે ઝડપભેર દોડતાં હતાં. નાનકડાં મનોહર બચ્ચાં એનાં માતપિતા અને રખેવાળને ખુશ કરતાં હતાં.

પીંજરા પાસે ઊભો રહીને બળવંત એકીટશે બતકકુટુંબને રસભેર નીરખી રહ્યો હતો. કોણે કેટલાં ઈંડાં મૂકયાં ને કેટલાં સેવ્યાં, કેટલાં બચ્ચાંની આંખો ઊઘડી ને કેટલાંને ફૂટી, એ બધું નિરીક્ષણ બળવંત એક વૈજ્ઞાનિકની નજરે કરી રહ્યો હતો.

બળવંતના પિતા રાનડે સાહેબે પોતાની યુવાવસ્થાના લોહીનું ખાતર નાખીને ઉછેરેલી એ વાડીની વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ બળવંતને મન સગાં ભાઈભાંડુ જેવી હતી. કેટલાંક વૃક્ષો તો બળવંત કરતાંયે ઉંમરે મોટાં હતાં. રાનડેને મન બગીચાનાં ફળફૂલ અને પશુપક્ષી, લીલા, બળવંત જેટલાં જ પ્રિય હતાં. અને રાનડેની સમગ્ર સંપત્તિના વારસદાર તરીકે બળવંત એ સૌની સંભાળ લેતો હતો.

એક નાનકડા સુકોમળ બચ્ચાને હાથમાં લેવા બળવંત ધીમે રહીને આગળ વધતો હતો તે વખતે માળીએ આવીને કહ્યું.

'બાળુભાઈ, ઘેર મહેમાન આવ્યા છે તે તમને બોલાવે છે.'

'કોણ મહેમાન છે?'

'એ તો શી ખબર. બાપુજીએ કહ્યું, ભાઇને બોલાવી લાવો.'

'ચાલો આવ્યો.' કહી બળવંતે પીંજરાનું બારણું બંધ કર્યું અને ઘર તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં કોણ આવ્યું હશે એનું અનુમાન કરવા લાગ્યો. કશો સ્પષ્ટ ખ્યાલ આવ્યો નહીં. 'કદાચ સતારાથી દેશપાંડે આવ્યો હશે. અગર પૂનાથી જોશી આવ્યો હોય.' આમ વિચારતો બંગલે આવ્યો.

અંદર દીવાનખાનામાં જઇને નજર કરી તો સામેની ખુરશીમાં નબળો પડી ગયેલો છતાં હાસ્યનાં કિરણો વેરતો એનો ખોવાયેલો વહાલો મિત્ર નજરે પડ્યો. બળવંતને જોતાં જ એ ઊભો થયો.

'કે. આર. તું ક્યાંથી?' કહેતાં બળવંત ભેટી પડ્યો.

પળવાર પ્રસન્નશાંતિ પથરાઈ ગઈ. પછી એક સોફા પર બન્ને સાથે બેઠા. બેસતાં બળવંતે પૂછ્યું: 'આ ભાઇઓનો પરિચય આપ.'

'આ ત્રણેય તારી જેવા જ મારા મિત્રો છે. પહેલા બેઠા છે તે પ્રીતમરાય, વચ્ચે નલિનકાન્ત અને ત્રીજા રમેશચંદ્ર.'

બળવંતે સૌને નમસ્કાર કર્યા. ત્રણેયે સહેજ હસીને ઝીલ્યા.

'પણ તું આટલો નબળો કેમ દેખાય છે?' કંઈ બિમારી હતી?'

'એ જ બિમારી. કૉલેજ છોડી ત્યારથી લાગુ પડી હતી તે જ હજી ચાલુ છે.'

બળવંત પૂરું ન સમજ્યો છતાં બોલ્યોઃ 'અહીંના હવા-પાણીથી તબિયત સરસ થઈ જશે.'

'એટલે તો અહીં આવ્યો છું. કહો, બા બાપુજી મજામાં?'

'તને મળ્યા નથી?'

'મળ્યા ખરા. પણ ફાર્મ ઉપર જતા હતા તે દૂરથી 'જય જય' કર્યા, ને નોકર સાથે તને સંદેશો કહેવરાવી મૂક્યો. કદાચ એમણે મને બરાબર ઓળખ્યો નહીં હોય.'

'ક્યાંથી ઓળખે?' નાનો ગોપાળ બોલ્યોઃ 'બાબુભાઈ તમને કહું?' એમણે આવીને બાપુજીને કહ્યું: 'આપને ત્યાં આ મહેમાન લઈ આવ્યો છું. મજૂરીના પૈસા આપો'

'એમ કહેને ત્યારે. દેખાય છે મજૂર જેવો.' કહીને ટપુના પોશાક સામે નીરખી રહ્યો. કાળી ચડ્ડી, લીટીવાળું બાંડિયું અને માથે સહેજ વાંકી મૂકેલી ટોપી. પગમાં કાંકણી ચંપલ.

'કેમ છે આપણાં લીલાબેન?' ટપુએ પૂછ્યું.

'એ તો તારી બહેન છે. ભગવાન જાણે ક્યાં હશે અને કેમ હશે.'

'એટલે ?'

'બસ તારા ગયા પછી એક અઠવાડિયું પૂરું વીત્યું નહીં એટલામાં પૂના ચાલી ગઈ. ત્યાં કાંઇક ગરબડ થઈ અને પકડાતી રહી ગઈ. પછી તો એક દિવસ પાતાળમાં તો બીજે દિવસે પહાડની ટોચે, એક દિવસ શહેરમાં તો બીજે દિવસે જંગલમાં. એક દિવસ સ્ત્રીવેશે તો બીજે દિવસે પુરુષવેશમાં, એક દિવસ રાણીસાહેબ તો બીજે દિવસ રખારણ. આમ એ તારી માફક બહુરૂપી બની ગઈ છે.'

પ્રીતમ વગેરે સાશ્ચર્ય સાંભળી રહ્યા હતા. તેમની સામે જોઇને ટપુ બોલ્યો: 'બળવંતની બહેનની વાત ચાલે છે. બહુ તેજસ્વી અને ભાવનાશાળી છે.'

'બળવંતભાઇની વાત ઉપરથી સમજાય છે.'

'અહીં કોઇવાર આવે છે ખરી કે ?'

'આવે. પણ બહારવટે નીકળેલા લૂંટારાની માફક. ઓચિંતી આવે અને પતંગિયાની પેઠે ઝબકીને ચાલી જાય.'

'લીલાનું ગીત હજી મારા કાનમાં ગુંજે છે અને એનો ચહેરો નજર સમક્ષ તરે છે.'

'તારે મળવું હશે તો બોલાવીશું.'

'એમ ? એને સંદેશો પહોંચાડી શકાય તો જરૂર બોલાવ. ઠેકાણું બતાવ તો હું જઇને મળી આવું. બીજા મિત્રો પણ એની સાથે હશે.'

'ના. તારે આવી તબિયતે ક્યાંય રખડવાનું નથી. લીલાને અને તું જેને કહીશ તેને અહીં બોલાવીને મુલાકાત કરાવી આપીશ.'

'તો બસ.'

'પણ સિંહને એની ગુફામાં જોવો અને પીંજરામાં જોવો એમાં ફેર નથી ?' પ્રીતમે પૂછ્યું.

'ફેર તો છે જ.' બળવંતે કહ્યું, 'અહીં ઘર આગળ એક કુળવાન ઘરની દીકરી જેવી દેખાય, જ્યારે ત્યાં ક્રાંતિકારી વીરાંગના લાગશે. હું એનો સગો ભાઈ છું તોય મને એના ખરા સ્વરૂપમાં જોતાં નવાઇ લાગે છે ને.'

ચારે મિત્રો લીલાને મળવાની ઉત્કંઠાભર્યાં નેત્રે બળવંતની સામે નીરખી રહ્યા. પળવાર પાંચે જણનાં મનઃચક્ષુ સમીપ લીલાની કાલ્પનિક મૂર્તિ ખડી થઈ.

'હવે તમે સૌ ઊઠો, સ્નાનવિધિ પતાવો.' બળવંતે કહ્યું.

'હા ચાલો, પ્રીતમ, નલિન, રમુભાઈ ઊઠો. આ બળવંત પણ તમારી જેવો જ ગમ્મતી અને મિલનસાર છે. તમને થોડી ભાષાની મુશ્કેલી નડશે. પણ હિંદી, અંગ્રેજી, ગુજરાતી એમ મિશ્રણ કરીને ચલાવજો.:

'પાટિલ, હું થોડા થોડા ગુજરાતી બી બોલું શકું છું.' બળવંતે કહ્યું.

'મીં પણ થોડું મરાઠી સમજુ શેતો' હાજર જવાબી પ્રીતમ બોલ્યો. સૌ ખડખડાટ હસી પડયા. અને પછી નહાવાધોવાની તૈયારીમાં પડયા.

નાહી ધોઇ, જમી પરવારી, સૌ જરા આડા પડયા. વાતો કરતાં એક પછી એકની આંખો મળવા લાગી. બળવંત ટપુ સાથે વાતોમાં લીન બન્યો હતો. ખાસ કરીને નવાગામની વાતોમાં એ ર

ભારે રસ પડયો. ટપુ જરા વચ્ચે શ્વાસ ખાવા અટકયો ત્યારે બળવંતે કહ્યું :

'તું નકામો ડરીને ચાલ્યો ગયો. બાપુજીએ કહ્યું કે અહીં એવો કશો ભય ન હતો. વળી અહીં રહ્યો હોત તો તને અભ્યાસની દૃષ્ટિએ ઘણું નવું જાણવાનું મળત. જોકે તને જે અનુભવો થયા એ પણ જીવનની દૃષ્ટિએ કીમતી અને રાષ્ટ્રહિતની દૃષ્ટિએ લાભદાયી છે.'

'અને તેથી જ મારું મન વહેલી તકે નવાગામ જવા તલસી રહ્યું છે.'

'હવે તો ગુમાવેલું વજન પાછું ન મળે ત્યાં સુધી હું તને ક્યાંય જવા દેવાનો નથી.'

'હું તો માત્ર આ ભાઈઓની સોંપણ કરવા આવ્યો છું.'

'એ કામ લીલાબેન કરી દેશે. તારે શાંતિથી રહેવાનું છે.'

'તું બહુ લાગણીપ્રધાન છો બળવંત,' ટપુ બોલ્યો. 'પહેલીવાર કરતાં ય આજે મને સંઘરવામાં વધારે જોખમ છે તે તને દેખાતું નથી. નવાગામ, જેવા દૂરને સ્થળે પણ હું સાથી તરીકે માંડ અજ્ઞાત રહી શકયો.'

'તને અહીં પણ સાથી તરીકે રાખશું.' બળવંત સહેજ હસીને બોલ્યો.

'બાપુજી જમતી વખતે નહોતા કહેતા કે આવા બુદ્ધિશાળી જુવાનો મજૂર થશે ત્યારે જ સાચું સ્વરાજ આવશે.'

'એક રીતે બાપુજીની એ વાત સાચી છે.' ટપુ એની હંમેશની ટેવ મુજબ નીચે નજર ઢેરવીને બોલ્યો, 'પણ બન્ને બાજુથી પ્રયત્ન કરવા પડશે.

'એટલે કે સુશિક્ષિત લોકોએ શ્રમજીવી થવું પડશે અને શ્રમજીવીઓને સુશિક્ષિત બનાવવા પડશે. એમ જ ને!' બળવંતે પૂછ્યું.

'માત્ર એટલું જ નહીં' ટપુ બોલ્યો, 'હું નવાગામ ગયો ત્યારે કંઇક એવા જ ખ્યાલથી ગયો હતો, પણ મેં જોયું કે આપણી જાતને સુશિક્ષિત, સંસ્કારી, જ્ઞાની, માનવામાં આપણા ભણતરનું અને ઉપરની ટાપટીપનું અભિમાન રહેલું છે. આપણે ચર્ચા વખતે સુંદર શબ્દો વાપરીએ છીએ. કેટલીકવાર ભારેખમ શબ્દો વાપરીને અભિમાનની સીડી પર ઊંચે પણ ચડીએ છીએ. જેમ શુષ્ક વેદાંતીઓ સત્ય જેવી સરળ વસ્તુને શાસ્ત્રચર્ચાના અરણ્યમાં ઊંડી ઊતારીને ગૂઢ બનાવી દે છે. તેમ આપણે બહુ ભણેલા લોકો સાદી વાતોને ઘણીવાર બુદ્ધિની જાળમાં ગૂંચવી દઇએ છીએ.'

'એટલે તું શું કહેવા માગે છે?' બળવંતે સહેજ ચિડાઇને પૂછ્યું.

'એટલે કે આપણે સુશિક્ષિત અને સંસ્કારી શબ્દની વ્યાખ્યા બરાબર કરવી પડશે. અત્યારે આપણી માન્યતા મુજબ તો જેણે વિદ્યાપીઠની પદવી મેળવી હોય, જેને આધુનિક દુનિયાની માહિતી હોય, જગતના રાજકીય, સામાજિક કે આર્થિક પ્રશ્ન ઉપર જે ચર્ચા કરી શકતો હોય એને સામાન્ય રીતે આપણે સુશિક્ષિત ગણીએ છીએ. પણ મને લાગે છે કે પોતાની માન્યતા પ્રમાણે વર્તવા મથતો હોય એ ખરો સંસ્કારી માણસ ગણાય. આજે વાતોમાં ને વર્તનમાં આસમાન જમીનનું અંતર પડેલું છે. તેને લીધે આપણું હૃદયબળ ઘટી ગયું છે. હૈયાદુબળા માણસને સંસ્કારી શી રીતે કહેવાય? સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ આદર્શને નજર સામે રાખીને

સતત ઉદ્યમી, શ્રમપ્રધાન, નિર્ભીક અને સેવાપરાયણ જીવન ગાળતા આર્યો શરીરે સુદૃઢ અને નીરોગી હતા. તેમની બુદ્ધિ અનેક સંશોધનો કરતી. ગંગા–યમુનાનાં વિશાળ મેદાનોમાં ઘઉં ચોખાના હરિયાળા પાક ઉગાડનાર એ જ લોકો હતા. જ્યાં મોટાં નિબિડ જંગલો હતાં, વાઘ, ચિત્તા અને ભયંકર સર્પો વસતા હતા ત્યાં હિંમતભેર વસવાટ કરીને તેમણે આઠ આંગળના લોખંડના કુહાડાથી અને સાદા લાકડાના હળથી, સુંદર અનાજ પકવતી જમીન તૈયાર કરી. ભૌતિક સુખોની સાથોસાથ મનુષ્ય જીવનનાં શાશ્વત સુખો પણ આ ત્યાનાં ઊંડાણમાં ઊતરીને શોધ્યાં અને જગતને ચરણે ધર્યાં. સૌના ભલામાં આપણું ભલું છે અને પોતાની રોટી પરસેવો ઉતારીને પેદા કરવી જોઈએ એ વાક્યો આપણને સાંભળવાં ગમે છે. અને એથીયે વધારે સંભળાવવાં ગમે છે. પણ નવાગામના શરૂઆતના દિવસો યાદ કરું છું ત્યારે મને લાગે છે કે શ્રમજીવનની વાતો કરવી સહેલી છે. શ્રમજીવન જીવવું, શ્રમજીવીઓ માંહેના એક બનીને રહેવું, એ અતિ કઠિન છે. મેં તને કહ્યું તેમ ચાર આઠ દિવસ તો રાત પડે ને ભાગવાનું મન થાય. વળી સૂરજ ઊગે ત્યાં પાછું મન મજબૂત બને અને કામે લાગું. આજે અનેક યુવાનોને શ્રમજીવન જીવવાના કોડ જાગ્યા છે. દલિતવર્ગને ઊંચે ઉઠાવવાની ભાવના પ્રગટી છે પણ એને માટે જે લોખંડી સંકલ્પબળ જોઈએ તે નથી. એ કેળવવાની જરૂર છે. અને તે કેળવવા માટે શ્રમજીવીઓના વાલી કે મુરબ્બી તરીકે નહીં, પણ તેમના માંહેના એક બનીને આપણે તેમની સાથે સમરસ બનવું પડશે. ઊંચી અટારીએ ઊભા રહીને આપણે રસ્તે ચાલતા માણસની મૈત્રી કરી શકવાના નથી.'

ટપુ એકશ્વાસે બોલી રહ્યો હતો. ટપુ બોલવા માંડે ત્યારે બળવંતને સામી દલીલો કરવા કરતાં સાંભળવામાં વધારે મજા

આવતી. પણ એણે જોયું કે શ્રમજીવનની હિમાયત કરવા જતાં ટપુને વધારે પડતો શ્રમ પડયો છે, એટલે એણે કહ્યું, 'હવે તું બે ઘડી આરામ કર. હું જરા બાગમાં જઇ આવું.' બળવંત ઊઠયો. 'ભલે જઇ આવ.' કહી ટપુએ ઓશીકા પર માથું મૂકયું અને ઊંઘવાનો પ્રયત્ન કર્યો.

પણ એને ઊંઘ આવી નહીં. એની નજર સામે નવાગામનાં ભાઇએનો તરવા લાગ્યાં. એનું મન ચકડોળે ચડયું.

'ચાર દિવસનો વાયદો કરીને આવ્યો છું અને આજે આટલા દિવસ થયા.' પાંચમે દિવસે સવારે રૂડાએ પૂછયું હશે ત્યારે દેવુએ એને શો જવાબ આપ્યો હશે? પરબતે મારો બચાવ કર્યો હશે. પણ એ બન્ને ખોટાં પડયાં હશે. કાનો બિચારો એકલો રડી રહ્યો હશે. દેવુ અને કાનો બન્ને સરખાં જ ભોળાં, માયાળુ અને કામગરાં છે. મારું કામ મમતાથી કરી નાખતાં હશે અને મારી વાટ જોતાં હશે. પણ મારો કાગળ મળ્યો હશે એટલે કંઇક સંતોષ વળ્યો હશે. એનેય હવે તો ઘણા દિવસ થાય. બીજો પત્ર લખવો જોઇએ. અથવા લીલાબેન આવે એટલે આ લોકોની ભલામણ કરી નવાગામ ચાલ્યો જાઉં. અહીં કરતાં ત્યાં જલ્દી સાજો થઇ જઇશ. બળવંત આગ્રહ કરે છે પણ અહીં એને અને એના પિતાને નાહક જોખમમાં શા માટે મૂકવા? બસ કાલે લીલાબેન આવે તો પરમ દિવસે નીકળું. બે દિવસ રસ્તામાં થશે. પણ રૂકિમણીને તેડતાં જવી પડશે. એને માટે બે દિવસ તો જશે જ. અને ત્યાં જાઉં એટલે માને અને ભાઈ ભાભીને મળ્યા વિના પાછા કેમ ફરાય? તો અડવાડિયું જાય. કાલ એક કાગળ લખી નાખું. જેથી એ લોકો રાહ ન જુએ. ઇસ્પિતાલમાંથી સીધો ત્યાં ગયો હોત તોય વાંધો ન હતો. પણ નલિન પરાણે આ બાજુ ખેંચી લાવ્યો. ખરી રીતે તો આ વખતે ઇસ્પિતાલમાંથી ભાગ્યો એ મારી નિર્બળતા જ ગણાય. મારે એવી

દીલાશ બતાવવી નહોતી જોઇતી. પ્રીતમ તો પીગળ્યો હતો. પણ નલિનથી હું દબાંઇ ગયો. નાનપણથી એના આગ્રહને વશ થવાની ટેવ પડેલી છે, એ નડી. બોર્ડિંગમાં ભણતા ત્યારેય ફરવા ન જવું હોય તો પરાણે ખેંચી જતો. ભૂખ ન હોય તો પરાણે જમાડતો. આંખમાં ઊંઘ ભરી હોય તોય પરાણે પાણી છાંટીને ઉડાડતો. નલિનનો શબ્દ ઉથામવાની મારી હિંમત ન ચાલી. એ નબળાઇ ગણાય. પણ હવે શું થાય?' થોડીવાર અટકીને અંદરથી મન બોલ્યું: 'હજી ભૂલ સુધારી શકાય. પોલીસ થાણામાં જઇને ઊભા રહેવું ને સત્ય હકીકત રજૂ કરવી.'

આ વિચાર આવતાં અંતર જાણે સંતોષ પામતું લાગ્યું ત્યાં ફરી મન બોલી ઊઠયું', 'પણ એમાં અનેક માણસોને મુશ્કેલીમાં મુકાવું પડે. વળી પોલીસના હાથમાં પડી જેલની દીવાલો પાછળ ગોંધાઈ રહેવું એના કરતાં નવાગામમાં જઇને શકય તે સેવાકાર્ય શા માટે ન કરવું? એ બિચારાં વહાલસોયાં લોકો મારી કાગને ડોળે રાહ જોઇ રહ્યાં હશે.'

આમ વિચાર વમળમાં અટવાતો ટપુ થોડીવારે જંપ્યો.

૨૨

સાંજે સૂર્યાસ્તને સમયે બળવંત બગીચામાંથી પાછો આવ્યો. આવતાંવેંત એણે પૂછયું, 'કેમ લીલા હજી નથી આવી કે?'

'એમ રાહ જોવાથી નહીં આવે.' ટપુએ કહ્યું, 'આ ભાઈઓ હવે ઉતાવળા થાય છે. ચાર દિવસ તો ગયા. તું રજા આપ તો હું એમને થોડું ફેરવી લાવું.'

'કાલનો દિવસ રાહ જુઓ. પછી જોઈશું.' કહી બળવંત ઘરમાં ગયો.

પૂરી પંદર મિનિટ વીતી નહિ તેવામાં એક લીલા રંગની મોટર આવીને છેક બંગલાના પગથિયાં પાસે ઊભી રહી. અંદરથી એક નવયુવતી બહાર આવી. પેની સુધી પહોંચતી સુંદર રેશમી સાડી, કપાળમાં મોટો ચાંદલો, હાથમાં હીરાજડિત કંકણ, ગળામાં સાચાં મોતીની સફેદ માળા, સોળ હાથની સાડીનો પાલવ ઓઢો

પડતો હોય તેમ બન્ને ખભા ઉપર, સંકેલીને રાખેલી રંગીન શાલ ઝૂલતી હતી. સાદાં સુશોભિત ચંપલ ઘસાઈ ન જાય એ રીતે પગથિયા પર ધીમા પગ મૂકતી એ ઉપર ચડી. એક નજર દીવાનખાના તરફ ફેંકી ને એ બાજુના ઓરડામાં થઇ અંદરના ભાગમાં ચાલી ગઈ.

ટપુએ એને દૂરથી નીરખી. મનમાં બબડયો પણ ખરો કે 'લીલા આવી.' પણ પ્રીતમે પૂછ્યું કે 'કોણ આવ્યું?' ત્યારે 'એમનાં કોઇ સગાં લાગે છે.' એટલું કહી ઊભો થયો ને પાછળના વરંડામાં ગયો. બળવંતે હાથપગ મોં લૂછતાં દૂરથી સાડીનો પાછળનો ભાગ જોયો. ઊંચાઇ અને ચાલવાની ઢબ ઉપરથી એ ઓળખી ગયો અને ઓરડામાં જઈ પહોંચ્યો. જઈને જુએ તો લીલા માને ગળે વળગીને ઊભી છે. ટપુ બારણામાં આવીને પાછો વળી ગયો. બળવંત લીલા સામે જોઈ હસીને બોલ્યો.

'કેમ જાણે વરસોનો વિયોગ હોય એમ વહાલ કરે છે.'

'તને ઇર્ષા થતી હોય તો આવ તનેય વહાલ કરું

વહાલસોઈ માતા બોલી અને લીલાને માથે હાથ ફેરવતાં બોલી, 'દીકરી મારી કેટલી દૂબળી પડી ગઈ છે. હવે ક્યાંઈ જવા દેવાની નથી.'

ભોળી માના સ્નેહાળ શબ્દો સાંભળીને ભાઈ બહેન હસ્યાં. લીલા કેટલા મહત્ત્વના કામમાં રોકાયેલી છે એ મમતાળુ મા સમજી શકતી નથી એમ એ હાસ્યનાં કિરણો દર્શાવી રહ્યાં હતાં.

'કેમ મોડું થયું?' બળવંતે પૂછ્યું.

'તારા તેડાની રાહ જોઇને બેઠી ન હતી.' લીલા બોલી: 'કેમ ક્યાં છે કે૦ આર૦?'

'દીવાનખાનામાં.'

'ચાલો મળીએ.' સાડીનો છેડો સરખો કરીને લીલા બહાર આવી. ટપુ વરંડામાં જ ટહેલતો હતો. લીલાએ પાસે જઈ સહેજ ઝૂકીને નમન કર્યું. ટપુએ નમસ્કાર ઝીલતાં કુશળ પૂછ્યા: 'કેમ આવી પહોંચ્યાં બહેન?'

'તમારો હુકમ થયો એટલે આવવું જ પડે ને!'

'આપણે સામી રૂમમાં બેસીએ.' બળવંતે કહ્યું. બન્ને જણ એની પાછળ ગયાં. એક પલંગ પર ટપુ અને બળવંત બેઠા. લીલા સામે ખુરશી પર બેઠી.

'તમે ખૂબ લેવાઇ ગયા છો પાટિલ!' લીલા ટપુ સામે જોઈને બોલી અને પછી ઘડીભર નીરખી રહી. કૉલેજના દિવસોમાં બળવંત સાથે ટપુ આવેલો ત્યારે માત્ર એક હોશિયાર વિદ્યાર્થી તરીકે, અને પોતાના ભાઇના દોસ્ત તરીકે એ એને ઓળખતી હતી. પણ ટપુ રાતોરાત ચાલ્યો ગયો અને પાછળથી એના નામનાં વોરંટ છૂટયાં એની કારકિર્દી લીલાને કાને આવવા લાગી, ત્યારે એક જ્વલંત ક્રાંતિકારી યુવક તરીકે ટપુ પ્રત્યે એના મનમાં આદર-ભાવ પ્રગટયો હતો. પોતે પણ એ માર્ગે વળી અને સાહસ કાર્યો કરવા લાગી ત્યારે કે૦ આર૦ ની હિંમત તથા બહાદુરીનો એને વધારે ખ્યાલ આવ્યો. મિત્રો આગળ કે૦ આર૦ની વાત કરતાં એનો ચહેરો ખીલી ઊઠતો. કોઇવાર કોઇ ટકોર કરતા કે 'તારા ભાઇનો મિત્ર રહ્યો એટલે કે૦ આર૦નાં તું વખાણ કરે છે. બાકી એ નાસી છૂટેલા સિપાઇને સંભારવાથી પણ કાયરતા વધે છે.' ત્યારે જવાબમાં લીલા વાઘની પેઠે તૂટી પડતી અને 'કે૦ આર૦ને ઓળખવાની તમારી યોગ્યતા નથી. એ જ્યાં હશે ત્યાં ક્રાંતિનો

પયગામ આપતો હશે અને કોઈક દિવસ પણ આપણા સૌને મોખરે આવીને એ ઊભો રહેશે એમ એ કહેતી. એ જ કે૦ આર૦ને નજર સામે બેઠેલો જોઈ એના શરીર પર રોમાંચ પ્રગટયાં અને માનભેર એ ટપુ સામે એકીટશે જોઈ રહી. ઘડીભર શું બોલવું એ એને સૂઝયું નહીં.

'તમે તે દિવસે ગાયેલું ગીત હજી મારા કાનમાં ગુંજે છે' ટપુએ કહ્યું.

'કયું ગીત ?'

'હેમુ કલાણી ઝિન્દાબાદ.'

'એ તો હવે જૂનું થયું.'

'તો આજે નવું સંભળાવજો.'

'હવે તો તમે અમારી સાથે મેદાન ઉપર આવશો ત્યાં સંભળાવીશ.'

'તમારો આજનો પોશાક લડવૈયા જેવો નથી. ગૃહિણી જેવો છે.'

લીલા સહેજ શરમાઈને નીચું જોઈ ગઈ. પછી બોલી: 'તમે આટલો વખત કયાં હતા પાટિલ ?'

'નવાગામમાં.'

'એ કયાં આવ્યું ?'

'કાઠિયાવાડમાં ભાવનગર પાસે.'

'આપણા તાત્યા છે એ જ ભાવનગર, બાળુ ?'

'હા.'

'તાત્યા કોણ ?' ટપુએ પૂછ્યું.

'મારા મામાના દીકરા ભાઈ છે, ત્યાં તારમાસ્તર છે.'

'એમ કે? ત્યારે કોઇ વાર મળશું.

'તમારા ગુપ્તવાસની બધી વાતો મારે સાંભળવી છે.' લીલા અધીરી બનીને બોલી.

'એમાં તમને કાંઈ ઉત્તેજના મળે તેવું નથી.'

'કે. આર. નાં દરેક કાર્ય પ્રેરણાદાયી જ હોય એમ હું માનું છું.'

'પહેલાં તમે તમારી વાતો કહો.'

'મારે તો તમને ઘણી ઘણી વાતો કહેવાની છે......'

'આપણે દીવાનખાનામાં બેસીને વાતો કરીએ.' બળવંત વચ્ચે બોલ્યો.

'કેમ?' લીલાએ પૂછ્યું.

'કેશુના મિત્રો ત્યાં આપણી રાહ જોતા બેઠા છે.'

'ક્યાંના છે?'

'એ પણ તમારી માફક ભૂગર્ભસેનાના સૈનિકો છે.' ટપુએ કહ્યું: 'તેમને તમારો સૌનો પરિચય કરાવવા લઇ આવ્યો છું.'

'તો ચાલો.' લીલા ઊભી થઇ, 'આપણે એમનાથી કશું ખાનગી નથી. વળી તમારા મિત્રોથી છુપાવવાનું શું હોય?'

વાતો કરતાં ત્રણે જણ દીવાનખાનામાં દાખલ થયાં. ત્રણે મિત્રોએ નમસ્કાર કર્યા.

'માફ કરજો તમારે રાહ જોવી પડી.' કહેતાં હાથ જોડી લીલા એક સોફા ઉપર બેઠી. બાજુમાં, ખુરશીઓ પર ટપુ અને બળવંત બેઠા. બળવંતે અરસપરસ પરિચય કરાવ્યો. પછી વાતો શરૂ થઈ. ટપુના આગ્રહને વશ થઇને લીલા પોતાના તાજા અનુભવો વર્ણવવા લાગી. પ્રીતમ, રમેશ અને નલિન ત્રણે જણ એના ઓજસ્વી

મુખ સામે નીરખી રહ્યા. આગના ગોળાની માફક આરપાર સળગતી લીલાને મોંએથી લડતના રોમાંચક પ્રસંગો સાંભળતાં, પોતે એ અનુભવના ભાગીદાર થવા તલસી રહ્યા.

ઇતિહાસનું પુનરાવર્તન થતું નથી એમ પંડિતો કહે છે. પણ લીલાની વાતો સાંભળતાં ત્રણે જુવાનોને બાલ્યાવસ્થામાં સાંભળેલી શિવાજીની વાતો નજર સામે તરવા લાગી. પહાડોની ખીણમાં બાદશાહી ખજાનાને લૂંટી લેતા અને રાતમધરાત કિલ્લેદારને દબાવી કિલ્લા સર કરતા શિવાજીના મરાઠા અને માળવા સૈનિકો અને લીલાની ટુકડીનાં પરાક્રમો એમને એક સરખાં લાગ્યાં. ખાવામાં જારની ભાખરી ને ડુંગળીનો દડો, પહેરવામાં લંગોટી અને ઓઢવા પાથરવામાં કાળી કામળી, ટાઢ, તડકો કે વરસાદ, ઊંઘ કે ઉજાગરાની પરવા કર્યા વિના ડુંગરે ડુંગરે ભટકતા એ સ્વરાજના સિપાઈઓ એમને યાદ આવ્યા. તારના થાંભલા તોડવાના, પૂલો ઉડાવવાના, લશ્કરી ગાડીઓ ઉથલાવવાના, મેલગાડીઓ લૂંટી લેવાના, સરકારી થાણાઓ પર ધાડ પાડવાના કિસ્સા તો હિંદભરમાં ઠેરઠેર બનતા હતા. સરકારના કારમા દમન સામે, એના ચાંપતા બંદોબસ્ત વચ્ચે મૂઠીભર મરણિયા માણસો અવિરતપણે બહાદૂરીપૂર્વક દરેક સ્થળે પોતાની મશાલ સળગતી રાખી રહ્યા હતા. પરંતુ ઐતિહાસિક સ્થળની બાળપણમાં મન ઉપર પડેલી ઊંડી છાપને લીધે, નવીનતાને કારણે અને સૌથી વિશિષ્ટ લીલાના જાજરમાન વ્યક્તિત્વને લીધે ત્રણે મિત્રો એની ટુકડીમાં શામિલ થવા તલસી રહ્યા. લીલા સહેજ શ્વાસ ખાવા અટકી એટલે પ્રીતમે ટપુ સામે જોઈને કહ્યું:

'તો પછી અમે લીલાબેન સાથે એક ચક્કર લગાવી આવીએ.'

'જરૂર મારી સાથે આવો. કે૦ આર૦ ના મિત્રોને સાથે લઈ જવામાં મને જરાપણ હરકત નથી.'

'ટપુભાઈ કેમ બોલતા નથી.' રમેશે પૂછ્યું.

'કોણ ટપુભાઈ?' લીલાએ ચારેની સામે જોઈને પ્રશ્ન કર્યો.

'કેશુએ નવાગામમાં પોતાનું નામ ટપુ રાખ્યું હતું.' બળવંતે ખુલાસો કર્યો.

લીલા સહેજ હસી પડી ને બોલી: 'એ નામ આપણને બહુ પસંદ પડયું. પણ હું એમાં થોડો સુધારો સૂચવું છું. ટપુ નહીં પણ ટિપુ. અંગ્રેજોના આવતા રાજ્ય સામે ઝૂઝનાર ટિપુ સુલતાન એ ખરો સ્વાતંત્ર્યવીર હતો.'

'બરાબર છે.' પ્રીતમે ટેકો આપ્યો, 'આપણે પણ હવે ટિપુ કહેશું.'

'ના. તમે લોકો ટિપુનું ગુજરાતી ટપુ કરી નાખો છો એટલે એમાં ફેર કરવાની જરૂર નથી. અને અમે પણ કહેશું તો ટપુ જ. કેમ કે. આર. તમને પસંદ પડશે કે?'

'મને પસંદ પડયું માટે તો મેં એ નામ રાખ્યું.'

'બાળુ ભાઈ, જમવાનો સમય થયો છે.' નોકરે આવી કહ્યું.

'ચાલો, ઊઠો.' બળવંત ઊભો થયો.

લીલા ઊઠીને ઘરમાં ગઈ. ટપુ અને મિત્રો સાથે બળવંત જમવાના ઓરડા તરફ ચાલ્યો. લીલાની વાતોથી સૌનાં મન ભરાયેલાં હતાં. એટલે જમવાનું શરૂ કરતાં સુધી કોઈ કશું બોલ્યું નહીં. થોડીવાર કોઈ બોલ્યું નહીં એટલે રાનડે સાહેબે વિનોદ શરૂ કર્યો.

'આજથી આપણા ઘરમાં સામ્યવાદનો અમલ શરૂ થાય છે.'

રાનડેના કહેવાનો ભાવાર્થ બરાબર સમજવા માટે સૌએ તેમની સામે જોયું અને તેઓ આગળ શું કહે છે તે સાંભળવા

કાન માંડયા: રાનડેએ આગળ ચલાવ્યું, ‘કારણ કે ખેતીવાડી ખાતાના અધિકારી પોતાના બાગના એક કામદાર સાથે બેસીને એક ટેબલ પર અત્યારે ખાણું લઇ રહ્યા છે.’ આમ કહીને એમણે ટપુ સામે જોઇને સ્મિત કર્યું. ટપુએ ગંભીરતાથી કહ્યું. ‘મારી નોકરી હજુ નોંધાઈ નથી.’

‘મેં કારકુનને કહી દીધું છે. તમારો માસિક પચીસ પગાર ચાલુ થયો છે. અને તમને નવા કોસનો પ્રયોગ થાય છે ત્યાં કામ આપવાનો હુકમ થઈ ગયો છે.’

‘કોસ હાંકવાનું કામ કરશે તો તો એને ખાવાનું ત્યાં કૂવા પર મોકલવું પડશે.’ બળવંત બોલ્યો, ‘અને એને ભાખરી પહોંચાડવા કોઇ દેવુબાઈ શોધી કાઢવી પડશે.’

‘દેવુબાઇ કોણ ?’ લીલાએ પૂછ્યું.

‘જેને ઘેર ટપુભાઈ કામ કરતા એ નવાગામના મુખીની દીકરી.’ રમેશે ખુલાસો કર્યો. એટલે તરત જ લીલા હસીને બોલી ઊઠી: ‘તો અહીં પણ બાગના મુખીની દીકરી ભાખરી પહોંચાડવા હાજર છે.’

‘સૌએ ટેબલ પર ડાબા હાથ પછાડીને એ સૂચના વધાવી લીધી. ટેબલના છેડા પર બેઠેલા પ્રીતમે અવાજ શાંત પડતાં કહ્યું: ‘પણ લીલાબેન, તમારે પોશાક બદલવો પડશે. એમના દેશના રિવાજ પ્રમાણે છુટ્ટી ઓઢણી, માથે મોતીની ઇંઢોણી, ઉપર છાશની દોણી, અને તેની ઉપર કપડામાં વીંટાળેલી ભાખરી ને ચટણી.’

‘વાહ તો પછી મારે એક કેમેરો ખરીદવો પડશે’ બળવંતે કહ્યું.

આમ વાર્તા-વિનોદ કરતાં સૌ જમી ઊઠયાં.

બળવંતના ખંડમાં ફરી પાછી મિત્રમંડળી મળી. લીલાએ

આવીને બેસતાં કહ્યું: 'રમેશભાઈ, તમે જ વાત કરો. ટપુભાઈ પોતાની વાત કરતાં શરમાય છે.'

'એમાં શરમાવાનો સવાલ નથી લીલાબેન,' ટપુ બોલ્યો: 'પણ ખાસ કશું કહેવા જેવું છે નહીં.'

રમેશે ટૂંકમાં બધી વાત કરી. કાનો, દેવુ, રૂડો, વિનુભાઈ, કાન્તા, ગામલોક, વાડી, કામકાજ અને આખરે પ્રેમજી શેઠની વાત આવી એટલે લીલા ભભૂકી ઊઠી: 'હું જો એ જગ્યાએ હોઉં તો એને ત્યાં ને ત્યાં ઠાર કરું. માત્ર પ્રેમજીને જ નહીં, પેલા અમલદારને પણ પૂરો કરું. તમે એ રીતે જે દયા બતાવો છો એ કેવળ નબળાઈ છે. અને એ રીતે છોડી દીધેલા ઝેરી સાપ ગરીબોને જ ડંખે છે. અજ્ઞાન પ્રજાને જ દમે છે. પ્રેમજી જેવા ઊજળા ઠગ એક તરફ મિત્રતાનો ડોળ કરે છે ને બીજી બાજુ આમપ્રજાને ચૂસે છે. એમને ઓળખ્યા છતાં છોડી મૂકવા એ પાપ છે. અમારા આ પ્રદેશમાં અમે એવા એક પણ માણસને ઓળખ્યા પછી જતો કરતા નથી.'

'અમે લોકો તો ખરા નાગનેય મારતા નથીને.' પ્રીતમ બોલ્યો.

'હા એટલે તમે દયાળુ દેખાઓ છો ને બીજાને જઈને એ ડસે છે.' આમ કહીને લીલા ફરી પાછી પોતાના પ્રસંગો વર્ણવવા લાગી. એમાં શ્રીમંતોને તથા દેશદ્રોહીઓને વીણી વીણીને જેર કરવાની વાતો ચાલી. નલિન, રમેશ અને પ્રીતમ લીલાની જુસ્સાદાર વાતો રસપૂર્વક સાંભળતા હતા. પણ ટપુના ચહેરા પર એક પ્રકારની ઉદાસીનતા છવાઈ હતી. લીલાના આગ ઝરતા શબ્દો કે લોહી નીતરતા પ્રસંગો એને આંજી શકતા ન હતા. લીલાને એ વસ્તુ ખટકી. એ ટપુ સામે જોઈને બોલી, 'પાટિલ, તમે કેમ આમ સાવ ઢીલા જણાઓ છો? એમ હતું તો તમારે ફરી આ બાજુ આવવું જ નહોતું.'

'મારી ઇચ્છા આ તરફ આવવાની નહોતી જ. ટપુ ધીમે રહીને બોલ્યો.' માત્ર આ ભાઇઓના આગ્રહથી તમને સૌને એમનો પરિચય કરાવવા આવ્યો છું.'

'પરિચયની જરૂર ન હતી. એ એમની મેળે આવી શકત.' કહીને લીલા ટપુ સામે તાકી રહી. પછી સહેજ દુભાયેલા અવાજે બોલી: 'કે૦ આર૦ પાટિલના મોંમાં આ ભાષા શોભતી નથી. લાંબી બિમારી અને જીવનભરનો વસમો કારાગાર ભલભલાને ભાંગી નાખે છે એમ સાંભળ્યું હતું. પણ અમે અમારા કે૦ આર૦ની ગણતરી ચંદ્રશેખર આઝાદની માફક ફાંસીના માંચડા સુધી હસતું મોં રાખનાર ક્રાંતિકારીઓમાં કરેલી છે. એ ગણતરી ખોટી પડે તો શબ્દકોશમાંથી ક્રાંતિ, ભાવના, દેશભક્તિ વગેરે શબ્દોને સદાને માટે ભૂંસી નાખવા પડશે. પણ એમ બનવાનું નથી. એ પહેલાં તો સૂર્ય પશ્ચિમે ઊગશે. તમારા અનેક મિત્રો અને પ્રશંસકો તમારી રાહ જોઈ રહ્યા છે. તમારે મારી સાથે જ આવવાનું છે.'

'નવાગામમાં પણ અનેક મિત્રો મારી રાહ જોઈ રહ્યા છે.' ટપુ બોલ્યો. સાંભળીને લીલા ખડખડાટ હસી પડી. એ હસવામાં દુ:ખનો રણકાર હતો. આનંદનું એ હાસ્ય ન હતું. ભારે અવાજે એ બોલી, 'એ ક્યાં નાસી જવાના છે. અને આઝાદીની લડત પૂરી થયે વિજયી સેનાનાયક તરીકે તમે નવાગામ જશો તો તમારો એ રૂડો પટેલ ને બીજા બધા ઘડીના છઠ્ઠા ભાગમાં સીધા થઈ જશે. 'તે દિવસે હું પણ તમારી સાથે આવીશ.'

'બરાબર છે.' પ્રીતમ ઉત્સાહથી બોલી ઊઠયો, 'અમે પણ તે દિવસે જીવતા હશું તો તમારી સાથે આવશું. અને એક નહિ પણ અનેક નવાગામને આંખના પલકારામાં પુનર્જીવિત કરશું.'

ટપુ શાંતિથી સાંભળી રહ્યો. એની નજર સામે નવાગામનો એકએક પરિચિત માણસ આવીને તરવા લાગ્યો અને જાણે કહેવા લાગ્યો કે 'અમે તમારી રાહ જોઈએ છીએ.'

લીલા ઘડીભર ટપુ સામે નીરખી રહી. પછી પલંગ પરથી ઊભી થતાં બોલી, 'પાટિલ, એક મિનિટ.' ફરી પોતે બાજુના ખંડ તરફ ચાલી. બળવંતે ટપુ સામે જોયું. ટપુ સ્થિર નયને નીચે જોઈ બેઠો હતો. 'ચાલ તો ખરો કેશુ, લીલા શું કહે છે.'

'હા ટપુભાઈ' રમેશે કહ્યું: 'લીલાબેન ખાસ મહત્તના કારણ વિના આટલો આગ્રહ ન કરે.'

ટપુ અને બળવંત ઊઠીને બાજુના ખંડમાં ગયા. ત્રણે મિત્રોએ એકબીજાની સામે જોયું.

'લીલા કેશુને ઠેકાણે લાવશે.' નલિને ત્રણેના મનની વાત વ્યક્ત કરી.

લીલાએ ખુરશી સામે મૂકી અને ખંડમાં દાખલ થતા ટપુ સામે જોઈને કહ્યું, 'આવો બેસો. બાળુ, તું અહીં મારી પાસે આવ.'

બળવંત પલંગ પર બેઠો. ટપુની આંખમાં નજર ખૂંતાડીને લીલાએ તરત વાત શરૂ કરી:

'જુઓ, પાટિલ, અમે એક મોટો કાર્યક્રમ યોજ્યો છે. આપણા આ આખા પ્રદેશના ગામેગામથી સેંકડો લોકો એકઠા થવાના છે. એમાં કિસાનો, મજૂરો, વિદ્યાર્થીઓ, નાના વેપારીઓ સ્ત્રીઓ, પુરુષો, સૌ આવવાનાં છે. એક આખા પ્રદેશને પૂર્ણ આઝાદ જાહેર કરવાની અમે પ્રતિજ્ઞા કરવાના છીએ. એ પ્રતિજ્ઞા તમારે લેવરાવવાની છે.'

'મારે ?'

'હા, આ આખા પ્રદેશના લોકો તમારા નામથી જાણીતા છે. સરકારે તમારા ફોટા છાપીને સ્ટેશને સ્ટેશને ચોડયા છે. થાણા કચેરીઓમાં તમારું નામ જાણીતું છે એટલું જ નહિ; તમારે નામે ગમે તે આપભોગ આપવા લોકો તૈયાર છે. તમે એમને ભૂલ્યા હશો એ તમને નથી ભૂલ્યા. એ લોકો તો તમને જોતાં પાગલ બની જશે. વિચાર તો કરો પાટિલ, કે જ્યાં પાંચ માણસ એકઠાં નથી થઈ શકતાં, ત્યાં હજારોની મેદની એકત્ર મળવાની છેઃ અને આવો ગંભીર સંકલ્પ કરવાની છે. એ કેટલું મોટું સાહસકાર્ય છે. તમારી હાજરી એ કાર્યને યશસ્વી બનાવવામાં ચમત્કારિક અસર કરશે. તમારે મારી સાથે આવવું જ પડશે.' લીલા પળવાર અટકી.

ટપુની નજર સામે એક નવી જ સૃષ્ટિ ખડી થઈ. હજારોની મેદની વચ્ચે ઊભો રહીને, ઊંચા મંચ ઉપરથી સૌને સંબોધતો અને દોરતો, કે૦ આર૦ પાટિલ કોઈ જુદી જ વ્યક્તિ હોય એમ એ પોતાની જ મૂર્તિને મનોદર્પણમાં નીરખી રહ્યો. ડુંગરે ડુંગરેથી, જંગલેજંગલથી, ગામેગામથી લંગોટધારી ને કુર્તાધારી; ફેટધારી ને ટોપી ધારી, ઉઘાડે માથે અને ટોપા પહેરીને અનેક સ્ત્રીપુરુષો કોઈ પહાડના સપાટ મેદાનમાં અથવા ઊંડી ખીણમાં મળશે. એની કલ્પના ટપુના ભાવનાશાળી મગજ આગળ રમી રહી. સિંહગઢ સર કરવા મેદાને પડેલો શિવાજીનો વીર સરદાર તાનાજી એને યાદ આવ્યો. 'જો આટલો એક પ્રદેશ સ્વતંત્ર બની શકે, અને અમુક સમય સુધી સ્વતંત્રતા ટકાવી શકે, તો, પછી બાજુનો પ્રદેશ આપો-આપ જાગ્રત થાય. અને એ રીતે આખા મહારાષ્ટ્રને આઝાદ કરી શકાય. ઉત્તર બિહાર, યુ. પી નો મધ્યભાગ અને બંગાળના અમુક

જિલ્લા એ રીતે સ્વતંત્ર બન્યાના સમાચારો સાચા હોય તો, આખો ભારતવર્ષ સ્વતંત્ર બને. અને આવા સમૂહો એકસાથે જાગ્રત થઈ ક્રાંતિને માર્ગે વળતા હોય તો હિંસા–અહિંસાનો પ્રશ્ન પણ ઉપસ્થિત ન થાય. મૂઠીભર માણસોને જ હિંસા કરવાની જરૂર પડે છે. કરોડોની જનતાનો તો માત્ર નિશ્ચય જ દુશ્મનને મહાત કરી શકે.

ટપુ કોઈક જુદા જ વિચારે ચડી ગયો લાગે છે, અથવા ઊંડી મૂંઝવણ અનુભવી રહ્યો છે, એમ ધારીને બળવંત વચ્ચે બોલ્યો 'હજી એની તબિયત તો જરા ઠીક થાય પછી વિચાર કરશે.'

'તબિયત ઠીક જ છે.' લીલા બોલી, 'આ તો હરતાફરતા છે. પણ પથારીવશ હોય તો પણ સંગ્રામના કટોકટીના સમયે સેનાપતિને શિબિરમાંથી ડોળીમાં ઘાલી સૈન્યને મોખરે લાવીને ખડા કરવા પડે. લીલા ભાર દઈને બોલી, 'અને તારે મન કે. આર. એક કૉલેજનો દોસ્ત છે. મારે મન એ સ્વાતંત્ર્ય સંગ્રામનો મહારથી છે. તારી સાથે આપણે ઘેર આવતાજતા એટલા પૂરતી ઓળખાણ હતી પણ આટલા દિવસોમાં મેં મારા મનમાં એમને માટે અનેક કલ્પનાઓ ઘડી રાખી છે. એ મનોમૂર્તિને ખંડિત થવા નહિ દઉં. અને ટિપુરાવ,' એકદમ ટપુ તરફ વળીને લીલા બોલી, 'હજી તો આપણે દેશગૌરવ સુભાષચંદ્ર બોઝની આઝાદ ફોજ સાથે હાથ મેળવવા મણિપુરની પહાડીઓમાં જવાનું છે. તેમનાં દળ આસામની સરહદ પર આપણી રાહ જોશે. આપણા મહાન નેતાઓ તો જેલની દીવાલો પાછળ પુરાયેલા છે, એવે સમયે એમનું સ્વાગત કરવા આપણે સૌએ જવું જોઈએ.' છેલ્લા શબ્દો સાંભળતાં ટપુની આંખ ચમકી ઊઠી.

એક વિપળમાં એનું મન નાગા પર્વતની પેલે પાર જઈ પહોંચ્યું. લશ્કરી પોશાકમાં સજ્જ થયેલી લીલાની પડખે પોતે ઘોડે

સવાર બનીને આઝાદ દળને મોખરે ચાલતો હોય એવી બુલંદ કલ્પનાથી એનું મન ભરાઈ ગયું. અને બીજા બધા વિચારો દૂર થયા. એણે ધેરા અવાજે કહ્યું, 'લીલાબેન, તમે કહેશો ત્યારે અને કહેશો ત્યાં તમારી સાથે આવવા હું તૈયાર છું.' લીલા એકદમ પલંગ પરથી ઊતરી પડી અને ટપુના બન્ને હાથ મજબૂત રીતે પકડીને પોતાની હથેળીઓમાં દબાવી દીધા. હર્ષાવેશમાં આવીને એ બોલી, 'આજે મેં એક હજાર સૈનિક મેળવ્યા છે.'

પળવાર પ્રસન્ન શાંતિ પથરાઈ રહી. પાછી લીલા પલંગ પર બેઠી. એટલે બળવંતે કહ્યું, 'ચાલો હવે સૂવાની તૈયારી કરીએ. પેલા ભાઈઓ રાહ જોતા હશે.'

'ચાલો' કહી ટપુ ઊઠ્યો. ઉતાવળે પગલે બન્ને મિત્રો બીજા ખંડમાં આવ્યા. ટપુના રોમેરોમમાં નવું લોહી ફરતું હોય, જાણે નવો ઉત્સાહ પ્રાપ્ત થયો એમ એ નવચેતન અનુભવવા લાગ્યો.

'કેમ; બહુ રાહ જોવી પડી નહિ?' કહેતાં એ નલિનની બાજુમાં જઈને બેઠો અને એને બાથમાં લઈને ભેટી પડતાં બોલ્યો: 'હું પણ તમારી સાથે આવવાનો છું.'

'શાબાશ' પ્રીતમ ઊછળી પડ્યો: 'હવે રમત ખરેખરી ચગશે.'

'અમે ધારતા જ હતા કે લીલાબેન તમને ઠેકાણે લાવશે.' રમેશ બોલ્યો.

ચારે મિત્રો આનંદમગ્ન બની વાતો કરતા એક પછી એક નિદ્રાધીન બન્યા.

*

અડવાડિયા બાદ, રૂડા પટેલની વાડીએ બપોરના બાર વાગે

દેવુએ આવીને કાનાને સમાચાર આપ્યા: 'ટપુભાઇને અમદાવાદ સુવાણ ન થઈ તે મિરજના મોટા દવાખાનામાં લઈ ગયા છે.'

'કાગળ આવ્યો ?'

'હા, જો ને. ઇ પંડે લખે છે કે અહીં મોટા દાકતરે નસ્તર મૂક્યું છે ને હવે વળતાં પાણી થયાં છે. નવું લોહી ભરાશે ને કામ કરવા જેવો થઇશ એટલે તરત ત્યાં આવી પહોંચીશ.'

'તે કામ ભલે નો કરે.' કાનો બોલ્યો, 'અહીં આવીને રહે તો વહેલા સાજા થઇ જાય. નહીં દેવુબેન!'

'અહીં તો આઠ દી'માં ઘોડાં વાળતો થઈ જાય. પણ ન્યાંથી દાકતરની રજા મળવી જોઇએ ને?'

'ઇ ખરું.'

'ભલેને પાંચ પંદર દી' વહેલો કે મોડો, ઇ સાજોસારો પાછો આવતો રહે એટલે ભગવાનનો પાડ.' દેવુ બોલી અને ઇશ્વરનો આભાર માનતી હોય તેમ આકાશ ભણી નીરખી રહી.

ફરી પાછાં બન્ને હૃદય ટપુની રાહમાં દિવસો ગણવા લાગ્યાં.

★

૨૩

મોડી રાતે સૂતાં હમેશની ટેવ પ્રમાણે ટપુ વહેલો જાગી ઊઠયો. મોં સૂઝણું થતાં પહેલાં સૌએ નીકળી જવું એમ ઠરાવ્યું હતું. એટલે મિત્રોને જગાડવાનો એણે વિચાર કર્યો. પણ એ વિચારની સાથોસાથ એના મનમાં રાતે અર્ધનિદ્રાવસ્થામાં આવેલા કેટલાક વિચારો તાજા થઈ ને ઘોળાવા લાગ્યા. લીલાના આગ્રહને વશ થવામાં પોતે કંઇક ઉતાવળ કરી હોય એમ એને લાગ્યું. પોતે જેમને ગુરુસમાન માનતો એવા પીઢ આગેવાન કાર્ય-કરોની હાજરીમાં પોતે પ્રતિજ્ઞા લેવરાવવાની હા પાડી એમાં એને અભિમાનની ગંધ આવી. હજારો લોકોને દોરવાની પોતાની યોગ્યતા વિષે એને શંકા હતી. મુરબ્બીવર્ગની હાજરીમાં અગ્રણી થવું એ પણ એના નમ્ર સ્વભાવને ખૂચ્યું. વચન આપ્યું હતું માટે લીલાની સાથે તો જવું જ જોઇએ. અને આવડો મોટો જનસમૂહ અહિંસક રીતે મોરચો માંડતો હોય તો તેમાં એક અદના સૈનિક તરીકે શામિલ થવાની પણ પોતાની ફરજ છે, એમ ટપુને લાગ્યું. વાદળાંની પેઠે

એના હૃદયાકાશમાં આવા અનેક વિચારો પસાર થઈ રહ્યા હતા. એ વખતે બાજુમાં સૂતેલા નલિનકાન્તે આળસ મરડતાં કહ્યું: 'કેમ કેશુ, ભજન કરે છે કે શું?'

'ના, અમસ્થો બેઠો છું. તમને જગાડવાનો વિચાર કરતો હતો.'

'અમે જાગતા જ પડયા છીએ. કેટલા વાગ્યા?'

'સાડા ચાર.'

'ચાલો ત્યારે, રમેશ, પ્રીતમ, ઊઠો.' કહી નલિને બન્નેની ચાદર ખેંચી.

બળવંત પણ અવાજ સાંભળી ઊઠયો. એણે જઈને લીલાને જગાડી. સૌ તૈયાર થયાં. બળવંત, તેની બા, તથા રાનડેની રજા લઈ સૌ વિદાય થયાં.

રસ્તામાં ટપુએ લીલા સાથે વાત કરતાં કહ્યું 'ગઈ કાલે તમારા આગ્રહને વશ થઈ મેં હા પાડી, પણ વધારે વિચાર કરતાં મને લાગે છે કે મોટા જનસમુદાયને આવી ગંભીર પ્રતિજ્ઞા લેવરાવવાની, અને તેને દોરવાની જવાબદારી મારે માટે વધારે પડતી છે. એ તો દાદા-સાહેબ જેવા કસાયેલા પીઢ આગેવાનને શિરે હોય એ જ શોભે. હું તો એમની પાસે બાળક ગણાઉં.'

'એ અમારે જોવાનું છે, તમારે નહીં.' લીલા તરત બોલી ઊઠી.

'એ બાબતમાં મેં નિશ્ચય કરી લીધો છે. એટલે તમે વધારે આગ્રહ ન કરશો. તમને વચન આપ્યા મુજબ હું તમારી સાથે છું. એટલું અત્યારે પૂરતું માનો.'

'અને તમને દાદાસાહેબ પોતે કહે તો?'

'એ તો નમ્ર છે માટે કહે. પણ મારી મર્યાદા હું સમજું છું. હજી ગઈ કાલ સુધી હું કૉલેજમાં ભણતો વિદ્યાર્થી હતો. જ્યારે

તેઓ બાર બાર વરસથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝૂઝતા અટંકા લડવૈયા છે. મહેરબાની કરીને એમની હાજરીમાં કશો આગ્રહ કરી મને શરમાવશો નહીં.'

'ઠીક જોઈશું.' કહી લીલાએ વાતનો બંધ વાળ્યો.

એક નાનકડી સુંદર પહાડીમાંથી મોટર પસાર થઈ રહી હતી. એ તરફ અન્ય મિત્રોનું ધ્યાન દોરતાં લીલા બોલી: 'જુઓ પ્રીતમરાય, આ તરફનો પ્રદેશ કોંકણપટ્ટી જેટલો રળિયામણો નથી, છતાં આ પહાડીઓ અત્યંત મનોરમ છે.'

'ખરેખર સુંદર છે.'

'આ બ્રિટિશ હદ નહીં?'

'ના. હજી આ સાંગલી, કોલ્હાપુર, કુરુંદવાડ વગેરે સંસ્થાનોની હદ ચાલે છે. આગળ ઉપર બ્રિટિશ હદ શરૂ થશે.'

ભૌગોલિક ને ઔદ્યોગિક વાતો કરતી મોટર સડસડાટ ચાલી જતી હતી. લીલા પ્રીતમ નલિન સાથે વાતોમાં રોકાઈ એટલે ટપુ ફરી પાછો ક્ષિતિજ પર નજર ઠેરવી ઊંડા વિચારમાં ગરકાવ થયો.

આગલી રાતની લીલાની વાતોમાં સૌથી વધારે આકર્ષક અને આહ્‌લાદક વાત મણિપુરને સીમાડે જઈ નેતાજીની આઝાદ ફોજ સાથે હાથ મિલાવવાની હતી. એનો વિચાર આવતાં ટપુની નજર સામે એક મોટું સમરાંગણ ખડું થયું. આસામની સરહદ રોકીને પડેલા લશ્કર ઉપર, ઉગમણી દિશાએથી ધસી આવતા આઝાદ ફોજના સૈન્યને એણે તૂટી પડતું જોયું. ગોરા, ગુરખા, પઠાણ, મદ્રાસી ને મરાઠાના બનેલા પચરંગી બ્રિટિશ લશ્કર ઉપર, આઝાદ ફોજના એવા જ પચરંગી હિંદી સૈનિકોએ એકાએક હલ્લો કર્યો. બન્ને બાજુની ટેકરીઓ પરથી તોપો ગરજી ઊઠી અને સામસામા ગોળા છૂટવા લાગ્યા. આકાશમાં બન્ને પક્ષનાં વિમાનો ઘૂમવા લાગ્યાં.

અને બૉમ્બનો વરસાદ શરૂ થયો. બન્ને પક્ષના સેંકડો લડવૈયા ઘવાઇને ધરતી પર ઢળવા લાગ્યા. આઠ કલાકની ઉગ્ર ઝપાઝપી પછી બ્રિટિશ લશ્કર પાછું હઠીને બાજુની પહાડીમાં સરકી ગયું. તરફડતા સોલ્જરો અને પાણી પાણી પોકારતા સિપાહીઓ ઉપર થઈને આઝાદ ફોજના વિજયી વીરો, 'નેતાજીની જય' અને 'ચલો દિલ્હી' ના વિજયનાદ ગજવતા આગળ વધ્યા. નાગા પર્વતની પહાડીઓમાં 'જય હિંદ' 'જય હિંદ'ના પડઘા ઊઠયા અને એમાં મરતા સિપાઇઓની કારમી ચીસો શમી ગંઇ.

ટપુના કલ્પનાપ્રધાન મનની આગળ આખું ચિત્ર તાદશ ખડું થયું. માનવી માનવીનાં મુડદાં ઉપર થઇ ને સ્વતંત્રતાના મંદિર તરફ આગળ ધસી રહ્યો હતો એ દશ્ય એને ભયાનક લાગ્યું. માત્ર હિંદી સિપાઇઓ માટે જ નહીં, ગોરા લશ્કરનો પણ વિચાર કરતાં એનું મન પોકારી ઊઠયું: 'વીસ વરસની અંદરના સુકુમાર ગોરા જુવાનો, જેમના મોંમાં માતાનું દૂધ ફોરે છે, પોતે શા માટે લડે છે, અને કોની સામે લડે છે એની જેમને પૂરી ગતાગમ નથી. નિશાળનાં પાઠયપુસ્તકોમાં જેમનાં કુમળાં મગજ ઉપર સ્વાર્થી દેશભક્તિ અને ગોરી ચામડીના મિથ્યાભિમાનનો નશો ચડાવવામાં આવ્યો છે, એવા એ જુવાનોને રહેંસી નાખીને સ્વાતંત્ર્યમંદિર તરફ આગળ ધસવામાં શી બહાદુરી હશે? માનવકલ્યાણની કઈ ભાવના રહેલી હશે? એમાં દેશાભિમાનની લલચાવનારી સ્વાર્થી ભાવના સિવાય કશું નથી. જેને પરિણામે આખી દુનિયા પીડાઈ રહી છે એવી યુદ્ધની પરંપરાને ચાલુ રાખનાર વેરનું ઝેર એમાંથી નીતરવાનું અને માનવસમાજને વિષમય બનાવી દેવાનું. એ વિષે ટપુના મનમાં લવલેશ શંકા રહી નહીં.

મોટર કરતાં બમણા વેગથી એનુ મગજ દોડી રહ્યું હતું. શૂન્ય-

મનરક બનીને એ બહાર જોઈ રહ્યો હતો. લીલાની નજર પડતાં એ બોલી ઊઠી.

'કેમ મહાત્મા, ઊગતા સૂર્ય સામે ગાયત્રીમંત્ર ભણી રહ્યા છો કે શું ?'

'હું ક્યાં જઈ રહ્યો છું એ મને સમજાતું નથી.' કહી ટપુએ કરુણાર્દ્ર નજર લીલા સામે ફેરવી.

'ટિપુરાવ, તમે બીજા ત્રીજા વિચારો છોડી દો. તમારી ઇચ્છા વિરુધ તમારી પાસે કશું નહિ થાય બસ ?'

'બસ.' કહી ટપુએ ઊંડો શ્વાસ લીધો.

'લીલાબેન, ક્યાંઈ ચાપણીનો જોગ થશે ખરો કે ?' પ્રીતમે પૂછ્યું.

'કેમ નહિ, ત્રણચાર માઈલ પછી એક ગામ આવશે ત્યાં હોટલમાં મળશે.'

'આ રમેશ તો ઊંઘે છે.' નલિને કહ્યું.

'એને શી ફિકર છે.' કહી પ્રીતમે રમેશના પડખામાં ઠોંસો માર્યો.

'અરે' કહેતાં રમેશ જાગી ગયો.

'આ ટપુભાઇએ તેને જગાડયો.'

'ખરી વાત, એમણે જ મને જગાડયો, નહિતર ધરતીને છેડે ક્યાંઇ ઊંઘતો હોત.'

'હજી પૂરો જાગ્યો નથી.' કહી નલિન હસ્યો.

'આપણને જગાડવાનો એણે પ્રયત્ન તો કર્યો પણ આપણે મૂઢ જાગ્યા નહીં.' પ્રીતમ ટપુ સામે જોઇને બોલ્યો.

'હમણાં આપણે જાગતું નથી. એ એકલા જાગ્યા છે તે ઘણું છે.' લીલા વચ્ચે બોલી. એટલે ટપુએ ગંભીર સ્વરે જવાબ વાળ્યો 'હું પોતે પણ રાત્રિના અંધકારમાં, સ્વપ્નાવસ્થામાં ક્યાંઈક ચાલ્યો જતો હોઉં એવું લાગે છે.'

'લ્યો હવે એ તત્ત્વજ્ઞાન પછી ડોળજો. આ થોડો ચેવડો ખાઓ ત્યાં ચા–પાણીનું સ્ટેશન આવી જશે.' કહેતાં લીલાએ કરંડિયામાંથી કાઢેલો ચેવડો સૌને આપ્યો.

'આ કોલ્હાપુરી ચેવડો કે?' નલિનકાન્તે એક બુકડો ભરતાં મૂછમાં હસીને પૂછ્યું.

'કોલ્હાપુરી નહીં પણ સોલાપુરી.' રમેશે સુધાર્યું.

'આ કોલ્હાપુરની હદ છે એટલે મને એ યાદ આવ્યું.'

આનંદ–પ્રમોદ કરતાં સૌ પાછલે પહોરે એક નાનકડા ગામને પાદર આવી પહોંચ્યાં.

કૃષ્ણા તીરે પંખીના માળા જેવું જાંબળ ગામ આવેલું હતું. ઘટાદાર જાંબુડા ઉપરથીજ ગામનું નામ 'જાંબળ' પડ્યું હતું. વસ્તી ખેડૂતોની હતી. મહાબળેશ્વરમાંથી દોડતી આવેલી કૃષ્ણા, સપાટ મેદાનમાં આવીને જરા ધીમી પડી હતી. તેમ પશ્ચિમઘાટની ઊંચી પહાડીઓ જાંબળ ગામ આગળ પાતળી પડી ગઈ હતી. નદીતીરે એક જાંબુડા નીચે મોટર ઊભી રાખીને સૌ નીચે ઊતર્યાં: બેચાર ગામડીઆ હાથમાં લાકડીઓ લઈને ઊભા હતા તે નજીક આવ્યા અને રસ્તો રોકીને ઊભા હોય તેમ આડા ઊભા રહીને પૂછવા લાગ્યા, 'ક્યાંથી આવો છો?'

'મને ન ઓળખી કૃષ્ણા!'

અવાજ સાંભળતાં કૃષ્ણો પાછો હઠયો. અને આંખો ફાડીને હાથ જોડયા 'લીલાબાઇ!'

'દાદાસાહેબ છે કે?'

'ગામમાં નહીં હોય. ખેતર પર હશે.'

'તો ચાલો આપણે સીધા ખેતર પર જઇએ. કયે ખેતરે કૃષ્ણા?'

'જાંબુડાવાળે. ચાલો ને હું તમારી સાથે આવું છું.'

કૃષ્ણો આગળ ચાલ્યો. તેજીલો, માયાળુ અને સમજદાર કૃષ્ણો દાદાસાહેબનો જમણો હાથ ગણાતો. એમનો અંગરક્ષક અને સેવક પણ હતો.

નાની ડુંગરાઉ કેડી ઉપર થઇને, નદીને કાંઠે કાંઠે થોડીવાર ચાલ્યા પછી કૃષ્ણો જમણા હાથ તરફ વળ્યો. એ તરફ લાંબાં પગથિયાંની માફક ખેતરના લંબચોરસ ટુકડા કર્યા હતા. ખેતરમાં પાંચસાત માણસો કામ કરતાં હતાં, કેડે કંદોરો, ઉપર લંગોટી, ઉઘાડાં શરીર ને માથે ફેંટા બાંધેલા એવા આદમીઓ કામ કરતા હતા.

કૃષ્ણો રસ્તા પર ઊભો રહ્યો અને હાથ લાંબો કરી બોલ્યો

'જુઓ સામે રહ્યા.'

લીલા એ તરફ વળી. સૌ એની પાછળ આલ્યા. કામ કરતા માણસોની વચ્ચેથી એક બેઠી દડીનો મજબૂત આદમી જુદો તરીને સામે આવ્યો. એણે ટૂંકા પંચિયાનો કાછોટો ભીડયો હતો. મૂછમાં હસતો હસતો એ સામે આવ્યો. લીલાને એણે દૂરથી ઓળખી લીધી હતી. પણ એની પાછળ આવતા યુવાનને એમણે નીરખીને જોયો ન હતો. એટલે નજીક જઇને નમસ્કાર કરતાં લીલા બોલી, 'આજે તમારો ચોર પકડી લાવી છું.' ત્યારે જ એમણે એની સામે ધારીને જોયું. ટપુ નીચો નમીને પ્રણામ કરવા ગયો એટલામાં 'કોણ કે૦ આર૦?' કહેતાં એને પોતાના વિશાળ વક્ષ-

સ્થળમાં દબાવી દીધા. સહ્યાદ્રિના કઠણ કાળમીંઢનાં અંતરંગમાંથી ઝરણ. ફૂટે તેમ દાદાસાહેબના વજ્ર શા હૈયામાંથી પ્રેમસ્રોત ફૂટી નીકળ્યાં. આંખમાંથી ખરતાં હર્ષાશ્રુએ ટપુના મસ્તક ઉપર અભિષેક કર્યો. ઘડીભર એમાંથી કોઈ બોલી શક્યું નહીં. લીલા સ્તબ્ધ બનીને જોઈ રહી. દાદાના દીલમાં ટપુ વિષે માન હતું, પ્રેમ હતો. એને વિષે અનેકવાર એ વાતો કરતા. પણ એમના એ અગાધ પ્રેમનું પ્રત્યક્ષ દર્શન થતાં લીલા મુગ્ધ બની. પ્રીતમ, નલિન અને રમેશ, મહારાષ્ટ્રના એ પ્રસિદ્ધ ક્રાંતિકારીને એકીટશે, જોઇ રહ્યા. વિશાળગઢ, રાયગઢ કે સિંહગઢ જેવા અગમ્ય સ્થળે એ છુપાયો હશે એવી એમની કલ્પના હતી. એને આવા સાદા ખેતર ઉપર, ખેડુત વેષે મજૂરની પેઠે કામ કરતો જોઇને એમણે રોમાંચ અનુભવ્યાં.

લીલાએ એમનો પરિચય આપતાં કહ્યું, 'આ કે૦ આર૦ના મિત્રો. ગુજરાતની ભૂગર્ભ પ્રવૃત્તિના ચાલકો. એ પણ એમની જેવા જ પાણીદાર છે.'

ત્રણે જણે હાથ જોડયા. દાદાસાહેબે નમસ્કાર ઝીલતાં કહ્યું, 'આ વખતે ગુજરાતે પણ રંગ રાખ્યો છે. વેપારી વાણિયા કહીને આપણે એમને મેણું મારતા એ હવે નહિ ચાલે. સુરતથી સુદામાપુરી સુધીનો આખો પ્રદેશ એમણે જાગતો રાખ્યો છે. એમના એ ત્રણ આગેવાનો હમણાં જ આવ્યા હતા. એમની બહાદુરી, રણકૌશલ્ય અને બલિદાન ભાવનાથી હું ચકિત બન્યો હતો. આવો, અહીં ઝાડને છાંયડે બેસીએ.'

સૌ જઇને ઝાડ નીચે બેઠા.

'આ તમારા માનીતા કે૦ આર૦ તો આવતા નહોતા.' લીલાએ ફરિયાદ નોંધાવી.

'કેમ નહોતો આવતો ? આટલા દિવસ ક્યાં હતો ?'

ટપુએ ટૂંકમાં પૂર્વ ઈતિહાસ કહી બતાવ્યો. સાંભળીને દાદા-સાહેબ પ્રસન્નચિત્તે બોલ્યા, 'ત્યારે તો તેં લડાઈ ચાલુ રાખી હતી એમ જ કહેવું જોઈએ. અમારો આ જાંબળગામનો અનુભવ પણ કંઈક તારા જેવો જ છે. પટેલને મનાવતાં બહુ મહેનત પડેલી. હવે તો એ પોતે જ ગ્રામપંચાયતનો પ્રમુખ છે.'

'પછી આપની પંચાયતના કાયદા લોકો બરાબર પાળે છે ખરા ?'

'તું આવ્યો છો તો જોજે ને. પોતાના હિતની વાત કોને ન ગમે ? જૂના સંસ્કાર ફેરવતાં જરા મહેનત પડે એટલું જ'

'જરા નહીં ઘણી મહેનત પડે એમ કહો.' લીલા વચ્ચે બોલી ઊઠી, 'જુઓ હું કહું. આ ચાલીસ ગામમાં જ્યાં આપણું પંચાયત રાજ્ય ચાલે છે, ત્યાંથી શહેરમાં કે હોટેલમાં ક્યાંઈ દૂધ ગામ બહાર ન મોકલવું એવો ઠરાવ કરેલો. એ તો લોકોના હિતની વાત હતી; પરંતુ એને માટે દાદાસાહેબને બહુ મહેનત પડેલી.'

'ખરી વાત છે.' પ્રીતમ બોલ્યો, 'નાનામાં નાની વાતમાં યે નવો ચીલો પાડવો ભારે મુશ્કેલ હોય છે.'

'કોરટ-કચેરીએ તો કોઈ જતા જ નથી ને ?'

'નહીં. એટલું જ નહીં પણ સંરક્ષણ દળ પણ આપણું જ. આટલાં ગામમાં સરકારી પોલીસ નહીં.'

'અને મહેસૂલ, વગેરે ?'

'સરકારી મહેસૂલ તદ્દન બંધ નથી કર્યું. પાકના પ્રમાણમાં આપવું એમ ઠરાવ કર્યો છે. આટલો આખો જિલ્લો એકસંપ થાય તો મહેસૂલ પણ પંચાયત ઊઘરાવે એમ થઈ શકે. એને માટે પરમ દિવસે એક સભા રાખી છે. એમાં બીજાં સો ગામને આઝાદ જાહેર

કરી ત્યાં પંચાયત રાજ્ય સ્થાપવાનો ઠરાવ કરવાનો છે. એની પૂર્વ તૈયારી ચાલી રહી છે.'

'એ કાર્યક્રમમાં આપણે ટિપુરાવને મોવડી બનાવવા છે.' લીલા બોલી.

'જુઓ લીલાબેન, આપણે રસ્તામાં શો કરાર થયેલો?'

'લીલા કહે છે તે બરાબર છે. એને માટે તારા જેવો જ આગેવાન જોઈએ.'

'હું તો આપના સૈનિક તરીકે જ શોભું.'

'તું લોકોની આગેવાની લઈશ તેથી મારો સૈનિક મટી નહીં જાય. હું તને મારા વફાદાર સાથી તરીકે એ કાર્યક્રમ પાર પાડવાનો આદેશ આપીશ.'

'આપની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે.' ટપુ બોલ્યો. લીલાની આંખ ચમકી ઊઠી. પળવાર રહીને ટપુએ કહ્યું, 'પણ હું તો આવા સમૂહને અહિંસક માર્ગે દોરવામાં માનું છું.'

'તો મને વિશેષ આનંદ થશે.' દાદાસાહેબ ધીરગંભીર અવાજે બોલ્યા, 'સામાન્ય જનસમૂહને મન હિંસા–અહિંસાનો પ્રશ્ન બહુ મહત્ત્વનો હોતો જ નથી. એમને તો ખાંધ પર ચઢી બેઠેલા દુશ્મનને કોઈ પણ રીતે હઠાવવો છે. અને એ બલામાંથી છૂટવું છે. હજી આમ-પ્રજાના લોહીમાં અહિંસા ઊતરી નથી, તેથી એ મારફાડને રસ્તે ચડી જાય છે. બાકી અમે કોઈ લોહી તરસ્યાં જંગલી જનાવર નથી. અમે પણ સ્વાતંત્ર્યપ્રેમી માનવી છીએ. વિના કારણ લોહી રેડાય. એ કોને ગમે? બાકી આવા કટોકટીના યુદ્ધ પ્રસંગે લોકો હાથ જોડીને બેસી રહે તે કરતાં એમને સૂઝે એ રસ્તે સામનો કરે તે બહેતર છે.' દાદાસાહેબ શ્વાસ ખાવા અટકયા. ટપુ, લીલા અને મિત્રો સૌ

એમની સામે એકીટશે જોઈ રહ્યા. થોડીવાર કોઈ બોલ્યું નહીં. ટપુ ઊંડા વિચારમાં મગ્ન બન્યો હતો. એણે ધીમે રહીને પ્રશ્ન કર્યો, 'આવડી મોટી સભા સરકાર ભરવા દેશે ખરી?'

'એ શાની ભરવા દે, અટકાવવા પૂરા પ્રયત્ન કરશે, પણ એના પ્રયત્ન કામ નહીં લાગે.' કહીને દાદાસાહેબે ઉદાહરણ આપ્યું. 'દાખલા તરીકે પખવાડિયા પહેલાં અમે એક આવી સભા કરેલી. પાંચ છ હજાર માણસ એકઠાં થયેલાં. ત્યારે ચાર ખટારા ભરીને મિલિટરી આવી હતી. પણ સિપાઇઓ ને અમલદારો બહાર નીકળીને સભા-સ્થાને આવતા હતા તેવા જ એમને ઘેરી લીધા. સામટા લોકોએ અણધાર્યો હુમલો કરવાથી એ લોકો તો ડઘાઈ જ ગયા. હથિયારો લઇ લીધાં. સભા ચાલી એટલી વાર વચ્ચે બેસાડી રાખ્યા બ્રાહ્મણ જમવા બેસે એમ પલોંઠી વાળીને મૂંગા મૂંગા બેસી રહ્યા. પછી ખાલી હાથે પાછા ગયા.'

'હિંમત, સમયસૂચકતા અને સંગઠનથી કોઈ પણ વસ્તુ સિદ્ધ થઈ શકે છે.' પ્રીતમ બોલ્યો.

'મને આજે ખૂબ હર્ષ થાય છે લીલા,' દાદા બોલ્યા: 'કેશુ અને એના મિત્રો આ અવસરે આવ્યા તે ઘણું સારું થયું. આપણી લડતનો રંગ હવે ઓર જામશે.'

'અમને પણ ખૂબ આનંદ થાય છે.'

આથમતા સૂર્યની લાલીમાંથી ક્રાંતિવીરોના ચહેરા સોળે કળાએ ચમકવા લાગ્યા.

દાદાસાહેબને અચાનક યાદ આવ્યું હોય તેમ લીલા સામે જોઈને પૂછ્યું: 'તમે લોકો સાવ ભૂખ્યાં હશો. મને યાદ જ ન આવ્યું. ચાલો આપણે ગામમાં જોઈએ.'

'ના અમે રસ્તામાં નાસ્તાપાણી કર્યાં હતાં.'

'એ વાત પહેલી જ પૂછવી જોઈતી હતી. ચાલો ઊઠો.' કહેતાં તેઓ ઊભા થયા. ખેડૂતો તરફ વળીને મોટેથી કહ્યું: 'લખુ, અમે જઈએ છીએ.'

'એ......સારું.'

ઘણા લાંબા સમયે જડેલા પ્રિય શિષ્યને ખભે હાથ મૂકીને દાદાસાહેબ ગામ ભણી ચાલ્યા. થોડીવારે પાછળ આવતી લીલા સામે જોઈને બોલ્યા: 'લીલા, આજ મને મારો ખોવાયેલો પુત્ર પાછો મળ્યો હોય એવું લાગે છે!'

લીલા અને ત્રણે મિત્રો, દાદાસાહેબની છાયામાં નીચી નજરે, ગરવા મોંએ ચાલ્યા જતા ટપુ સામે માનભેર નીરખી રહ્યાં.

★

ઉચ્ચ હિમાલયકી ચોટી પર, જાકર ઈસે ઉડાયેંગે,
સબસે ઊંચા રહે, ન ઇસકો નીચા કભી ઝુકાયેંગે,
ગૂંજે સ્વર સંસાર સિંધુમેં, સ્વતંત્રતાકા નમોનમો,
ભારત જનની કે ગૌરવકી, અવિચલ શાખા નમોનમો.

રાયગઢથી મહાબળેશ્વર સુધી પશ્ચિમઘાટના પહાડોમાં સ્વતંત્રતાનાં ગાનનો નિનાદ ગાજી ઊઠયો. ત્રણસો વર્ષ પહેલાં છત્રપતિ શિવાજીને સ્વરાજતિલક કરવા મળેલી મેદનીએ ગજવેલા નાદને ભુલાવે તેવા વિજયનાદ, રાયગઢથી પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા લઈને પાછી ફરેલી હજારોની મેદની કહી રહી હતી. પહાડથી મહાબળેશ્વર સુધીની પહાડીઓ પર કિસાનો, મજૂરો, યુવકો ને યુવતીઓ, સૌ નવીન ઉત્સાહથી થનગનતાં પાછાં ફરતાં હતાં. હાથમાં દહેલી રાષ્ટ્રપતાકા જાણે હિમાલયની ટોચે ફરકાવવા જતા હોય એવી ભાવના સૌના રોમરોમમાં ઊછળી રહી હતી. દરેક જણે પોતપોતાના ગામમાં જઈને એક જ દિવસે આઝાદી જાહેર કરી, સ્વરાજ સરકારની સ્થાપના કરવી એવી યોજના સર્વાનુમતે

ઘડાઇ હતી. એને પાર પાડતાં પ્રાણાર્પણ સુધીની સૌની તત્પરતાથી એક પ્રકારની બલિદાનની ઉગ્ર ભાવના પ્રગટી નીકળી હતી અને એથી વાતાવરણમાં મોતની બેપરવાઈથી નીપજતા આનંદની છોળો ઊડતી હતી.

પહાડ પરથી નીચે ઊતરતાં, નદીના નાના મોટા પ્રવાહોની પેઠે ટુકડીઓ જુદે જુદે માર્ગે વહેવા લાગી. વાઈ આગળથી કૃષ્ણાતીરે આગળ વધતી એક ટુકડીનો નાયક ટપુ પોતે હતો. એની બાજુમાં, પઠાણી પાયજામો, પેહાણી ઝભ્ભો અને માથે છોગાવાળો સિરપેચ બાંધેલ એવી લીલા, કદમેકદમ મિલાવતી, ઉતાવળે પગલે ચાલી આવતી હતી. સપાટ મેદાન શરૂ થતાં એ બોલી.

'આજ મને ખબર પડી કે કે. આર. ના શબ્દોમાં કેવું જાદુ ભરેલું છે. આજ સુધી માત્ર સાંભળ્યું હતું. આજે અનુભવ્યું.' ટપુએ લીલા સામે જોઇને જવાબ આપ્યો 'કે. આર. ના શબ્દોમાં જાદુ નથી. અહિંસક યુદ્ધની એ ખૂબી છે. બાળબુઠ્ઠાં, રોગીનીરોગી સૌ એકસરખો એમાં ભાગ લઇ શકે.'

'પણ માનશો ટિપુરાવ, આજ પહેલો દિવસ છે, જ્યારે મારા હાથમાં હથિયાર નથી.'

'જેના હૈયામાં ગળા સુધી હિંસાભરી છે, તેના હાથમાં હથિયાર હોય કે ન હોય સરખું જ છે.'

'એટલે ?'

'એટલે કંઇ નહિ મળે તો છેવટ વાઘની પેઠે નખ અથવા દાંતનો ઉપયોગ કરશે.'

'મારે તમારી ટુકડીમાં નથી આવવું, 'ચલો.' કહી લીલા એકદમ અટકીને ઊભી રહી. એનો ચહેરો એકદમ લાલ થઈ ગયો.

'ચાલો ચાલો' હેતથી હાથ પકડીને લીલાને આગળ લેતાં ટપુ બોલ્યો 'એમ કોઇ સાચી વાત કહે તેથી ચિડાઈ જવું એ પણ હૃદયની દુર્બળતાની નિશાની છે. તમારાં જેવાં બહાદુરને એ ન શોભે. ચાલો.'

લીલા ઠપકાભરી નજરે ઘડીભર ટપુ સામે જોઈ રહી. ટપુને હસતો જોઈ, 'હસો છો શું એમાં?' કહેતી એ સાથે ચાલવા લાગી. જીવન વિષેની નાની મોટી અનેક વાતો કરતાં બન્ને જણ પંથ કાપવા લાગ્યાં.

રાત પડતાં નદી તીરે સૌએ મુકામ કર્યો. નાહી ધોઇ થોડી વિશ્રાંતિ લઇને રસોઈ શરૂ કરવાનો વિચાર કર્યો. આસપાસથી એક સરખા પત્થર શોધવા એક ટુકડી ઊપડી. એક ટુકડી પાણી ભરવા ગઈ. ટપુએ એક મોટો પથ્થર ઉપાડયો એટલે એક જુવાને દોડીને એના હાથમાંથી લઈ લેવા પ્રયત્ન કર્યો, 'લાવો ટિપુરાવ, તમે રહેવા દો.'

'કેમ, મારે પણ ભાખરી ખાવી છે. તમે બીજો ઉઠાવો.'

'અરે લીલાબેન તમે શા માટે...'

'લીલાબેન પણ ભલે ઉપાડે.' ટપુ બોલ્યો, 'આપણે સૌ સરખા સશકત છીએ. કોઇ માંદા કે અપંગ નથી. અમુક બેઠા બેઠા બુદ્ધિની કસરત કર્યા કરે એમાંથી જ શ્રમજીવી ને બુદ્ધિજીવીના ભેદ પડયા છે.'

ટપુએ મંગાળો ગોઠવ્યો. અને ભાખરીનો આટો બાંધવા લાગ્યો. લીલા પાસે આવીને કહે, 'લાવો એ કામ અમારુ છે. ટિપુરાવ.'

'એ પણ બરાબર નથી. રસોઇનો ઇજારો તમારે હાથમાં રાખીને અમને સદાના ગુલામ રાખવા છે. પણ આઝાદીના યુગમાં

એ નહિ ચાલે. તમે જોજો મને આવડે છે કે નહિ. તમારે મદદ કરવી જ હોય તો થોડાં કરગઠિયાં વીણી લાવી તાપ કરો.'

લીલા જઈને લાકડાં વીણી લાવી. અને ચૂલામાં નાખવા લાગી. એકદમ આખો ચૂલો ભરી દીધો. ટપુએ અર્ધાં લાકડાં બહાર કાઢી સહેજ હસીને કહ્યું 'તમે કદાચ સ્વરાજની લડત જીતી દેશો પણ આગળ જતાં કોઈનું ઘર ચલાવી શકો એમ લાગતું નથી!'

'મને આવા ચૂલાથી રાંધવાની ટેવ નથી'

'માટે જ કહું છું ને?'

લીલા ટપુ સામે જોઈ રહી. જારનો લોટ મસળતા એ હથેળીનો જે રીતે ભાર દેતો હતો એમાંય કળા હતી.

'તમને ટિપુરાવ, આ બધું પેલી તમારી નવાગામવાળી દેવુ-બાઈએ શીખવ્યું લાગે છે!'

'એ તો મને મારી માના જેટલા હેતથી તૈયાર રસોઈ જમાડતી.'

લીલા ટપુને સારી પેઠે ઓળખતી હતી. પણ આટલા નજીક વસવાનો આ પહેલોજ પ્રસંગ હતો. સામાન્ય રીતે વધારે નિકટ આવીને વસવાથી, એક જ કામમાં પડવાથી, એક બીજાની ઊણપ તરફ નજર જાય છે. પણ લીલા ટપુના જીવનમાં જેમ જેમ ઊંડી ઊતરવા લાગી તેમ તેમ એનાં માન અને પ્રેમ વધવા લાગ્યાં.

રસોઇ તૈયાર થઈ એટલે સૌ એક કુંડાળામાં બેસી ગયા. પતરાવળાં ટુકડીએ ખાખરાના પાનનાં સુંદર બાજ બનાવી રાખ્યાં હતાં અને ડુંગળીની કચુંબર તૈયાર કરી હતી. ભાખરી અને ડુંગળી સૌ આનંદ કરતા સ્વાદથી જમ્યાં અને ઉપર લોટા પાણી પીને તૃપ્તિ અનુભવી.

નદીની રેતમાં શેતરંજી અને કામળા બિછાવી સૌએ પથા-રીઓ કરી. આકાશ છત્ર નીચે કૃષ્ણાના વિશાળ પટમાં પડેલા એ સ્વરાજ લેવા સૈનિકોની ઝિન્દાદિલી જોઈને આભમાં ઊગતા તારા મલકવા લાગ્યા.

સૌ સામસામા બે હારમાં પોતાની પથારીને છેડે બેઠા અને પ્રાર્થના શરૂ થઈ. લીલાએ સુંદર ભજન ગાયું. ટપુએ આગલા દિવસના કાર્યક્રમ વિષે બે શબ્દ કહ્યા. પછી સૌએ લંબાવ્યું.

એક ભજનિકે તુકારામના અભંગ શરૂ કર્યા:

જેથે જાતો તેથે, તૂ માઝા સાંગાતી
ચાલવિસી હાતી ધરૂનિયા......

પડ્યા પડ્યા સૌ તાલ આપવા લાગ્યા અને અભંગની મસ્તીમાં લીન બન્યા.

ટપુની પથારીથી સહેજ દૂર લીલા સૂતી હતી. હાથના તાલ આપતી એ પણ એકતાર બની હતી. થોડીવારે ટપુ સામે જોઈને બોલી: 'ટિપુરાવ, આ પણ જીવનનો એક લહાવો છે.'

'છે જ તો.'

'મોટા મહાલયમાં, છત્રીપલંગ પર સુનારને આની મજા ન આવે.'

'એની સાથે આ વસ્તુની સરખામણી જ ન થઈ શકે. નકલી ને અસલી સાથે તોળી જ ન શકાય.'

'તમને નવાગામની વાડી યાદ આવતી હશે નહીં?'

'તમે કેમ જાણ્યું' કહી ટપુ બેઠો થઈ ગયો. અને પછી જવાબની રાહ ન જોતાં પોતે જ બોલી ઊઠ્યો: 'હું અત્યારે એનો

જ વિચાર કરતો હતો. રસોઈ કરતી વખતે તમે દેવુને યાદ કરેલી ત્યારે જ હું તમને કહેવાનો હતો પણ આપણે બીજી વાતે ચડી ગયા.'

'તમને દેવુ બહુ યાદ આવે છે, નહીં?'

'એકલી દેવુ જ નહીં, પણ નવાગામનાં દરેક માણસો યાદ આવે છે. ચાર દિવસમાં પાછા પહોંચી જવાની મારી ઉમેદ હતી, પણ એક પછી એક એવા કામમાં ગૂંચવાયો કે હજી કોણ જાણે ક્યારે નવાગામનાં ઝાડ જોઈશ.'

'આપણે દેવુને અહીં બોલાવી લઈએ.' કહી લીલા હસી.

'તમે લીલાબેન, મને સમજવામાં ભૂલ કરો છો. લીલાને હસતી જોઈ ટપુ ગંભીરપણે બોલ્યો, 'અત્યારે આ ટુકડી સાથે આપણે કૂચ કરી રહ્યા છીએ. તે વખતે ધારો કે આપણે બે જણ એક બીજાનો જ વિચાર કરીએ અને બાકીનાને ભૂલી જઈએ, તો આપણી ધારી મુરાદ બર આવે ખરી? તો માત્ર એક બીજાને જ ચાહનાર આપણે બે જણ, આ ટુકડીના નાયક તરીકે નાલાયક ગણાઈએ. દરેક કાર્યમાં, દરેક વિચારમાં, આપણે સૌ એક છીએ એવી સાચા દિલની ભાવનાથી જ આપણે આ ટુકડીમાં, જિલ્લામા, પ્રાંતમાં અને ભારતવર્ષમાં એકતા સ્થાપી શકીએ. વ્યક્તિમાં જ મર્યાદિત થયેલો પ્રેમ સ્વાર્થી હોઈ આપણને સ્વરાજથી દૂર ફેંકી દે.'

ટપુને એક શ્વાસે બોલતો સાંભળી લીલા શાંત બની. પણ ટપુ સહેજ અટક્યો એટલે એ બોલી, 'તમને માઠું લાગ્યું હોય તો ક્ષમા કરજો. પણ તમે દેવુ અને કાનાની વાતો વધારે કરતા તેની ઉપરથી મેં અનુમાન કર્યું.'

'હા કાના પ્રત્યે પણ મને ભાવ છે. એમ તો રૂડા પટેલ તરફ પણ મમતા છે...'

'રૂડા તરફ મમતા છે ?' લીલા અધવચ્ચેથી જ બોલી ઊઠી. 'ત્યારે મને માફ કરજો. તમારી એ મમતા વાંઝણી રહેવાની છે. તમારી જગ્યાએ હું હોઉં તો રૂડાને ગોળીએ દઉં અને આવતી કાલે તમને રૂડાનો ભાઈ ભેટશે ત્યારે જોજો શો અનુભવ થાય છે.'

'કોણ રૂડાનો ભાઈ ?'

'માધુ પટેલ' લીલા ઊભી થઈને નજીક આવી અને ધીમે સાદે બોલી 'આપણે જે ગામે જઈએ છીએ ત્યાંનો પોલીસ પટેલ. આખા વિભાગમાં એ માથાભારે માણસ ગણાય છે. આપણું સ્વાગત કરવા એણે પોલીસપાર્ટી ગોઠવી દીધી હશે.'

'લડવૈયાનું પાણી માપવા સામનો તો થવો જ જોઇએ ને!'

મને દાદાસાહેબે મગજ શાંત રાખવા કહ્યું છે અને તમારી આજ્ઞા મુજબ વર્તવા સલાહ આપી છે. તેથી લાચાર છું. નહિતર એને તો પહેલે ઘાએ ઉડાવી દેત.'

'કોઈપણ વ્યક્તિ ઉપર એવું ઝેર ન રાખીએ. એ ઝેર સામા માણસ કરતાં આપણને વધારે નુકશાન કરે છે.'

'મને એક વાતની હજી નવાઈ લાગે છે ટિપુરાવ, કે દાદાસાહેબને તમે નિઃશસ્ત્ર પ્રતિકારની વાત શી રીતે ગળે ઊતરાવી.'

'એમાં આશ્ચર્ય જેવું કશું નથી.' ટપુ બોલ્યો 'એનો અર્થ તો એટલો જ કે તમે દાદાસાહેબને ઓળખી શક્યાં નથી.'

'કોણ હું નથી ઓળખતી ?'

'જી હા, તમે એક માણસ ન છૂટકે શસ્ત્ર ઉપાડે અથવા ઉપાડવા કહે એનો અર્થ એવો નથી કે એને દુશ્મનનું લોહી પીવાની પ્યાસ છે. એમને પણ અહિંસક ક્રાંતિ ગમે છે. ૧૯૩૩ સુધી એ ચુસ્ત અહિંસાવાદી હતા. પણ કાળબળે એ પલટેલા. એમની સાથે

ગઈ કાલે મારે બે ત્રણ કલાક સુધી આ બાબતમાં આકરી અને ઊંડી ચર્ચા થઈ. તેમાં એમણે પોતાના વિચારોનું પરિવર્તન શી રીતે થયું એ બતાવતાં, જગતની ક્રાંતિકારી લડતોનો ટૂંકો ઇતિહાસ અને તેનું વિશદ પૃથક્કરણ કરી બતાવ્યું: તેમને એક સમાજશાસ્ત્રી તરીકે હું જાણતો હતો પણ એમની સમજાવવાની શક્તિ આટલી સરળ અને સરસ હશે તે તો કાલે જ જાણ્યું. એમણે લેનિને આપેલ એક દાખલો ટાંકેલો એ તો મને ખૂબ સચોટ લાગ્યો.'

'હરકત ન હોય તો મને? સંભળાવો.'

'હરકત શાની? તમે માગણી ન કરી હોત તો પણ એ હું તમને કહેવાનો જ હતો.' કહી ટપુ ઘડીવાર થંભ્યો અને પછી બોલ્યો 'ધારો કે એક ઘરમાં આગ લાગી છે. બાજુના ઘરમાં પાણીનાં વાસણ ભર્યાં છે. આગ ઓલવનારા એ પાડોશીના ઘરમાં પાણી લેવા દોડે છે. ત્યારે એ માણસ ના પાડે તો શું કરવું? નાનું બાળક પણ એનો જવાબ આપશે કે એ સ્વાર્થાંધ માણસને પાગલ ગણી પકડીને પૂરી દેવો, અને પાણી લઈને આગ ઓલવી નાખવી. તો પછી આજે કરોડોના પેટમાં ભૂખની આગ જલી રહી છે. અને મૂઠીભર મૂડીદારોના કોઠારોમાં અન્નના ભંડારો ભર્યા છે. લાખો દેહ ટાઢે થરથર કંપે છે અને મૂઠીભર માણસોના ઘરમાં ને વખારોમાં કાપડના ગંજ ખડકયા છે. કરોડોને કોડી મળતી નથી ને મૂઠીભર માણસોને નામે બેંકોમાં નોટોના થોકડા પડયા છે તો એમને સમાન બનાવવા માટે શો ઉપાય કરવો?'

'પકડીને પૂરી દેવા અથવા પૂરા કરવા.' લીલા વચ્ચે બોલી.

'દલીલ તરીકે એ સચોટ છે અને તેને આધારે પ્રયોગ તરીકે આપણે સામનો કરનારને ઇજા ન થાય તેમ પકડી લેવાનો ઠરાવ કર્યો છે. પણ એમાંથી હિંસા થવાનો પૂરો સંભવ છે. હું પોતે

એવો કટ્ટર, પીઢ અહિંસાવાદી ક્યાં છું તે આ જનસમૂહ પાસે એટલી મોટી અપેક્ષા રાખું ? એટલે દાદાસાહેબે મારી વાત સ્વીકારી તેમ મેં તેમની સ્વીકારી. ”

ટપુ સહેજ અટક્યો. લીલા એકીટશે એની સામે જોઈ રહી હતી. તે બોલી.

‘ ટિપુરાવ, તમે આટલી ઉંમરમાં આવાં તત્ત્વચર્ચાનાં ઊંડાણો શી રીતે ભેદી શકો છો ? ’

‘ મારા કાકા મોટા ધાર્મિક પુરુષ છે. હું નાનપણમાં એમની સાથે રહેતો. એ નિરક્ષરજ્ઞાની છે. વળી ઉંમર શરીરને લાગુ પડે છે. જીવના વિકાસમાં વયની મર્યાદા ક્યાં હોય છે ? ’

‘ તમે ભાઇસા’બ આ આધ્યાત્મિક ફિલસૂફી ન ડોળશો. એ આપણને પસંદ નથી. ’ લીલા કંટાળાભર્યા સ્વરે બોલી.

‘ ચાલો જવા દો. તમે એક ભજન સંભળાવો. ’

‘ સાંભળો. ’

ટપુ આંખ મીંચી પથારીમાં પડ્યો. લીલા આલાપ લેતી હતી ત્યાં ટપુએ આંખ ઉઘાડી અને પૂછ્યું.

‘ પ્રીતમ, નલિન, રમેશ ક્યાં પહોંચ્યા હશે ? ’

‘ એ લોકો આપણી પહેલાં છાપો મારશે. એમની સાથે દાદા-સાહેબ પોતે છે એટલે ચિંતા નથી. ’

‘ રણમેદાન ઉપર ગયેલાની ચિંતા શાની ? આ તો યાદ આવ્યું એટલે પૂછ્યું. આપણે કેટલો પંથ બાકી હશે ? ’

‘ પંદરેક માઇલ ખરો. તમને થાક લાગે તો ઘોડો કે બેલગાડી કરીએ. ’

'નારે. હું તો તમારી સૌની સાથે લહેરથી ચાલ્યો આવીશ. પરમ દિવસે પહોંચશું નહિ ?'

'હા. હવે સૂઈ જાઓ। હું ગીત ગાઉં છું.'

'ટપુ ફરી આંખ મીંચી ગયો. લીલાએ આલાપ શરૂ કરવાને બદલે ધીમે રહીને પ્રશ્ન કર્યો, 'તમને દેવુબાઈ કોઈવાર ગીત સંભળાવતી કે નહીં ?'

'તમને એ વારંવાર શાથી યાદ આવે છે ?' કહી ટપુએ ફરી આંખો ઉઘાડી અને લીલા જવાબ આપે તે પહેલાં પોતે જ સરળપણે બોલી ઊઠયોઃ 'મને પણ અત્યારે એનો જ વિચાર આવ્યો હતો.'

'બસ ત્યારે તમારા મનનો પડઘો પડયો.'

'એને બિચારીને તમારા જેવું શાસ્ત્રીય સંગીત કયાંથી આવડે. કોઈવાર અજવાળી રાતે ગરબા લેતી. એનો રાગ ઘણો મીઠો અને હલકદાર છે. એમ તો અમારો કાનિયો પણ બહુ મીઠે રાગે ગાય છે.'

'મારે એકવાર તમારા એ કાનાને ને દેવુબાઇને જોવા નવાગામ આવવું પડશે. લડત પૂરી થયા પછી એ બાજુ એક ચક્કર લગાવીશું. તમને ખબર નહિ હોય ટિપુરાવ, ભાવનગરમાં મારા મામાના દિકરા તારમાસ્તર છે.'

'મને ખબર છે. તે દિવસે બાળુએ કહેલું.'

'હા, હું ભૂલી ગઈ. તેઓ આજ વીસ વરસથી એ બાજુ છે.'

'તમે જરૂર આવજો. અત્યારે યુદ્ધકાળ છે નહિતર એ જીવન તમને ખૂબ ગમે તેવું છે.'

'ચાલો ત્યારે હવે હું તમને એક ભજન સંભળાવું.'

'સંભળાવો' કહી ટપુ સામા કિનારા તરફ જોઈ રહ્યો. નદીના બન્ને કિનારા પર સુંદર વૃક્ષરાજિ ઝૂકી રહી હતી. રાત્રિના ગાઢ અંધકારમાં રંગબેરંગી ફૂલોની માફક આગિયા ચમકતા હતા. કૃષ્ણાનો પ્રવાહ આદર્શ ગ્રામસેવકની પેઠે, તીરે વસેલાં ગ્રામવાસીઓને નવજીવન આપતો મૂકપણે વહી રહ્યો હતો.

ધીમો આલાપ લઇને લીલાએ ભજન શરૂ કર્યું:

> બિસર ગઈ સબ તાત પરાઈ,
> જબ તે સાધ–સંગત મોહિં પાઈ–
> ના કો વૈરી નાહિં બિગાના
> સકલ સંગિ હમ કો બનિ આઈ– બિસર.

આસપાસ ચાલતાં ગાનતાન ધીમે ધીમે શાંત પડ્યાં. થાક્યા પાક્યા સૌ ગાઢ નિદ્રાને આધીન બન્યા. ટપુ પણ લીલાના ભજનની લીટીઓ સાથે એકતાર બનતાં નિદ્રાધીન બન્યો.

તારાના આછા પ્રકાશમાં લીલા એના ચહેરા સામે જોઈ રહી. બાજુની કુંજમાંથી તમરાનો ત્રમ ત્રમ અવાજ આવતો હતો. બાકી બધું સૂમસામ હતું. આગલી રાતે રાયગઢના પહાડોમાં પડઘા પાડતી મેદનીને ભારતવર્ષના ઉદ્ધારની હાકલ કરતી લીલા અત્યારે જુદા જ પ્રદેશમાં વિહરતી હોય તેમ એક જ માણસનો વિચાર કરતી હતી. એને મન એ માનવી અલૌકિક હતો. દાદાસાહેબને મુખેથી એનાં વખાણ સાંભળતાં એ રોમાંચ અનુભવતી હતી. મુખ્ય આગેવાનોની ધરપકડની અફવા સાંભળતાં એના રક્ષણ માટે એ આખી રાત જાગતી બેઠી હતી. સ્થળ, કાળ, વ્યક્તિઓનાં નામ ઠામ અને પહેરવેશની બને તેટલી ગુપ્તતા અને ફેરબદલી થતા

છતાં સરકારના સરવા દાને દાદાસાહેબ અને કે૦ આર૦ પાટિલનાં નામ પહોંચ્યા વિના રહેશે નહિ, એની લીલાને ખાત્રી હતી. અને તેથી ગામને પાદર સામનો કરવા તત્પર ઊભેલી સરકારી સેનાના હાથમાંથી એ બચે તો એક અકસ્માત જ ગણાય એવા વિચારે લીલા ચિંતામગ્ન બની પોતે ટપુના આગ્રહને વશ બની એક સાદી કટાર પણ સાથે ન રાખી એનો પસ્તાવો કરવા લાગી. મોડે સુધી એ એમને એમ બેસી રહી. આંખ ઘેરાવા લાગી અને ત્યાં જ ઢળી પડાશે એવી બીક લાગી ત્યારે એ ઊઠી અને પોતાની પથારીમાં જઇને પડી. થાકેલું શરીર મનની ઉપરવટ જઈને આરામ લેવા લાગ્યું.

૨૫

દુણાતીરે મારુલીતીર્થ પ્રસિદ્ધ છે. ઓગણીસસો બેંતાલી-સમાં તેની પાસેનું નાનું મારુલી પણ પ્રસિદ્ધ બન્યું હતું. એને જાણીતું બનાવનાર ગામનો પોલીસ પટેલ માધવ-રાવ હતો. માધુ પટેલની હાકથી ખેડૂતો કંપતા, મજૂરો ધ્રૂજતા, એટલું જ નહીં નાના અમલદારો પણ ડરતા રહેતા. એની દડીનું કાઠી જેવું શરીર, મોટી ભરાવદાર મૂછો, જાડો અવાજ: માધુ પટેલ કછોટો મારીને ધોતિયું પહેરતો. માથે મોટું ધબાલું બાંધતો. મોટે ભાગે ઉઘાડે શરીરે જ રહેતો. કોઈવાર સરકારી કામે જવું હોય ત્યારે કસવાળી બંડી ચડાવતો. હાથમાં માથા ઉપરવટની ઊંચી કાંગ રાખતો. ગાળથી જ વાત કરવાની એને ટેવ હતી. ૧૯૩૦-૩૨ ની લડતમાં એ ભરજુવાન હતો. એ વખતે સરકારને પૂરી મદદ કરીને એણે ઇનામ મેળવ્યું હતું. બેંતાળીસમાં લડત શરૂ થતાં જ એણે ધાક બેસાડી દીધી. ગામલોક એની શેહમાં એવા તો દબાઈ ગયા કે સભા સરઘસ તો ઠીક પણ 'વન્દેમાતરમ્' બોલતાં પણ અચકાતા. પાસવાનોની અને અમલદારોની ખુશામત સાંભળતાં માધુને પોતાનું ક્ષેત્ર નાનું પડયું અને એણે આસપાસનાં ગામોમાં લડત દબાવી

દેવાનું બીડું ઝડપ્યું. ખુદ કલેક્ટરે એને મુલાકાતે બોલાવ્યો અને મન માન્યા જુલમો કરવાનો સદર પરવાનો આપ્યો. એ દિવસથી માધુ પટેલ પોતાની જાતને બ્રિટિશ સામ્રાજ્યનો એક આધારસ્તંભ માનવા લાગ્યો. એના જુલમોએ માઝા મૂકી. સામે થનારને માર મારીને જેલભેગા કર્યા અને બીજા ઉપર દાબ બેસાડી પોતે અભિમાનથી રાચવા લાગ્યો.

હંમેશના રિવાજ મુજબ સાંજના છએક વાગે માધુ પટેલ દત્ત મંદિરને ઓટલે બેઠો હતો. આસપાસ પાંચ સાત જણની મંડળી વીંટળાયેલી હતી. હરિ શેઠ, વિઠુ દરજી, દત્તુ માસ્તર સૌ પાસવાનો હાજર હતા. દત્તુ માસ્તરે માધુ સામે જોઇને વાત કરી, 'હવે અંગ્રેજ સરકારના દહાડા ભરાઈ ચૂકયા સમજો.'

'શું બકો છો માસ્તર?' માધુએ ત્રાડ પાડી.

'ખરી વાત કહું છું.' તમાકુની ચપટી લઈને દત્તુ બોલ્યો, 'ગામે ગામના પટેલ તળાટીને કેદ કરવાનો દાદાસાહેબે હૂકમ કર્યો છે.'

'એ દાદો એકવાર મારે હાથ પડે તો બંદૂકે જ દઉં.'

'માધુભાઈ' હરિશેઠ આંખ ઝીણી કરીને બોલ્યા, 'મેંય વાત તો સાંભળી છે. એક જ દિવસે આખા મહારાષ્ટ્રમાં સ્વરાજનો ઝંડો ફરકાવશે અને જેટલા ગોરા હશે એમને ઊડાડી મૂકશે. સરકારી માણસોને કેદ કરશે અને પૈસાવાળાને પકડીને માયા મૂડી આંચકી લેશે.'

'તમને હરિશેઠ, બીક લાગતી હોય તો દાગીનો ને પૈસાટકા મારે ઘેર મૂકી જજો. પછી જોઉં છું કોણ લેવા આવે છે.'

'કે' છે આપણું ગામ કબજે કરવા કૃષ્ણો આવવાનો છે.'

માધુ ખડખડાટ હસી પડયો ને બોલ્યો, 'કૃષ્ણો! ઈ એકવાર

મારા હાથમાંથી છટક્યો છે પણ ફરી આવે તો જમપૂરીનો મારગ દેખાડી દઉં બેટાને.'

'કોણ! આપણા રામા પાટિલનો કૃષ્ણો? ઈ છોકરું કે'વાય. એનું ગજું નહિ' વિઠુએ ટાપસી પુરાવી. એ જ વખતે સામેથી ભિવુ નાયક દોડતો આવ્યો અને તૂટતે અવાજે બોલ્યો, 'માધુબાપા, સરકારી થાણામાં ધાડ પડી છે.'

'શું બકે છે?' માધુ હસીને બોલ્યો, 'ભાંગ તો નથી પીધીને?'

'નારે બાપા, ધાડપાડુએ બધા પોલીસને પકડીને બાંધી દીધા છે. બંદુકો આંચકી લીધી છે. તિજોરીનો કબજો કરી લીધો છે અને હવે સૌ ગામભણી ચાલ્યા આવે છે.'

'તેં નજરે જોયું?'

'દેવના સોગન, ખોટું કહું?'

'જમાદારસા'બ નોતા?'

'અરે જમાદાર ને ઓલ્યો બહાદરખાં નાયક તો સૌ પેલા નાસી ગયા. પાઘડી અને પગરખાંય પડયાં રહ્યાં.'

માધુ રીસભર્યો તાડૂક્યો 'થાણામાં બધા મવાલી ભેગા થ્યા છે. જા દોડ જલ્દી, મારો બંદૂક લઇ આવ.'

ભિવુ પસાયતો દોડતો બંદૂક લેવા ગયો. આ બાજુ ગામમાં હલકું પડયું. દોડાદોડ કરતા લોકો ઘરમાં ભરાવા લાગ્યા. માધુ બજારમાં આવ્યો. ત્યાં એના પાસવાનો પડખેથી સરકી ગયા. સામેથી જગન શેઠની બૂમ સંભળાઇ 'માધુ પટેલ, આમ ઉતાવળા ક્યાં ચાલ્યા?'

'બહારવટિયા આવ્યા છે.'

'અરે બહારવટિયા કે'વા. એ તો સવરાજવાળા છે. આપણો કૃષ્ણો ને જગન ને એ છોકરાઓ વેશ બદલીને આવ્યા લાગે છે.'

'ત્યારે ઈ લોકને તો હમણાં પૂરા કરી દઉં.' કહેતો માધુ ઊભો રહ્યો અને બંદૂકની રાહ જોવા લાગ્યો. 'બહારવટિયા નથી' એમ સાંભળીને એના જીવમાં જીવ આવ્યો. અને કરમાવા લાગેલો ચહેરો એકદમ ખીલી ઊઠ્યો. હાથમાં બંદૂક આવતાં એની આંખના ખૂણા લાલ થયા. અને બેસી ગયેલો અવાજ ઊઘડ્યો. એણે મોટા બરાડા પાડીને નજીક ઊભેલા ભિખુ નાયકને કહ્યું 'આજ એકેય જીવતો ન જાય ધ્યાન રાખજે ભિખુડા.'

'ભલે બાપા' કહેતો ભિખુ આગળ ચાલ્યો.

ભિખુએ દૂરથી ટોળાને આવતું જોયું ને જરા અચકાઈને ઊભો. સૌને મોખરે કૃષ્ણો હતો. કૃષ્ણો ગામનો જુવાન હતો અને ભિખુનો દુશ્મન હતો. કૃષ્ણાને ખંભે બંદૂક જોતાં જ ભિખુ બોલ્યો. 'માધુ બાપા, આ ગાંધીનાં માનવી નો'ય.'

'કેમ જાણ્યું!' માધુનો અવાજ જરા કંપ્યો. સામે નજર કરતાં એના શરીરમાંથી ધ્રુજારી છૂટી. ભુંગળીવાર ને બંદૂકદાર કૂકડી લશ્કરી ઢબે સામેથી ચાલી આવતી હતી. માધુએ ફાટતે અવાજે હુકમ છોડ્યોઃ 'ભિખા, ફેર કરો.' ભિખાએ બંદૂકનો ઘોડો દબાવ્યો અને ગોળી છોડી. સામેથી આવતા કૃષ્ણાના ખભા ઉપર થઈને કાન પાસેથી સનસનાટ કરતી ગોળી ચાલી ગઈ. તરત જ કૃષ્ણાએ બંદૂક તાકી. પાછળથી લીલાએ એનો હાથ પકડ્યો, 'કૃષ્ણા, ટિપુરાવનો હુકમ...'

વાક્ય પૂરું થાય તે પહેલાં તો કૃષ્ણાની ગોળી ભિખુની છાતી વીંધીને આરપાર નીકળી ગઈ. માધુએ ભિખુને પડતાં જોયો. એની આંખે અંધારાં વળ્યાં. જીવ બચાવવા એણે બંદૂક તાકી અને ગોળી છોડવા જાય છે એટલામાં સામેથી લીલાની બંદૂકમાંથી ગોળી આવીને

એના કપાળમાં ચોંટી, એ ધરતીએ ઢળ્યો. સામસામા ગોળીબાર થતાં જોઈને લોકો નાસી છૂટ્યા. નાસતા લોકોને કૃષ્ણાએ હાકલ કરી: 'નાસો છો શું બહાદરીઆઓ, ઊભા રહો. બોલો ભારત માતાકી જય' પાછળ ઊભેલા જુવાનોએ જયનાદ ઝીલી લીધો. સાંભળીને લોકો ઊભા રહી ગયા. કૃષ્ણાએ ફરી ગર્જના કરી: 'આજથી આપણું ગામ આઝાદ બને છે. આજ આપણા ગામમાં સ્વરાજનો ઝંડો રોપાય છે. બોલો રાષ્ટ્રીય ઝંડા કી...' જય' ભાગતા લોકોએ ઊભા રહીને જયનાદ ઝીલ્યો.'

તરફડતા માધુ અને ભિખુની સામે નજર પણ કર્યા વિના લોકો કૃષ્ણાની ફરતા વીંટળાઈ વળ્યા, એટલું જ નહીં માધુ પટેલના રોજના કાંધીઆ એમાં ભળીને ઊંચે સાદે જયનાદ ગજવવા લાગ્યા.

'ચાલો પહેલાં હરિ શેઠને પકડો એટલે આપણી તિજોરી તર થાય.' કૃષ્ણાએ હાક મારી. અને લીલા સામે ફરીને બોલ્યો 'ચાલો બહેન, એણે અમારાં ગરીબનાં હાડચામ ચૂસીને ધન ભેગું કર્યું છે. આજ બધો હિસાબ ચૂકતો કરીએ.'

'ચાલો' કહીને લીલાએ માધુ તરફથી કરુણા ભરી નજર કડક ચહેરો બનાવીને પાછી ફેરવી લીધી. એ આગળ, સૌ એની પાછળ ચાલવા લાગ્યા. હરિ શેઠ તો ક્યારના પોબાર ભણી ગયા હતા. એણે ગોળીબાર સાંભળ્યાને પછી થોડીવારે જ જુવાનિયાને આવતા જોયા એટલે એના રામ રમી ગયા.

આ બાજુ થાણામાં ટપુએ અવાજ સાંભળ્યા. એ ચમક્યો. મનમાં બબડ્યો: 'માધુ પટેલે ગોળીબાર કર્યા લાગે છે. લીલા, કૃષ્ણો ને બીજા જુવાનો હતા ન હતા થઇ જશે. મારે એમની સાથે જવું જોઈતું હતું. પણ અહીં વચારે જરૂર પડશે કહીને

લીલાએ મને રોકયો.' ટપુ મનમાં પસ્તાવા લાગ્યો. 'હજી મોડું નથી થયું' એણે મનમાં નિશ્ચય કર્યો. હથિયાર આંચકી લઈને પોલીસોને ઓરડીમાં પૂરી દીધા હતા. એમની જ બંદૂકો વડે બે જણ પહેરો ભરતા હતા. ટપુએ એમાંના એકને કહ્યું: 'નારાયણ, હું ગામમાં જાઉં છું. તું ધ્યાન રાખજે.' પોલીસો સામે જોઈને જાળીમાંથી કહ્યું 'તમે કોઈ ડરશો મા. તોફાન કરશો મા. ભાગવાનો પ્રયત્ન કરશો મા. અમારી સાથે આવવું હોય તો તમે અમારા ભાઈઓ છો. નહિતર થોડીવાર પછી તમને છૂટા કરવામાં આવશે.'

'અને પેલા નાસી ગયા છે તે?' એક જણ હિંમત કરીને બોલ્યો.

'એમને સાચવવા મટયા. અમે કાંઈ તમારી ઉપર વેરંટ બજાવવા થોડા જ આવ્યા હતા!' આટલું કહીને ટપુ ગામમાં જવા ફર્યો. ટપુને ખાલી હાથે જતો જોઇને નારાયણે બંદૂક લંબાવી કહ્યું: 'આ સાથે લેતા જાઓ ટિપુરાવ.'

'શું બંદૂક? મારે એની જરૂર નથી. હું તો આજે માધુ પટેલની ગોળીથી મરીશ અથવા એને સ્વરાજનો સૈનિક બનાવીશ.'

'લીલાબાઈને કિસન તો લઈ ગ્યાં છે.'

'હોય નહિ?'

'તમે આ લોકોને તોફાન ન કરવા સમજાવતા હતા એ વખતે એ લોકો બંદૂકો ઉછાળીને ચાલતા થયા.'

'ત્યારે મારું જવું નિરર્થક છે.' ટપુ એકદમ નરમ પડી જઈને બોલ્યો, એ લોકોએ જ માધુ ઉપર બાર કર્યાં હશે.'

'અરે રાવસાહેબ, માધુભાઈને તમે ઓળખતા નથી. એ એકલો સૌને પહોંચી વળે એવો છે.'

'હું માધુને નથી ઓળખતો પણ લીલાને ઓળખું છું. ઠીક જે થયું હશે તે તમે અહીં ધ્યાન રાખજો.' ટપુ ગામમાં ચાલ્યો.

'હું સાથે આવું રાવસાહેબ!' નારાયણે પૂછ્યું.

'ના જરૂર નથી.'

ટપુ ગામમાં આવ્યો. આવીને જુએ તો માધુ ને ભિવુનાં સગાં-વહાલાં, ફરતાં વીંટળાઈને શોકકળ કરી રહેલાં છે. બન્ને લોહી નીતરતા બેભાન થઈને પડ્યા છે. ટપુને આવતો જોઈને સૌ એક બાજુ ખસ્યા. ટપુએ નજીક આવીને પૂછ્યું: 'કોણ પડ્યું છે?'

'જુઓને બાપુજી, અમારા માધુ બાપુ ને આ ભિવો પસાયતો.'

'કોણે માર્યા?'

'આ તમારા સાથવાળાઓએ.'

'ક્યાં ગયા એ લોકો?'

'ઈ તો શી ખબર પડે, કહે છે હરિ શેઠની હવેલી ભણી ગયા છે.'

'ઠીક, તમે આ બન્નેને અહીંથી ઘેર લઈ જાઓ અને હમણાં ને હમણાં જ ગાડામાં નાખીને સરકારી ઈસ્પિતાલે પહોંચાડો. હજી બેય જીવે છે.' ટપુએ બન્નેને નાકે હાથ મૂક્યો. પહાડ જેવા માધુના ચહેરા સામે ઘડીભર એ જોઈ રહ્યો. પછી નિઃસાસો મૂકીને ફરી બોલ્યો: 'લ્યો જલ્દી કરો, વખત ન લગાડો. હવે મને હરિ શેઠનું ઘર કોઈ બતાવશો કે?'

જવાબમાં સ્ત્રીઓ ને પુરુષો એકબીજાની સામે જોવા લાગ્યાં. એ જોઈને ટપુને સખત આઘાત લાગ્યો. માધુને મારનારની ટોળીનો માણસ એમની સામે ઊભો છે, છતાં કોઈને ઝનૂન ચડતું નથી.

અરે હરિશેઠના ઘરનો રસ્તો બતાવવા કોઈ હિંમત કરતું નથી. 'અરે રામ' એવી કારમી ધા નાંખીને એ લોકોનો શોર સંભળાતો હતો એ દિશા તરફ ચાલ્યો.

હરિ શેઠના ઘરને ઘેરી વળીને લોકો બૂમો પાડતા હતા. અંદરથી હરિ શેઠની ચીસો સંભળાતી હતી. એની વહુ દીકરીઓના રડવાનો અવાજ આવતો હતો. એ સાંભળીને સૌ આનંદના પોકાર કરતા હતા. 'આજ દીકરો બરાબર લાગમાં આવ્યો છે.' 'બધાનાં બહુ લોહી પીધાં છે.' એમ પોકારો કરતું ટોળું, વચ્ચે વચ્ચે તાળીઓ પાડતું હતું. દયા-માયા મોં સંતાડીને નાસી ગઈ હતી.

ટપુને આવતો જોઈને ટુકડીના લોકો અદબભેર બાજુએ ખસ્યા. એ જોઈને બીજા ગામલોક પણ શાંત થઈને એકકોર ઊભા રહ્યા. ટપુ એક અક્ષર બોલ્યા વિના ડેલીમાં પેઠો. દાદર પાસે ઊભેલા સૈનિકને પૂછ્યું, 'લીલાબહેન ક્યાં છે?'

'ઉપર.'

'ટપુ ઉપર ચડ્યો. બૈરાં-છોકરાંનો સામટો અવાજ સાંભળીને સીધો બાજુના ઓરડામાં પેઠો. જુએ તો લીલા વાઘણનો સીનો ધારીને ઊભી છે. અને સામે ભોંય ઉપર ઘૂંટણભર પડીને પાલવ પાથરીને બાઈઓ કાલાવાલા કરી રહી છે. છોકરાં માની સોડ પકડીને કાળી ચીસો પાડી રહ્યાં છે. લીલાના પગ આગળ ઘરેણાંનો ઢગલો કરતાં શેઠાણી બોલી રહી છે.

'તમારે જોઈએ તો હજી વધુ ઘરેણાં લાવી આપું પણ આ છોકરાના બાપને છોડાવો. ઈ રોયો કિસનો કાળ છે. એમને મારી નાખશે.'

આટલા કાલાવાલા સાંભળતાં છતાં લીલાના ચહેરા ઉપરથી ઉગ્રતા ઓછી થતી નથી એ જોઈને ટપુને સજ્જડ આઘાત લાગ્યો. ઓરડામાં દાખલ થતાંવેંત એક નજર ફેંકી કે તરત જ પળવારમાં અનેક વિચારો એના મન પર અથડાયા અને એ બોલી ઊઠ્યો: 'લીલાબેન, બહાર આવો. હરિશેઠ ક્યાં છે? બહેનો તમે રડો મા. તમારા ધણીનો વાળ વાંકો નહિ થાય.'

અચાનક આવા બોલ સાંભળતાં બાઈઓ ઘડીભર થંભી ગઈ અને ભગવાને મોકલેલો દૂત હોય એમ પાછું વાળીને ટપુ તરફ કૃતજ્ઞતા ભરી નજરે જોઈ રહી. પણ ટપુના શબ્દો જાણે સાંભળ્યા જ ન હોય તેમ લીલા કડક અવાજે બોલી: 'ટિપુરાવ, તમે વચ્ચે ન પડશો. આ લોકોએ આસપાસનાં હજારો ગરીબોનાં લોહી ચૂસીને આ હવેલીઓ ઊભી કરી છે. એની દયા ન ખાશો.'

'આમ કહીને શેઠાણી તરફ એ ફરી અને તાડૂકી. 'તિજોરીની ચાવી આપી દો નહિતર શેઠનો જાન જોખમમાં છે.'

ટપુએ જોયું કે લીલા અત્યારે 'કુલપાવરમાં' છે. એ માનવતાની સીમા વટાવી ગઈ છે. એટલે એ પોતે જ પાછો ફરતાં બોલ્યો: 'બહેનો, તમે ગભરાશો નહીં હું શેઠને છોડાવું છું.' આટલું બોલી એ રવેશમાં થઈને જોડેના ઓરડામાં ગયો. ત્યાં જુદું જ દૃશ્ય હતું. કૃષ્ણો અને તેના બે દોસ્તો હરિ શેઠને દોરડે બાંધતા હતા. હરિ શેઠ હાથ પગ પછાડતો, બરાડા પાડતો હતો. કૃષ્ણાના મોંમાં એક જ ધ્રુવવાક્ય હતું, 'તિજોરીની ચાવી આપ નહિતર મરી ગ્યો સમજ.' જવાબમાં હરિ શેઠ 'મરી ગ્યો બાપલિયા. કોઈ છોડાવો.' એ શબ્દોથી મહોલ્લો ગજવતો હતો. ટપુ ઓરડામાં દાખલ થયો તે વખતે કૃષ્ણાના મોંમાંથી આખરી વાક્ય નીકળ્યું, 'આ મખ્ખીચૂસ એમ નહિ માને. મરચાંનો ભૂકો લાવો. તોબરો બાંધીએ.' સાંભળીને શેઠ વધારે બરાડા પાડવા લાગ્યો. એ જ વખતે

ટપુનો અવાજ કૃષ્ણાને કાને અથડાયો: 'કિસન, આ શું કરે છે?'

કૃષ્ણાના હાથમાં દોરડું એમ ને એમ રહી ગયું. તેના સાથીઓ પણ ટપુને આમ અચાનક આવેલો જોઈ શેહ ખાઈ ગયા.

'પણ ટિપુરાવ, આને તમે ઓળખતા નથી. અમને સૌને ભૂખ ભેગા કરનારો જ આ છે.'

'હશે. પણ 'ભારતમાતાની જય' બોલનાર તમે આ રીતે મારપીટ કરો છો એ તમને શોભે છે? ગમે તેવો તોય એ આપણો ભાઈ છે.' ટપુએ કૃષ્ણાના હાથમાંથી દોરડું લઈ લીધું. અને બંધ છોડવા લાગ્યો. હરિ શેઠ તો ટપુ સામે સાશ્ચર્ય નયને જોઈ જ રહ્યો. એને દરેક પળે મોત સામે દેખાતું હતું એ વખતે આવેલા ઉગારનાર તરફ આભારભરી મીટ માંડી રહ્યો. બંધ છૂટયા એવો જ ટપુને પગે વળગી પડયો. ટપુએ હાથ પકડીને ઊભો કરતાં કહ્યું: 'પગે પડવાની જરૂર નથી. તમારી પાસે જે કંઈ ધનદોલત હોય એ મને સોંપી દો. તમારા ગામની પંચાયત સ્થપાશે એ ગામના ભલા માટે એનો ઉપયોગ કરશે. ચાલો ઊઠો જલ્દી કરો.'

'અબઘડી લાવી આપું બાપા.' કહેતો હરિ શેઠ દોડયો. છજામાં થઈને પડખેના ઓરડામાં ગયો ત્યાં લીલાને જોઈ એટલે અચકાઈને ઊભો રહ્યો. પાછળથી ટપુનો અવાજ આવ્યો, 'જાઓ, તમારું કોઈ નામ નહિ લે.' ઘરમાં જઈને તિજોરી ઉઘાડી. લીલા અને બીજી સ્ત્રીઓ હરિશેઠ અને ટપુ સામે વારાફરતી જોવા લાગી. કુંચીનો ઝૂડો કયાંથી નીકળ્યો એ પણ સમજાયું નહીં. હરિ શેઠે તિજોરીમાંથી જે કાંઈ નીકળ્યું તે ટપુના હાથમાં મૂકયું ને પાઘડી ઉતારી બોલ્યો: 'આ મારી માયા મૂડી. મારે આજથી આ ગામનું પાણી હરામ છે.'

'નહિ શેઠ, તમારે આ ગામમાં જ રહેવાનું છે અને સૌની સાથે મળીને ગામનો વહીવટ ચલાવવાનો છે.'

'આ કૃષ્ણાના રાજમાં મારે કેમ કરીને જીવવું ? ઈ કરતાં મોત સારું.'

'લીલાબેન.' ટપુ લીલા સામે જોઈ બોલ્યો. લીલા રોષભરી સામે ઊભી હતી. એની પરવા ન કરતાં ટપુ બોલ્યો, 'આ ઘરેણાં એ બહેનોને પાછાં આપો.'

'કારણ ?'

'અમારા દેશનો રિવાજ છે. ખરા બહારવટિયા બાઈઓનાં ઘરેણાં નથી ઉતરાવતા.'

'પણ આ ઘરેણાં તો એણે અનેકને લૂંટીને એકઠાં કર્યાં છે.'

'એ ગમે તેમ હો. આપણે આપણી ખાનદાની ન ચૂકવી જોઈએ.'

'એવી ખાનદાનીમાં જ આખું હિન્દુસ્તાન ખોયું અને હજી ખોશો. ચાલ કૃષ્ણા એમને ફાવે તેમ કરવા દે.' કહી લીલા રીસભરી બહાર ચાલી ગઈ. ટપુએ શેઠાણી અને છોકરાંઓને ધીરજ આપતાં કહ્યું, 'તમે ગભરાશો નહીં. તમારાં ઘરેણાં લઈ લ્યો. અને હરિશેઠ કૃષ્ણા ઉપર વેર રાખશો મા. નહિતર આજે તો મેં છોડાવ્યા છે. પછી ઉપરથી ઈશ્વર આવશે તોય નહિ છૂટો.'

'અરે હોય ભાઈસા'બ, ઈ તો મારી નજર સામે મોટો થયો છે. એના બાપને મેં વગર વ્યાજે સેંકડો રૂપિયા ધીર્યા છે. આજ કપાતર નીકળ્યો.'

'જુઓ પાછા, તમારી જીભ સંભાળો.'

ટપુએ નોટનો થોકડો કૃષ્ણાને આપ્યો અને પાસે ઊભેલા જુવાનોને રોકડ રકમની ગાંઠડી ઉપાડી લેવા કહ્યું. પોતે આગળ

ચાલ્યો. નીચે ઊતરીને બહાર નીકળ્યો એટલે સૌએ જયનાદ ગજવ્યો, ' ભારતમાતકી જય. '

' કૃષ્ણા, સૌને કહો કે થાણાના ચોગાનમાં આવે. ત્યાં આપણે સભા કરીને સૌને સાચી વસ્તુ સમજાવશું.' ' અને લીલાબેન ક્યાં ગયા. ? '

' આ રહ્યાં. '

' ચાલો. તમને આજે મેં બહુ દૂભવ્યાં છે. ' કહી લીલાની સાથે ટપુ ચાલવા લાગ્યો. ધીમેથી નાના બાળકને સમજાવતો હોય એમ બોલ્યો: ' તમે કાલ રાતેજ ભજનમાં ગાયું કે ' કોઈ વેરી નથી અને આજે પગલે પગલે વેરનાં બી વાવ્યાં. ' લીલા ભારે મોં રાખીને બાજુમાં ચાલવા લાગી.

થાણામાં દાખલ થતાં જ ટપુએ બૂમ મારી, 'નારાયણ એ લોકને જવા દો. '

' કોને ? ' લીલા તાડુકી. ' આ તમે શું કરો છો ટિપુરાવ. '

' હું બરાબર કરું છું. '

' અરે એ તો સાપના કણા છે. એને તો પૂરા જ કરો. '

' સામા થાય એને મારવામાં કંઈક બહાદુરી છે. આ તો બિચારા રાંક થઈને બેસી રહ્યા છે. જાઓ ભાઈ, તમારે ઘેર જાઓ, હવેથી પેટ ખાતર કોઈને રંજાડશો નહીં. '

ચારે જણ ટપુને પગે લાગીને ચાલતા થયા.

' ટિપુરાવ, ' કૃષ્ણો બોલ્યો, ' આ લોકોએ ગામને રોળ પાડવામાં બાકી નથી રાખી. '

' હશે હવે કોઈને નહિ રંજાડે. '

'હવે અમે સરકારી નોકરી જ નથી કરવાના. આજથી પાણી મૂક્યું.' કહી પોલીસના આગેવાને સમ ખાધા.

'શાહબુદ્દીનને જતો કરીને પૃથ્વીરાજે હિંદ ગુમાવ્યું.' લીલા રીસભરી બોલી, 'છતાં હજી આપણે કશો પદાર્થપાઠ ન શીખ્યા.'

'આ શાહબુદ્દીન નથી અને આપણે પૃથ્વીરાજ નથી.—ચાલો કૃષ્ણા, સૌને શાંતિથી બેસાડો. અને નારાયણ, તું જરા માધુ પટેલને ઘેર જઈ ખબર કાઢી આવ. એમને કેમ છે ? ઈસ્પિતાલે લઇ ગયા કે નહીં ?'

'માધુ બાપા તો ગુજરી ગયા.' 'એક જણે પાછળથી કહ્યું.

'એમ !'

'જી હા. ઘેર લઇ ગયા ત્યાં તો પ્રાણ ઊડી ગયા.

'તો પછી લીલાબેન, આપણે એમની શ્મશાનયાત્રામાં જવું જોઈએ.'

લીલા ટપુ સામે જોઈ રહી. એને આ કશું સમજાતું ન હતું. એને ભય હતો કે નાસી છૂટેલા પોલીસો શહેરમાં જઈને ખબર આપશે, અથવા બીજા ગામેથી પોલીસ અમલદાર આવી ચઢશે, તો આ જીતેલી બાજી હારી જશું. અંદરથી ધૂંધવાતી હતી છતાં એ ટપુની સાથે અત્યારે જાહેરમાં વાદવિવાદમાં ઊતરવા તૈયાર ન હતી.

'કૃષ્ણા, નારાયણ, ચાલો. સૌ માધુ પટેલને ઘેર એકઠા થાઓ. એમની જેવાને છેલ્લું માન આપવામાં ગામની ઇજ્જત છે.'

ટપુ પગથિયા પરથી નીચે ઊતર્યો. લીલાને પોતાની સાથે લીધી અને ગામલોક એની પાછળ ચાલ્યા.

સૌના ચહેરા પર એક પ્રકારની શાંત ગંભીરતા છવાઇ હતી.

*

૨૬

થાણામાંથી નીકળી સૌ ગામમાં આવ્યા. બજારમાં થઈ માધુ પટેલની ડેલી તરફ વળ્યા એટલામાં કૃષ્ણાનો નાનો ભાઈ સામેથી દોડતો આવ્યો અને શ્વાસભર્યો બોલ્યો: ' માધુકાકાનો નરસી ભરી બંદૂકે આવે છે. એણે પાણી મૂક્યું છે કે મારા બાપના મારનારને એની નનામી સાથે બાંધું તો જ હું માધુ પટેલનો દીકરો ખરો.'

સાંભળીને સૌ થંભી ગયા. પણ ટપુ વગર થંભ્યે આગળ ચાલતાં બોલ્યો, ' બસ હવે મને આનંદ થયો. માણસમાં આટલું ખમીર તો હોવું જ જોઈએ. '

લીલા સહેજ પાછળ હતી તે આગળ આવી. એને ટપુનું આ પગલું મુદ્દલ પસંદ ન હતું. ટપુનો હાથ પકડી રાખતાં એ બોલી, ' તમે જરા આમ પાછળ ચાલો. '

' કેમ ? '

' નરસિંહની ગોળી ખાવાનો હક મારો છે. '

' તમારો હક મારવાનો. ' કહી ટપુ આગળ વધ્યો. દૂરથી નરસિંહને આવતો જોઈ લોકો ઊભા રહ્યા. લીલા અને ટપુ મોખરે ચાલ્યાં

આવતાં હતાં. ટપુની આંખમાં ધીરજ અને પગમાં દઢતા હતી. લીલા જરા અસ્વસ્થ જણાતી હતી. કૃષ્ણો અને તેના સાથીઓ પ્રસંગની ગંભીરતા પારખી શું થશે એની ચિંતામાં વ્યગ્ર જણાતા હતા. નરસિંહે આ લોકોને જોતાંવેંત બંદૂક ઉઠાવીને ગોળી છોડી લીલાએ એકદમ ટપુને ધક્કો મારી બાજુએ ખસેડી દીધો. નિશાન ચૂકેલી ગોળી સનસનાટ કરતી પસાર થઇ ગઈ. એ જ પળે પાછળથી કિસને બંદૂક તાકી. ટપુએ એનો હાથ પકડી લીધો અને ઠપકાભરી નજરે બોલી ઊઠયો, 'આ શું કરે છે?' આગળ ધસતા સાથીઓને એણે વાર્યા. નરસિંહે ફરી બંદૂક ઉઠાવી એટલામાં શોરબકોર સાંભળીને માધુ પટેલનો વયોવૃદ્ધ બાપ દોડતો આવી પહોંચ્યો. આવતાંવેંત એણે નરસિંહનો હાથ પકડીને બંદૂક આંચકી લીધી: 'આ શું કરે છે ગાંડા. અટાણે આ લોક આપણી સામે લડવા આવ્યા છે? એ તો બચારા આપણા દખમાં ભાગ પડાવવા આવ્યા છે. તારો બાપ એ મારો દીકરો નથી મર્યો? પણ આપણે જરાક માણસાઈ રાખવી જોઇએ.' આમ કહીને એ આગળ આવ્યો. ટપુ સાથે રામ રામ કર્યા. નરસિંહ ધૂંધવાતો ઊભો રહ્યો. એની આંખમાંથી ક્રોધના તણખા ખર્યા.

ટપુએ એની પાસે જઇને ખભા પર હાથ મૂકયો અને હેત ભર્યા અવાજે કહ્યું, 'ભાઈ, તમારા બાપુ તો બહાદુરની પેઠે સામી છાતીએ મર્યા છે. એની પાછળ રોષ કે શોક કરવાની જરૂર નથી. ચાલો તેમને છેલ્લી વિદાય આપવાની તૈયારી કરો.' નરસિંહ ઘડીભર શૂન્યમનસ્ક ઊભો રહ્યો

ડેલીમાં જઇને ટપુ તૈયારીમાં મદદ કરવા લાગ્યો.

જ્યારે નરસિંહની જોડે કાંધ આપીને ટપુ સ્મશાનયાત્રામાં ચાલ્યો ત્યારે પાછળ ચાલતા ડોસાની આંખમાંથી આંસુ ખર્યાં અને

મોંમાંથી બોલ સરી પડયા, 'દુશ્મન હો તો આવા હજો.'

નરસિંહે આગ મૂકીને ચિતા સળગી ઊઠી. માધુ પટેલના અવશેષને ભસ્મીભૂત કરતી જવાળાઓ આથમતી સંધ્યાના હીંગળોકિયા રંગ સાથે મળી ગઈ. આખું ગામ સ્મશાને આવ્યું હતું. દુશ્મનને દોસ્ત બનાવનાર એ માનવજીવનો આખરી વિસામો તે દિવસે માધુ પટેલના ગુણગાનનું સ્થાન બન્યો.

નરસિંહ ટપુની જોડે જ બેઠો હતો. એની સામે હરિશેઠ, જગનશેઠ, વિઠ્ઠુ વગેરે બેઠા હતા. બાજુમાં કૃષ્ણો અને તેના મિત્રો હતા. ઘડી પહેલાં જેમની આંખો લડતી હતી, જેઓ એકબીજાનું લોહી પીવા તલસતા હતા એ સૌ મૃત્યુને ચોતરે ઘડીભર માનવી વેરને ભૂલીને ભારે હૈયે વાતો કરતા બેઠા હતા.

ટપુએ નરસિંહની પીઠ પર હાથ મૂકી કહ્યું, 'નરસિંહભાઈ, આવતી કાલથી આ ગામનો કારભાર તમારે હસ્તક આવશે. તમે, હરિભાઈ, જગનભાઈ, કિસાન, વિઠ્ઠુ વગેરે મળીને એક પંચાયત સ્થાપજો, અને ગામનો કારભાર ચલાવજો. જો તમે એકસંપથી કામ કરશો તો તમારી સ્વતંત્રતા કોઈ નહીં ઝૂંટવી શકે. તમે સુખી થશો ને ગામ પણ સુખી થશે.'

'એ તો અમે નજરે જોઇએ છીએ ને! જાંબળ તાલુકામાં લોક કેવા સુખ ચેનથી રહે છે. અનાજ, દૂધ, ઘી, એક ચીજ ગામ બહાર જવા દેતા નથી. પણ એ લોક ભારે સાંપીલા છે.'

'તમે પણ સંગઠન કરો. સૌએ સાથે જીવવું અગર મરવું એવો નિશ્ચય કરો એટલે પછી સરકારની કારી નહિ ફાવે.'

'બરાબર. છે' હરિશેઠ બોલી ઊઠયા, 'ગામનો એ ટેકો હોય તો મોટા બાદશાહે શું કરી શકે!'

'હવે તમે તો બેય બાજુ વગાડો છો હરિકાકા.' નરસિંહ ચિડાઇને બોલ્યો.

'તમારે આ કૃષ્ણ જેવાને સાથે રાખવા જોઇએ. એ કાંઈ તમારો દુશ્મન નથી. એણે જે કંઇ કર્યું છે તે ગામના સુખ વાસ્તે કર્યું છે.'

'એ અમે ક્યાં નથી જાણતા. અને કૃષ્ણ તો અમારો ભાઇ જ છે ને. એના બાપુ ને મારા બાપુ સગા માસીઆઈ થાય.' નરસિંહ બોલ્યો.

'એમ, ત્યારે હવે શી ફિકર છે.'

'એની તમારે ફિકર ન કરવી.'

આમ વાતો ચાલે છે એવામાં એક ઘોડેસવાર આવી પહોંચ્યો. કિસન ઊભો થઇને એ તરફ ગયો. ધીમે અવાજે આવનાર બોલ્યો, 'ટિપુરાવને અને લીલાબેનને ખબર આપો. ગામેગામ મિલિટરી છૂટી છે માટે જલ્દી નીકળી જાય.'

'ભલે.' કહી કિસન પાછો ફર્યો. ઘોડેસવાર તરત જ મારતે ઘોડે ચાલ્યો ગયો.

કિસને આવીને ટપુના કાનમાં સંદેશો કહ્યો. ટપુએ નરસિંહ તરફ વળીને કહ્યું, 'ઠીક ત્યારે નરસિંહભાઈ અમે જઈશું. શોક કરશો મા અને તમારા બાપુથી સવાયા ડાહ્યા ને બહાદુર બની ગામને સંભાળજો.'

નરસિંહે ઊભા થઈ રામ રામ કર્યા. લીલાએ ઊભાં થતાં નરસિંહને નમસ્કાર કર્યા. એટલે એણે નીચા વળીને માથું નમાવ્યું. હરિશેઠ, જગન વગેરેએ ઊભા થઇ 'જય જય' કર્યા. કિસન ટપુની

પાછળ આવ્યો ને બોલ્યો, 'ઊભા રહો ટિપુરાવ, હું ઘોડાની સગવડ કરું છું.'

'જરૂર નથી. આપણે પગપાળા ચાલ્યા જશું. ઊલટું વધારે ફાવશે.'

'વાત છે કાંઈ,' કિસન ઉતાવળો ગામ તરફ જતાં બોલ્યો, 'આવે વખતે પગે ચાલતા જવાય?'

કિસને ઇશારતથી પોતાના ભાઈને અને નારાયણને બોલાવ્યા. ત્રણે જણ ઝપાટાબંધ ગામમાં જઈને ત્રણ પાણીદાર ઘોડા લઈ આવ્યા.

'તું પણ આવે છે કિસન?'

'હાસ્તો. આવા અંધારામાં તમને રસ્તો કેમ સૂઝશે?' કહી એ આગળ ચાલ્યો.

ટપુ, હીલા અને કિસાન ઘોડા તૈયાર થઈને આવતાં સવાર થઈ ચાલ્યાં. તેમની ટુકડીના બીજા જુવાનો ઔંધ રાજ્યના પ્રદેશમાં સગેવગે જવા સરકી ગયા.

★

૨૭

ધીમે ધીમે અંધકાર વધતો જતો હતો. ચોમેર નાની મોટી પહાડીઓ પથરાયેલી હતી. રસ્તો સ્પષ્ટ જણાતો ન હતો. પ્રવાસીઓને તારાનો પ્રકાશ મળે એ પણ દેખી શકાતું ન હોય તેમ કાળાં વાદળાંઓ આકાશને આવરી લેતાં હતાં. આગળ ચાલતો કિસન ડુંગરાઉ માર્ગનો ભોમિયો હોવા છતાં વચ્ચે વચ્ચે ઊભો રહી જતો, અને પાછો ફરીને આગળ ચાલતો હતો. કોઈવાર રસ્તો ગાડાં ચાલે એટલો પહોળો થતો તો કોઈવાર ઘોડાને ચાલવું મુશ્કેલ પડે એટલો સાંકડો થઈ જતો. કિસનને વારંવાર અટકતો જોઈને ટપુએ પૂછ્યું, 'કેમ રસ્તો તો બરાબર છે ને?'

'જી હા. બરાબર છે. જુઓને આ સામે ધ્રુવ તારો દેખાય. એનાથી ડાબી બાજુ ચાલીએ એટલે જંગળનો કેડો આવે.' વચ્ચે વચ્ચે ખસી જતાં વાદળ ઉપરથી ધ્રુવતારાને આધારે રસ્તો શોધતો કિસન આગળ વધી રહ્યો હતો. એની પાછળ લીલા હતી અને

સૌથી પાછળ ટપુ. લીલા એકદમ મૂંગી બની ગઈ હતી. એક અક્ષર બોલ્યા વિના એ વચ્ચે ઘોડો ચલાવ્યે જતી હતી.

આમ જોઈએ તો આજનો દિવસ એના જીવનમાં એક ધન્ય દિવસ હતો. લાંબા સમયથી એની એક મનીષા હતી. જો કે૦ આર૦ મળે તો એની સાથે રણમેદાનમાં ખભેખભો લગાવીને ઘૂમવું. અને જો કે૦ આર૦ કબૂલ કરે તો નેતાજીના આઝાદ દળને ભેટવા એની સાથે ઊપડી જવું. આજે એનો માનીતો કે૦ આર૦ એની પડખે જ ઘોડેસવાર થઈને ચાલ્યો આવતો હતો. એની ઇચ્છા મુજબ કે૦ આર૦ આજના કાર્યક્રમનો મોવડી બન્યો હતો. એક જબરા દુશ્મનને પોતે પોતાને હાથે રોળી નાખ્યો હતો અને નિર્વિઘ્ને વિજય પ્રાપ્ત કરી બન્ને પાછાં વળ્યાં હતાં. આમ લીલાના જીવનમાં ધારેલી મુરાદ બર આવી હતી. પરંતુ એને પરિણામે મનમાં થવો જોઈતો આનંદ થતો ન હતો. ઊલટું એક પ્રકારની ઊંડી નીરસતા એના મનને ઘેરી વળી હતી. કૃષ્ણાના કિનારાના મનોહર પ્રદેશમાંથી પસાર થતા પ્રવાસીઓને જેઠ માસની વાદળ ઘેરી રાત્રિ ઘડીક માર્ગ બતાવતી હતી તો ઘડીક મૂંઝવતી હતી. એમ લીલાને પોતાના જીવનપ્રદેશની સુંદર ઘડીએ વિચારવાદળ ઊલટી આવ્યાં હતાં.

એનું કારણ પણ ટપુ જ હતો. ટપુને બદલે કોઈ બીજો સેના-નાયક હોત તો અત્યારે વિજયોન્માદમાં મસ્ત બનીને પાછી ફરતી ટુકડીના હાસ્યથી ડુંગરા હસી પડ્યા હોત.

રસ્તો બરાબર છે એની કિસનને ખાત્રી આપી એટલે ટપુનું ધ્યાન લીલા તરફ દોરાયું. લીલાને સાવ મૂંગી બની ગયેલી જોઈને એને નવાઈ લાગી. ટપુએ સહેજ આગળ આવીને પૂછ્યું, 'કેમ લીલાબેન, ઊંઘવાનું શરૂ કર્યું કે શું?' 'ના ના, જાગું છું.'

'સંભાળજો, આ પહાડી કેડીઓમાં હોશિયારી રાખજો. નહીં તો ગબડી પડશો.'

'એ તો હવે પડતા આખડતાં નિશાને પહોંચ્યે છૂટકો. ભોમિયો જ એવો પસંદ કર્યો પછી શું થાય ?'

'કેમ, આજ કંઈ તમને બરાબર મજા આવી લાગતી નથી !'

'એમાં મજાનો સવાલ જ નથી ટિપુરાવ, પણ આપણે જે કાર્ય માટે નીકળ્યા હોઈએ તે સંપૂર્ણપણે પાર પડવું જોઈએ.'

'હરિશેઠને મોઢે તોબરો ચડાવીને એને કિસને ફટકાર્યો હોત તો કાર્ય પૂરું થયું ગણાત ?'

'એમ આકું નહીં બોલો.'

'ત્યારે શું માધુ પટેલની વહુ વિધવા થઈ એમ એની પુત્ર-વધૂને પણ વિધવા બનાવી હોત તો પૂરું થયું ગણાત ?'

'મને માફ કરજો ટિપુરાવ, આપણાં બન્નેનાં મગજ તદ્દન જુદી રીતે કામ કરે છે.'

'એમ નથી લીલાબેન,' ટપુનો ધીર ગંભીર અવાજ ઘોડાના ડાબલા સાથે ગાજી ઊઠ્યો.

'ખરી વાત એમ છે કે માણસને જ્યારે પોતાની મરજી વિરુદ્ધ આચરણ કરવું પડે છે ત્યારે એ હમેશાં જેની ઇચ્છાને આધીન થવું પડ્યું હોય એની ઉપર રોષે ભરાય છે. આજે ડગલે ને પગલે તમારા મન ઉપર આ વસ્તુએ ઘણુની માફક આઘાતો લગાવ્યા કર્યા છે. એ હું બરાબર જાણું છું.'

'જાણો છો તો પછી ઉદાસીનતાનું કારણ પૂછી એમાં વધારો શા માટે કરો છો ?'

'મને માફ કરજો લીલાબેન. પણ તમારા મન ઉપર આજે એવી બીજી અનેક બાબતોએ અસર કરેલી છે. અને એના પ્રત્યાઘાતરૂપે અત્યારે આ ઉદાસીનતા તમને ઘેરી વળી છે.' ટપુ સહેજ અટકીને આગળ બોલ્યો, 'કોઈ પણ માણસને અદાવતથી માર્યો હોય કે હુલ્લડમાં કાપી નાખ્યો હોય, હાથોહાથની લડાઇમાં માર્યો હોય કે આકાશમાંથી બૉમ્બ ફેંકીને ઉડાવી દીધો હોય, મુલક સર કરવા માર્યો હોય કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અર્થે દેશદ્રોહી સમજીને હણ્યો હોય; પણ એક માનવીનું તેના જ માનવબંધુને હાથે થયેલું મૃત્યુ, એ મરનારને માટે અને તેનાં સ્વજનોને માટે કેવી કારમી વસ્તુ છે એ મારનાર વિચારે, એક મનુષ્ય તરીકે સહાનુભૂતિપૂર્વક વિચારે, તો જ એને સમજાય છે. આજ સુધીમાં તમે જે માનવસંહારનાં નિમિત્ત બન્યાં હશો તેમાં ઉગ્ર રાષ્ટ્રભાવનાનો જુસ્સો જ તમારું પ્રેરક બળ હતો. આજે પણ એવી જ ભાવનાથી તમે પ્રેરાયેલાં હતાં. પરંતુ તમારે તમારા કામનો વિચાર કરવો પડે, કંડે કલેજે ધડકતે હૈયે વિચાર કરવો પડે, એવા સંજોગોમાં તમે મુકાયાં, તેથી જ આજે તમારા આનંદસાગરમાં ઓટ આવ્યો છે અને ઉદાસીનતા તમને ઘેરી વળી છે એમ મને લાગે છે.'

ટપુ એકધારું બોલ્યે જતો હતો. લીલા સાંભળી રહી હતી. એના મન આગળ અનેક ચિત્રો ખડાં થયાં. પણ એ વ્યક્ત કરવાની લિપિ એના હોઠે આવીને પાછી વળી ગઇ. ટપુનું કથન ગમતું હોય એમ એ વધારે સાંભળવા તલસી રહી. લીલા તરફથી કશો જવાબ ન મળ્યો એટલે ટપુએ આગળ ચલાવ્યું, 'આજના મહાયુદ્ધનું પણ એમ જ છે. ચાલુ યુદ્ધે કોઈ કશો વિચાર નહીં કરે. ગાંડાતુર બનીને એકબીજાને રહેંસી નાખશે કોઈ વિચારશીલ માનવપ્રેમીની આહ નીકળશે તો એને સાંભળવા પણ નહિ રોકાય.'

'પણ એક માણસ મર્યો એમાં આટલી પારાયણ શી?' લીલા વચ્ચે બોલી ઊઠી.

'એક મરે કે હજાર મરે.' ટપુ મક્કમતાથી બોલ્યો, 'જગતમાં ન્યાય અને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવામાં એ જરા પણ ઉપયોગી નથી. માનવસુખ કે માનવશાંતિ અર્થે કોઈ પણ સંજોગોમાં એમાંથી એકયને માટે કલ્યાણકારી નથી. એ ખૂન એના સ્વજનોના દિલમાં વેર અને અન્યાયરૂપે પોષણ પામીને મારનાર વ્યક્તિ અગર જાતિને હણવા સદાય તત્પર રહેશે. અને એ રીતે કદી એનો આરો જ નહીં આવે.' ટપુ અટક્યો. ત્રણે જણ ધીમે ધીમે અંધકારમાં અવડ માર્ગે આગળ વધી રહ્યાં હતાં કિસન સાવચેતીથી વાટનું ધ્યાન રાખતો હતો.

ટપુ બોલતો બંધ પડ્યો એટલે લીલાએ ધીમે રહીને કહ્યું, 'તમારી એટલી વાત ખરી છે કે માધુ પડ્યો ત્યારે એને તરફડતો જોઇને પળવાર મારા દિલમાં લાગી આવેલું. પણ એ તો નજરે દીઠાનું ઝેર. લડાઈના મામલામાં સામસામા ઘા ઝીલતાં એ મર્યો એમ આપણે પણ મરવું પડે.' લીલા જરા જુસ્સામાં આવીને આગળ બોલી, 'અને એમ લોહીથી ડરી-જઇએ તો તો 'બળિયાના બે ભાગ' ના ન્યાયે ચાલતી આ દુનિયામાં જીવી જ કેમ શકાય?'

લીલાનો પ્રત્યુત્તર સાંભળ્યો ન હોય એમ ટપુએ ફરી પૂછ્યું, 'અને માધુના ઘરની સ્ત્રીઓના રડવાની કંઇ અસર થયેલી ખરી કે?'

'તમે આવા બધા પ્રશ્નો શા માટે પૂછો છો તે હું જાણું છું. પણ ટિપુરાવ, કેટલીકવાર એવું બને છે કે મરનારના દુઃખ કરતાં એના વિયોગે ઝુરનારની વેદના જોઇને આપણને વધારે આઘાત લાગે છે.' લીલા દલીલની સીડી પરથી ઊતરીને એકદમ સપાટ પ્રદેશમાં આવી ગઇ અને સરળતાથી બોલી 'મારા જીવનમાં આટલું કારમું અને કરુણ રૂદન મેં કદી સાંભળ્યું નથી. અને હજી પણ

મારા કાનમાં જમના અને એની માના રડવાના અવાજ સંભળાયા કરે છે.'

'ત્યારે જેમ તમારા કાનમાં માધુના પરિવારની વેદના–ચીસો સંભળાય છે, તેમ મારા મગજમાં આજના યુદ્ધમાં મરતા હજારો માનવીઓનાં સ્વજનોની સ્ત્રીઓ સંભળાય છે અને તેથી જ આ વિનાશકારી માર્ગ ઉપરથી મારો વિશ્વાસ ઊઠી ગયો છે.'

'તમે બહુ મોટેથી ન બોલો, 'આગળ ચાલતા કિસને કહ્યું, 'સામી બાજુથી કોઈનો અવાજ સંભળાય છે.' ટપુ અને લીલા બન્ને એકદમ શાંત થઈ ગયાં. થોડીવારમાં એમના અવાજના પડઘા શમ્યા એટલે પવનની દિશામાંથી સ્પષ્ટ અવાજ સંભળાવા લાગ્યો.

'માણસોનો અવાજ છે ?'

'હા, અને એ આપણી તરફ આવતો જણાય છે.'

'તો આપણે રસ્તો બદલીએ ?' લીલાએ ઘોડાને ઊભો રાખતાં કહ્યું.

'રસ્તો બદલવાની જરૂર નથી. તમે બન્ને અહીં ઊભાં રહો. હું જરા આગળ જઈ એ લોકો કોણ છે એની તપાસ કરી આવું.'

'તું એકલો શા માટે, હું સાથે આવું છું.' ટપુએ કહ્યું પણ જવાબમાં 'તમારી જરૂર નથી.' કહીને કિસને ઘોડો દોડાવ્યો. પહાડી રસ્તામાં પણ કિસનને ઉપાડીને ઘોડાએ દોટ દીધી.

જામતી જતી રાત્રિની શાંતિમાં કિસનના ઘોડાના ડાબલા ગાજી ઊઠયા. સાંભળીને સામેથી આવતા લોકો રસ્તો રોકીને ઊભા

રહ્યા અને કિસન વધારે નજીક આવ્યો એટલે સામટી બૂમ પાડી.
'ઊભો રહે. ખબરદાર!'

એકદમ કૃષ્ણાએ ઘોડો થંભાવ્યો. અને હરખભેર નીચે ઊતરીને સામો અવાજ દીધો, 'ભારતમાતાકી જય.'

'કોણ કૃષ્ણો?' કહેતા સૌ વીંટળાઈ વળ્યા.

'કોણ યેસા-માના, તમે ક્યાંથી?'

'અમે જાંબળથી આવીએ છીએ. તું એકલો છો?'

'ના. મારી સાથે લીલાબાઈ અને ટિપુરાવ છે. અમે દાદાસાહેબ પાસે જાંબળ જઈએ છીએ.'

'ના જતાં જાંબળ બાપજી.' સૌ એકસાથે પોકારી ઊઠ્યા.

'કેમ?'

'જાંબળ ઉપર મિલિટરી બેસી ગઈ છે. દાદાસાહેબને ચેતવી દીધેલા તે એ પરભાર્યા ક્યાંઇક ઊપડી ગયા છે. અમેય જાંબળ જતા'તા. અમને પણ સંદેશો મળ્યો.' આમ વાતો ચાલે છે એટલામાં ટપુ ને લીલા આવી પહોંચ્યાં. પાસે આવતાં ટપુએ પૂછ્યું, 'કોણ આપણા જ ભાઇઓ હતા ને?'

'જી હા. આપણા દોસ્તો છે. પણ સમાચાર બહુ ખરાબ લાવ્યા છે.'

'શા સમાચાર?' લીલાએ નીચે ઊતરતાં પૂછ્યું.

'કહે છે જાંબળ ઉપર મિલિટરી બેસાડી દીધી છે.'

'અને દાદાસાહેબ?'

'એ કરાડા તરફથી પાછા ફરતા હતા ત્યાં રસ્તામાં એક પોલીસપાર્ટી સાથે ભેટો થયો. ત્યાં સામસામા ગોળીબાર થયા. અને

દાદાસાહેબ વગેરે કોઇ અજાણ્યે સ્થળે નાસી ગયા.'

'અહીં સલામત ?'

'હવે એ તો રામ જાણે.'

'ગામેગામ પોલીસપલટણ છૂટી છે.'

'હવે શું થશે ટિપુરાવ.' લીલા બોલી.

'થાય શું ? આ વખતનો આપણો હુમલો વ્યાપક અને જોરદાર હતો, એટલે સરકારથી એ ન જીરવી શકાયો.'

'અરે પહેલીવાર આથી જબરજસ્ત હલ્લો કરેલો અને બસો જેટલાં ગામે ફરી વળેલા.'

'એ વખતે સરકાર નાનાંમોટાં શહેરોમાં રોકાયેલી હતી. પણ તે ગમે તેમ હોય, દાદાસાહેબ અને આપણી પંચાયત સરકારના સૈનિકો આ લોકને હાથ નહિ પડે.'

'કેમ જાણ્યું ? 'લીલા ચિંતાતુર બની પૂછવા લાગી.

'લોકોનો એમના ઉપર જે પ્રેમભાવ છે એને લીધે પોતે મરશે પણ એમને મરવા નહિ દે.'

'પણ આમ કેટલોક વખત છૂપાતા ફરશે ?'

'મહિના બે મહિનામાં સરકાર પાછી ઢીલી થઇ જશે. એટલે બિલાડીના ટોપની માફક જ્યાં હશે ત્યાંથી પાછા સૌ ઊગી નીકળશે. તમને નવાઈ લાગે છે, પણ આવા મોટા સંગ્રામોમાં એવા વિરામ આવ્યા કરે. દરેક હલ્લે આપણે જ સફળ થઇએ એવું થોડું જ હોય છે ?' આમ કહી ટપુ કૃષ્ણા તરફ વળ્યો અને બોલ્યો 'ત્યારે કૃષ્ણા, આપણે હવે કઇ બાજુ જવું તે નક્કી કરો. તમે ક્યાં જતા હતા માના ?'

'અમે તો આમ ઉગમણા થઈને આ ઔંધ રાજમાં અમારા સગાંવહાલાંમાં વેરાઈ જશું.'

'અહીંથી કોલ્હાપુર રાજ્યની હદ કેટલેક દૂર રહી?'

'આમ દખણમાં ઊતરો તો દસબાર ગાઉ માંડ હશે. નઈં કૃષ્ણા?'

'આ લોને હું સાથે છું ને.' કહી કૃષ્ણો ઘોડા પર સવાર થયો. યેસો ને માનો રામરામ કરી પોતાની ટોળી સાથે ઉગમણી દિશાએ ચાલી નીકળ્યા.

કૃષ્ણાએ આથમણો માર્ગ પડયો મૂકી દક્ષિણ તરફ ચાલવા માંડયું. લીલા અને ટપુ એની પાછળ હતા. લીલાના મગજમાં એક સામટા અનેક વિચારો ધસી આવ્યા. દાદાસાહેબને મળી પોતાનું હૈયું ખાલી કરવાનું હતું. પોતે માધુને માર્યો એ વાત કહી દાદાસાહેબ પાસેથી વધામણીનાં બે શબ્દ સાંભળવાની એની ઇચ્છા હતી. બીજાં સો ગામ કબજે કરવાનો નવો કાર્યક્રમ ગોઠવવાની અને આગેવાની પોતે લેવાની એવો વિચાર ગોઠવી રાખ્યો હતો. એમ કરીને ટપુને પોતાનું પાણી બતાવી આપવા માગતી હતી. પણ એની મનની મનમાં જ રહી ગઈ.

ટપુને પોતાના ત્રણે મિત્રોનો વિચાર આવ્યો પણ એ સૌ દાદાસાહેબ સાથે હશે એમ બીજો વિચાર આવતાં એ શમી ગયો. લોકો ઉપર સરકારી જુલમ વધારે થશે એ વિચારથી પ્રથમ તો એના પેટમાં ફાળ પડી, અને આવે પ્રસંગે લોકોની પડખે રહેવાનો પોતાનો ધર્મ છે એ વિચારે એના પગ પાછા પડવા લાગ્યા.

લીલાને પણ પહેલો વિચાર પૂરો થતાં બીજો વિચાર લોકોનો આવ્યો, અને બોલી ઊઠી: 'આ વખતે સરકાર બહુ જુલમ કરશે નહિ ટિપુરાવ?'

'જુલમ તો કરશે જ. પણ આપણે શી રીતે મદદ કરી શકીએ? મને પહેલો એ જ વિચાર આવ્યો પણ આપણી હાજરીથી ઊલટો વધારે જુલમ થાય એવો સંભવ છે. લોકો આપણને બચાવવા જાય પણ બચાવી શકે નહીં. અને ઝનૂને ચડેલા અમલદારો લોકો ઉપર ધાક બેસાડવા આપણી ઉપર એમની નજર સામે ત્રાસ ગુજારે. કેટલાક જુવાનો, ઓરતો અને બુઢ્ઢા લોકો પણ એ સહન ન કરી શકે અને પરિણામે ભયંકર ઘર્ષણ થાય. એમાં લોકોને બહુ વેઠવું પડે. એટલે અત્યારે તો શાંતિથી ખસી જવું એ જ બહેતર છે.'

થોડીવાર કોઈ કશું બોલ્યું નહીં. કલાકેક ચાલ્યા પછી ડુંગરાઉ રસ્તો પૂરો થયો અને સપાટ મેદાન શરૂ થયું. કૃષ્ણાએ આકાશ સામે જોયું. કોઈ કોઈ ઠેકાણે તારા દેખાતા હતા. એની ઉપરથી અનુમાન કરીને એ બોલ્યો: 'મધરાત ભાંગી ગઈ લાગે છે. હવે આપણે જરા ઉતાવળા ચાલી શકશું. તમે બન્ને આગળ થાઓ.'

'કેમ?'

'આગળ જતાં બે ત્રણ રસ્તા એકઠા થાય છે અને ત્યાં એક પોલીસચોકી આવે છે. પાછળથી કોઈ ઘેરી વળે તો હું જરા ધ્યાન રાખું.'

'કોલ્હાપુરની હદ હવે કેટલીક દૂર છે?' લીલાએ કહ્યું.

'સવાર પહેલાં આપણે જિલ્લાની બહાર નીકળી જશું.'

'તો બસ.'

બમણા વેગથી ત્રણે જણ આગળ વધ્યાં. એકેયની આંખમાં ઊંઘ ન હતી. લીલા જરા ઉત્સાહમાં આવી હતી. જ્યારે ઉત્સાહ-જનક વાતાવરણ હતું ત્યારે એ શોકાતુર બની ઢીલી થઈ ગઈ હતી.

અને અત્યારે ચિંતાજનક સ્થિતિ હોવા છતાં એના શરીરમાં ઉત્સાહ જણાતો હતો. એને ભવિષ્યનો માર્ગ આશાજનક લાગતો હતો. અને નવીન મનોરથનો ઉદય થયો હોય એમ એણે ઘોડાને એડી મારી ને ટપુની આગળ નીકળી મોખરે ચાલવા લાગી.

ચાર રસ્તા અને ચોકી પસાર કરી આગળ વધ્યાં એટલે કૃષ્ણાએ નીચે શ્વાસ મૂકયો અને એ હળવા મને બોલી ઊઠયો: 'હવે ભય નથી. નિરાંતે ઘોડા ચલાવો. અખંડી જિલ્લાની હદ પૂરી થઈ જશે.'

લીલાએ ઘોડો ધીમો પાડયો. ટપુ એની પાસે આવ્યો એટલે એ બોલી: 'આપણે કયાં જઈ રહ્યાં છીએ?'

'કયાં કેમ, સાંગલી.'

'ના. સાંગલી નથી જવું. અત્યારે ચોમેર આપણી શોધ ચાલી રહી હશે. બાપુને મુશ્કેલીમાં નથી મૂકવા.'

'તો પછી તમે કહો ત્યાં. દાદાસાહેબ પાસે જવું હોય તો એમની શોધ કરીએ.'

'એમ દાદાસાહેબ શાના જડે.' લીલા મંદ સ્વરે બોલી: 'એ તો કયાંઈ પાતાળમાં પેસી ગયા હશે.'

'પણ આપણે એમની ભાળ તો કઢાવવી જ જોઈએ.'

'એ તો કઢાવશું જ.' લીલા એટલું વાકય બોલીને અટકી. ટપુ સામે ઘડીભર જોઈ રહી. પણ એ કશું બોલ્યો નહીં એટલે પછી એણે જ કહી નાંખ્યું, 'આપણે થોડા દિવસ નવાગામ તરફ ચાલ્યાં જઈએ તો કેમ?'

'મને એ વિચાર આવ્યો હતો પણ તમને પરદેશીને એ નાનકડા ગામમાં સંતાડવાં મુશ્કેલ પડે.'

'હું ભાવનગર મારા ભાઈ પાસે રહીશ. કૃષ્ણો મારી સાથે રહેશે. અમે કોઇ વાર તમારી પાસે આવી જશું.'

'હા, એમ થઈ શકે.'

લીલાનું અંતર નાચી ઊઠયું. એકદમ ભાવી કલ્પનાથી મન ભરાઇ ગયું. થોડીવાર રહીને એ બોલી: 'આપણે અજવાળું થયા પહેલાં જ આ ઉપરનો વેશ ઉતારી નાખીએ.'

'હા. અને કૃષ્ણા?' ટપુએ કંઈ યાદ આવતાં પૂછયું.

'કેમ?'

'તેં પેલા પૈસા તારા ભાઇને આપી દીધા કે?'

'આપતો હતો ત્યાં એને ઘોડા લેવા મોકલ્યો એટલે મારી પાસે જ ભેટમાં બાંધેલા રહી ગયા. પણ એ તો આ સામે ગામ મારો એક નાતીલો રહે છે એની સાથે ઘોડા ને પૈસા મોકલી દેશું.'

'હવે મોકલવાની જરૂર નથી. જે થાય તે સારા માટે, લીલાબેન.'

'કેમ?'

'જુઓ આ પણ એક ઇશ્વરી સંકેત ગણવોને?'

'શું થયું?'

'મેં કૃષ્ણને કહેલું કે પેલા હરિશેઠને ત્યાંથી લીધેલા પૈસા તારા નાનાભાઈ ને આપી દેજે. એ નરસિંહને સુપરત કરે એમ વાત પણ કહેલી. પરંતુ સંયોગવશાત એની પાસે જ રહી ગયા.'

'સારું થયું ને, આપણને ખૂબ ઉપયોગી થઈ પડશે તમારો ભગવાન ખરો છે હો ટિપુરાવ, કહેવું પડશે' કહી લીલા હસી.

'તમે ભલે હસો પણ એની ઇચ્છા વિના એક પાંદડું ય હલતું નથી. જો માણસનું જ ધાર્યું થતું હોત તો આજ અત્યારે જાંબળમાં દાદાસાહેબને ખોળે આપણે સૌ કિલોલ કરતાં ન હોત?'

'એ વાત તમારી ખરી છે.'

'અહીંથી રેલ્વે લાઇન કેટલોક દૂર છે કૃષ્ણા?'

'દસ પંદર ગાઉ ખરી. પણ એ ગાઉ ઉપર આપણને કોલ્હાપુર-પૂના સર્વિસ મળે.'

'સર્વીસની મોટર આપણે શા કામની? ચાલો એ તો થઈ રહેશે. આટલામાં નદીનાળું આવે તો ત્યાં જરા વિસામો લઇએ.'

'એકાદ ગાઉ પછી આવશે.'

લીલા તો પોતાની સ્વપ્નસૃષ્ટિમાં મસ્ત હતી. ટપુ, લીલાને અને કૃષ્ણાને લઈ શી રીતે લાંબી સફર કરવી એના વિચારમાં પડ્યો હતો.

ટપુ અને લીલાની સાથે રહેવાનું મળશે અને નવો દેશ જોવા મળશે એ વિચારે કૃષ્ણો લહેરમાં આવી ગયો હતો.

પૂર્વ દિશામાં પ્રાગડના દોરા ફૂટતા આવતા હતા.

★

૨૮

મોટી મારડને પાદર સેંજળિયા કૂવા ઉપર પાંચ સાત સ્ત્રીઓ પાણી ભરતી હતી. આખો દિવસ ઘૂમટામાં સંતાડી રાખેલાં મોં કૂવાકાંઠે એકદમ મોકળાં બની ગયાં હતાં. બહારગામની દીકરીઓ ગામની વહુવારુ થઈને આવી એટલે એમનામાં જાણે આભજમીનનો ફેર પડી જતો. એવી વહુવારુ પણ કૂવાકાંઠે તો ખીલી ઊઠતી. પણ એ સ્ત્રીઓમાં એક સ્ત્રી ગામની દીકરી હોવા છતાં એના મોં ઉપર જાણે ખંભાતી વાસ્યાં હતાં. વીસેક વરસની નવજુવાન હોવા છતાં પાંત્રીસ વરસની પીઢ હોય એમ એના ચહેરા ઉપર સુકુમાર રેખાઓને બદલે કરચલીઓ પડી હતી. અને બધી જ બાઈઓ એકસામટી ખડખડાટ હસતી ત્યારે એ પોતાનાં વિશાળ નયનોને નીચે ઢાળી, કૂવાના આભલામાં મોં મરકાવતી મોટે ભાગે બીજી સ્ત્રીઓ એને જ પોતાના વિનોદનું સાધન બનાવતી. સામાન્ય રિવાજ નવી પરણીને આવેલી વહુની મશ્કરી કરવાનો હોય છે, એથી આ ઊલટું જ હતું. આજે વિનોદની શરૂઆત જ એની નવી આવેલી ભાભીએ કરીઃ ' લખમી ભાભીજી, આ અમારાં રૂખીબા તો બાળકુંવારાં રહેવાનાં છે. '

'લે રાખ હવે, એવું બોલીશ મા. એનો વર તો બાર વરસનો બેઠો છે. કાલ સવારે આવીને તેડી જશે.'

'પણ કહે છે,' ત્રીજી બાઈએ ઘડો કૂવામાં નાંખતાં કહ્યું, 'એણે તો બીજી કરી.'

'તોય શું થઇ ગ્યું.' નવી વહુ લટકો કરીને બોલી, 'મારી સાસુ કહેતાં'તાં કે આપણે રૂખીને ઘરઘાવવી છે.' સાંભળતાં બધી સ્ત્રીઓ ખડખડાટ હસી પડી. બાજુમાં પાણી ખેંચતી રૂખીના ચહેરા ઉપર ઘેરી ઉદાસીનતા છવાયેલી હતી. પોતાની ઉપર થતા વિનોદ-કટાક્ષ એના હૈયામાં તીરની માફક ખૂંચતા હતા. એને ઘણીવાર મનમાં થતું કે 'શું સાચોસાચ એ મને ભૂલી ગયા હશે. હજી ભણી રહ્યા નહીં હોય? પહેલાં તો કાગળપત્ર આવતા. હમણાં તો એ પણ બંધ છે.' આવા વિચારોમાં ઊંડું ઊતરતું મન છેક તળિયે પહોંચતું ને અંતરની આહ નીકળે એમ છેલ્લો પ્રશ્ન આવતો, 'બીજી તો નહીં કરી હોય?' અને રૂખીનું દિલ અંદર તમ્મર ખાઇને મૂર્છિત બની જતું. ક્યાંઇ સુધી એને ચેન પડતું નહીં. આવો વિનોદ કેટલીકવાર અસહ્ય બનતો તેથી એ કોઈવાર પાણી ભરવાયે ન આવતી. એટલું જ કહી દેતી 'માડી, આજ મને ઠીક નથી.'

પણ આજે બાઈઓ રમણે ચડી. રૂખીના ઊતરી ગયેલા ચહેરા સામે જોયા વિના એની ભાભીએ આગળ ચલાવ્યું, 'એમના બાપુ કહેતા'તા કે એક વરસ દી વાટ જોવી છે. પછી પાનેલીના પટેલનો મોટો દીકરો હમણાં રાંડ્યો છે એની સાથે બેનને ઘરઘાવી દેવી છે.'

'પણ તમારાં નણંદબા હા પાડશે તો ને?' લખમી લહેકો કરીને બોલી.

'અરે એને ઘેર તો રજવાડું છે. મોટરમાં ફેરવશે, સાંભળીને ફરી બાઇઓ હસી પડી. લખમીએ રૂખીને ખભામાં સહેજ ધક્કો મારી કહ્યું. 'સાંભળ્યું ના, આ તારી ભોજાઇ શું કહે છે.' રૂખીના મોં સામે જોતાં જ એનો અવાજ ફરી ગયો. ધીમે પડીને બોલી, 'ના બા ના, દખ નો લગાડીશ. ભણવા ગ્યો છે તે કાલ સવારે આવીને ઊભો રહેશે.'

આમ વાર્તા-વિનોદ કરતાં સૌએ બેડાં ભરી લીધાં. સામસામાં માથે ચડાવીને ચાલી નીકળ્યાં. સાદી અને મોતી ભરેલી ઇંઢોણી, ઉપર મોં દેખાય એવાં બેડાં ચળકતાં હતાં. જાણે માથે કશું વજન ન હોય તેમ હાસ્યવિનોદ કરતી ચાલી આવતી પનિહારીઓએ ગામનો દરવાજો આવતાં ઘૂમટ તાણી લીધા. માત્ર એકલી રૂખી ઉઘાડે મોંએ ચાલી આવતી હતી.

એ વખતે સામેથી એક જુવાન આવતો જણાયો. નવાંનકોર પાણકોરાનાં કડિયું, ચોરણી ને પાઘડી પહેરેલાં. ખભે લાલ કિનારનું ફાળિયું, હાથમાં નેતરની સોટી, પગમાં તાજા જ ખરીદ્યા હોય એવા ઘેરા કથ્થાઈ રંગના સ્લીપર હતા. નવતર આદમીને જોઈ બાઈઓ જરા ઊભી રહી. સામેથી બાઈઓને આવતી જોઈને જુવાન દરવાજામાં પેસતાં અટક્યો અને એ સૌ ગામમાં જાય એની પળવાર રાહ જોઈ રહ્યો. જુવાનની નજર રૂખી સામે પડી. એણે તો તરત ઓળખી લીધી પણ રૂખીએ એને ઓળખ્યો નહિ. એ તો નીચી નજરે સહેજ પગ ઉપાડતી ગામમાં પેઠી અને ઘૂંઘટમાંથી ટીકી ટીકીને નવા આદમી સામે જોતી બીજી બાઈઓ પણ રૂખીની પાછળ ચાલી. ચાર ડગલાં જઈને લખમી ધીમે રહીને બોલી, 'આ વળી કોણ નવતર આવ્યો?'

'હવે એવા તો સેંકડો આવે છે.'

ટપુ ધીમે પગલે પાછળ પાછળ ચાલ્યો.

જેમ જેમ ઘર આવતાં ગયાં તેમ બાઈઓ રોકાતી ગઈ. લખમીએ પોતાની ખડકીમાં પેસતાં જરા પાછું વાળીને જોયું અને મનમાં બબડી, 'કહો ન કહો, પણ આ આદમીને ક્યાંઇક જોયો હોય એવું લાગે છે.' પણ એ કશું બોલ્યા વિના ઘરમાં ચાલી ગઈ. રૂખી ને એની ભાભી ઘેર પહોંચ્યા. આંગણામાં થઈ ઓસરીને પગથિયે ચડયાં એ વખતે પાછળથી અવાજ સંભળાયો. 'દેવજી પટેલ ઘેર છે કે?'

'ઘેર નથી વાડીએ ગ્યા છે. કેમ હતું!' રૂખીએ બેડું ઉતારતાં જવાબ દીધો અને પછી ઓસરીને કોરે આવીને ઊભી રહી. એની ભાભી પણ જોઈ રહી.

ટપુ સહેજ હસતો પાસે આવ્યો અને બોલ્યો: 'કાંઈ ઓળખાણ પડે છે?' રૂખીએ નજર નોંધી અને અવાજ પારખ્યો એવી જ એની ભાભીના કાન પાસે મોં લઈ જઈને બોલી ઊઠી: 'તમારા નણદોઇ.' આટલું કહીને ઘરમાં દોડી ગઈ.

રૂખીની મા રોટલા ઘડતી હતી. એણે પૂછ્યું: 'કેમ શું છે રૂખી.'

'કોક મહેમાન આવ્યા છે.'

'ક્યાના છે?'

'બહાર જઇને જો તો ખબર પડે ને.'

રૂખીની મા રોટલો તાવડીમાં નાખીને બહાર આવી. વહુ ખાટલો ઢાળીને ઉપર ગોદડું પાથરતી હતી. ટપુ બહાર જોઇને ઊભો હતો. 'આવો ભાઈ, ક્યાંથી આવો છો?'

રૂખીની માનો અવાજ સાંભળતાં ટપુએ પાછું વાળી જોયું અને મોં મરકાવ્યું.

'લે, આ તો કેશવ પટેલ. તમે ક્યાંથી?'

'હું કાલકી આવ્યો'તો તે મારી મા કહે જા જઈને તેડી આવ.'

'સારું કર્યું. ને ભલે આવ્યા. જાઓ વહુ, આપણો પ્રેમજી અહીં પોપટિયાની દુકાને બેઠો હશે એને કહો તે વાડીએથી તમારા સસરાને તેડી આવે. કહેજો કે કેશવ પટેલ આવ્યા છે.'

ટપુએ પાઘડી ઉતારી બાજુએ મૂકી ને ખાટલા ઉપર જરા લાંબો થઈને પડ્યો. રૂખીની મા પાસે આવીને ઊભાં રહ્યાં, 'તે તમારું ભણતર પૂરું થઈ રહ્યું?'

'હા.'

'પણ તમે પાછો આપણો દેશી પહેરવેશ કરી નાંખ્યો?'

કેમ તમને નો ગમ્યો?'

'તમે જે પહેરો ઈ અરઘે છે. પણ ઓલ્યો ડરેસ આ જમાનામાં વધુ દીપે. ત્રીજી શાલ આવેલા તયેં કાળાં કોટ પાટલું પેરેલાં. સાંભરે છે?'

'મને ખાસ યાદ નથી.'

'અમને તો જરીએ જરી યાદ રહે. તમે મલકમાં ફરો તે ઘરનાં માણસનેય ભૂલી જાઓ.'

'ઘરમાં બધાં મજામાં છે ને!' ટપુએ પૂછ્યું.

'હા, સૌ સારાં છે, રૂખી પાણી લાવ દીકરા. પછી ઊનું પાણી મૂક તે નાહી લે. ક્યારે નીકળ્યા'તા?'

'કાલે રાતે. ધોરાજી આવીને રાત રહ્યો'તો.'

'તમે તો વાંચો નહીં. નિરાંતે બેસો. હમણાં પ્રેમજીના આતા આવશે.' કહીને ડોશી ઘરમાં ગયાં.

રૂખી લોટા પ્યાલો લઇને આવી. બાજુમાં મૂકીને પાછી વળી. ટપુ સાથે વાત કરતાં અજાણ્યા માણસ કરતાંય એને વધારે શરમ થતી હતી.

રૂખીની ભાભી સંદેશો કહીને પાછી આવી. ટપુ સામે જોયું ન જોયું કરીને ઘરમાં ચાલી ગઇ. પૂરી પાંચ મિનિટ ન થઈ ત્યાં લખમી વહુ ડેલીમાં પગ મૂકતાં ત્રીજે ઘેર સંભળાય એમ બોલ્યાં.' 'કોણ કેશવ પટેલ છે કે, મને વહેમ તો પડયો, પણ બોલી નહીં. હું તો તરત ઓળખી કાઢું, પણ વેશ કાઢયો છે તે!'

'આવો લખમીબેન, શાનો વેશ કાઢયો છે, આપણે કણબી-ભાઈને તો આવાં જ લૂગડાં જોઇએ ને?'

'તમે ક્યાં આપણામાં રહ્યા છો. તમે તો વિલાયતી ડરેસ-વાળા ને વિલાયતી બોલીવાળાં.'

'પછી......' ટપુ લખમી વહુ સામે જોઈ રહ્યો. એને આગળ સાંભળવાનું મન છે એમ જોઇને તેજીલી ઘોડી જેવી લખમી વહુની જીભ આગળ ચાલી, 'એટલે તો અમારાં રૂખીબેનની કોઈ દી' સંભાળ લીધી નહીં. ને મઢમો ભેળા ફર્યા કર્યા. હવે વધુ મને નો બોલાવશો. નહીંતર મારી જીભ ક્યાંઈ જશે.'

ઓરડામાં ઊભી ઊભી રૂખી હાથને ઇશારે લખમીને અંદર બોલાવતી હતી. એને બિચારીને ડર લાગતો હતો કે માંડ આંગણે આવીને બેઠા છે તે આકરું વેણ સાંભળીને ક્યાંક રિસાઈને ચાલ્યા જશે. લખમી એના મનોભાવ સમજી ગઈ અને તરત અવાજ બદલીને બોલી,

'સારું થયું આવ્યા તે. અમારે આજ સોનાનો સૂરજ ઊગ્યો. અમારાં રૂપીબેનને તેડી જવાના છો ને?'

'તમે સૌ મોકલશો તો તેડી જશું.'

'અમે હવે નહીં મોકલીએ. તમને ઘરજમાઈ કરીને રાખવા છે.'

'તોય તમારી ખુશી. દેવજી પટેલ મશારો પૂરતો આપશે તો એમનાં સાથીપણાં કરશું.'

'તમારો ભણેલા–ગણેલ માણસનો મશારો એમનાથી શે પૂરો પડે. હાથી તો રાજદરબારે જ શોભે.' કહીને લખમી ઘરમાં ગઈ.

પછી તો એકની પાછળ બીજી એમ બાઇઓ આવવા લાગી. જેમ ખબર પડતી ગઈ તેમ લાર લાગી. કોઈ લાજ કાઢીને તો કોઇ બહારથી તાડૂકતી. કોઈ મશ્કરી કરતી તો કોઈ ગંભીર બનીને ખબરઅંતર પૂછતી. ટપુ પાસે બેઘડી ઊભી રહે ને પછી ઓરડામાં જાય. એટલે તરત જ ઓરડો હસવાના અવાજથી ગાજી ઊઠે. વાતાવરણ એકદમ પલટી ગયું. ઓરડો, ઓસરી ને આંગણું જાણે હસવા માંડયાં. દેવજી પટેલ આવ્યા એટલે ટપુ ઊઠીને પગે લાગ્યો. એને બથમાં લઇને ભેટતાં, દીકરીના દુઃખે અકાળે વૃદ્ધ થયેલ દેવજીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. 'કેશવ પટેલ' કહેતાં એનો કંઠ રુંધાયો.

પળવાર બેમાંથી એકેય બોલી શકયા નહીં. ખાટલે બેઠા પછી દેવજી ટપુ સામે નીરખીને જોઈ રહ્યો. એને હજી માન્યામાં નહોતું આવતું કે વિના કારણુ રિસાઈ ગયેલો પોતાનો વહાલો જમાઈ કેશવ આજ એની સામે બેઠેલો છે. અને આ વેશે તો એને દેવજીએ છેલ્લાં પાંચ વરસથી કદી જોયો જ નહતો. વહુને તેડવા મોટેરાભાઈ, કાકો, મામો કે એવા કોઈ વડીલો આવે એવો રિવાજ હોવાથી,

કેશવ રૂખીને તેડવા આવ્યો હશે' એવું અનુમાન પણ ઝટ લઈને દેવજી કરી ન શક્યો.

'તમે સરખા બેસો.' ખાટલાની પાંગતે સાવ છેડા પર સંકોડાઇને બેઠેલા ટપુને દેવજીએ કહ્યું.

'સરખો બેઠો છું.' કહી ટપુ જરા ઠીક થઇને બેઠો.

ઘરના કુશળ સમાચાર પૂછ્યા. ટપુ ઘેર જઇને આવતો હતો એટલે એણે બધા સમાચાર આપ્યા. અને પોતે રૂખીને તેડીને નવાગામ તરફ જવાનો છે એ પણ વાત સાથેસાથ કહી દીધી.

'ગોહિલવાડમાં? એટલે બધે છેટે કયાં ગયાં?' દેવજી પટેલ બોલ્યા: 'આટલામાં કયાંઈ નોકરી ન મળે? તમ જેવાને તો ગોંડલ બાપુ જેવી કહો એવી જગ્યા આપે.'

'ત્યાં કાયમ માટે નથી. થોડો વખત અનુભવ પૂરતું.'

'સારું. સારું તમને જ્યાં ગમે ત્યાં રહો. ખુશીથી રૂખીને તેડી જાઓ. પણ જરાક બે દી' વહેલા કીધું હોત તો હું લુગડું-લતું લાવી રાખત.'

'એની કાંઇ જરૂર નથી. આપણે ત્યાં ભગવાનની મહેર છે.'

'તમારે ન્યાં તો કયાં ખોટ છે, પણ એની માને એમ રહેને કે દીકરીને બે ચીજ સાથે નો આપી!'

ટપુ દેવજી પટેલના મનોભાવ સાંભળી અંદરથી હલી જતો હતે છતાં ઉપરથી મન મજબુત રાખી બોલ્યો.

'એ તો હું એમને સમજાવી દઈશ.'

'ભલે, ભલે, તમને જેમ ગમે એમ કરજો.' કોઈ પણ રીતે જમાઇનું મન રાખવા માગતા દેવજીએ વાત સંકેલી લીધી અને ઊઠીને ઘરમાં ગયો.

રૂખીને વળાવવાની તૈયારીઓ થવા લાગી. તેવતેવડી સાહેલીઓ આવીને વિનોદ–વાર્તા કરતી તૈયારીમાં મદદ કરવા માંડી. રૂખીની માને તો બિચારીને વિચાર થઈ પડ્યો કે આમ એકદમ શી રીતે તૈયાર કરવી ? આખરે પોતાની માએ વરસો પહેલાં આણામાં આપેલ કપડાંની બચકી એણે પટારામાંથી કાઢી અને એમાંથી રેશમી, સુતરાઉ, ભરત ભરેલાં ને સાદાં લુગડાં કાઢયાં. રૂખી વારંવાર કહી રહી હતી ' માડી, મારે કંઇ જોતું નથી. અને ત્યાં પારકે પરદેશ હું આ બધું કયાં સાચવીશ ! '

પણ એની માએ એ શબ્દો સાંભળ્યા વિના જ બધું બાંધવા માંડયું.

બપોરે રૂખીનો ભાઇ ભગવાન ઘેર આવ્યો. ટપુનો એ દોસ્ત હતો. છ બાર મહિના બન્ને સાથે ભણેલા. પછી ભગવાન ઊઠી ગયેલો. મળતાં જ બેય જણ ભેટી પડયા. ભગવાને ઠપકાનાં બે વેણ કહ્યાં તે ટપુએ હસીને સાંભળી લીધાં. ' બીજું કાંઈ નહિ કેશવ, મારાં ઘરડાં માબાપ આના દુ:ખે અર્ધાં થઈ ગયાં. '

' હશે હવે ગઇ ગુજરી ભૂલી જાઓ. '

' ભૂલી તો જવું જ -ને. પણ તમારે સુધરેલા માણસોએ આમ નો કરવું જોઇએ. આમ જેવા અભણ કરે તો એનો ધોખો ન થાય. '

ભગવાનનો અવાજ સાંભળી અંદરથી એની માએ સાદ કર્યો ' ભગવાન, અહીં આવજે. '

ભગવાન ઘરમાં ગયો એટલે આંખો કાઢીને ડોશી બોલ્યાં, 'હવે તું ભલો થઇને એમને કાંઇ કહીશ મા, ઈ પંડે તો લાખ રૂપિયાનો છે. કારસ્તાન બધાં એની માનાં છે. એને એના ભાઇની છોડી લાવવી'તી. તું નથી જાણતો. હવે નાહક એમનો જીવ નો દુભવીશ. '

ચોવીસ કલાકમાં તૈયારીઓ પૂરી થઈ. જવાની ઘડી આવી; આડોશપાડોશની સ્ત્રીઓથી આંગણું ભરાઈ ગયું. હેતાળ ભાભીએ અને સ્નેહાળ સાહેલીઓએ શણગારેલી રૂખી, હીબકાં ભરીને રડતી હતી. એક પછી એક એને બથમાં લઈને ભેટતાં તેમ તેમ સૌના વિયોગ દુઃખનો પડઘો એના હૈયામાં પડતો હતો. ભાવી સુખની કલ્પનાથી એ વિયોગ દુઃખ જરાપણ હળવું પડતું નહતું.

આખરે પાદરમાં સૌ ઊભાં રહ્યાં. ભગવાન ગાડે બેઠો હાકલ કરી રહ્યો હતો. એના હાથમાં ધોરી રહેતા નહોતા. ટપુ દેવજી પટેલ અને સાસુને પગે લાગ્યો. દુખડાં લેતાં એ બોલી: 'સો વરસના થાઓ ને તમારાં માબાપનું ઘડપણ પાળો એવી અંતરની આશીષ દીધી અને મારી રૂખીને સાચવજો' કહેતાં ગળગળાં બની આંસુ લૂછ્યાં.

રૂખી ગાડે બેઠી અને ભગવાને બળદ હાંકી મૂક્યા. ગાડાના ધડધડાટમાં 'આવજો' 'આવજો'ના સૂર ઢંકાઈ ગયા.

★

વરતેજના સ્ટેશનમાં ગાડી ઊભી રહે તે પહેલાં ‘ ટપુભાઈ,’ ના અવાજથી કાનાએ સ્ટેશન ગજવી મૂકયું. છેક આગળના ડબ્બામાંથી ટપુએ મોઢું બહાર કાઢી હાથ હલાવ્યો. એટલે કાનો દોડતો ત્યાં પહોંચ્યો. ઝપાટાબંધ સામાન ઉતારી લીધો. પછી રૂખી નીચે ઊતરી, ટપુ ઊતર્યો એવો કાનો પગમાં પડયો. ટપુએ હાથ પકડીને ઊભો કર્યો, ‘ બહુ રોકાઈ ગ્યા ભાઈ, શરીર બહુ લેવાઈ ગયું છે.’

‘ માંદગી હતી ને ! ’

‘ આ કાનાભાઈ ? ’ રૂખીએ હસીને પૂછ્યું.

‘ હા એ જ. ’

કાનો ઘડીભર રૂખી સામે જોઈ રહ્યો. એણે કલ્પના કરી હતી એવી જ રૂખી હતી. કપાળમાં મોટો ચાંદલો, ગળામાં માદરડી, હાથમાં ચુડલીઓ ને વીંટી, પગમાં અંગુઠિયાં, કસુંબલ સાડી પહેરીને ટપુની બાજુમાં ઊભેલી રૂખી કાનાએ ધારી હતી એવી જ નમણી અને શરમાળ હતી. હવે પોતાના આનંદમાં ઓર વધારો થશે એ

વિચારે કાનો રાજી થયો. ઉત્સાહમાં આવીને એણે બે હાથમાં અને એક કાખમાં એમ ત્રણ મુદ્દા ઉપાડયા. ટપુએ એક લઈ લીધો. ટ્રંક રૂખીએ ઉપાડી લીધી. બહાર આવી ગાડામાં સામાન મૂકયો. કૂણું ઘાસ પાથરી ઉપર ગોદડી પાથરી હતી. ટપુ અને રૂખી બેસી ગયાં. કાનાએ ગાડું ચલાવ્યું 'બળદ પણ તમને ઓળખી ગયા છે હો ટપુભાઇ.'

'હા, મને જોઇને માથાં ધુણાવતા હતા ને. લાવ હું હાંકું ?'

'ના ના. તમે બેઠા આવો.'

'કેમ બધાં મજામાં છે ને !'

'મજામાં. પણ તમારી વના ગામ સૂનું લાગતું 'તું.'

'તને લાગતું હશે.'

'મને એકલાને નહીં, હેતુબેનને, પરબતને, રૂડા આતાને, આપણા પાડોશી ધના કાકા તો રોજ સમાચાર પૂછે છે. ઓલ્યો લખમણ ને કરશન જ્યારે મળે ત્યારે પૂછે કે ટપુભાઈ કયારે આવશે. અરે આપણો અલિયો ઘાંચી કાલ પૂછતો તો ને.'

'હા, અલીભાઈ ખરો. એકવાર એના એકામાં કાન્તાબેનને લઈ હું ભાવનગર ગયેલો.'

'કાન્તાબેન કોણ ?' રૂખીએ પૂછ્યું.

'અહીં ખાદી કાર્યાલયવાળા ત્રિનુભાઈ છે એનાં વહુ.'

'ઇ વિનુભાઈ છૂટીને આવી ગયા હો ભાઈ,' કાનાએ કહ્યું.

'હોય નહિ ?'

'મારા સમ. કાન્તાબેન ને ઇ બેય જણ આવતાં રહ્યાં.'

'મને એમ લાગતું હતું કે વધારે દિવસ એમને નહીં રાખે.'

'અરે એવું ગજુ છે, અદેસિંગભાઇને મારવાનું, ઇ તો કોઈ લાલ આંખવાળાનાં કામ. આ તો બિચારા મરતાંને મર નો કહે એવા છે.'

'સારું થયું આવી ગયા. બીજા શા નવીન છે?'

છેક ગામના ઝાંપા સુધી કાનાની વાતો ચાલ્યા કરી.

વાડીનો રસ્તો મૂકીને ગાડું ગામ તરફ વળ્યું એટલે ટપુએ પૂછ્યું 'કેમ કાનાભાઇ, આમ હાંક્યું?'

'દેવુબેને કીધું છે કે સીધા ઘેર લઇ આવજો.'

'તો ઊભું રાખ. મને ઊતરી જવા દે.'

'કેમ બેઠા આવોને. તમારે પરદેશીને શી હરકત છે?'

'નવાગામમાં હું પરદેશી કે'વાઉં ગાંડા, ઊભું રાખ.'

ગાડું ઊભુ રહ્યું. ટપુ જોડા પહેરી નીચે ઊતર્યો. રૂખીએ લાજ કાઢવા પાલવ સરખો કર્યો એવો જ ટપુ બોલી ઊઠયો.

'લાજ નહીં કાઢવાની.'

'પણ મને ઉઘાડે મોઢે શરમ લાગે.'

'એમાં શરમ શાની, નીચે જોઇને બેસવું.'

કાનો રૂખીની સામે જોઇને બોલ્યો, 'ટપુભાઈએ મને ય સાવ શરમ વનાનો કરી દીધો છે, તમને ય આવાં તો કેટલાંય દખ દેશે. જોજો ને!'

'એમને પનારે પડયાં એટલે દખ વેઠશું બીજું શું.'

ગામમાં પેસતાં જ શંકરગર સામો મળ્યો. ટપુને જોતાં જ મોઢેથી આવકાર આપ્યો, 'એ જય સાબ, ટપુભાઇ આવી પહોંચ્યા.'

'પગે લાગીએ બાવાજી' કહીને ટપુએ હાથ જોડયા. આગળ

આલ્યા ત્યાં ચોરા આગળ લખમણ મળ્યો. એણે દોડીને ટપુને બથમાં બીડી લીધો. સામેથી કરશન આવ્યો એણે રામરામ કર્યાં.

રૂડો રાહ જોઇ રહ્યો હતો. એણે દૂરથી ગાડું આવતું જોયું, 'દીપાશેઠ, ટપુભાઇ આવી ગયો' કહેતાં રૂડો ઊભો થયો. ગાડું નજીક આવીને ખાંચામાં વળ્યું એટલે પોતે નીચે ઊતરીને સામે આવ્યો. ટપુએ ઉતાવળા આવી નીચા નમીને પ્રણામ કર્યાં. રૂડાએ ટપુના હાથ પકડી લીધા અને ઊભો કર્યો. દીપાશેઠ, રામોપગી સૌ વારા ફરતી મળ્યા. 'આવ ટપુભાઇ,' કહી રૂડો ટપુને બેઠકમાં લઇ ગયો. રસ્તે જતા બેચાર જણ ટપુને જોઇને અંદર આવ્યા. રૂડાએ ટપુના કુશળ સમાચાર પૂછ્યા 'ટપુભાઇ, લેવાઈ ગ્યા' દીપાશેઠે શરૂઆત કરી.

'માંદગી ગઈ ખરીને.' રૂડાએ જવાબ આપ્યો. 'હવે તો ઠીક રહે છે ને?'

'હા. હવે સારું છે.'

'અમે તમને કાગળ લખવાનો વિચાર કરતા' દીપાશેઠે કહ્યું, 'પણ તમારું ઠેકાણું પૂરું ન મળે. તમે કાગળ લખ્યો એમાંય ક્યાંઈ ન જડ્યું.'

'ચોક્કસ નહોતું એટલે શું લખવું?'

જીવો વાળંદ પાણીનો લોટો હાથમાં આપતાં બોલ્યો 'ટપુભાઇ તમે કયે મલક ઊતરી ગ્યા'તા?'

'એલા પાણી લાવ્યો?' રૂડાએ ઊંચે જોઇને પૂછ્યું, 'દેવુબેનને પૂછ ખાવાનું તૈયાર હોય તો જમવા બેસે. રહેવા દે ટપુભાઈ, નરણે કોઠે પાણી નો પીશ.'

રૂડાનો શબ્દ અંદર જઈ ને પાછો વળે એમ જીવો જઇને પાછો વળ્યો 'તૈયાર છે.'

'ઊઠો ત્યારે.'

ટપુ ઊઠીને ઘરમાં ગયો. ટપુને આવતો જોઈને ગંગા ઓરડામાંથી બહાર આવી. ટપુ પગે લાગ્યો. ગંગાએ દુખણાં લીધાં અને બોલી 'આજ મારો પરબત પરણીને આવ્યો હોય એટલો મને આનંદ થાય છે.'

'ક્યાં ગયાં દેવુબેન?' ટપુએ ઓરડામાં નજર કરતાં પૂછ્યું. તરત જ અંદરથી અવાજ આવ્યો 'મારે તમારી સાથે બોલવું જ નથી જાઓ.'

'હું તો વહેલો આવતો'તો પણ મારા સસરા કહે કે આપણે એટલે છેટે નથી જાવું. મારી દીકરી મુંઝાય. અહીં આપણે ત્યાં જ સાથી રહી જાઓ.'

'સાંભળીને રૂખીએ દેવુના કાનમાં કહ્યું, 'મશ્કરી કરે છે હો. એક દિ'યે રોકાણા નથી. મારી મા બચારી રાતે પાણીએ રોતી'તી.'

'હું એને નથી ઓળખતી! પોતાનું જ ધાર્યું કરનારો છે કાં!'

'ટપુએ હસીને રૂખી સામે જોયું અને પછી એવે જ વિનોદભર્યા અવાજે કહ્યું:

'તમે કહેતાં'તાને કે મને અજાણ્યામાં નહીં ગમે? અહીં તો દેવુબેનની સોડમાં ભરાઈને બેઠાં છો.'

'ઈ આગલા જનમની મારી નાનેરીબેન છે.'

'ઠીક લ્યો હવે ભૂખ લાગી છે જમવા આપો.'

'ઊઠ દેવુ, ટપુ સારુ ત્યાં પાટલા ઢાળ, અને અહીં વહુને આણીકોર બેસાડ. બચારા કોણ જાણે ક્યારેય જમ્યાં હશે.'

'મારગમાં ભાતું ખાધું'તું મા' રૂખી બોલી.

'ભાતામાં કાંઇ પેટ નો ભરાય'

ભાણું પીરસાયાં. હાથ મોં ધોઇને ટપુ જમવા બેઠો. એટલામાં પારવતી વાડીએ પરબતને ભાત આપવા ગયેલી તે આવી પહોંચી.

'લ્યો, ન્યાં વાડીએ તમારા ભાઇ વાટ જુએ છે ને અહીં મહેમાનરાજ જમવા બેસી ગયા છે.'

'હું તો સીધો વાડીએ જતો'તો. કાનો આગ્રહ કરી લઇ આવ્યો.'

'ભલે લાવ્યો. હું તો અમસ્થી હસું છું.' પારવતી ધીમે રહીને બોલી 'દેવુએને સવારથી જ નક્કી કરી રાખ્યું'તું. ઠીક, અમારાં વહુને ક્યાં સંતાડી દીધાં?' કહેતી પારવતી ચારે કોર જોવા લાગી. રસોડા પાસે જમતી રૂખીને જોઇને બોલી 'ના, છે તો મજાનાં, રૂડાં રૂપાળાં.'

દેવુએ ટપુને પીરસતાં પીરસતાં વાત કરી દીધી 'તારે હવે વાડીએ રહેવાનું નથી. અહીં સામે એક ખડકીબંધ ઘર છે ઈ વાળીચોળીને તૈયાર કરી રાખ્યું છે.'

'પણ મને ગામમાં નહિ ફાવે.'

'બધુંય ફાવે. બાઇમાણસથી ત્યાં જંગલમાં એકલાં નો રહેવાય. ચોમાસાના ચાર મહિના ગામમાં રહે. દિવાળી પછી જવું હોય તો વાડીએ જજો.'

'ઠીક જોઇશું.'

'જોવું શું? કાને બધો સામાન ત્યાં જ ઉતાર્યો છે અને મારાં ભાભીને ઘર ગમ્યું છે.'

'આગલા જનમની નાનીબેન હતી ને ભાભી ક્યાંથી થઇ ગઇ?'

'ભાભી કહે જેવું મીઠું લાગે એવું બેન કીધે નો લાગે' ખબર છે?'

'ઠીક, તમારે જે કહેવું હોય ઈ કહેજો.'

ટપુ જમી કારવીને વાડીએ ચાલ્યો. રૂડાએ કહ્યું 'થાક્યો પાક્યો અત્યારે રહેવા દે. સાંજકનો ટાઢે પોર જજે.'

'હું પરબતભાઇને મળી આવું' કહીને એ ચાલ્યો.

આ બાજુ દેવુ જમી પરવારીને રૂખીની સાથે નવે ઘેર આવી. 'દેવુબેન, તમે તો બધું વળાવીને સાફ કરાવી રાખ્યું છે.'

'મેં મારે હાથે જાળાં પાડયાં છે. કાલ આખો દિ' મથી ત્યારે 'આટલું સાફ થયું. આ રાંધણિયામાં તો કાંઇ બાવાં બાઝયાં 'તાં!' બહાર નીકળી તયેં મોઢું કાળું મેશ થઈ ગયેલું.'

'પંડે શા સારુ કરીએ. તમારે તો ઘણુંય માણસ છે.'

'પારકે હાથે આવું ચોખ્ખું નો થાય. અને પાછું ટપુભાઇને ચોણીવીસ નો ચાલે. તનેય ખબર પડશે જોજે ને.'

'હું તો એમની ભેગી કયાં રહી જ છું.' કહેતાં રૂખી દયામણે ચહેરે જોઈ રહી.

'ના. ના. ટપુભાઈનો સ્વભાવ બહુ સારો છે' દેવુ બોલી. 'ગામ આખામાં કોઇને ઊંચે વેણે બોલાવે નહીં, સૌની ઉપર હેત રાખે, તો તને ઘરનાં માણસને શેની ઊણપ રહેવા દેશે? તું તો ભાગ્યશાળી છો બેન!' કહેતાં દેવુનો ચહેરો ને અવાજ ઊતરી ગયાં.

રૂખી એનું કારણ સમજી શકી નહિ. પળવાર પછી ઊંડો નિઃસાસો નાખીને દેવુ ઊઠી 'લ્યો રૂખીભાભી, સામાન છોડો એટલે બધું સરખું મૂકી દઈએ.'

'હા લ્યો. છોડું.'

'કેમ દેવુબા કયાં ગયાં?' કહેતી અમૃત બારણું ઉઘાડીને અંદર આવી.

'આવ, અમૃતવહુ, તારી જ વાટ જોતી'તી.' દેવુ બોલી. 'જો આપણા લાલાકુંભારને ઘેર જઈને કહે કે સારા શિયાળુ બે ગોળા, બે નાના પાટિયા, બેત્રણ નાની દોણી ને મટકાં, લોટકા, તાવડી, બધું એક સુંડલામાં ભરીને અહીં મૂકી જાય. લાલકો પડે નહોય તો એની વહુને કહેજે. પણ હમણાં ને હમણાં પુગી જવું જોઈએ.'

'હું તો તમારો સંદેશો પોગાડું.'

'અરે સંદેશાવાળી. હારે લેતી આવ.'

'સારું ભાઇશા'બ, જેવો તમારો હુકમ.'

'અને જો અમૃતવહુ, જરાક ઊભી રહે, સાંભળી લે પૂરું. ગાંડાની જેમ ભાગ મા.'

'હા, કહો સાંભળું છું.' ખડકીમાં મોં રાખીને અમૃત બોલી.

'શામકા લુવારને ન્યાંથી એક તવેથો ને સાંણશી લેતી આવજે.'

'ઈ આપશે?'

'મારું નામ દેજે ને તું તારે.'

'ભલે.'

'અને છગના સુતારની કોઢે થતી અવાજે. એને કહીએ કે પાણિયારું જરા સમુ કરવું છે તે ઊભો ઊભો આવી જાય.'

'તમે એક કામમાં દસ કામ ચીંધો છો, દેવુબા.' કહેતી અમૃત ચાલી ગઈ.

થોડીવારે કંઈક યાદ આવ્યું એટલે દેવુ ખડકીનું બારણું ઉઘાડીને બહાર ડોકાઈ. સાત આઠ વરસની એક છોકરી પસાર થઈ એને સાદ કર્યો 'એય છોડી, પમકી, અહીં આવ. દીપાશેઠના નાનકાને કહેજે કે તને દેવુબેન બોલાવે છે. હમણાં ને હમણાં હોં.'

'હા'

દેવુ અંદર આવી એટલે રૂખીએ આભારભરી નજરે સામુ જોઈને કહ્યું 'તમારે તો છીએ કામ થાય છે. દેવુબા ?'

'અરે આ ગામનાં લોક ઈ વગર સીધા હાલે એવા નથી.'

સાંજ સુધીમાં તો દેવુએ ઘર વ્યવસ્થિત કરી દીધું. માટલામાં અનાજ ભર્યું. ઘઉં, બાજરો, જાર, મગ, અડદ એમ બધી ચીજ થોડી થોડી પોતાને ઘેરથી મંગાવીને ભરી. ભરતાં ભરતાં બોલતી ગઈ 'હવે ટપુભાઈ અહીં ઘેર ખાશે. વાડીએ કામ હોય તયેં તમારે ભાત પોગાડવું. મારા આતા કહે, એને બે જણને જોઈએ એટલા દાણા ઘરમાં ભરી દેજે.'

'અમે તો અહીં તમારે આશરે આવીને રહ્યાં છીએ.'

'એમાં ક્યાં પાડ કરીએ છીએ. ટપુના આવ્યા કેડે વાડી કેવી સુધરી ગઈ છે. ઈ તો તમે જોશો ત્યારે ખબર પડશે.'

'એમને ખેડનું કામ ફાવે છે ?'

'લે, કણબીના દીકરાને ખેડ નો ફાવે ?'

'એમણે કોઈ દિ' કરેલ નથી એટલે પૂછ્યું.' રૂખી સ્વાભાવિક અવાજે બોલી 'ઈ તો આજ દિ' સુધી ભણતા'તા.'

'હોય નહીં ?'

'તમારા સમ. દસબાર અંગરેજી ભણ્યા છે, મુંબઈની ઓલીકોર ભણવા ગ્યા'તા. અને આ આપણો પહેરવેશ તમારે ગામ આવ્યા કેડે પહેરે છે. નહીંતર તો કોટ પાટલુ ને માથે ટોપી પહેરતા.'

દેવુ માટલીમાં મગ ભરતી ભરતી રૂખીની સામે આશ્ચર્યમુગ્ધ બનીને અનિમેષ નયને જોઈ રહી. પછી મનમાં ઘડ બેસાડતી હોય

તેમ ધીમે રહીને બોલી: 'અહીં આવ્યો ઈ વખતે મને થતું જ હતું કે આણે કોઈ દી' કામ કર્યું લાગતું નથી. અને હળ ઝાલે તો'ય આડા અવળા ચાસ થાય. હવે વાતનો મેળ મળ્યો. પણ એટલું બધું ભણ્યો છે તો પછી અહીં પારકે ઘેર સાથીપણા શા સારુ કરે છે?'

'ઈ આપણે બાઈ માણસ શું જાણીએ?'

'બાઈ માણસ થયાં તેથી શું થઈ ગ્યું, જાણવું તો જોઈએ જ ને. આજ સાંજે ઘેર આવે એટલે એની વાત છે.'

*

દેવુ કામ કરતી કરતી ઊંડા વિચારમાં પડી ગઈ. ઉતરડ કરી, દૂધ, દહીં માટે શીકાં બાંધ્યાં. કપડાં માટે વળગણી તૈયાર કરાવી. પાણિયારું સરખું કરાવ્યું અને એ બધું કરાવતાં મનમાં એક જ વિચાર ઘોળાયા કર્યો. 'ટપુ ભણ્યો હશે પણ આ કહે છે એટલું બધું નહીં હોય. આ બાઈ બિચારી ભોળી છે તે એને બનાવતો હશે.'

થોડીવાર રહીને વળી વિચાર આવ્યો: 'ટપુભાઈ એમ કોઈને બનાવે તો નહીં, અને એમ કાંઈ રૂખી અણસમજુ નથી. ડાહી ને સમજણી છે.'

દેવુએ મગજને ઘણી કસરત આપી પણ એનાથી કોયડો ઊકલ્યો નહીં. આખરે એ ઠીકઠાક કરીને ઘેર ગઈ. જતાં જતાં કહેતી ગઈ, 'રૂખી ભાભી, આજ રાતે વાળુ આપણે સાથે કરશું. કાલથી અહીં મુરત કરજો. બુધવાર છે એટલે વારેય સારો છે.'

'ભલે, એમ કરશું.'

રસ્તે જતી મણિવહુએ ખડકી ઉઘાડીને અંદર ડોકિયું કર્યું.

દેવુને જોઈને બોલી: 'વાહ, દેવુબેને તો ટપુભાઈનું ઘર સરસ માંડી દીધું. ભાભી નશીબદાર છે. શું નામ છે ભાભીનું?'

'રૂખમણીબેન.'

'વાહ નામેય મજાનું છે.'

'આવોને બહેન અંદર' રૂખીએ આવકાર આપ્યો.

'આવીશ પછી નિરાંતે' કહી મણિ ચાલી ગઈ.

થોડીવાર થઈ ત્યાં ફરી ખડકીનું બારણું ઊઘડયું. 'ટપુભાઈ છે કે?' કોઈ સંસ્કારી યુવતિનો અવાજ સંભળાયો. રૂખી કપડાં સરખાં કરીને મૂકતી હતી તે બહાર આવી. ખાદીની સફેદ સાડી, કપાળમાં ચાંદલો નહીં, હાથમાં બંગડી નહીં, સાધ્વી જેવી બાઈને આંગણામાં ઊભેલી જોઈને રૂખીએ આવકાર આપ્યો: 'આવો બહેન' અને અંદરથી ભરત ભરેલી સુંદર ગાદલી લાવીને ઓસરીમાં પાથરી 'બેસો. આ કાન્તાબેન કહે છે ઈ તો નહીં?' કહીને રૂખી સામું જોઈ રહી.

'હા' કાન્તા બોલી: 'તમે કયાંથી ઓળખો?'

'રસ્તામાં વાત કરતા'તા.'

'ટપુભાઈ તો અમારે સગા ભાઈ જેવા છે. અમે એમની ખૂબ રાહ જોતાં હતાં. તમને તેડતા આવ્યા એ પણ સારું થયું. આ ઘર પણ ઠીક મળી ગયું છે.'

'એમનો વિચાર તો વાડીએ રહેવાનો હતો પણ દેવુબેન કહે કે ચોમાસામાં વાડીએ નહીં ફાવે.'

'સાચું છે. અને તમને ત્યાં એકલું એકલું લાગે. અહીં તો બેઘડી દેવુબેનને ઘેર તો બેઘડી અમારે ત્યાં બેસવા ઊઠવા અવાય ને?'

'તમારે ત્યાં કાંતવાનું કામ હાલે છે?'

'હા. અમે હમણાં ઝીણું સૂતર કંતાવીએ છીએ અને કરડાવીએ છીએ.'

'અમારા ગામમાં ય ખાદી કાર્યાલય છે. હું કાંતવા પૂણીઓ લઈ આવતી. કોઈવાર ગારગોરમટી કરવા જતી.'

'તે અહીંયાં તમારે જોઈશે તો કામ આપશું.'

'કામ વિના મને તો નો ગમે. હમણાં બે દહાડા ઘરનું કામ છે. પછી છૂટક દાડીએ જઈશ, નહીંતર તમ જેવાનું કામ કરશું. આપણો દિવસ જાય અને કમાણીમાં બરકત દેખાય. અટાણે મોંઘવારીમાં એકલે પંડે કેમ પોગાય?'

'એ તો છે જ ને. તમને કાંતવામાં બહુ નહિ મળે પણ તમને ફાવશે તો બીજું કામ આપશું. મને ઠીક રહેતું નથી તે પાણી, વાસણ ને કપડાં દઈ કરાવું છું. અને હમણાં એક બાલવાડી કરી છે!'

'બગીચો કર્યો છે?'

'વાડી એટલે ફૂલવાડી નહીં. નાનાં છોકરાંને રમાડવાની નિશાળ. એને નવરાવવાં, ધોવરાવવાં, વાર્તાઓ કહેવી, ગીત ગાવાં.'

'વાહ ઈ તો મને બહુ ગમે.'

'તમારે તો ફક્ત બાળકોનાં કપડાં ધોવાં, પાણી ભરવું નાસ્તાના વાસણ ઊટકવાં.'

'તમે કહેશો તો મને વાર્તા ને ગીત પણ આવડે છે. પગાર શું આલશો?'

'એ બધું ટપુભાઈ સાથે નક્કી કરી લેશું.'

'ભલે ખુશીથી. દેવુમેન જેવા નેં તમ જેવાની ઓથ છે તો અમારા ગરીબ માણસનો નભાવ થાય છે.'

'નભાવ તો સૌનો ભગવાન કરે છે.' કહી કાન્તા ઘરમાં નજર કરવા લાગી: 'તમે તો એક દિવસમાં સુંદર રીતે વસાવી દીધું.'

'હજી ગોઠવતી જાઉં છું.'

'કંઈ જોઇતું-કારવતું મંગાવજો. આ માટીનાં વાસણ બહુ મજાનાં લાવ્યાં.'

'અમારે ઘેર તો ત્રાંબા પિત્તળનાં વાસણની માંડો ભરી છે.'

'તમે ભૂલો છો રૂખીબેન, આ માટીનાં વાસણમાં રસોઈ બહુ મીઠી થાય. મને તો બહુ ભાવે.'

'તો આવજો કોઈવાર ખવરાવીશ.'

'હવે તો આવીશ જ ને. લ્યો બેસો. અમારે ભોજનનો સમય થશે.'

'અટાણમાં ?'

'હા. અમારે દિવસ છતાં જમવાનું. સાડા સાત વાગે તો પ્રાર્થનાનો ટાઇમ થાય.'

'અમે તો દી' આથમ્યા સુધી ખેતરે હોઇએ. ઘેર આવતાં રાત પડે. તમારું નસીબદારનું બધું ટેમશર કામ.'

'નસીબદાર તો ઠીક પણ જીવનમાં અમુક નિયમિતતા તો હોવી જ જોઈએ ને ?'

રૂખી એમાં કશું સમજી નહીં. કાન્તા ઊભી થઈને ચાલી એટલે ખડકી સુધી વળાવા ગઈ. કાન્તાએ બે હાથ જોડી નમસ્કાર કર્યા, રૂખીએ કહ્યું 'આવજો !'

'જરૂર આવીશ. રાતે ટપુભાઇને મોકલજો.'

'સારું.'

કાન્તા ગયા પછી રૂખી વિચાર કરવા લાગી. ' પારકા ગામમાં સીમની દાડિયું કરવી ઈ કરતાં સુંવાળાં માણુસને ઘેર ટાઢે છાંયડે કામ કરવું સારું. વળી વારેવારે મને બધાં યાદ આવ્યા કરે છે, નાનાં છોકરાં ભેગાં રમીએ એમાં ભૂલાઈ જાય. રાતે આવે એટલે વાત કરું. મહિને પંદર વીસનો પગાર આપશે તોય ઘણો. '

આ રીતે ઘરની ગોઠવણીમાં અને ભવિષ્યના કામના વિચારોમાં રૂખીનો પહેલો દિવસ પસાર થઈ ગયો.

*

રાતે વાળુ પાણી કરીને હંમેશના રિવાજ મુજબ રૂડો બહાર બાંકડે આવીને બેઠો. સામે આઠ દસ જણનો ડાયરો જામ્યો. ટપુ પણ આવીને સૌની સાથે બેઠો. થોડીવાર આડાઅવળી વાતો ચાલ્યા પછી રૂડાએ ટપુ સામે જોઇને પૂછ્યું ' કેમ ટપુભાઇ, તમે ગયા'તા ઈ મુલકમાં લડાઈ કેવીક હાલે છે ? '

' ઈ મુલકની શી વાત કરવી ! ' ટપુ બોલ્યો. ' તમે પુના સતારાનું નામ સાંભળ્યું હશે. '

' અમારા વેવાઈનો દીકરો પુનામાં ખેતીવાડી કોલેજમાં ગઇ સાલે જ ભણવા ગયો છે. '

' મુલક બધો પહાડી, નહીં ટપુભાઈ ? '

' આથમણો બધો ડુંગરાઉ ને ઉગમણો સપાટ મેદાન. મીરજ તો મેદાનમાં જ આવેલું છે.

' આ પંચગની કેં' છે ઈ ? '

' પંચગની ડુંગરાની ટોચે. '

' આપણે હવે લડાઈની વાત કરોને, આપણે ક્યાં ભૂગોળની પરીક્ષા દેવી છે ? ' દીપાશેઠ અધીરા થઈને બોલ્યા.

'ત્યાંના લોકો સંપીલા બહુ અને સાફ દિલના બહાદુર પણ ખરા. એ લોકોએ સતારા ફરતાં સો ગામમાં રૈયતનું રાજ્ય થાપી દીધેલું !'

'કોઈ રાજા નહીં ?' દીપોશેઠ વચ્ચે બોલ્યો.

'સાંભળો તો ખરા.' રૂડાએ કહ્યું.

'ગામનો પટેલ અને બીજા ચાર માણુસનું પંચ નીમેલું એ બધો કારભાર ચલાવે.'

'વાહ.'

'કોરટ કચેરી ગામમાં, કજીયા પંચ પતાવે, પોલીસ ગામની. ગામને જરૂર જેટલું અનાજ રાખીને વધે તો સરકારને આપે. નહિ-તર રામરામઃ'

'સરકાર વધારે લેવા માગે તો ?'

'તો એક સંપ થઈને સામા થાય. એક ગામમાં મામલતદારે જપ્તીનો હુકમ આપ્યો તો એને ને પોલીસપાર્ટીને બાંધીને ગામ બહાર મૂકી આવ્યા.'

'ભારે જબરા ભાઈ.'

'આ તો સરકારની વાત થઈ, પણ ગામનું દૂધ, ઘી બાજુના શહેરમાં જતું એ બંધ કર્યું. એકેય ગામમાંથી દૂધ બહારગામ હોટલમાં ન જાય. પંચનો ઠરાવ એટલે હનુમાનની આણ જેવો કોઈથી લોપાય નહીં.'

'આપણા તો રસકસ બધાં શેરમાં તણાઈ જાય છે ?

'આપણે ત્યાં સૌ ધારે તો ફરતાં ચોવીસ ગામમાં એવો જ બંદોબસ્ત થઈ જાય. એક સંપ હોય તો બધું સહેલું છે.'

'આપણું દરબારી ખાતું ટપુભાઈ' રૂડા બોલ્યો.

'દરબારી ખાતું છે તેથી તો વધારે ફાવે.' ટપુ બોલ્યો 'દીપા-શેઠ, સાચું પૂછો તો હું ઈ બધી વાતો સાંભળતો'તો ને મને મનમાં કાંઈ કાંઈ થઈ જતું'તું. ક્યારે તમને સૌને મળું ને ક્યારે વાત કરું એમ થતું. રૂડાભાઈને વાળુ કરતાં થોડીક વાતો કરી તે એમનેય ગળે ઊતરી ગઈ. અને એમણે કીધું કે સૌની આગળ વાત કરી દેખાડજે.'

'ના, વાત તો મુદ્દાની છે.' ધનો પટેલ બોલ્યો 'આમાં આપણા હિતની વાત છે. પણ એક સંપ હોવો જોઈએ.'

'ઈ તો છે જ ને.'

થોડીવાર એની એ વાતો ચાલ્યા કરી. 'ઠીક ત્યારે ટપુભાઈ, ચાકયો પાકયો સૂઈ જા' કહીને રૂડો ઊઠયો. એક પછી એક સૌ વિખરાયા.

ટપુ ઘેર ગયો. ત્યાં દેવુ ફળિયામાં ખાટલા ઉપર બેઠી બેઠી રૂખી સાથે વાતો કરતી હતી.

ટપુ આવ્યો એટલે રૂખી ખાટલેથી ઊભી થઈને ઓસરીની કોરે બેઠી, ટપુ ખાટલા ઉપર એક છેડે બેઠો.

'કેમ દેવુબેન, હમણાં તો તમે અમારા ઘરની વેઠ માંડી છે.'

'વેઠ શેની એમાં? માણસે એક બીજાનું કામ તો કરવું જ જોઈએ ને? અને અટાણે તો રૂખીબાબીને એકલું નો લાગે એટલે બે ઘડી બેસવા આવી'તી.'

'મેં એને રસ્તામાં કહ્યું'તું કે તને દેવુબેન એકલાપણું નહીં લાગવા દે,' કહીને ટપુ હસ્યો.

'ટપુભાઈ, મારે તને એક સવાલ પૂછવો છે.' દેવુ એકદમ ગંભીર બનીને બોલી.

'હા. પૂછો ને.'

'તું સીધો જવાબ દેજે. ઉડામણી નો કરીશ. પૂછું ને રૂખીભાભી?'

'તમારી મરજી?'

ટપુ કશું અનુમાન ન કરી શક્યો. વારાફરતી બન્નેની સામે જોયું ને સવાલની રાહ જોવા લાગ્યો.

દેવુએ મનમાં ગોઠવણ કરીને પૂછ્યું 'તારી બધી વાતો ઉપરથી તું ભણેલો હો એવું લાગે છે. સાચું કે'જે, તું કેટલું ભણ્યો છો?'

ટપુ પળવાર અટકીને પછી બોલ્યો હું તો આપણું ખેડૂતનું ભણતર ભણ્યો છું.'

'ખોટું બોલીશ મા! દેવુએ ટપુ સામે એકીટશે જોઈને આગળ કહ્યું 'મને વાત મળી છે કે તું દસબાર અંગ્રેજી ભણ્યો છો.'

ટપુ ખડખડાટ હસી પડયો. પછી ધીમે રહીને બોલ્યો. 'રૂખીએ વાત કરી લાગે છે, એની વાત ખરી છે. ખેતીવાડીનું ભણતર અંગ્રેજી ચોપડીઓમાં હોય છે. એ હું પૂના જઈને ભણ્યો છું.'

'તો પછી મારા આતાને વાત કેમ નો કરી? એમનાથી છાનું કેમ રાખ્યું?'

'એમને વાત કરું તો મને સાથી તરીકે રાખે નહીં.'

'મને પહેલેથી વાત કરી હોત તો આમ તારી પાસે ઢોરની જેમ વૈતરું નો કરાવત!'

'એટલે તમને મારા ભણતર ઉપર હેત છે, મારા પંડ ઉપર નહીં કેમ ?'

'પાંચે આંગળી સરખી થોડી છે. ભણેલા ને અભણનો ફેર તો ખરો જ ને! કાનિયા ઉપર ગમે એટલું હેત હોય તોય ઈ ને તું કાંઇ સરખા ગણાઓ ?'

'મારે મન તો સરખા જ.'

'આજ વાત સાંભળી ત્યારથી મારો જીવ બળે છે.' કહી દેવુ નિઃસાસો નાખી ઊઠી. 'ઠીક હવે થાક્યાં-પાક્યાં સુઈ જાઓ. ભાભી બારણું બંધ કરી જા.'

દેવુ બહાર ગઈ. રૂખીએ બારણું બંધ કર્યું.

૩૦

ધોળા જંકશનમાં ગાડી બદલીને ટપુ પોરબંદર લાઈનમાં ગયો ત્યારે લીલા બીજા વર્ગના ડબ્બામાંથી એની સામે ક્યાંઈ સુધી જોઈ રહી.

ભાવનગર સ્ટેશને લીલાને લેવા તારમાસ્તર શંકરરાવ દેશમુખ સહકુટુંબ આવ્યા હતા. એમણે લીલાનું ભાવભર્યું સ્વાગત કર્યું.

લીલાના એક બે દિવસ નવા વાતાવરણમાં પસાર થઈ ગયા. પણ પછી એને બેચેની થવા લાગી. નવાગામ જવા એ અધીરી બની. શંકરરાવને અથથી ઇતિ બધી વાત એણે કરી બતાવી. દેશમુખદંપતી સુશિક્ષિત અને દેશાભિમાની હતાં. એમને લીલા પ્રત્યે માન હતું. લીલા પોતાને ઘેર રહે એમાં તેઓ રાજી હતાં. પરંતુ લીલાની ઇચ્છા નવાગામ જઈને ટપુને મળવાની અને બની શકે તો ત્યાં રહેવાની હતી. 'જઈશું, તપાસ કરાવશું' એમ શંકરરાવ આશ્વાસન આપતા હતા.

આખરે એવી તક મળી ગઈ. સવારમાં શંકરરાવ આગલી રાતના તાર લેતા હતા એ વખતે તેમના કાનમાં 'પ્રેમજી રામજી નવાગામવાળા'ના શબ્દો સંભળાયા અને પેન્સિલમાંથી તારના ફારમ ઉપર લખાયા તેવો જ એમને વિચાર સ્ફૂર્યો. તારને કવરમાં બીડયો. સાથે એક નાની ચિઠ્ઠી લખીને પટાવાળાને આપી' 'આનો જવાબ લેતો આવજે.'

'બહુ સારું' કહી પટાવાળો તાર આપવા ચાલ્યો.

'પ્રેમજી રામજી નામગામવાળા' તારવાળાએ નીચેથી બૂમ મારી. પ્રેમજી શેઠની દીકરી મંજુ દોડતી નીચે આવી. તારવાળાએ તાર આપ્યો અને સાથે એક ચિઠ્ઠી આપતાં કહ્યું, 'આનો જવાબ સાહેબે મંગાવ્યો છે.'

મંજુ સરનામું વાંચતી ઉપર આવી. પ્રેમજીએ પહેલાં તાર ફોડી નજર ફેરવી બાજુએ મૂકયો. પછી ચિઠ્ઠી વાંચીને પૂછ્યું, 'નીચે માણસ ઊભો છે?'

'હા બાપુજી.'

પ્રેમજી ઊઠીને રવેશમાં આવ્યો. નીચે ઊકાઇને કહ્યું.'

'કોણે ચિઠ્ઠી મોકલી છે?'

'મોટા સાહેબે.'

'તો એમને કહેજે આપને તકલીફ લેવાની જરૂર નથી. હું હમણા દુકાને જતાં એમની પાસે થતો જાઉં છું.'

'સાહેબજી' કહીને પટાવાળો ચાલ્યો ગયો.

'તારમાસ્તરને મારી શી જરૂર પડી હશે?' પ્રેમજીનું મત-

લમી મન બોલી ઊઠયું. કશું અનુમાન થઇ શકયું નહીં એટલે પછી 'ચાલો જે હશે તે. એમનો આપણે ઘણો ખપ પડે છે, તો સંબંધ વધે એમાં લાભ છે.' ઝટપટ કપડાં પહેરી એ નીચે ઊતર્યો. મોટરમાં બેસીને સીધો તાર ઑફિસે પહોંચ્યો.

પ્રેમજીએ બારણામાં ઊભા રહી, સહેજ મોં મરકાવીને પૂછ્યું, 'આવું કે સાહેબ?'

'પધારો, પ્રેમજી શેઠ!' કલમ નીચે મૂકીને હાથ જોડતાં તાર માસ્તરે આવકાર આપ્યો. ખુરશી તરફ હાથ લંબાવી કહ્યું. 'બેસો. આજે આપને જરા તસ્દી આપી છે.'

'કંઈ વાંધો નહીં' પ્રેમજી ખુરશી પર બેસતાં બોલ્યો, 'ફરમાવો.

'જાણે વાત એમ છે કે અમારાં ફઈની દીકરી બહેન દેશમાંથી આવ્યાં છે.'

'હા'

'એમની તબિયત જરા નરમ રહે છે.' અહીં દાકતરને તબિયત બતાવી તો એમનો મત થયો કે કોઈ ગામડામાં ખુલ્લાં હવા પાણીવાળા સ્થળે રહેવાની જરૂર છે.'

'બરાબર'

'હવે અમારો એક કારકૂન છે એનું કહેવું એમ થયું કે નવા-ગામનું પાણી બહુ સરસ છે.'

'તદ્દન ખરી વાત.' પ્રેમજી શેઠ વાતનો મુદ્દો પકડાતાં બોલી ઊઠયા. 'છ મહિનાની માંદગી એક અઠવાડિયામાં ચાલી જાય.'

'એટલે ત્યાં જો રહેવાની સગવડ થાય તો મહિનો બે મહિના રાખીએ.'

'ખુશીથી. આપણું મકાન સાવ ખાલી છે. આપને પોતાને સાથે જઈને રહેવું હોય તોય સહકુટુંબ રહી શકશો.'

'હમણાં તો બેન એકલાં જશે. એમની સાથે માણસ છે.'

'એતો હોય જ ને. તો ભલે. આપ કહો ત્યારે ચાવી મોકલાવું. અથવા કહો તો સાફસૂફ કરાવીને ખબર કહેવરાવું.'

'અમારો માણસ આપને ત્યાં બપોરે આવશે એની સાથે ચાવી મોકલજો. ત્યાં જેમને ભલામણ કરવી ઘટે એને કરજો.'

ત્યાંના નગરશેઠ ઉપર લખી આપીશ. એ આપણા કાકાના દીકરા ભાઈ થાય છે. વળી ત્યાં ખાદી કાર્યાલય છે. એ પણ આપણા તરફથી જ ચાલે છે. ગામનો પટેલ આપણો મિત્ર છે. એની ઉપર એક ચિઠ્ઠી લખી આપીશ.'

'ઘણો આભાર, બપોરે માણુસ પત્રો ને ચાવી લેવા આવશે.'

'ખુશીથી મોકલજો. બીજો કંઈ હુકમ?' પ્રેમજીએ ઊભા થતાં કહ્યું.

'આવોને જરા બહેનની મુલાકાત કરાવું.'

'ચાલો.' બન્ને જણ ઉપર ગયા.'

લીલા ઝૂલા ઉપર હીંચકતી હતી. ધીમે સાદે કંઇક ગાતી હતી. બાજુમાં બેઠો શંકરરાવનો નાનો દીકરો સાંભળતો હતો. દાદર પર અવાજ સાંભળી હીંચકો ઊભો રાખ્યો.

'લ્યો બહેન, આ પ્રેમજી શેઠ પોતે જ આવી ગયા.' પ્રેમજીએ લીલાને નમસ્કાર કર્યા.

લીલાએ હાથ જોડયા.

'કહે છે કે મકાન વિશાળ છે તમારાં ભાભીને સાથે આવવું હશે તો સૌ આરામથી રહી શકશો.'

'હા, જરૂર.' પ્રેમજી વચ્ચે બોલી ઊઠયો.

'તમે મરાઠી જાણો છો કે!' શંકરરાવે નવાઈ પામીને પૂછ્યું.

'હું પાંચ વરસ મુંબઈ રહ્યો છું, સાહેબ, બોલતાંય આવડતું. અત્યારે ફક્ત સમજી શકું'

'લીલાબેન, શેઠ કહે છે નવાગામનું પાણી બહુ સારું છે.' શંકરરાવે લીલા સામે જોઈ કહ્યું.

'અરે તમે એક મહિનામાં ઘોડાં વાળતાં થઈ જશો. આ ચહેરા ઉપરની ફિકાશ ચાલી જશે. લાલઘૂમ બની જશો.'

'બસ અમારે એજ જરૂર છે.'

'ઠીક ત્યારે રજા લઇશ.' પ્રેમજી 'જય જય' કરી ચાલ્યો.

'ચાપણી?'

'નહીં. અત્યારે મારે દુકાને ટપાલ રાહ જોતી હશે.' ઘડિયાળ સામે જોઇ પ્રેમજીએ કહ્યું. અને એકદમ નીચે ઊતરી ગયો. મોટરમાં બેસતાં ડ્રાઇવરને કહ્યું, 'દુકાન ઉપર લઈ લે.'

મોટર ચાલી. પ્રેમજી મનમાં બબડયો. 'કોઈ પોલીસ અમલદારને પરાણે આપવું પડે એ કરતાં આવા સંસ્કારી ખાનદાન માણસને આપ્યું શું ખોટું? બિચારા યાદ તો કરે. કોઈવાર જઇને આંગણે ઊભા રહીએ તો બે સારા શબ્દ સાંભળવા મળે. ખરેખર આ દક્ષિણીલોકમાં સભ્યતા ઘણી છે. આપણા લોક તો અર્ધા જંગલી જેવા!' આમ વિચાર વહેનમાં ઘસડાતો પ્રેમજી દુકાને હંકારી ગયો.

'આ પ્રેમજી શેઠ જેણે રમેશને પકડાવાનું કાવતરું રચ્યું હતું.' લીલા મનમાં બબડી. 'ઉપરથી તો ખૂબ માયાળુ દેખાય છે, પણ આવા લોકો હમેશાં મોઢે મીઠા હોય છે. તો પછી એના મકાનમાં રહેવા જવું એ યોગ્ય છે?' લીલાને એકદમ ધક્કો લાગ્યો. પણ તર-

તજ બીજા વિચારે એ દબાવી દીધો. ‘ મકાન ક્યાં શેઠ સાથે લઈને જન્મ્યો’તો. બિચારા ગરીબોને ચૂસીને બંધાવ્યું હશે. એના મકાનનો ઉપયોગ સાર્વજનિક કામમાં જ થવો જોઇએ.’ લીલાએ નવાગામ જવાની તૈયારી કરી.

બીજે દિવસે સવારે જરૂરી ચીજ વસ્તુ સાથે લીલા, કિસન અને એક પટાવાળો ટપ્પામાં બેસીને નવાગામ તરફ ચાલી નીકળ્યાં.

ટપ્પો દેખાયો ત્યાં સુધી આખું કુટુંબ તાર ઓફિસને દરવાજે હાથ ઊંચા કરી ઊભું રહ્યું. પછી પાછા વળતાં દેશમુખ પત્ની બોલ્યાં ‘ કેવી બહાદુર અને હિંમતવાન છોકરી છે ?’

‘ એ નાનપણથી એવી છે’ શંકરરાવે કહ્યું. અમે એનાથી બે વરસે મોટા તોય અમને રમતમાં પહોંચવા ન દેતી. કોઇવાર મારતી યે ખરી.’

‘ લીલા ફઇબા તમને મારતાં બાપુજી ?’

‘ હા બેટા, ઇ બહુ જબરાં છે.’

‘ આપણે ક્યારે નવાગામ જશું ? મને એમનાં ગીત બહુ ગમે છે.’

‘ આવતે રવિવારે જશું.’

‘ તો મજા પડશે.’ કહી બાળકે તાલી પાડી આનંદ વ્યક્ત કર્યો.

★

૩૧

રૂડો પટેલ એના બાપથી સવાયો થવાના કોડ ધરાવનાર એક મહત્ત્વાકાંક્ષી માણસ હતો. એના પિતાનું રાજ્યમાં માનપાન હતું. લોકોમાં પણ એની પ્રતિષ્ઠા હતી. રૂડાએ એમાં ઉમેરો કર્યો હતો. પણ એના પિતાનો જમાનો જુદો હતો. અત્યારે જગતભરમાં ફેલાઈ રહેલા પ્રજાતંત્રવાદનું મોજું દેશભરમાં ફરી વળ્યું હતું અને એની અસર છેક કાઠિયાવાડને ખૂણે પડેલા આ નાનકડા ગામ ઉપર પણ થઈ હતી. માત્ર રાજ્યમાન રાજેશ્રી થવાથી જ લોકપ્રિયતા મેળવી શકાતી નથી એનું ભાન રૂડાને સ્પષ્ટ રીતે થયું હતું. તે દિવસે રાતે કરેલી ટપુની વાતોથી એનું મગજ ભરાઈ ગયું. એણે એ વસ્તુમાંથી પોતાને અનુકૂળ વિચારો મનમાં ગોઠવવા માંડ્યા. અને શક્ય હોય તો બાપથી સવાયા થવાના કોડ પૂરા કરવાની આ સોનેરી તક ઝડપી લેવા એનું મન તત્પર બન્યું. મનમાં અનેક યોજનાઓ એ ઘડતો હતો. અંગરેજ સત્તા પડે અને કદાચ રાજ્ય સિંહાસનો ડગે તો પ્રજાપક્ષે પણ પોતે રહીને આગળ પડતો ભાગ ભજવી શકે એવો માર્ગ લેવા એ વિચારી રહ્યો હતો. એમાં

એને સૌથી વધારે અનુકૂળ એવી એક બાતમી મળી અને એનું મન નાચવા લાગ્યું.

દેવુએ જ્યારે એને કહ્યું કે ટપુ એક અભણ ગામડીઓ નથી પણ સુશિક્ષિત યુવાન છે ત્યારે એનો પૂરો ઉપયોગ કરવાનું એણે નક્કી કર્યું.

એક સામટી અનેક યોજનાઓ એના ફળદ્રુપ મગજમાં ઉદ્ભવવા લાગી.

સવારમાં વહેલો ઊઠી, ચાપાણી પીને રૂડો તકિયે અઢેલીને પડયો પડયો બીડી પીતો હતો. એ વખતે દીપાશેઠ આવ્યા. આંખને ઇશારે રૂડાએ આવકાર આપ્યો. બે ઘુંટ લીધા પછી જરા ઠીક બેસતાં રૂડો બોલ્યોઃ 'તમને આજ એક નવીન ખબર આપવાના છે.'

'શેના ખબર?'

'આપણો ટપુ કેટલી ચોપડી ભણ્યો હશે, કહો જોઇએ?'

'ભણ્યો હશે બેચાર ચોપડી. કણબીનો દીકરો કેટલુંક ભણ્યો હોય, અને ભલો હશે તો ઈયે ભૂલી ગયો હશે. કેમ પૂછવું પડયું?'

'તમારી પરીક્ષા કરવા.'

'કેમ કાંઈ વધુ ભણેલા છે? તોય કે'વાય નહીં. આ જમાનામાં જે નો થાય એટલું થોડું.'

'ત્યારે ઈ બી. એજી. થયેલ છે.'

'ખાઓ મારા સમ.'

'હું ખોટું બોલું, પૂનાની કોલેજમાં ભણ્યો છે. અને એના બાપને ઘેર બે સાંતીની જમીન છે.'

'તે હશે.' દીપાશેઠે આંખો વીંચીને માથું ધુણાવ્યું.

'આમ અંદરખાને જોઈએ તો સાચું લાગે છે. ઈ તો કહે છે ને કે 'હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ.' એના જેવું થયું.'

'આ તો ચીંથરે વીંટયું રતન નીકળ્યું.' રૂડો બોલ્યો.

'તો પછી આમ સાથીપણાં શા માટે કરતો હશે?' દીપા શેઠે શંકા કાઢી.

'એને જાતે કામ કરીને અનુભવ લેવો'તો.' રૂડો બોલ્યો: ઘેર એના બાપ ને ભાઈઓ તો કામ કરવા ન દે એટલે આ રસ્તો લીધો.'

'હવે બરાબર.' દીપાએ કાનબૂટ પકડી.

'આપણને તો ખબર નો પડત, પણ એની વહુએ દેવુની આગળ વાતવાતમાં કહી દીધું. કહે છે કોટ પાટલૂન પહેરતો ને મોટા અમલદાર જેવો લાગતો.'

'તે હશે.'

'બીજું તો કાંઈ નહીં દીપાશેઠ, પણ એને એક બે વાર મારવો પડયો એનું પેટમાં બળે છે.'

'આપણે કયાં જાણીને કર્યું છે. ઈ ગઈ ગુજરી ભૂલી જવી.'

'ના ઈ તો મેં પરબતને ને દેવુને કહી દીધું છે કે આજથી એને મહેનત મજૂરીનું કામ નો કરવા દેવું. વાડીમાં દેખરેખ રાખે. અને આ આપણી સામી મેડીમાં રહેવાનું કરી દેવું.

'બરાબર છે. એટલી નાની ઓરડીમાં એને નો ફાવે.' દીપા શેઠે હામાં હા મેળવી.

'અને તે દહાડાની રાતની વાત તમને કેમ લાગી? આપણે ત્યાં એવો સંપ થાય ખરો?'

'કેમ નો થાય, તમે પંડે કરવા ધારો તો બધુંય થાય.'

'મારા એકલાથી કશું નો થાય, એમ ખોટી હાએ હા પાડો મા.'

'એકલાથી નહીં પણ અડખે પડખેનાં પાંચ પચીસ ગામ ભળે તો થાય.'

'તો આપણે એકવાર આંટો મારી આવીએ. ટપુનેય ભેગો

લઈ જઈએ. રાતે અહીં તમારી આગળ તો એણે રૂપિયે બેઆની વાત કરી પણ મને વાળુ ટાણે જે વાતો કરી તે સાંભળીને રુવાડાં બેઠાં થઈ જાય.'

'શી વાતો કરી? મને થોડીક સંભળાવો તો ખરા.' દીપાશેઠ આતુર નયને જોઈ રહ્યા. રૂડાએ બીડી ફેંકી દઈ કહ્યું. 'તમે ૧૮-૫૭ના બળવાની વાતો તો સાંભળી હશે.'

'કેમ નહિ. ઇતિહાસમાં ભણતાને.'

'ત્યારે આ એવો જ બળવો થયો છે. ઈ નાનાસાહેબ, તાત્યા-ટોપી ને ઝાંસીની રાણી જેવા આગેવાનો બહાર પડયા છે. અંગરેજી સિંહાસન ડોલી રહ્યું છે. રૈયતને જેમ પીલે છે એમ એનો જુસ્સો વધતો જાય છે. ટપુભાઈએ તે દિ' પંચની વાત કરેલી એનો પ્રમુખ એક પટેલને જ નીમ્યો છે.'

'આપના જેવો હશે.'

'પણ આપણાં રજવાડી ગામમાં એવો સંપ શે થાય?'

'રજવાડીને અંગ્રેજીએ બધા ભેદ કાણે કર્યા?' રૂડો બોલ્યો આપણા સગાવહાલાં ને સ્નેહી સંબંધી રહેતા હોય એવાં ફરતાં પચીસ–પચાસ ગામનો એકકો કરી રાખ્યો હોય તો અંગ્રેજી સત્તા તૂટે તે દી' કામ લાગે.'

'અંગ્રેજી સત્તા તે વળી તૂટે?'

'ટપુભાઈ વાત કરે છે ત્યારે તો આપણને ઘડીક એમ થઈજાય કે જાણે એણીકાર રૈયતનું જ રાજ્ય ચાલતું હશે અને આપણે રહી ગયા.'

'એમ કે?'

'હા.' મહત્ત્વાકાંક્ષી રૂડાની આંખ ચમકી ઊઠી.' આવે વખતે ઘર ઝાલીને બેસી રહે એનું જીવતર ધૂળ સમજવું.'

'વાત તો સાચી છે.'

'તો તમે તૈયાર થઈ જજો.'

'આપણે તો તૈયાર જ છીએ ને.'

રૂડાની નજર સામે નાનકડા પંચાયત રાજ્યની સુંદર કલ્પના-સૃષ્ટિ ખડી થઈ અને એ પંચાયત રાજ્યની સ્થાપના અર્થે કંઈ કરી નાખવાના મનોરથ સેવતા એના મગજમાંથી નીકળેલો ઉત્સાહ એને રૂંવાડે રૂંવાડે ફરી વળ્યો.

૩૨

દીપાશેઠને કાને વાત આવી એટલે ગામ આખામાં વાયુ વેગે ફેલાઈ ગઈ. ટપુ અભણ ગામડિયો નથી પણ સુશિક્ષિત જુવાન છે એ જાણીને લોક નવાઇ પામ્યાં. આખો દિવસ જ્યાં જુઓ ત્યાં એની જ વાતો ચાલી.

'કહે છે પટેલ મેડી કાઢી આપવાના છે.' એક જણ બોલ્યો.

'અરે વાડીમાં અરધ ભાગ કરી આપવાના છે.'

'ભણતરને માન છે ભાઈ,' બીજાએ ટેકો આપ્યો.

'અમસ્થો તો કાઢી નાખતા.'

'આપણે એમાં રાજી છીએ.' દૂર ઊભેલા એક પીઢ ખેડૂતે કહ્યું. 'ટપુ પાછો આવ્યો છે અને કાયમી અહીં રહેઠાણ કરશે તો ગામને સુખી કરશે.'

'લે઼ઇ તો છે જ ને' પહેલાએ કહ્યું. 'કાલ રાતે કેવું છાપું વાંચી સંભળાવ્યું.'

'હવે રોજ વાંચી સંભળાવશે. કહે છે દુનિયામાં શું હાલે છે એ સૌએ જાણવું જોઇએ.'

'હાસ્તો, નહિતર તો કૂવાના દેડકાની જેમ ખોબા જેટલા આ ગામમાં જિંદગાની પૂરી થાય.'

'અને અમસ્થા કોકની ખોદણી કરીએ એ કરતાં બે શબ્દ સારા સાંભળવા મળે ને!'

'ધનો ભગત કહેતો'તો કે શ્રાવણ મહિને ટપુભાઇ પાસે રામાયણ વંચાવવી છે.'

'તો તો ભારે મજા આવશે.'

આમ ચોરા આગળ વાતો કરતા લોક બેઠા હતા એ વખતે એક ઘોડાગાડી પસાર થઇ શેઠના બંગલા પાસે જઇને ઊભી રહી.

સૌ એની તરફ જોઇ રહ્યા.

કોઇક પરદેશી લાગે છે.' એક જણ બોલ્યો.

કિસનને ઊતરતો જોઇને બીજાએ કહ્યું:

'ભૈયા જેવો વેશ છે.'

'બાઇનો પહેરવેશ મરાઠા જેવો છે.'

'આપણા ગામમાં પણ નિતનવાં માનવી આવે છે.'

'ટપાલવાળો ભેગો લાગે છે.'

'હા.' વાત કરે છે ત્યાં પટાવાળાએ આવીને પૂછયું,

'શામજીભાઇની દુકાન કયાં આવી?'

'કોની પ્રેમજી શેઠની ચિઠ્ઠી છે!'

'હા.'

'જાઓ આમ સીધા જઈને પછી જમણે હાથ વળજો, મોટી દુકાન આવશે.

ચિઠ્ઠી મળતાં જ શામજી દોડતો આવ્યો. આવતાંવેંત બૂમ પાડી 'એલા ધનકા, અહીં આવ. સામાન ઉપાડીને અંદર મૂક. બહેન આપ અંદર પધારો.' કિસન સામે જોઈને કહે, 'રામા, તુમ ખડે રહો. સામાન ગિન લો.'

'લાલકા, તારી બેન ઘેર છે કે?'

'ના.'

'તારી કાકી?'

'હા ઈ છે'

'જા એને બોલાવી આવ. કહેજે શેઠ બોલાવે છે. બંગલે પાણી ભરવાનું છે એમ કહેજે.'

શામજીએ અર્ધા કલાકમાં સફાઈ કરાવી, પાણી ભરાવી દીધું ને ગામમાંથી જોઇતી ચીજ વસ્તુ મંગાવી હાજર કરી. દરમિયાન પોતાને ઘેરથી ચા મંગાવીને પાઇ.

લીલાએ પહોંચ લખી આપી ને પટાવાળો ઘોડાગાડીમાં પાછો ગયો.

કિસને સામાન છોડીને ગોઠવવા માંડ્યો. લીલાએ કહ્યું 'રહેવા દો હમણાં. આપણે પછી નિરાંતે બધું કરશું.'

'જોઇતું કરતું મંગાવજો' કહીને શામજી દુકાને ગયો.

લીલાએ કિસનને કહ્યું, 'તું પછી ગામમાં આંટો મારી આવ.'

કિસન જરા કપડાં સરખાં કરી હાથમાં ડાંગ લઈને બહાર નીકળ્યો. એનો નવીન પહેરવેશ, મોટી આંખો ને ભરાવદાર શરીર સામે લોકો નવાઇ પામીને જોઇ રહ્યા. કિસનની આંખો કોઇ જાણીતાને શોધતી હતી પણ એનો આંટો એ વખતે તો અફળ ગયો.

કલાકેક પછી પાછા આવીને એણે કહ્યું, 'આખા ગામમાં ચક્કર લગાવ્યું પણ ટિપુરાવ દેખાયા નહીં.'

'એને ખબર પડશે એટલે સામેથી દોડયો આવશે. આપણે અહીં સુધી આવ્યાં છીએ તો હવે શી ઉતાવળ છે.' લીલા મોઢેથી આમ બોલી પણ એના મનમાં ટપુને મળવાની તાલાવેલી લાગી હતી. પણ એ લાચાર હતી.

પ્રેમજી શેઠનો બંગલો મોટો હતો. પાછળ નાનકડો બગીચો હતો. બગીચામાં આંબા, મોસંબી, પપૈયાં વગેરે ફળઝાડ હતાં. કૂવા ઉપર બે કોસ ચાલતા હતા. કિસન કૂવે જઇને નાહી આવ્યો. લીલા સવારે ઘેરથી નાહીને નીકળી હતી. બપોરે માત્ર શાકભાત બનાવીને બન્નેએ ખાઇ લીધું અને જરા આડાં પડયાં.

સાંજકના નદી કિનારે ફરવા નીકળ્યાં. પાછા વળતાં લીલાએ કહ્યું.

'તું કોઇને પૂછી તો જો કે ટિપુરાવ કયાં રહે છે ?'

'એમ પૂછવાથી કોઇને વહેમ પડે. શી ઊતાવળ છે, રાતે જ્યાં હશે ત્યાંથી ગામમાં આવશે અને ખબર પડશે એટલે મળવા આવશે.'

'ઠીક ત્યારે.' લીલા જરા ઢીલે અવાજે બોલી.

એજ વખતે એમની પાસે થઇને દેવુ, રૂખી અને ટપુ માથે લીલી મકાઇના ભારા લઇને નીકળ્યાં. દેવુ ને રૂખી જરા આગળ હતાં. ટપુએ લીલાને જોઇ અને તરત ઓળખી લીવી. પણ લીલા એને ઓળખી શકી નહીં. અજાણ્યા મુલકમાં પરદેશી માણસના પોશાક ને ચહેરા સરખા જ લાગે એમ લીલાને ચોરણી, કડિયાં ને પાઘડી પહેરેલા બધા જ ખેડૂતો એકસરખા લાગતા હતા. ટપુને એવા વેશમાં જોવાને એની આંખ ટેવાયેલી નહોતી.

લીલાને જોતાં જ ટપુનું હૈયું બોલી ઊઠયું.

'આખરે આવી પહોંચ્યાં ખરાં.'

પ્રથમ મુલાકાત શી રીતે યોજવી એની ગોઠવણ કરતો એ ઘેર પહોંચ્યો.

'લ્યો આ ટપુભાઈ આવ્યો.' રૂડાએ ટપુને આવતો જોઈ બૂમ પાડી.

ટપુ ઊભો રહ્યો. 'કેમ શું હતું?'

'તું ભારો નાખીને આવ.'

ટપુ ડેલીમાં ભારો નાખીને આવ્યો. 'કહો શું કામ હતું?'

'આ એક કાગળ આવ્યો છે. જુઓ જોઈએ શું લખે છે?' કહેતાં રૂડાએ એક સુશોભિત નિમંત્રણપત્રિકા ટપુના હાથમાં મૂકી. મરોડદાર અંગ્રેજીમાં લખેલી લગ્નપત્રિકા સામે ટપુ ઘડીભર જોઈ રહ્યો. દેવુએ વાત કરી દીધી છે એની એ પત્રિકા સાક્ષી પૂરતી હતી. એની ઉપર ચળકતા સોનેરી અક્ષરો સુવર્ણપાત્રથી ઢંકાયેલા સત્યને ખુલ્લું કરવા ટપુને જાણે આદેશ આપતા હતા.

'કેમ ઊકલે છે?' દીપાશેઠે મૂછમાં હસીને પૂછ્યું.

ટપુએ પળવારમાં નિર્ણય કરી લીધો. એ બોલ્યો.

'બંદર ખાતાના ઉપરી મેકેન્ઝી સાહેબની દીકરીનાં લગન થાય છે, એની આ કંકોત્રી છે.'

'હવે ખરું. એ અહીં આવી ગયા છે. કેમ દીપાશેઠ, હવે ખાતરી થઈ?'

'તમારું કહેવું ખોટું હોય જ નહીં. પણ ટપુભાઈ, તમે આટલું ભણ્યા છો પછી આ બળદનાં પૂંછડાં ઉમેળવાનો ધંધો શા સારુ કરો છો. જેને કાંઈ નો આવડે એનું આ કામ છે.' દીપાશેઠ બોલ્યા.

'આપણે એમ માનીએ છીએ તેથી તો ખેડૂત ભૂખમેગો થયો છે. નહીંતર આટલી ફળદ્રુપ જમીન હોય, આટલાં પાણીનાં સાધન હોય છતાં શા માટે ભૂખે મરે?'

'તો તમારા બાપને ઘેર ખેતી નહોતી?'

'અહીં રૂડાભાઇને ખબર પડી છે ત્યારથી ઊંચા નીચા થાય છે તો ઈ મને શેના કામ કરવા દે. પણ એ આપણી ભૂલ છે. યૂરોપ અમેરિકામાં તો મોટા ખેતીવાડીના ગ્રેજ્યુએટો પણ જાતે ખેતી કરે છે. આપણે ત્યાં પણ ભણતર વધશે એમ એની ટેવ પડશે.'

'તમે પૂનામાં ભણતા?' રૂડાએ પૂછ્યું.

'જી હા.' તો આપણે નાગજીનો કરમશી યે ત્યાં છે.'

'હું તો છેલ્લા વર્ષમાં હતો.'

'તો પછી છોડી કેમ દીધું?'

'બસ મેં કહ્યું નહીં, જાતિ અનુભવ લેવા.'

વાત ચાલે છે ત્યાં બહારથી બૂમ સંભળાઈ. 'રૂડાભાઈ પાટિલ યહાં રહતે હૈ?'

'આવો ભાઇ, કોણ?'

'આ પેલી બાઈ શેઠને બંગલે આવી છેને એનો માણસ.'

'યે ચિઠ્ઠી પ્રેમજી શેઠને દિયા.' કહી કિસન અંદર આવ્યો અને બાજુ પર ઊભો રહ્યો.

રૂડાએ ચિઠ્ઠી વાંચી ને ભાંગી તૂટી હિંદીમાં કહ્યું: 'બહુ સારું. તમારે જે જોઇએ તે કહેજો. તમારું ઘર છે એમ માનજો.'

'યા, બસો' ટપુએ કહ્યું.

સાંભળીને રૂડો બોલ્યોઃ 'હા સાચે ટપુભાઈ, તું પૂનામાં રહ્યો છો તે તને આ લોકોની ભાષા આવડતી હશે?'

'વચ્ચે ભૂલી ગયેલો પણ હમણાં મીરજ તરફ રહી આવ્યો એટલે તાજી થઈ.'

'એને પૂછો ટપુભાઇ, ઇ કયે ગામથી આવે છે?' દીપાશેઠે કહ્યું.

ટપુએ મરાઠીમાં થોડા સવાલ જવાબ કર્યા. સૌ આંખો ફાડીને સાંભળી રહ્યા. નવીન ભાષા સાંભળી સૌને મજા આવી.

'આપણી ભાષાને મળતી આવે છે નહીં?' રૂડો બોલ્યો.

'તે ભાઈ, મુંબઇમાં આવી જ ભાષા હો' દીપાશેઠે કહ્યું.

'મને ખબર છે.' કહી રૂડાએ ટપુને કહ્યુંઃ 'તું જરા આંટો જઈ આવજે, શેઠની ભલામણ છે તે મારાવતી બાઇને ખબર પૂછજે. ને જોઇતું-કારવતું મગાવે એમ કહેજે.'

'લાવોને હમણાં જ જઇ આવું' કહી ટપુ ઊઠયો. કિસનની સાથે શેઠને બંગલે ચાલ્યો.

'આવો માણસ બધી બાબતમાં કામ લાગે' રૂડાએ કહ્યું.

'હાસ્તો. તમે નસીબદાર છો.' કહી દીપાશેઠે માથું ધુણાવ્યું.

*

લીલા મેડી ઉપરથી દરવાજા સામે જોઇ રહી હતી. કિસનની પાછળ ટપુને આવતો જોયો ને એ હરખભેર નીચે ઊતરી આવી.

ટપુને જોતાં જ એનો બધો શ્રમ, ચિંતા અને શોક ઊડી ગયાં.

*

૩૩

સવારમાં ચાપાણી પીને લીલા ફરવા નીકળી. કિસન અને લીલા ફરતાં ફરતાં રૂડા પટેલની વાડીએ પહોંચ્યાં. ત્યાં ટપુ અને પરબત કોસ હાંકતા હતા. કાનો પાણી વાળતો હતો. લીલાને જોઈને ટપુએ આવકાર આપ્યો. 'આવો'

લીલાએ આવીને ચોમેર નજર કરી. પીપરની ડાળે કપડાં મૂકીને બોલી, 'વાહ સરસ જગ્યા છે. કાઠિયાવાડને સૂકો કહે છે, પણ અહીં તો ચોમેર હરિયાળી દેખાય છે.'

'એક વરસાદ પડી ગયો છે એટલે જરા લીલું દેખાય છે.'

'ક્યાં છે તમારો કાનો ને દેવુભાઇ?' લીલા પૂછે છે એટલામાં તો લીલાની સાડી જોઇને કાનો બહાર આવ્યો. સહેજ દૂર ઊભો ટગર ટગર જોઇ રહ્યો.

'કેમ કાનાભાઈ, આવને. કેમ ત્યાં દૂર ઊભો?' ટપુએ કહ્યું. કાનો શરમાતો હોય એમ નજીક આવ્યો. લીલાએ એને નીરખીને

જોયો ને પછી ટપુ તરફ જોઈને બોલી 'તમે વાત કરતા હતા એવો જ છે.'

'તમને ટપુભાઈ, આ લોકની ભાષા આવડે છે?'

'હા, હમણાં હું એમના મુલકમાં હતો ને?'

'આપણને તો કશું સમજાતું નથી. તુંબડીમાં કાંકરા. ગાળો દે તોય ખબર ન પડે.'

'તમને મારી સાથે લઇ જવા છે, કાનાભાઇ' લીલાએ હિંદીમાં કહ્યું ને હાથનો ઇશારો કર્યો. કાનો ભાંગ્યુંતૂટ્યું સમજ્યો એટલે હસીને બોલ્યો, 'નારે બાપા, આપણે ગામ મેલી ને ક્યાંઇ નથી જવું.' 'તારા ટપુભાઈ આવે તો?' લીલાએ પૂછ્યું. કાનો સમજ્યો ને બોલ્યો 'તો આવું.'

'તમારી દેવુબાઈ ક્યાં છે?' લીલાએ ચોમેર નજર કરતાં પૂછ્યું. 'જુઓ ત્યાં ખડ વાઢે.'

લીલાએ નજર કરી. દૂરથી દેવુને જોઇ. 'હું એમની પાસે જાઉં છું' કહી લીલા ચાલી. 'કિસન, તું અહીં રહેજે.'

પરબત અને ટપુ કોસ હાંકતા હતા. કિસન એકીટશે જોઇ રહ્યો હતો. લીલા ગઈ એટલે એણે ધીમે રહીને કહ્યું.

'ટિપુરાવ, લાવો જોઈએ હું કોસ કાઢું?'

'તને ફાવશે?'

'ખેડૂતના દીકરાને બધું ફાવે.' કહી કિસને રાશ હાથમાં લીધી ચાર પાચ કોસ કાઢ્યા. ટપુ કહે. 'તમારા હાથ બળદ પારખી ગયા. લાવો હવે મને આપી દો.'

'હવે તમે જાઓ, હું ચલાવું છું.' પરબત કહે 'હા ટપુભાઈ એને ફાવશે, તમે જાઓ મહેમાનને બતાવો.

ટપુ ગયો. કિસન પરબત સાથે વાતે વળગ્યો. એકબીજા પોતપોતાના મુલકની વાત 'બાવાશાઈ' હિંદીમાં કરવા લાગ્યા.

આ બાજુ લીલાને જોઈને દેવુએ ઊંચે જોયું ને આવકાર આપ્યો 'આવો બેન.'

'હા. કેમ છો? મજામાં?' લીલા બોલી.

દેવુ અર્ધું સમજી અને સામો જવાબ ન દેતાં હસતી જોઇ રહી. લીલા દેવુના હાથ સામે જોઇ રહી હતી. એટલામાં ટપુ આવ્યો.

'ટિપુરાવ, આ કામ મને બહુ ગમે છે, અમારે ત્યાં ફાર્મ ઉપર માળી સાથે હું ઘણીવાર આ કામ કરતી. આમાં પણ કળા છે. જુઓ, દેવુ બેનના હાથમાં દાતરડી કેવી શોભે છે.' પછી દેવુ તરફ ફરીને કહે, લાવો દેવુબેન, મને આપો.'

'તમે ચોપડિયું વાંચી જાણો ને કાગળિયાં ચિતરો.'

લીલા કશું સમજી નહીં. ટપુએ એનો અર્થ કરી બતાવ્યો એટલે લીલા બોલી, 'ખરી વાત છે, પણ ટિપુરાવ, મને આ લોકોનું જીવન બહુ ગમે છે, આપણે થોડા મિત્રોએ લડત પૂરી થયે આવા કોઈ સ્થળે વસાહત સ્થાપવી જોઇએ, અને ત્યાં શ્રમપ્રધાન જીવન જીવવું જોઇએ.'

'એ ભાવના સારી છે.' ટપુ બોલ્યો 'પણ એ પ્રમાણે જીવવું ઘણું કઠણ છે.'

'એમાં કઠણ કશું નથી. લાવો દેવુબેન મને આપો.' લીલાએ દેવુના હાથમાંથી દાતરડી લીધી ને પોતે ઘાસ કાપવા લાગી. દેવુ હસતી હસતી જોઇ રહી. લીલા પણ પોતાનું અણઆવડપણું અને દેવુનું કૌશલ્ય તરત પારખી ગઇ. થોડીવારે દેવુ બોલી, 'લ્યો હવે લાવો ક્યાંક હાથમાં વગાડી બેસશો.'

‘ ચાલો આપણે વાડીમાં આંટો મારીએ ’ કહી ટપુએ લીલાને સાથે લીધી. દેવુને નમસ્કાર કરી લીલા બોલી, ‘ઠીક દેવુબેન, ફરી આપણે નિરાંતે મળશું. તમે બંગલે આવજો. ટિપુરાવ, લઈ આવજો એમને.’

‘ ટપુભાઇ, આ બહેન તમારાં ઓળખીતાં છે ? ’

‘હા ઓળખીતાં નીકળ્યાં, એમના ભાઈ મારી સાથે ભણતા.’

‘ ત્યારે તો હું આવીશ.’

લીલા ટપુ સાથે વાડીમાં આંટો મારવા ચાલી. ટપુએ નવા નાંખેલા આંબાના રોપ, મોસંબી ચિકુની કલમો, વગેરે બતાવ્યું. લીલા જોવામાં ને વાતોમાં તલ્લીન બની. કૂવા તરફ પાછા ફરતાં એ બોલી ‘તમને નથી લાગતું ટિપુરાવ, કે શહેર કરતાં ગ્રામજીવન વધારે સમૃદ્ધ છે ? ’

‘ એ તો છે જ.’

‘ માત્ર અહીં અમુક પ્રકારની સગવડો નથી. તે થવી જોઈએ.’ કહીને ચોવીસ કલાકમાં પોતાને પડેલી અગવડનું વર્ણન લીલાએ કરી બતાવ્યું.

‘ પહેલું તો ગામમાં વીજળી બત્તી જોઈએ, રસ્તા સારા જોઇએ. ટપાલ, વર્તમાનપત્રો તરત મળે એવી સગવડ જોઈએ. એકાદ રેડિયો હોય તો સારો. પાણીના નળ જોઈએ. આ કોસને બદલે કૂવા પર વીજળીક મશીન મૂકાવવાં જોઇએ. મારા પિતાજી તો ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિને ખૂબ મહત્ત્વ આપે છે. ?’

ટપુ સાંભળી રહ્યો. લીલા આગળ બોલી. ‘ દાખલા તરીકે આ જુનવાણી લાકડાનું હળ, તદ્દન નકામું છે.’

‘ હું કૉલેજમાં એ હળ ચલાવતો.’ ટપુ બોલ્યો, ‘ અને અમારા

કુલકર્ણી સાહેબે કબૂલ કરેલું કે ટ્રેક્ટર કરતાં આ સાદું હળ જમીનના કસની દૃષ્ટિએ વધારે ઉપયોગી છે.'

'અને આવા નાના નાના ટુકડા ન હોવા જોઈએ, હજાર બે હજાર એકર જમીન સામટી સહકારી પાયા પર મૂકી દેવી જોઈએ.'

'એમાં પણ બે મત છે. વ્યકિતગત જવાબદારી ઉપર કુટુંબના પોષણ પૂરતી દરેકને સોંપવાથી કુશળ અને ઉદ્યમી ખેડુતો જમીનને વધારે કેળવે છે.'

'આ મારો વિષય નથી,' લીલા ટપુ સાથે વધારે વિવાદમાં ન ઊતરતાં બોલી, પણ બાપુજી અને બળવંત ચર્ચા કરતા હોય ત્યારે કોઈ વાર રસ લઉં એટલું જ.'

'તમને રસ હશે તો આપણે નિરાંતે એની ઉપર વાર્તાલાપ કરશું.'

વાતો કરતાં બન્ને કૂવા પાસે આવી પહોંચ્યાં.

ઓરડીઓ સામે નજર જતાં લીલા બોલી, 'આમાં તમે રહો છો ?'

'ના હવે ગામમાં રહું છું.'

'તો સારું, બાકી આમાં શે' રહેવાય.'

કિસને છેલ્લું વાકય સાંભળ્યું ને એ બોલી ઊઠયો.

'ટિપુરાવ આમાં જ રહેતા. એમના આવ્યા પછી તો આ ઓરડીઓ નવે અવતાર આવી છે.'

'તને કોણે કહ્યું.'

'આ પરબતભાઈએ. કહે છે આમાં સર્પ અને વીંછી રહેતા. રાતે અંધારામાં ગંધાતી ગોદડીઓમાં કાનાની સાથે ટિપુરાવ રહેતા.'

લીલા એની કલ્પનાથી ધ્રૂજી ઊઠીને બોલી, 'આપણાથી તો એક દિવસ ન રહેવાય.'

લીલાએ કપડાં ધોતાં એની જ વાતો કર્યા કરી. નાહીને જતી વખતે કહેતી ગઈ. 'હવે હંમેશાં અહીં નહાવાધોવા આવશું. પરબતભાઈ.'

'જરૂર આવજો. આપની જ વાડી છે.'

કિસન અને લીલા ચાલ્યાં. રસ્તે જતાં કિસને કહ્યું, 'એમ કે?'

'હા. ટિપુરાવ તરફ એને ઘણું માન છે.'

'એમની તરફ કોને માન નથી?'

'એ પણ ખરું.'

ઉતાવળે ચાલતાં બન્ને જણ ઘેર આવ્યાં. રસોઈ કરી જમ્યાં. જમીને બે ઘડી આરામ લીધો. બપોરનાં ચાપાણી પીને ખાદીકાર્યાલયે જોવા ચાલ્યાં.

ત્રિનુભાઈએ સરળ હિંદીમાં પ્રેમથી આવકાર આપ્યો. 'પ્રેમજી શેઠની ભલામણ ન હોય તો પણ આપ ગમે ત્યારે અહીં આવી શકો છો.'

'મને એક ચરખો જોઈશે.'

'આપીશ. દિનુભાઈ, લીલાબેનને માટે એક નવો ચરખો, ત્રાક, ચમરખાં, માળ ચડાવીને તૈયાર કરો. કહો બીજું કાંઈ?'

'બસ આપની મહેરબાની.' કહી લીલા ચારેકોર નજર ફેરવવા લાગી. 'તમે અહીં જ રહો છો?'

'હા. આ સામેના ઓરડામાં.'

'સહકુટુંબ ?'

'જી હા.'

વાત ચાલતી હતી એટલામાં કાન્તાબેન બહાર આવ્યાં. લીલાને નમસ્કાર કર્યા. લીલાએ સામા હાથ જોડયા.

કાન્તા હિંદી સમજી શકતી હતી. ભાંગ્યું-તૂટયું બોલતી પણ ખરી. લીલાએ પરચૂરણ વાતચીત કરીને પછી પોતાની નવી પ્રવૃત્તિની વાત કહી. સાંભળીને લીલાએ કહ્યું, 'એ મને બહુ ગમ્યું. નાનાં બચ્ચાંઓ મારફત તમે એમની માતાઓના જીવનમાં પ્રવેશ કરી શકશો. પ્રથમ જરૂર જોકે માતાઓને જ સુધારવાની છે પણ બાલવાડી એ એક સારું સાધન છે.'

'હજી તો શરૂઆત છે.'

'કોણ ચલાવે છે ?'

'હું પોતે જ.'

'તમે એનું શિક્ષણ લીધેલું ?'

'ના ના.'

'તો લેજો. કોઇ પણ વસ્તુ એના વ્યવહારુ અને તાત્ત્વિકજ્ઞાન વિના સંપૂર્ણપણે સફળ થતી નથી. અને પછી લોકો આપણા અધૂરા કામથી અસંતુષ્ટ બને છે.'

લીલાની વાત કાન્તા બરાબર સમજી નહિ શકે એમ ધારી વિનુભાઇ વચ્ચે બોલ્યા, 'આ તો એક શુભ શરૂઆત છે.'

'એ સારું છે.'

'આપે કયાં સુધી અભ્યાસ કર્યો છે ?'

'મેં દાકતરી લાઇન લીધી છે.'

'એમ, તો તો અમને બહુ ઉપયોગી થઇ પડશો.' કહી વિનુભાઇએ આસપાસના પ્રદેશમાં ચાલતી માંદગીનું સવિસ્તર વર્ણન કરી બતાવ્યું. 'આ વરસે અમને કોઈ સારા દાક્તર મળ્યા નથી. તમે ભાદરવા સુધી રોકાઓ તો ભારે કામ થાય.'

'રહીશ તો જરૂર મદદ કરીશ. મારે માટે તો એ શિક્ષણ અને સેવા બન્ને છે.' લીલા બોલી, 'અને કાન્તાબેનને પણ બનતી મદદ કરીશ.'

'તો તો બહુ મજા આવે.'

'મેં ટીકા કરવા નહોતું પૂછ્યું. પણ મારા નવરા દિવસો જાય નહીં, એટલે નાનાં બાળકો સાથે રમવામાં આનંદ આવે અને દિવસો પસાર થઇ જાય.'

'ખરું છે.'

'ક્યારનો સમય રાખ્યો છે?'

'હમણાં સવારે દોઢ કલાક નહાવા ધોવાનો અને બપોરે ચારથી છ બે કલાક ગીત, વાર્તા, રમત વગેરે. હમણાં બાઈ આવશે ને તેડવા જશે.'

'તેડાગર બાઈની શી જરૂર છે. ચાલોને આપણે જ જઇએ.' લીલાએ ઉત્સાહથી કહ્યું.

વિનુભાઈ એની સામે જોઈ હસ્યા અને કાન્તાને ઉદ્દેશીને બોલ્યા, 'મને લીલાબેનનો ઉત્સાહ ગમે છે. પોતે બિમાર છે. આરામ માટે અહીં આવ્યાં છે. છતાં રેંટિયો કાંતવા માગે છે. ગામેગામ દવાદારૂ આપવા તત્પર છે, અને અત્યારે તમારી સાથે ગામમાં ઘેરઘેર ફરવા તૈયારી બતાવે છે. આવી તમન્ના હોય ત્યારે કામ

થાય.' વિનુભાઈ જરા શ્વાસ ખાવા અટકયા. લીલા કંઇક જવાબ આપવા જતી હતી એટલામાં કાન્તા બોલી, 'લો આ રૂખીબેન આવ્યાં.'

'કાન્તાબેન, મને આજ જરા મોડું થઇ ગયું, માફ કરજો. ટેમ થઈ ગ્યો તેડવા જવાનો ?'

'આજે અમે તેડવા જશું. આ લીલાબેન આવ્યાં છે એમને ગામમાં ઓળખીતાં કરાવવાં છે. તમે બપોરનાં વાસણ પડયાં છે ઊટકી નાંખો.'

'આ તમારા ઘરનું પણ કામ કરે છે ?'

'હા, હમણાં મને ઠીક નથી રહેતુ તે પાણી, વાસણ, કપડાં કરે છે.' કાન્તા નરમ અવાજે બોલી.

'મારે પણ એક સારી કામવાળીની જરૂર છે.' લીલાએ કહ્યું.

'તો આમને જ લઈ જાઓ' વિનુભાઈ બોલ્યા.

'કેમ તમારે નથી જોઇતી ?'

'ના. આપણા ખાવાનાં વાસણ અને પહેરવાનાં કપડાં બીજા પાસે ધોવરાવવાં એમાં માણસાઈ નથી.'

'મારાથી હમણાં હાથે નહીં થાય, હું તમને કહી દઉં છું.' કાન્તા બોલી.

'તેની ફિકર નહીં, હું છું ને.'

'આ બાઇ કોણ છે ?' લીલા રૂખી સામે જોઇને બોલી.

'એ અહીંના રેવન્યુ પટેલના એક સાથીની પત્ની છે.'

વિનુભાઇ બોલ્યા. સાંભળીને લીલા ચમકી.

'કયા સાથી ?'

'ટપુભાઇ કરીને છે.'

'આ એમનાં પત્ની ?' લીલા એકીટશે જોઈ રહી. રૂખી પણ લીલા સામુ જોઇ રહી હતી.

'તમે કહો તો આજ સાંજથી જ મોકલી આપું ?' વિનુભાઇ બોલ્યા.

'તમને ખબર છે વિનુભાઇ, ટિપુભાઈ તો ઘણાજ વિદ્વાન માણસ છે.'

'તેથી શું થઇ ગયું.' વિનુભાઈએ કહ્યું, 'અભણ ગામડિયાની સ્ત્રીને તમે કામે રાખવા તૈયાર છો અને ભણેલાની સ્ત્રી થઈ માટે ન રાખો એ તો ચોખ્ખો અન્યાય થયો.'

'હું તો તમારા સિદ્ધાંતમાં માનું છું.' લીલા બોલી, 'આપણું શરીર ચાલે ત્યાં સુધી કોઇની પાસે અંગત કામ ન જ કરાવવું.'

'તો બરાબર છે.'

'અને તમને ખબર નહિ હોય કે તમારા એ ટિપુભાઇ પૂનામાં મારા ભાઈ સાથે ભણતા હતા.'

'એમ કે ? એ મને ખબર નહોતી.'

રૂખી આ વાતચીતમાંથી થોડુંઘણું સમજતી હતી. પણ પૂરું સમજ્યા વિના બોલવું એમાં અવિવેક ગણાય એમ માની શાંતિથી સાંભળતી હતી. પોતાની વાત ચાલે છે, એટલું તો એ બરાબર જાણી ગઇ હતી. આખરે લીલાએ રૂખીની સામે જોઇ કહ્યું, 'આવો બહેન, અહીં બેસો.' કહી પોતે પાથરેલ આસન કાઢી આપ્યું.

'આસનની મને જરૂર નથી.' કહી રૂખી નીચે બેસી ગઇ. લીલા એકદમ ઊભી થઈ અને રૂખીનો હાથ પકડી ઉઠાડીને આસન પર બેસાડી.' તમે તો અમને શરમાવો છો.' કહી ને પૂછ્યું.

'તમે આજ સાંજે મારે ઘેર આવશો?' રૂખી પૂરું સમજી નહીં એટલે કાન્તા સામે જોયું. કાન્તાએ અર્થ કરી દેખાડયો એટલે રૂખી હસીને બોલી, 'વાળુપાણી કર્યાં પછી એમની સાથે આવીશ '

'ભલે. ટિપુરાવની સાથે જ આવશો. એ પણ ઠીક પડશે. નહિતર વળી આપણે વાત કરવી નહિ ફાવે.'

'આવીશ.' કહી રૂખી રસોડામાં વાસણ લેવા જતી હતી એને અટકાવી લીલાએ કાન્તાને કહ્યું,' આપણે ત્રણે જણ મળી પહેલાં વાસણ માંજી લઇએ ને પછી સાથે તેડવા જઇએ?'

'લે એવું તે હોય. તમે મહેમાન કહેવાઓ. અમારે ઘેર જમ્યાં હો તોય તમારી પાસે ન ઉટકાવાય.'

'તમને કાન્તાબેન અમારા સંબંધની ખબર નથી. ટપુભાઇ તો મને સગાભાઇથી વિશેષ છે.'

'તમે ત્રણે તમારા કામે જાઓ.' વિનુભાઇ બોલ્યા.

'હું ને દિનુભાઇ પતાવી લેશું.'

'તોય હરકત નથી.' કહી લીલા ઊઠી, 'ચાલો કાન્તાબેન.' કાન્તાએ જવાની તૈયારી કરી. 'ચાલો રૂખીબેન!' રૂખીએ ધીમે રહીને રસોડા તરફ જતાં કહ્યું, 'તમે બેય જાઓ. ત્રણની શી જરૂર છે. આપણે હોઇએ ને વિનુભાઇ હાથે વાસણ ઊટકે તે સારું દેખાય?'

નાની વાતને મોટું રૂપ મળી ગયું જાણી કાન્તાએ માર્ગ કાઢયો: 'અત્યારે ભલે રહ્યાં સાંજે વાળુ પછી બધાં સાથે ઊટકી નાંખશું. ચાલો લીલાબેન, રૂખીબેન, આપણે જઇએ.'

'એ બરાબર છે' સૌએ એકમતે નિર્ણય સ્વીકાર્યો.

લીલા અને રૂખી કાન્તાની પાછળ ચાલ્યાં.

*

રાતે વાળુ કરીને ટપુ જરા ખાટલે બેઠો હતો એ વખતે કિસને આવીને સંદેશો કહ્યો: 'ટિપુરાવ, તમને લીલાબેને બોલાવ્યા છે. સાથે દેવુબેન તથા રૂકિમણીબેનને લેતા આવજો એમ કહ્યું છે.'

'ભલે આવશું.' ટપુએ કહ્યું: 'અત્યારે થોડીવાર અહીં છાપાં વાંચવાનું રાખ્યું છે. ત્યાર પછી આવીશું.'

'ગમે ત્યારે પણ બન્ને બહેનોને લઈ આવજો.'

'જરૂર આવશું.'

જતાં જતાં કિસન રસોડામાં ડોકાયો અને હિંદી મરાઠીનું મિશ્રણ કરી, 'રૂખીભાભી, તુમિ ભી આના' કહી હસતો હસતો ચાલ્યો ગયો.

લીલા ઓસરીમાં સાદડીઓ પાથરીને રાહ જોતી બેઠી હતી. કિસને કહ્યું: 'ટિપુરાવ આવ્યા.' એટલે ઊભી થઈને સામે આવી. ટપુની પાછળ દેવુ ને રૂખી વાતો કરતાં આવતાં હતાં. એમને હાથ પકડીને અંદર લઈ આવી. પોતાની પાસે સાવ નજીક બેસાડચાં. રૂખીને ખભે હાથ મૂકી થોડીવાર સામે જોઈ રહી. પછી બોલી: 'દેવુબેન; તમને બન્નેને જોઉં છું ને મને મારી બહેનો યાદ આવે છે.'

'અમનેય જાણે તમે જૂનાં ઓળખીતાં હો એવું લાગે છે. જરાય અજાણ્યા જેવું નથી લાગતું. પણ લીલાબેન, તમે માયા લગાડીને પાછાં ટપુભાઈની જેમ વહ્યાં ન જશો.'

'શું કહ્યું?' લીલાએ ટપુને પૂછ્યું.

'મેં તમને તે રાતે નહોતું કહ્યું?' ટપુ બોલ્યો.

'કઈ રાતે?'

'આપણે માહુલી જતાં રસ્તામાં નદીની અંદર પડાવ નાંખેલો ત્યારે.'

'શું કહેલું મને યાદ નથી.'

'કે દેવુબેન મારી ઉપર હેત રાખે છે તે મારા તરફના જાતીય આકર્ષણને લીધે જ નથી. એ પોતે ખૂબ પ્રેમાળ છે. રૂખીનેય સગી બહેનની જેમ સાચવે છે.'

'ખરું છે. કુદરતી રીતે જ એમના તરફ ભાવ થાય છે. આ બન્ને જણ બોલ્યા વિના આંખોથી જ જાણે પ્રેમ વરસાવે છે.'

'તમે બેય જણ શી વાતો કરો છો ?' કહી દેવુએ લીલાને ધીમે રહીને પીઠમાં ધબ્બો માર્યો.

'તમને ગાળો દઈએ છીએ.'

'એમ તો અમેય થોડુંઘણું સમજીએ છીએ.'

'રૂખીબેન તો કશું બોલતાં જ નથી.'

'તમારા બાપુ શું કામ કરે છે?' રૂખીએ સવાલ પૂછ્યો.

'મોટા ખેડૂત છે.'

'જાઓ હવે.'

'ખેડૂત નહિ પણ ખેતીવાડીના ઉપરી.' ટપુએ સુધાર્યું.

'એમ તો આપણો ટપુભાઈ ધારે તો ભાવનગર રાજ્યનો એવો મોટો અમલદાર થઈ શકે.' દેવુ બોલી.

'અહીંયાં ઉપરી જ છું ને.'

'એ તો ઠીક પણ દેવુબેન,' લીલા બોલી, 'રૂખીભાભીને આવો સમર્થ પતિ મળ્યો તોય એને બીજાનાં કામ કરવા જવું પડે એ સારું કહેવાય ?'

'એમાં શું, ટપુભાઈને મદદ તો કરવી જ જોઈએને. તમારી જેમ અમારે આદમી એકલો કમાય ને બીજાં બેઠાં બેઠાં ખાય એવું એવું નો પાલવે.'

'હવે તો અમારામાંય બન્ને જણ કમાય છે.'

'આ તમારી સાથે કોણ ભાઈ છે?' રૂખીએ પૂછ્યું.

'એ અમારા તરફના એક મોટા ખેડૂતના દીકરા છે. મારા મિત્ર છે.'

'આપણા પરબતભાઈ છે ને એની જેવા.' ટપુએ કહ્યું.

'સાચે જ મને એ પરબત જેવા લાગે છે.' દેવુ બોલી. કિસન સાંભળીને હસ્યો.

ઘરની, ગામની, દેશની વાતો કરતાં ત્રણે જણ મોડી રાત સુધી બેઠાં. પછી ઊઠતી વખતે દેવુ બોલી: 'એકવાર લીલાબેન, મારે ઘેર આવજો. મારા ભાઈ કહેતા હતા કે એમને તેડી આવજે.'

'કોણ રૂડા પટેલ?'

'હા.'

'આવીશ કોઈ વાર.'

સૌ ઊઠયાં. કિસન ને લીલા દરવાજા સુધી આવીને ઊભા રહ્યાં. ત્રણે જણ દેખાતાં બંધ થયાં એટલે કિસન બોલ્યો: 'ટિપુરાવ અહીં જાણે જુદા જ માણસ લાગે છે નહીં?'

'મને તો એવા ને એવા જ લાગે છે.' કહી એ પાછી ફરી.

★

૩૪

સવારની પ્રાર્થના પછી તરત વિનુભાઈ નદીએ નહાવા-ધોવા ચાલ્યા. રૂડા પટેલની ડેલી પાસેથી પસાર થતાં એમને કોઈ શેરી સાફ કરતું હોય તેમ લાગ્યું. નજીક આવીને જુએ તો ટપુભાઈ. ચડ્ડી બાંડિયું પહેરીને હાથસાવરણાથી ટપુ આંગણું વાળતો હતો. રાજી થઈને વિનુભાઈ બોલ્યા, 'તમે ગામમાં રહેવા આવ્યા તે સારું થયું.'

'કેમ?'

'આ બાજુનો લત્તો સાફ રહેશે. અમે દર અમાસે સમૂહ-સફાઈનો કાર્યક્રમ રાખીએ છીએ પણ લોકોને એવી ભૂરી આદત છે. કે ચોવીસ કલાકમાં હતું એવું પાછું કરી મૂકે.'

'એ તો ઘરની માફક રોજ વાળીએ તો જ સાફ રહે.'

'આ બાજુ ભંગી વાળે છે.'

'ઘર ને આંગણું તો આપણે જ વાળવાં જોઈએ. અમારા

પોરબંદર પંથકમાં તો એવો રિવાજ છે કે મેરાણીઓ આંગણું છોડી છેક ચોરા સુધી ચાલી જાય.'

'એ રિવાજ સારો ગણાય.'

'હવે તો ત્યાંય ભુંસાતો જાય છે, પણ આપણે નવા રિવાજ પાડવા જોઈએ.'

'બરાબર છે.'

'ગઈકાલે રાતે સૂવાનું જરા મોડું થયું તે રૂખી હજી સૂતી છે. નહિતર એ જ વાળે છે. અને એનું જોઈને અમારા પાડોશમાં આ છગન સુતારની વહુ ને પેલી બાજુ દીપાશેઠની દીકરી સાફ કરે છે. આ બાજુ સામે દેવુભાઈને પારવતીબેન વાળે છે.'

'અમારા લત્તામાં તો અમે વાળવા નીકળીએ તેની રાહ જુએ છે. અરે ગંદકી થઈ હોય તો ઊલટા સામેથી કહેશે વિનુભાઈ હવે તમારે સફાઈ દિન કયારે છે?'

'એટલે એ રીતે તો લોકો આળસુ ને નફટ થાય. આવા કામમાં બહેનો ઘણી મદદરૂપ થાય.'

'આ લીલાબેન આવ્યાં છે એ કોઈ સારાં સંસ્કારી જણાય છે.' વિનુભાઈ બોલ્યા.

'હા, ભાવનાશાળી બાઈ છે.'

'માત્ર ભાવનાશાળી નથી. કાર્યકર છે. કાલે કાન્તાને એણે સાથે ઉપાડી'તી. અને એનું કામ બધું વ્યવસ્થિત હોય છે. આપણી બહેનો કરે પણ કશું નિયમિત કે યોજનાપૂર્વક નહીં.' વિનુભાઈ બોલ્યા.

'આવોને અંદર' ટપુએ કહ્યું.

વિનુભાઈ ટપુની પાછળ ગયા. આંગણામાં ખાટલા પર બેઠા.

ચારેકોર નજર કરીને બોલ્યા, 'તમારું ઘર પણ ખૂબ ચોખ્ખું ને વ્યવસ્થિત દેખાય છે.'

'હજી રૂખીને ટેવ નથી એટલે જોઇએ તેવું નથી રહેતું. કહો.' ટપુ પગ ધોતાં બોલ્યો.

'ભણેલી બહેનો સમજપૂર્વક કામ ઉપાડે છે એટલે એમાં કાર્ય-કુશળતા ઉપરાંત નિયમિતતા અને વેગ આવે છે. એમના જીવનમાં પણ વ્યવસ્થિતપણું આવે છે. કાલે લીલાબેન કાન્તાને પોતાનો દૈનિક કાર્યક્રમ કહેતાં હતાં. હવે એ તો અહીં આરામ માટે આવેલાં છે. છતાં આખા દિવસનો કાર્યક્રમ આંકી દીધો. તમે ભણેલા હતા તો આટલું ટકી શક્યા.'

'આપણે પણ એ રીતે આંકી લેવો જોઇએ.'

'અમારો કાર્યક્રમ તો નિશ્ચિત હોય છે પણ એની તબિયત એવી છે કે એ પ્રમાણે ચાલે જ નહીં.'

;મન વિના તણાવું પડે એટલે શરીર અટકી જાય.'

વાતો કરતાં ટપુ તૈયાર થયો. રૂખીને ઉઠાડી.

'ઠીક ટપુભાઈ, હું જઈશ.'

વિનુભાઈ, મારે તમને એક પૂછવાનું હતું.'

'આપણે લીલાબેનને સમય હોય તો કાન્તા, રૂખીબેન અને જેને ઇચ્છા હોય એવી બહેનો માટે એક રાત્રિવર્ગ શરૂ કરીએ.'

'હમણાં થોડાં દિવસ લીલાબેનને જાણીતાં થવા દો. હજી એમની ભાષા કોઈ સમજતું નથી. વળી એ ક્યાં સુધી રહેશે એ પણ નક્કી નથી.'

'ભાગરવા આસો સુદી રહે તો આપણને વૈદકીય રાહતમાં ખૂબ ઉપયોગી નીવડે.'

'હા. એમને પૂછી જોઇશું.'

'ઠીક ત્યારે હું રજા લઉં' વિનુભાઈ ઊઠયા.

'આપણે વિનુભાઈ,' ટપુ બોલ્યો, 'અઠવાડિયે એકવાર અહીં રામમંદિર આગળ સમૂહપ્રાર્થના રાખીએ તો?'

'તો બહુ સારું. મે. શરૂઆતમાં એવા પ્રયત્નો કરેલા પણ એમાં સફલતા નહોતી મળી.'

'રૂડાભાઇને મેં વાત કહી હતી. ધનજીભાઈ. કરશન પટેલ, દીપાશેઠ વગેરેને પણ પૂછયું. એ સૌ રાજી છે.'

'મને તો એ વસ્તુ ખૂબ ગમે છે.' નમસ્કાર કરી વિનુભાઇ નદીએ ગયા.

રૂખીએ રોટલો ધકયો. ટપુ શિરામણ કરી વાડીએ ગયો.

×

રૂડાની બેઠકમાં લીલાની વાતો ચાલી. દીપા શેઠ કહ્યું: 'બાઈ માંદી થઇને આવી'તી પણ હવે તો દોડતી હોય એમ હાલે છે.'

'આપણા ગામનું પાણી જ એવું છે.' રામો પગી બોલ્યો.

'દેવુ કહેતી'તી કે એ બાઇને આળસ નથી. સવારમાં ચાપાણી પીને સીધી આપણી વાડીએ પહોંચે છે.'

'અજાણી બીજે કયાં જાય, અને આપની વાડીએ નહાવા-ધોવાનું સુખ રહ્યું ને!'

'ટપુ એનો જાણીતો રહ્યો. કહે છે એનો ભાઈ ટપુ ભેગો ભણતો.'

'લ્યો ત્યારે એને ફાવતું આવ્યું.'

'ન્યાં વાડીએ ય નવરી નો બેસે. કાં તો દેવુને કહેશે. લાવો ખડ વાઢું', કાં તો કાનાને કહેશે લાવ પાણી વાળું', કાં તો કોદાળી લઇને

ઝાડવાં ગોડવા માંડે. મેં કાલ ના પાડી તો કહે તબિયત સુધારવા એટલી કસરતની મને જરૂર છે.'

'ઈ વાતેય સાચી.' દીપાશેઠે કહ્યું.

'મોડી મોડી ઘેર આવે. રાંધી ખાઇને પાછી બપોરે ખાદી કાર્યાલયે જાય છે. ત્યાં કાંતે છે.'

'તમેય ભાઈ, એની બધી ડાયરી રાખતા લાગો છો.'

'ભાઈને નવા માણસની ખબર તો રાખવી જ જોઇએને' રામાએ કહ્યું.

'એની ભેગો રામો છે ઈ ખેડનું કામ જાણે છે.'

"એમ?'

'હા, આપણી વાડીએ કોસ હાંકે છે.'

'ત્યારે તમારે લાભ થયો.'

'ઈ તો ઘડી બે ઘડી હાંકે. બાકી, કાલ સાંજે હું વાડીએથી આવતો'તો ત્યાં નદીના વેકરામાં નિશાળિયાને ભેગા કરીને કુસ્તી કરાવતો'તો.'

'ઇ ભૈયાલોક કુસ્તીના બહુ શોખીન ભાઈ.'

'બેય જણ નાનાં છોકરાં જેવાં રમતિયાળ છે.'

'અરે કાલ બપોરની વાત કરું.' દીપાશેઠ હસીને બોલ્યા, 'નાનાં છોકરાંની ધીંધ બાઇને વળગેલી મૂકે જ નહીં. બસ 'ગીત ગાઓ' 'ગીત ગાઓ.'

'બાઈ બહુ સારું ગાય છે.'

'પછી ભાઈ ગવરાવે છૂટકો કર્યો.' 'એમ કે?'

'હા, કાન્તાબાઇએ બાલવાડી કરી છે ત્યાં આ બાઈ જતી લાગે છે નહિતર તો છોકરાં ઓળખે શેના?'

'બાઈ પાછી દવાનું કામ જાણે છે.' રૂડાએ કહ્યું.

'હોય નહીં ?'

'હા. ટપુ કહેતો'તો કે એ દાક્તરી લાઈનનું ભણે છે. આપણા છગન સુતારની માને ગોળો ચડયો'તો ને રાડયો પાડતી'તી તે પાંચ મિનિટમાં બેસાડી દીધો.'

'ત્યારે તો હોશિયાર ખરી.'

લીલાને આવ્યાં પૂરું પખવાડિયું ન થયું એટલામાં એ ગામ આખામાં જાણીતી થઈ ગઈ. ભરચક કાર્યક્રમમાં એના દિવસો આંખ મીંચીને ઉઘાડે એમ વીતવા લાગ્યા.

'શરૂઆતમાં થતી બેચેની અને લાગતી અગવડ ઓછી થવા લાગી. લીલા ધીમે ધીમે નવાગામના જીવનમાં પલોટાતી ગઈ. બીજે રવિવારે શંકરરાવ સહકુટુંબ મળવા આવ્યા. લીલાના નવા જીવનનો ક્રમ જોઈ એમને આનંદ થયો. શામજી અને રૂડાએ એમને પોતાને ઘેર ચાપાણી માટે બોલાવ્યા. સૌને ખૂબ મજા પડી. દોઢ દિવસ રોકાઈએ પાછા ગયા.

×

શંકરરાવ આવીને ગયા એટલે વળી પાછું એક દિવસ લીલાને સૂનું લાગ્યું. કામની નવીનતા પણ ઓછી થઇ. એને દાદાસાહેબ સાંભર્યા. સાંગલી સાંભર્યું. લીલાને ઉદાસ જોઇને ટપુએ કહ્યું, 'બાપુને પત્ર લખો. એ ગમે ત્યાંથી સમાચાર મેળવીને મોકલશે. મને પણ ફિકર થાય છે. પણ ફિકર કર્યે શો ફાયદો ?'

લીલાએ પત્ર લખ્યો. સૌ જવાબની રાહમાં દિવસો ગણવા લાગ્યાં.

★

૩૫

રાતે વાળુપાણી કરીને સૌ ચોરા પાસે એકઠા થયા, નાનાં છોકરાં આગળ આવીને બેઠાં. પાથરણા ઉપર મુખ્ય માણસો બેઠાં. વિનુભાઇએ પ્રાર્થના શરૂ કરાવી. લીલાએ ભજન અને ધૂન ગવરાવી. ટપુએ ભજનનો અર્થ સમજાવ્યો. પછી છાપું વાંચવાની શરૂઆત કરે છે ત્યાં પાછળથી અવાજ આવ્યો 'ટપુભાઇ, લીલાબેનને કહો બીજું ભજન ગાય.

'હા ટપુભાઇ' બીજાએ ટેકો આપ્યો.

ટપુના આગ્રહથી લીલાએ એક રાષ્ટ્રગીત ગાયું. મંત્રમુગ્ધ બનીને સૌ સાંભળી રહ્યા.

'આપણે રૂડાભાઈ, રોજ અહીં પ્રાર્થના થાય તો કેમ?'

'સારું.'

'વિનુભાઈ આપણો શો મત છે?' ધનાએ પૂછ્યું.

'મને તો સમૂહપ્રાર્થના ગમે છે.

ઉત્સાહમાં આવીને લોકોએ એ સૂચના વધાવી લીધી.

ચાર દિવસ પ્રાર્થનાની ગાડી ઠીક ચાલી. લોકોનો ઉત્સાહ મોળો પડે તે પહેલાં વરસાદ આવ્યો અને સૌની લાજ રહી ગઈ. ધોધમાર વરસાદ પડ્યો. ઘરમાંથી બહાર નીકળવું મુશ્કેલ થઈ પડ્યું. ઊભી બજારે કીચડ જામ્યો.

વચ્ચે એક દિવસ ઉઘાડ નીકળ્યો. ટપુએ બે ચાર જુવાનિયાને એકઠા કરી કહ્યું, 'આજ આપણે આ બજારનો રસ્તો ઠીક કરી લઈએ.' સૌ તૈયાર થયા. લીલાને ખબર પડતાં કિસન સાથે એ આવી પહોંચી વિનુભાઇ ને દિનુભાઈ પણ પાવડા લઇ આવી પહોંચ્યા. ચાર કલાકમાં રસ્તો સાફ થઇ ગયો.

ટપુની આસપાસ જુવાનિયાની જ ટુકડી એકઠી થઈ હતી. એમની સાથે કિસને દોસ્તી બાંધી. સાંજ સવાર નવરાશને વખતે કિસન એમને બંગલે બોલાવી શરાતનની વાતો કરતો અને નદીની રેતમાં લઈ જઈ કુસ્તી કરાવતો અને મેદાની રમતો રમાડતો. એકવાર રૂડાએ એને કહ્યું, 'એલા ભૈયા, તું તો અમારા જુવાનિયાઓને બહારવટિયા બનાવી દઇશ.'

જવાબમાં ગુજરાતી મિશ્રિત હિંદીમાં કિસને જવાબ દીધો, 'બહારવટિયાકી સામને ખડા રહે ઐસા બને તો પણ પૂરતા હૈ.'

રૂડાને એ વસ્તુ ગમતી હતી.

*

અષાડ ઊતરીને શ્રાવણ આવ્યો. રૂડાની ઇચ્છાને માન આપીને ટપુએ એની ડેલીમાં રામાયણ વાંચવાનું કબૂલ કર્યું. લાંબી પડશાળમાં બૂંગણ પાથરીને બેઠક કરી. આસપાસનાં ગામેથી મિત્ર-દોસ્તોને આમંત્રણ આપ્યાં. ગામની સ્ત્રી પુરુષ બાળ બુઢ્ઢાં સૌ એકઠાં થયાં. વિનુભાઇ, કાન્તાબેન, લીલા, કિસન, સૌ રેંટિયો લઈને

સાંભળવા આવ્યાં, ટપુએ મીઠી હલકે રામાયણનું વાચન શરૂ કર્યું. દોહા, ચોપાઈઓ સાથે યુગધર્મ અનુસાર અર્થ કરીને સમજાવવા લાગ્યો. રામાયણના રસમાં નવાગામનાં લોક તરબોળ બન્યાં.

*

શ્રાવણ પૂરો થઈને ભાદરવો બેઠો. આકરા તડકા પડવા માંડ્યા. વાડીઓ ને ખેતરોમાં જાર બાજરા ઊગીને ઘૂંટણપૂર આવી ગયા. ખેડૂતો સવાર બપોર ને સાંજ બેલીઓ કાઢવા લાગ્યા. શ્રાદ્ધપક્ષ આવ્યું. મચ્છર અને માખીઓનું જોર વધ્યું. જોતજોતામાં ખાટલા ઢળાવા લાગ્યા. ટાઢિયા તાવે ઘેરો ઘાલ્યો. ઘરનાં ચાર માણસોમાં ચારેય માંદાં એવી પણ સ્થિતિ આવી પહોંચી. કોઈ કોઈને પાણી ન પાય એવી કારમી સ્થિતિમાં વૈદકીય રાહત આપવા વિનુભાઈ અને લીલા ઘેર ઘેર ફરવા લાગ્યાં. ખભે દવાની પેટી લટકાવી કિસન પણ સાથે ચાલ્યો. બહારગામ પણ જવા લાગ્યાં. કોઈવાર કિસનને કોસે રાખી ટપુ પોતે લીલાની સાથે જતો. અને ચાર ચાર દિવસ સુધી પાછો ફરતો નહીં. એવે વખતે દેવુ રૂખીને હસતી હસતી કહેતી 'છે એને ઘરબારનું ભાન, રાતદી ભમ્યા કરે છે.'

'શું કરે, બચારા લોક માંદા પડે, મોઢે પાવળું પાણી મૂકનાર ઘરમાં કોઈ ન હોય, એવાને દવા આપે, એવાની સેવા કરે તો ભગવાન આપણને સુખી રાખે.' રૂખીનો આવો જવાબ સાંભળીને દેવુ એને ભેટી પડતી ને બોલતી, 'રૂખી, ટપુભાઈ જેવાને તો તારા જેવી જ વહુ જોઈએ.'

સાંભળીને રૂખી શરમાઈ જતી.

ખેડૂતોને ખરા કામના બે મહિના આસો ને કારતક. એ બે મહિનામાં જ ટાઢિયા તાવનું આક્રમણ શરૂ થયું. પણ એમની

મદદે આ વરસે, ઈશ્વરે લીલાને મોકલી આપી હતી. વિનુભાઇ, ટપુ અને કિસનની સહાયથી લીલાએ ટાઢિયા તાવની સામે જેહાદ શરૂ કરી. એમાં એ બીજું બધું ભૂલી ગઇ.

×

આ બાજુ રૂડાએ પણ તાલુકદારો, મિત્રો અને ગામના આગેવાનોને મળવા જવાનો કાર્યક્રમ ગોઠવ્યો. રૂડાએ જોયું કે જે કામ ટપુ અને સેવાભગિની લીલાએ થોડા દિવસોમાં પોતાના દયાનીતરતા હૈયાથી સાધ્યું હતું તે કામ પોતાની વરસોની લાગવગ સાધી શકી ન હતી.

ધોધા તાલુકાના વાવડી ગામનો ગરાસદાર રૂપસંગ બીજા તાલુકદારો કરતાં કંઈક જુદો તરી નીકળતો હતો. નવા જમાનાની વાતો એ સમજી શકતો. છાપાં નિયમિત વાંચતો. ધંધુકા અમદાવાદ જતો ત્યારે મહાસભા સમિતિના આગેવાનોને મળતો અને તેમની સાથે મેળ રાખતો. આગલી સાલ મળેલી ધોધા તાલુકા રદિપવમાં એણે હાજરી આપેલી. ભાવનગરના તુમાખી દીવાન સાથે બોલાચાલી થવાથી પોલીસ ઉપરીનો હોદ્દો છોડીને પોતાના ગરાસના ગામે આવીને એ રહ્યો હતો. સવારના નવેક વાગે એ ચોપાટમાં આરામખુરશી પર આડો પડયો હતો. ડાબે હાથે હોકાની ને મોંમાં રાખી જમણે હાથે મૂછને વળ દઈ રહ્યો હતો. ગઢમાં જાણે મધરાતનો પહોર હોય એવો સોપો પડી ગયો હતો. બેચાર વછેરાં મોટા ચોગાનમાં બાંધ્યાં હતાં. વચ્ચે ઊંચા લીંમડાની ઘટામાં બેચાર પક્ષી કલબલ કરતાં હતાં. ખંડિયેર જેવા ભીંતડાંની પાછળ આવેલા દરબારગઢમાં રાણીઓ ઓસરીની કોરે બેસીને દાંતે તમાકુ દેતીને બેઠી હતી એકાદ બે વડારણો ઓરડા વાળતી હતી. ચક્રવર્તી અશોકના વારાથી ઊતરી આવેલી મહાન રાજની સંસ્થાના અવશેષ સમા દરબાર

રૂપસંગ અર્ધ મીંચેલી આંખે આરામખુરશીમાં પડ્યા હોકાની ઘૂંટ લઇ રહ્યા હતા. દેશમાં મહાન લડત ચાલી રહી હતી. પોતે બેમાંથી એકેય પક્ષે રહી શકે તેવી સ્થિતિ ન હોવાથી શૂન્યમનસ્ક બનીને ઘરઆંગણે બેઠા હતા, એક હજુરિયો પડ્યો બોલ ઉપાડવા પાછળ ઊભો હતો.

સવારમાં વહેલા ઊઠીને લોક કામે ચાલ્યા ગયા હતા. એકાદ રડ્યોખડ્યો વેપારી લોટ માગવા જતો. બ્રાહ્મણ બજારમાં નજરે પડતો હતો. સૂની બજારમાં થઇને રૂડો અને ટપુ દરબારગઢમાં આવ્યા.

ઘોડાના ડાબલા સાંભળીને હજૂરિયો બહાર આવ્યો અને તરત પાછો જઈ દરબારને વરધી આપી, 'બાપુ, નવાગામથી રૂડો પટલ આવ્યા છે.'

'આવવા દે.' કહી દરબાર જરા બેઠા થયા અને વિશાળ આંખો રસ્તા તરફ માંડી.

રૂડો અને ટપુ ઘોડાં દોરી અંદર દાખલ થયા.

'રામરામ બાપુ' રૂડાએ કહ્યું.

'રામરામ, એલા ઘોડાં લઇ લે અને તબેલામાં બાંધી ઓરડ્યો વાડીએથી રજકો આવ્યો છે એ બથ ભરીને નીરજે.' સામે પાથરેલી ગોદડી પર બેસતાં રૂડાએ પૂછ્યું, 'કેમ છે તબિયત બાપુ !'

'સારી છે. આ ભાઈ કોણ?' ટપુ સામે જોઇને દરબારે પૂછ્યું.

'આપણા સ્નેહી છે. પોતે બી. એ. જી. થયેલા છે. આપણી ખેતીવાડી તેઓ સંભાળે છે. બહુ મહેનતુ અને પ્રમાણિક માણસ છે.'

'હા, સાંભળ્યું'તું ખરું કે હમણાં તમે બગીચો ભારી બનાવ્યો છે.

'ઈ બધા આ ટપુભાઇના પ્રતાપ.'

'સારું સારું. કહી બે બીડી રૂડા તરફ ફેંકી દરબાર બોલ્યા કહો, અહીં સુધી જ કે આગળ જવું છે?'

'અત્યારે તો અહીં સુધી જ.' કહી રૂડો વાત કેમ શરૂ કરવી તેની મનમાં ઘડ બેસાડવા લાગ્યો. રૂડાની બેઠક મોટે ભાગે જુનવાણી ગિરાસદારો સાથે જ હતી. રૂપસંગ એ લોકોનો વિરોધી હતો. કેટલાક દરબારો સાથે રૂપસંગને અબોલા પણ હતા. રૂડો એ બધું સારી પેઠે જાણતો હતો એટલે વાત કેમ શરૂ કરવી તેની જરા મૂંઝવણ થઇ. આખરે એણે ઘડ બેસાડી લીધી અને બોલ્યો, 'તમે બાપુ, હમણા છાપાં તોવાંચતાં હશો.'

'વાંચું છું.'

'સરકારના આટઆટલા જુલમ છતાં હજી લડાઇ મોળી નથી પડી.'

'શેની પડે.' દરબાર જરા ટટ્ટાર થઈને બોલ્યા, 'ઈ તો મરણિયા છે. મરી જશે પણ મીનો નહિ ભણે.'

'આપણે આણીકોર બધું ટાઢું બોળ થઈ ગયું બાપુ.'

'નો થઇ જાય. તમારા બધા ભાઈબંધોએ રાંકડી રૈયતને રહેંસી નાખી. ઇ તે ગરાસિયા છે કે કસાઇ.' રૂપસંગ ઊકળી ઊઠયો. રૂપસંગને પાનો ચડાવવા રૂડો બોલ્યો.

'મારા ભાઈબંધ પણ તમારા તો ભાઇઓને?'

'મારું હાલે તો એવાને ગોળીએ દઉં. આપણે તો ઠીક, ત્રણ ગામડીના ધણી, વાટકીનું શિરામણ, પણ આ ભાવનગરનો રાજા અદારસેં પાદરનો ધણી કે'વાય એનોય દી' ફરી ગ્યો છે તે રૈયતને જેમ આવે એમ ઢીબે છે.'

'પણ બાપુ, હવે ઈ લાંબુ નહિ નભે.'

'તમારા જેવા કાંધિયા છે ત્યાં સુધી નભશે.'

'હવે હું એ મતમાં નથી હો બાપુ!'

'અરે તમે દહીંમાં ને દૂધમાં બેયમાં રમો એવા છો, હું ક્યાં નથી જાણતો.'

ટપુ દરબારની નિખાલસ આંખો સામે જોઈ રહ્યો. રૂડાના ચહેરા પર સહેજ ઝાંખપ દેખાઈ. તે દૂર કરી સહેજ હસીને રૂડો બોલ્યો, 'બાપુ, આજસુધી જે થયું તે થયું, હવે મેં વિચાર ફેરવ્યો છે. તમે જો ભેગા હાલો તો આપણે ધોધા પંથકનાં સરકારી ને દરબારી ગામોનો એકઠો કરીએ. તમારી એક હાકલે બધા ઊભા થઈ જશે.'

'ઊભા તો થઈ જાય, પણ આપણી વાંસે એમને ટેકો આપનારા જોઈએને!'

'ઈ છે. ત્યારે તો હું તમારી પાસે આવ્યો છું. એમ કરો બાપુ, આપણે આ ધોધા પંથકનાં ગામના આગેવાનની એક સભા અહીં બોલાવો. આપણો આ ટપુભાઈ પૂનાની બોલીકાર મીરજ હમણા ગ્યો'તો. ત્યાંની વાતો એ કરે છે તે જાણે ૧૮૫૭ના બળવાની જ વાતો સાંભળતા હોઇએ એવું લાગે.'

'ટપુભાઈ ક્યાંના રહેવાસી?'

'ઊપલેટા પાસે કોલકીનો.'

'ભલે, તો આપણે દિવસ નક્કી કરો. એ પ્રમાણે સમાચાર મોકલી બધાને ભેગા કરીએ, પણ કોઈ સરકારી માણસને જાણ નો થવી જોઇએ.'

'એનો મેં રસ્તો કરી રાખ્યો છે.' રૂડો બોલ્યો.

'તમે પૂરા પહોંચેલા છો.' કહી રૂપસંગ હસ્યોઃ 'કહો શું રસ્તો ?'

'આપણા ટપુભાઈ રામાયણ બહુ સરસ વાંચે છે. અહીં આપણે ગઢમાં પારાયણ બેસાડો. એ વખતે પછી જેમની આગળ વાત કરવા જેવું હશે એમને વાત કરશું. કેમ ટપુભાઈ!'

'જેમ તમને અને દરબારને ઠીક લાગે તેમ ગોઠવો.' બપોર સુધી દરબાર સાથે લડતની જ વાતો ચાલ્યા કરી. ટપુને લાગ્યું કે દરબાર રૂપસંગ એક શક્તિશાળી, ઉત્સાહી જુવાન છે અને તેમને આગળ પડીને કામ કરવાની હોંશ પણ છે. સૌને એકઠા કરવાનો દિવસ ઠરાવી રૂડાએ અને ટપુએ રજા લીધી.

×

ઠરાવેલે દિવસે સૌ આવી પહોંચ્યા. નાનકડો માંડવો બાંધી દરબારગઢના ચોકમાં જ પારાયણ બેસાડી. ગામ આખું નવા નવા માણસોથી ઊભરાવા લાગ્યું.

પહેલે દિવસે જ રાતે દરબારગઢના અંદરનાં ખંડમાં ગણ્યા માણસોની સભા મળી. એમાં રૂડાએ ટપુનો સૌને પરિચય કરાવ્યો. ટપુએ લડતની વાતો સંભળાવી. અંતે ગ્રામપંચાયતની રૂપરેખા દોરતાં કહ્યુંઃ 'તમને અત્યારે આ બધું નવું લાગશે. અશક્ય લાગશે. પણ જો તમે સૌ દૃઢ સંકલ્પ કરો તો કશું અશક્ય નથી. આજ નહિ તો કાલ પણ એ સિદ્ધ થશે.'

'પણ આ સરકારી અને દરબારી મુલક ભેગા છે એનું શું ?'

'સરકારી, દરબારી ને તાલુકદારી એ બધા ભેદ રૈયત ધારે તો ભૂંસી નાંખી શકે છે. અને સરકાર કે દરબારનું રાજ્ય આપણી ઉપર ચાલે છે એટલે શું ? એમનો આપણે મદદ્દૂત ભરીએ છીએ,

એમના હુકમ માનીએ છીએ અને કજિયા–કંકાસ થતાં એની પોલીસ અને કચેરીની મદદ માગીએ છીએ. એટલું ન કરો એટલે તમે તમારા ગામના રાજા જ છો. અને એમ જ હોવું જોઇએ. આજે પણ તમને સરકારની શી મદદ મળે છે? કશી નહીં. તમારા ગામમાં ધાડ પડે છે તો તમારે જ એનો સામનો કરવો પડે છે. તમારા ગામના રસ્તા એવા ને એવા જ છે. દવાખાનું તો આટલામાં એકેય ગામડે નથી. નિશાળો છે એ ધૂળ જેવી. ત્યારે તમારે શા માટે મહેસૂલ ભરવું જોઇએ? આપણે એક પંચાયત સ્થાપી એની આવકમાંથી રસ્તા, આરોગ્ય ગૃહ, કચેરી બધું પોતાની મેળે જ કરી લેવું જોઇએ. ગામના દરેક ઉંમરલાયક જુવાન ગામનું રક્ષણ કરે એવી રીતે એને તૈયાર કરવા જોઇએ. નિશાળોનું ભણતર આપણા ધંધામાં અને ગ્રામજીવનમાં તેજ અને બરકત આવે તેવું આપણે જ ગોઠવી લેવું જોઇએ. નદીઓના બંધ બાંધી તળાવો કરવાં, નહેરો બાંધવી, એ બધું સરકાર કે દરબાર સેંકડો માઇલ દૂર રાજધાનીમાં બેઠા કરે એમ શા માટે? તમે ધરતીમાંથી ધાન નીપજાવી પૈસા તિજોરીમાં ભરો અને એ ધરતીને રસાળ બનાવવા નહેરનું પાણી જોઇએ તો એને માટે પાછા સરકારી મહેલે ધક્કા ખાવા પડે, એવો શીદીભાઇનો ડાબો કાન શા માટે?'

'બરાબર છે.' તણુસાના ડાહ્યા પટેલે ટેકો આપતાં કહ્યું: 'અમારે ગામ દવાની પેટી લઇને ઓલી દાક્તર બાઈ આવે છે ઈ આવી જ વાતો કરે છે. ઈ તો કહે અમારા મુલકમાં આવી ગ્રામ-પંચાયતો સ્થપાઈ છે. અને દેશમાં બધે સ્થપાય તો કાલ સવારે અંગરેજી સત્તા તૂટી પડે.'

'ઈ બાઈ તો અહીં એકવાર આવેલી.' રૂપસંગ દરબારે કહ્યું: 'આપણા નાના દીકરાને ઠીક નહોતું. એણે એને પાંચ મિનિટમાં આરામ કર્યો. પછી ચોપાટમાં કલાક બેઠેલી એની વાતો સાંભળતાં

થાકીએ જ નહીં. એના મુલકમાં તો સ્વરાજનો વાવટો ચડી ગયો છે.'

'હજી ચડયો નથી' ટપુ બોલ્યોઃ 'પણ એ લોકો હજી ઝૂઝી રહ્યા છે. આપણે પણ જાગવું જોઈએ. આ લડાઈ પૂરી થાય અને ગોરું સિંહાસન તૂટી પડે તો આવી પંચાયત સ્થાપી હોય તો એ વખતે બહુ ખપ લાગે.'

'આપણે અહીંથી છૂટા પડયા પહેલાં જ એક મોટી સભા કરવાનું નક્કી કરવું જોઈએ.' રૂડો બોલ્યો.

'નક્કી તો હમણા કરી લઈએ,' રૂપસંગે યહ્યું: 'પણ પછી કોઈ ખરે મોળા પડે ઈ કામ નો લાગે. રણમેદાનમાં પાછી પાની કરે એવાને તો પછી ઝાટકે જ દેવા પડે.'

'દરબારની વાત સાચી છે,' ટપુએ કહ્યુંઃ 'એમ આ કામ એક દિવસનું નથી. હજી તમે સૌ આ વાત પૂરી સમજી લ્યો. પછી તમને ગળે ઊતરે તો બીજાને સમજાવો. આમાં જાનનું જોખમ છે. ફના થવાનું છે.'

'એ તો સૌ સમજે છે.' રૂપસંગ વચ્ચે બોલ્યો.

'રૂડા પટેલને જેલમાં પણ પૂરી દે.' ડાહ્યો પટેલ બોલ્યો.

'તમને પણ ઉપાડી જાય' ટપુએ કહ્યું.

'તે અમે તયાર છીએ. તમારા રૂડાથી એક ડગલું આગળ રહેવાવાળા છીએ.' ખોખરાવાળા લખમણ પટેલ બોલ્યા.

આમ અનેક વાતો કરતા મોડી રાતે સૌ વિખરાયા.

પારાયણનું સપ્તાહ પૂરું થતાં સુધી ટપુની ભાવનામય વાતોથી સૌનાં હૃદયમાં જાણે નવો પ્રાણ પ્રગટયો.

*

એકવાર રૂડો ટપુ સાથે ઘોડા ઉપર નવાગામ પાછો ફરતો હતો. રસ્તામાં બન્ને વાતો કરતા આવતા હતા. રૂડાએ પૂછ્યું: 'ટપુભાઈ, તમને લાગે છે આ ગરાસિયાઓ લોકો સાથે હળીમળીને રહે? અને આપણને સહાય કરે?'

'જેમને સત્તાનો શોખ છે અને જેમની નજર ટૂંકી છે એવા મિથ્યાભિમાની તાલુકદારો નહીં ભળે. બાકી બીજા સામાન્ય સ્થિતિના જરૂર ભળશે. અને લોકો અંદરોઅંદર એકત્ર થશે. એ વખતે તમારી પણ કસોટી થશે.'

'શી રીતે?'

'જ્યાં રાજ્ય, તાલુકદારો અને પ્રજાના સ્વાર્થની અથડામણ થશે ત્યાં તમે પ્રજાના પક્ષે ઊભા રહેશો તો તે દિવસથી લોકો તમને પોતાના ખરા આગેવાન ગણી તમારી પાછળ ચાલશે. આ વસ્તુ ઘેર ઘેર સમજાવવા જવાની જરૂર નથી, લોકહૃદયમાં આપમેળે એ ઊગી નીકળે છે.'

'પણ ટપુભાઈ,' રૂડો ગંભીરપણે બોલ્યો: 'તારી વાત સો ટકા સાચી છે. છતાં રાજ્યના મોટા અમલદારો અને તાલુકદારો જેમની સાથે રાત દી બેઠા ઊઠયા, આનંદ–પ્રમોદ કર્યા, એમની સામે કેમ પડાય? આંખની શરમ ન આવે?'

'આવે. પણ એમની સાથે જે સ્નેહ છે એના જોરે જ સાચી વાત કહેવાની અને સમજાવવાની શક્તિ હોય તો જ આગેવાન થઈ શકાય. જેનામાં ન્યાયનો પક્ષ લેવાની હિંમત નથી. તાકાત નથી, એ શી રીતે લોકોને દોરી શકે?'

ટપુના શબ્દે શબ્દે રૂડો ઊંડા વિચારમાં ઊતરતો ગયો. લોકોને દોરવણી આપ્યા પહેલાં ખરા આગેવાને પોતાના મનને જ સન્માર્ગે

દોરવું પડે છે, એ વાતની એને પ્રતીતિ થવા લાગી. ઘડીભર એના મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ જામ્યું.

અંતરનો પારખુ ટપુ એ જોઈ શક્યો. અને તેનો મૂક સાક્ષી બની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આવાં માનસિક યુદ્ધો જ માનવજીવનની સફળતાની ચાવી છે એ વાત ટપુ અનુભવે સમજતો થયો હતો.

પોષ મહિનાની પાછલી રાતે ખેતરોમાં ઓલવાતાં જતાં તાપણાંની માફક, દેશમાં ઠેર ઠેર લડતની જ્વાળા મંદ પડતી જતી હતી તે વખતે ટપુ, રૂડાની મદદથી આ ઓતાડા પ્રદેશમાં ભડકો કરવાની પેરવી કરી રહ્યો હતો. રૂડાને પણ એમાં એક પ્રકારનો ઓર આનંદ આવતો હતો.

રોજિંદા મિત્રોની સાથે દાયરામાં કોઈ વાર આ વાત નીકળતી ત્યારે આ કામમાં રહેલાં જોખમનું ચિત્ર નજર સામે ખડું થતાં રૂડો ઘડીભર ધ્રૂજી ઊઠતો. પોતાના હંમેશના ગોઠિયાઓની વાતોથી એનો આ નવે ચીલે ચાલવાનો ઉત્સાહ ઓસરી જતો, પણ જેવો એ ટપુને જોતો અને એની વાતો સાંભળતો, એની સાથે ગામડાં-ઓમાં ફરવા જતો, ત્યારે એનું મન નવા રંગે રંગાઈ જતું.

પેઢી દરપેઢી રાજ્યભક્ત રહેલા રૂડાના મનને ટપુ લોકમાન્ય બનાવવા મથી રહ્યો હતો. અને જોખમથી બચીને ચાલવા ટેવાયેલું રૂડાનું મન, અજાણપણે જોખમ ખેડવાને પંથે જઈ રહ્યું હતું. અને તત્પૂરતો એમાં રહેલો અલૌકિક આનંદ એનું ચતુર મન પરખી શક્યું હતું. ટપુનો સહવાસ એને અંતરથી પ્રિય લાગતો હતો.

*

૩૬

દિવસ આથમવા વખતે ટપુ ગામમાં આવ્યો ત્યારે કિસન એની રાહ જોઇને ઊભો હતો. તદ્દન નજીક જઇને એણે કાનમાં કહ્યું, 'કાગળ આવ્યો છે. લીલાબેન તમારી રાહ જુએ છે.'

'ભારો મૂકીને આવું.' કહી ટપુ ઉતાવળો ચાલ્યો. કાગળમાં શા સમાચાર હશે એની અનેક કલ્પનાઓ એના મગજમાં એક-સામટી ઊભરાવા લાગી. ઝટપટ એ પાછો ફર્યો.

લીલા ગંભીરપણે બેઠી હતી. ટપુ આવ્યો એટલે કશું બોલ્યા વિના પત્ર એના હાથમાં મૂક્યો. વાંચીને ટપુ જમીન સામે ઘડીભર જોઈ રહ્યો. થોડી વારે કંઈ નિર્ણય કર્યો હોય એમ ચહેરા પર દૃઢતાની રેખાઓ પથરાઈ અને બોલ્યો, 'તમે શો વિચાર કર્યો ?'

'જવાનો.'

'તો પછી તૈયારી કરો. હું અહીંથી તમારી સાથે જ નીકળીશ. પણ રૂખીને એને પિયર મૂકીને પછી આવી પહોંચીશ. કારણ કે

દાદાસાહેબ ગમે તે નિર્ણય કરે, મેં તો મહાત્માજીને અનુસરવાનો નિશ્ચય કર્યો છે.'

'હું પોતે ત્યાં ગયા પછી નક્કી કરીશ.'

'બરાબર છે.'

લીલા સાથે ગંભીરપણે થોડીવાર વાતો કરી ટપુ ઘેર આવ્યો. રૂખીને તૈયારી કરવાનું કહી રૂડાને મળવા ગયો.

'આવો ટપુભાઇ.'

'મારે અચાનક એક ગામતરું આવ્યું છે.'

'ક્યાંનું ?'

'રૂખીને પિયર મૂકવા જવું છે.'

'જઇ આવો. એમાં શું ?'

'બને તેટલો વહેલો પાછો આવતો રહીશ.'

'ભાડા માટે પૈસા લઇ જજો.'

'ભલે.' ટપુ ઘેર આવી તૈયારીમાં મદદ કરવા લાગ્યો. દેવુને ખબર પડતાં એ આવી પહોંચી.

'કેમ એકદમ ભાભીને માબાપ સાંભર્યાં ?'

'બિચારી પહેલ વહેલી આવીને આટલું રોકાઈ ઈ ઓછું છે ?'

'સારું સારું. મૂકી આવો. રૂખીભાભી, પાછાં વહેલાં વહેલાં આવતાં રહેજો.'

'મને તમારા વના ન્યાં નઈ ગમે દેવુબેન, તમેય હાલો મારી ભેગાં.'

'આવું ટપુભાઇ ?'

'ચાઓ સાબદાં.'

'અરે રામ. મને ભગવાને દીકરો ઘડયો હોત તો નક્કી આવત.'

રાતોરાત ભાતું કર્યું.

સૂર્યોદય થાય તે પહેલાં ટપુ, રૂખી, લીલા ને કિસન ગાડું જોડી સ્ટેશનને રસ્તે ચાલી નીકળ્યાં.

લોકોએ જાગીને જોયું તો એમના વિના ગામ સૂનું હતું.

*

બપોરે ટપાલ આવી. વિનુભાઇએ કાગળો ઉપર નજર ફેરવી લીધી. પછી છાપાં ઉઘાડયાં. મથાળાં વાંચતાં જ એમની નજર ઠરી ગઇ. 'કાન્તા ?' એમણે પોતાના જીવનમાં પહેલી જ વાર આટલે મોટેથી બૂમ મારી.

કાન્તાએ રસોડાની બારીમાંથી પૂછ્યું, 'કેમ શું છે ?'

'અહીં આવો.'

કાન્તા આવી.

'આ વાંચો.' વાંચતાં કાન્તા સ્તબ્ધ બની. કાન્તા કંઇ બોલે તે પહેલાં વિનુભાઇ છાપું લઇને ઉતાવળા રૂડા પટેલની ડેલીએ પહોંચ્યા.

'કેમ વિનુભાઇ છાપુ લઇને ઉતાવળા ?'

'આ વાંચો.'

દીપાશેઠ વગેરે મંડળી બેઠી હતી. એમણે કહ્યું.

'તમે જ વાંચોને, સૌ સાંભળીએ.'

વિનુભાઇએ ઉતાવળે વાંચ્યું.

'મહાત્માજીના આદેશને માન આપીને પોલીસને શરણે થયેલા ભૂગર્ભ પ્રવૃત્તિના સંચાલકો !'

'હા.'

નીચે નામાવલિ આપી હતી. તેમાં આટલાં નામ નવાગામના લોકોને પૂર્ણ પરિચિત હતાં.

કે. આર. પાટિલ ઉર્ફે ટિપુરાવ

લીલા રાનડે ઉર્ફે સિંધુતાઇ

રમેશ. એન. મહેતા

કૃષ્ણા ભીમા પાટિલ ઉર્ફે કિસનસિંહ

રૂડો આશ્ચર્યચકિત બની સાંભળી રહ્યો. દીપાશેઠે છાપું હેઠે મૂકી કહ્યું, 'ખરા બહાદુર.'

રસ્તે જતા લોક ઊભા રહી ગયા. નાના ગામમાં મોટી વાત ફેલાઇ ગઇ.

'આ રમેશને ભગાડનાર ટપુભાઇ હો.' વિનુભાઈ બોલ્યા.

'એની વાણીમાં જાદુ હતું.' રૂડો બોલ્યો.

'ઇ વાત ખરી છે.' દીપાશેઠે ટેકો આપ્યો. 'નહિતર તમે સાત વરસથી ટપુભાઇ કહે છે ઇ જ વાત અમને કહેતા આવ્યા છો પણ અમને સમજાતી ન હતી.'

'મારા કથનની અસર ન પડવાનું કારણ છે.' વિનુભાઈ ગંભીર બનીને બોલ્યા, 'હું આટલાં વરસ રહ્યો પણ તમારો સાથી ન બની શક્યો, જ્યારે ટપુભાઇ આપણા સૌના અંતરના સાથી બનીને રહ્યાં.'

'એ સાચું.' રૂડાએ કહ્યું.

થોડીવારમાં આખા ગામમાં સમાચાર ફેલાઈ ગયા. સહાનુભૂતિ, આશ્ચર્ય અને દુઃખની લાગણી નવાગામ ઉપર ફરી વળી.

*

એ વાતને મહિનાઓ વીત્યા. નવાગામના લોક ડગલે ને પગલે ટપુ, લીલા, રમેશ ને કિસનને સંભારતા હતા. તેઓ ક્યારે પાછા ફરશે એ કોઈ કહી શકતું ન હતું. ઊલટું છાપામાં એમને ફાંસી કે જન્મટીપ દેવાની વાતો આવ્યા કરતી હતી. એની સામે પ્રજામતનો પ્રચંડ પોકાર ઊઠયો હતો એટલી જ માત્ર આશા હતી.

એવામાં એક દિવસ સવારના નવેક વાગ્યાને સુમારે એક ઘોડાગાડી રૂડા પટેલની ડેલી પાસે આવીને ઊભી રહી.

રૂડાએ ઊંચે જોયું. અંદરથી લીલાને ઊતરતી જોઈ, એની પાછળ રમેશ ઊતર્યો અને છેલ્લે ટપુને ઊતરતાં જોયો. રૂડો સફાળો ઊભો થયો. બારણામાં જ ટપુનો હાથ પકડી બથમાં લઈ લીધો. લીલાને નમસ્કાર કર્યા. રમેશ પગે લાગ્યો, એને પણ બથમાં લીધો. ઘડીભર કોઈ બોલી ન શક્યા. સૌ બેઠા પછી રૂડાએ પૂછ્યું: અણધાર્યા આવ્યા ?'

'છૂટયા પછી તરત જ અમદાવાદ થઈને આ તરફ આવ્યા. લીલાબેનને પણ સાથે લેતા આવ્યા.'

'અમારાં ધનભાગ્ય.' કહી રૂડો હસ્યો.

ગામમાં ખબર પડતાં સૌ દોડચાં આવ્યા. દરેકનો આનંદ સમાતો ન હતો.

*

રાતે ખાદી કાર્યાલયના ચોગાનમાં પ્રાર્થના પછી નાનકડી સભા મળી. વિનુભાઈએ સૌનું સ્વાગત કર્યું. એ વખતે એમના મુખમાંથી કેટલાક અમૂલ્ય ઉદ્ગાર સરી પડયા, 'કોને ખબર હતી કે રૂડા પટેલના સાથી તરીકે રહેવા આવેલો એક અભણ જેવો

જુવાન આપણા ગામનો આટલો પ્રેમ સંપાદન કરશે? એણે નવાગામમાં પગ મૂકયો તે દિવસથી, જ્યાં જ્યાં એના હાથ પહોંચ્યા, જ્યાં એની બુદ્ધિ પહોંચી, જ્યાં એનું હૃદય પહોંચ્યું ત્યાં ત્યાં એણે ક્રાંતિ કરી. જે કોઇ એના સંસર્ગમાં આવ્યા તે દરેકને એ ઉપયોગી નીવડયો. હું સાત વર્ષથી આ ગામમાં સેવાકાર્ય કરી રહ્યો છું પણ મારે કબૂલ કરવું જોઈએ કે જે ટપુભાઈએ થોડા મહિનામાં સાધ્યું તે હું સાધી શકયો ન હતો. તેનું એક કારણ તો ઉઘાડું છે. ટપુભાઈ તમારામાંહેના એક બનીને રહ્યા. તમારા સુખદુ:ખના સાથી થઈ ને રહ્યા. આવા સમજપૂર્વક શ્રમજીવન ગાળનાર સેવાભાવી જુવાનો આપણા દેશનું ખરું ધન છે અને એવાઓથી આપણો દેશ સત્વર ઊંચે આવશે એની મને ખાતરી છે. લીલાબેને પણ મૂક સેવાથી જ આપણા હૃદય જીત્યાં છે. રમેશ તો આપણો હતો અને છે. હું તમારા સૌની વતી એમને આ સ્થળને પોતાનું કાર્યક્ષેત્ર બનાવવાની પ્રાર્થના કરું છું. પરમાત્મા એમને દીર્ઘાયુ કરો.' વિનુભાઈ બેઠા એટલે સૌએ એમની સૂચના તાળીઓથી વધાવી લીધી.

ત્યારબાદ રૂડા પટેલ ઊઠયા. એમણે હૃદયસ્પર્શી ભાષામાં ચાર શબ્દ કહ્યા. 'ટપુભાઈ અહીંથી અચાનક ગયા, પકડાયા અને એમને કાળા પાણીએ મોકલશે કે ફાંસીએ દેશે એવી બીકથી આપણે ચિંતાતુર હતા. પણ ઇશ્વરકૃપાથી અને મહાત્માજીના પ્રયાસથી તેઓ આપણી વચ્ચે આજે આવ્યા છે. વિનુભાઇને બોલવાની ટેવ છે, મને નથી. છતાં એટલું કરીશ કે ટપુભાઈને દબાવવા મેં બહુ મહેનત કરી. પણ આખરે એમણે જ મને દબાવ્યો. દેવુ, પરબત, કાનો સૌને એમણે પોતાનાં કર્યાં. અમે છેલ્લે છેલ્લે ગામડે ફર્યા ત્યાં મેં જોયું કે સાવ અજાણ્યા માણસ ઉપર પણ એમની અસર પડતી. આપણે આપણા પ્રદેશમાં પંચાયત રાજ્ય સ્થાપવું છે. એ કામમાં આપણને એમની દોરવણીની ખૂબ જરૂર છે. તેથી હંમેશને માટે

તેઓ આપણા ગામમાં રહે એવી હું વિનંતિ કરું છું. એમને સ્વાવલંબી જીવનનો અને ખેતીવાડીનો શોખ છે, તો તેને માટે મારી વાડીમાંથી દસ વીઘા જમીન, એમને મારા બીજા દીકરા ગણીને બક્ષિસ આપું છું.' રૂડો શ્વાસ ખાવા અટક્યો. લોકોએ તાળીઓથી એને વધાવી લીધો, અંતમાં રૂડાએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું, 'આજ સુધી હું માત્ર નામથી જ રૂડો હતો. ટપુભાઈએ મને ખરેખર રૂડો કરી બતાવ્યો તે બદલ એમનો સદાનો ઓશીંગણ છું. પ્રભુ એમને સો વરસના કરે.' આંખમાં આવેલ આંસુ લૂછીને રૂડો બેઠો. સાંભળનારની આંખો પણ ભીની થઈ.

ટપુ જવાબ આપવા ઊઠ્યો: 'તમારા સૌના પ્રેમથી મારું હૈયું ભરાઈ ગયું છે. હજી મેં ખાસ કશું મહત્ત્વનું કામ કર્યું નથી. પાશેરામાં પહેલી પૂણી પણ પૂરી નથી. તેટલામાં તમે પ્રેમનો વરસાદ વરસાવ્યો છે. એ પ્રેમને લાયક બનવા હું પ્રયત્ન કરીશ. હજી તો આપણી સ્વરાજની આખરી લડત ચાલુ છે. એનો નિકાલ આવ્યેથી હું આ ગામને જ મારું વતન બનાવીશ એટલું વચન આપું છું.'

ટપુ બેઠો. લોકોએ હર્ષનાદથી એને વધાવી લીધો.

રાતે કાર્યાલયમાં સમૂહભોજન થયું. ત્યારબાદ રાસ, ગરબા વગેરે મનોરંજક કાર્યક્રમ થયો. દેવુ, કાન્તા અને લીલાએ પણ ગરબામાં ભાગ લીધો. આનંદની છોળો ઊડી.

નવાગામમાં ફરી એકવાર ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

×

'હવે રૂખીભાભીને તેડી આવો.' દેવુએ કહ્યું.

જવાબમાં પ્રતિજ્ઞા કરતો હોય એ રીતે ટપુ બોલ્યો, 'આ વખતે

મારી વાત મંજૂર નહીં રાખો ત્યાં સુધી હું રૂખીને તેડવા જવાનો નથી. ભલે વાટ જોયા કરે.'

દેવુ ટપુ સામે જોઈ રહી. આખરે 'તમે જીત્યા ને હું હારી.' કહી એ ઊભી થઈને ઘરમાં ચાલી ગઈ.

વળતે દિવસે પરબતને સાથે લઈ ટપુ વલ્લભ પટેલને ગામ ગયો. સમજાવીને લઈ આવ્યો.

દેવુને વળાવવા ગામ આખું પાદરે એકઠું થયું. દેવુ રૂડાને પગે પડી. ત્યારે એ ગળગળા અવાજે બોલ્યો, 'પહેલાં ટપુભાઈને પગે પડ.'

દેવુ ટપુને પગે લાગી. પીઠ પર હાથ મૂકી આશીર્વાદ આપતાં ટપુની આંખ ભીની થઈ.

બાજુમાં ઊભેલા વિનુભાઈ બોલ્યા, 'નવાગામમાં ટપુભાઈએ કરેલા ક્રાંતિકારી કાર્યોમાં આ કામ સર્વોપરી ગણાય.'

'વિનુભાઈની વાત સાવ સાચી છે.' પાછળ ઊભેલા કાનાએ આંસુ લૂછતાં ટેકો આપ્યો.